## ઉત્તમ સ્વાસ્થ્ય માટે

આજના ઝડપ અને અશાંતિના
ભારે ઉતાવળે દોડતો માનવી,
ચિંતા, ભય અને તાણ અનુભવતો,
**આરોગ્યના નિયમો ભૂલી રિબાય છે ?**
આપણાં શાણા પૂર્વજો - પિતામહો,
જીવન ઉત્તમ રીતે જીવી જાણતાં;
નિત્ય પ્રાર્થના, હિત ખોરાક, સંગ શ્રમ કરતાં,
**આયુર્વેદનાં કુદરતી નિયમો પાળીને,**
**સ્વાસ્થ્ય સુખી જીવન જીવી જાણતાં.**
અમો વનસ્પતિ - ખનિજની ઔષધિઓ,
આપના ઉત્તમ સ્વાસ્થ્ય પ્રાપ્તિ-રક્ષા કાજે,
ભારે ખંત - અનુભવથી વિકસાવીને,
આપના માટે બજારમાં ઉપલબ્ધ કરાવી છે.

**આપ સૌ અમારી (ડીશેનની) ઉત્તમ દવાઓનો**
**ઉપયોગ કરીને, સ્વાસ્થ્ય - સુખી જીવન જીવો,**
**એવી અમારી શુભ કામના છે.**

પ્રોપ્રાઈટર : ડીશેન લેબોરેટરીઝ
હૈદરાબાદ.


**ગુજરાતમાં આ 'ડીશેન' માર્ગદર્શિકા મેળવવા**
: સંપર્ક :
**ઈશીતા એન્ટરપ્રાઈઝ**
૩૮, દહેગામ જૈન સોસાયટી, કાશીબા રોડ, રાણીપ, અમદાવાદ-૩૮૨૪૮૦.
ફોન : (ઓફિસ) ૦૭૯-૨૭૫૪૦૨૬૪, ૬૫૨૨૭૦૫૭
મો. ૯૮૨૫૦ ૬૩૭૦૩, ૯૭૧૨૯૬૩૭૦૩


જે. એન્ડ જે. ડીશેન લેબ ની

# હર્બો મિનરલ દવાઓની

## માર્ગદર્શિકા

(ગાઈડ-ભોમિયો)

## ડીશેન ફાર્મસીની
## વનસ્પતિ- ખનિજયુક્ત ઔષધિઓની

**સંપૂર્ણ માર્ગદર્શિકા**

(માત્ર ચિકિત્સકો તથા ક્લિનીક, હોસ્પિટલો માટે)

નવી આવૃત્તિ    વર્ષ - ૨૦૧૦

SINCE 1917

**J & J DeChane**
**Laboratories Private Limited**

## GUJARATI GUIDE
## OF HERBO MINERAL MEDICINES

NEW EDITION 2010


**પ્રકાશક**

**જે એન્ડ જે ડીશેન લેબો.પ્રા.લિ.**
૪-૧-૩૨૪, રેસીડેન્સી રોડ, મુ. હૈદરાબાદ-૫૦૦૦૧
(આંધ્રપ્રદેશ)(ભારત)
ફોન : ૦૪૦-૨૪૭૫ ૩૫૩૭-૩૯/૨૪૭૫ ૩૬૨૯
ઇ-મેઈલ : dechane@eth.net
વેબ : www.dechane.com

# પ્રસ્તાવના

આ ભોમિયાનો હેતુ વ્યવહારૂ છે. પુસ્તકના પહેલા ભાગમાં સ્પષ્ટ કર્યા મુજબ, તેમાં સુચવેલા ઉપાયો મૂળ તો ગામડાઓમાં તબીબી સહાય પહોંચવાના હેતુથી વર્ણવ્યા છે. દવાઓની પેટી વિષેનો નિર્દેશ જુદી પુસ્તિકામાં થયો છે, જેનું નામ છે 'સંપૂર્ણ દવાખાનું'. આ બન્ને પુસ્તકો ૧૪ ભાષામાં મળી શકે છે.

'હર્બો મિનરલ દવાઓ' (વનસ્પતિ ખનીજ યુક્ત) તરીકે જાણીતું અમારૂં ઉત્પાદન જુદી જુદી દવાઓનું સંયોજન છે. જે દવાઓને સતત દળી ઘુટીને, તેના કણે કણે છુટા પાડી એટલી તો શક્તિશાળી બનાવવામાં આવી છે કે અમે સૂચવેલી નાની માત્રામાં પણ તે ઉપયોગી થઈ પડે કે દવાઓ અસરકારક છે અને કોઈ પણ પ્રકારનું નુકસાન પહોંચાડયા વગર ઝડપી પરિણામ દર્શાવે છે. ઉપરાંત તેની કિંમત પણ ઓછી રાખવામાં આવી છે, જેથી તે આર્થિક પરિસ્થિતિ મુજબ આ દેશના લોકોને પોસાઇ શકે. આ દેશની જનતાની છેલ્લાં ૯૩ વર્ષથી અમે સેવા કરતા આવ્યા છીએ.

તબીબી વ્યવસાય કરનારાઓએ લાગણીપૂર્વક આપેલા સહકારની અમે અહીં સાભાર નોંધ લઈએ છીએ. અમારી દવાઓ વેચનાર પૂરા ભારત અને મલેશિયામાં ઠેર ઠેર ફેલાયેલા છે. છતાંયે અમારા હિતેચ્છુ ગ્રાહકો અમને પત્ર દ્વારા પુછાવી શકે છે કે અમારી દવાઓ તેમને સૌથી નજીક કયાંથી મળી શકશે ? અમે અમારી ત્યાંની શાખાઓનો તેમની સાથે સંપર્ક કરાવી આપીશું.

**સંચાલક : ડીશેન લેબ.**

J & J DeChane

# ઔષધોની સહાય

## વિભાગ : ૧

'ડીશેન' આ સંસ્થાનો ઉદેશ મુખ્યત્વે કરીને ગામડાઓમાં તબીબી મદદ પહોંચાડવાનો છે. આ એક સામાન્ય વાત છે કે ઘણાં ખરા ગામડાઓમાં તબીબી મદદ પહોંચી નથી. ભારતમાં લગભગ પાંચ લાખની ઉપર વસતિ ગામડાંઓમાં વસેલી છે. છેલ્લા ૯૧ વર્ષથી લોકોની તંદુરસ્તી અને સ્વાસ્થ્ય માટે આખા દેશમાં અમે કાળજી પૂર્વક પ્રયત્નશીલ રહ્યા છીએ. ખાસ કરીને ગામડાંઓમાં ઉપયોગમાં લાવી શકાય એવી દવાઓ અમે ત્યાં પહોંચાડી છે.

અમારી દવાની એ ખાસિયત (ખૂબી) છે કે તેનો ઉપયોગ સહેલાઈથી થઈ શકે છે. દવાઓની માત્રા થોડી હોય છે અને એને લઈને કોઈ પણ પ્રકારની બીજી ખરાબ અસર થતી નથી એટલું જ નહીં પણ દવાઓ દર્દીને અસરકારક અને પરવડી (પોસાઇ) શકે એટલી કીંમતમાં વેચાય છે.

'ગુમાવેલી તંદુરસ્તીની ફરી પ્રાપ્તિ' નામના અમારા પુસ્તકનો અભ્યાસ કરવાની અમે આપને ભલામણ કરીએ છીએ. જીવનના સામાન્ય સિધ્ધાંતો અને પોષક તત્વો વિષેની આપણી કેટલીક ખોટી માન્યતા દૂર કરવાનો આ પુસ્તકનો હેતુ છે. જીવન શક્તિ અને જ્ઞાનતંતુઓની નબળાઇ પર એમાં ખાસ ભાર મુકવામાં આવ્યો છે.

બીમારી થયા પછી એનો ઈલાજ કરવો એના કરતાં તો વધુ સારું એ છે કે એ બીમારી થતીજ અટકાવવી. સંગીન અને લાંબી તંદુરસ્તી તરફ ધ્યાન આપવું પ્રથમ મહત્વની બાબત છે. આપણું જીવન ધોરણ ઊંચું કરવામાં અને બીમારીના સંજોગોને ઓછા કરી વિશેષ પ્રગતિ સાધવામાં આ સાધનો ખાસ મહત્વનો ફાળો આપે છે.

બીમારીની સામાન્ય ફરિયાદોના મૂળમાં રહેલી સાદી હકીકતોની સમજણના અભાવે હજારો લોકો પોતાની જાતને અકારણ ત્રાસ આપે છે. તાત્કાલીક સારવારથી

ઘણી બીમારીઓને રોકી શકાય છે અને એનો યોગ્ય તે ઉપચાર પણ થઈ શકે છે. પરિણામે દરદી બિલકુલ સાજો નરવો પણ થઈ જાય છે. પોતાની તંદુરસ્તી વિષેનું અજ્ઞાન કેટલીક વાર નુકસાનકારક પુરવાર થાય છે.

**તબીબી દૃષ્ટિકોણ**

દરેક બીમારીનું કંઈને કંઈ કારણ હોય છે. પરંતુ એક જ બીમારીના દરેક દાખલાઓમાં હંમેશા એક જ કારણ સમાન હોતું નથી. એક જ કારણ હંમેશા એક જ રોગનું લક્ષણ દર્શાવતું નથી અને એક જ રોગનું લક્ષણ હંમેશા એક જ કારણને લઈને નથી હોતું. માનસિક નબળાઈ અને જ્ઞાનતંતુઓની ખલેલ 'અલ્સર ડાયાથીસીસ' વાળા લોકોમાં આંતરડાંનું ચાંદુ પેદા કરે છે. જ્યારે ઘરગથ્થુ જીવનમાં અશાંતિ અને દુઃખના કારણે ફેફસાનો ક્ષય ઉદ્‌ભવે છે. માનસિક નબળાઈની અવસ્થા જ જડ ઘાલીને બેઠેલા રોગોની અનેક ફરિયાદોના મૂળમાં હોય છે એમ જણાયું છે.

કોઈ પણ રોગની સારવારનું સ્વરૂપ ચીલાચાલુ એક જ સરખું ન હોઈ શકે. પરંતુ રોગની એક જ સરખી અવસ્થામાં પહોંચી વળવા એક સરખા ઉપાયો યોજી શકાય છે ઉદ્‌ભવની જરૂરિયાતોને જુદા જુદા લોકોએ, જુદા-જુદા વર્તુળો અને ક્ષેત્રોમાં, જુદા-જુદા દૃષ્ટિકોણથી નિહાળી મેળવેલા જ્ઞાનને વ્યવસ્થિત રીતે ગોઠવવાનો સમય હવે પાકી ગયો છે જોકે બધા સિધ્ધાંતો પોત પોતાની રીતે સાચાં હોઈ શકે પરંતુ બધાનો થોકબંધ ઉપયોગ કરવો એ ખોટું ગણાય, કારણ માણસ એ બહુ જટિલ અને ગુંચવાડાભર્યુ પ્રાણી છે, એટલે જ માત્ર દવાઓનો જ નહીં, પણ તબીબી સિધ્ધાંતોનો સમન્વય પણ જરૂરી બન્યો છે. આ એવું સાહસ છે, જે અમે ખેડયું છે, અને એની પાછળ અમારી પોતાની જાતનો ભોગ આપ્યો છે.

મોટા ભાગની ફરિયાદો નીચે દર્શાવેલા એક કે બે કારણોમાંથી ઉદ્‌ભવે છે, એમ કહી શકાય.

**૧. પોષક તત્ત્વોનો અભાવ, પાચનતંત્રમાં ખામી, ખોરાકનું પુરતા પ્રમાણમાં લોહીમાં રૂપાંતર ન થવું અને મળત્યાગ અવ્યવસ્થિત થવો.**



**૨. માનસિક નબળાઈ અને જ્ઞાન તંતુઓના કાર્યમાં ખલેલ.**

**૩. લોહીની અશુધ્ધિ કે અભાવ.**

ખરાબ પાચનતંત્રની આંખો પર અસર પડે છે જ્ઞાનતંતુઓના કાર્યમાં પડતી ખલેલ પણ આંખોની અવસ્થા બદલી નાખી રોગ પેદા કરે છે. એ જ પ્રમાણે, ઉપર બતાવેલા કારણોમાંથી કોઈ પણ એક અથવા બે કે ત્રણ કારણો ભેગા મળી માનવ શરીર તંત્રના દરેક અવયવો પર અસર પાડે છે. આંખોની નબળાઈ, કાળજામાં વિકાર, બંધકોશ, ફેફસાનો કોઈ દુઃખાવો, કાન કે દાંતનો દુઃખાવો કે ગુંમડું વિગેરે રોગોમાં જે તે રોગોને પહોંચી વળવા પીવાની કે લગાડવાની ચીલાચાલુ દવાઓની જરૂર પડે છે. પરંતુ આ ઉપચાર પુરતો નથી એનું પરિણામ પણ સંતોષકારક આવતું નથી, જ્યાં સુધી દરદીની શારિરીક બાંધણીની વિશિષ્ટતાઓનો સરખો અભ્યાસ કરવામાં નથી આવતો. પાચન શક્તિમાં થતા બગાડથી દાંતને તકલીફ થાય છે. એટલે જ જો કે દાંતના પાવડર અને પેસ્ટ દાંતને સારી રીતે સાફ રાખે છે, પરંતુ તેની તકલીફ દૂર કરતા નથી. જો કે જ્ઞાન તંતુઓની નબળાઈના કારણે પણ દાંતમાં રોગ પેદા થાય છે. અથવા તો લોહીના અભાવ અને વિકારથી પણ દાંત ખરાબ થાય છે.

અને એટલા માટે જ શરીરના ઘડતરને ખ્યાલમાં રાખીને કરેલો ઉપચાર જ જરૂરી બને છે. રચનાત્મક અને આરોગ્યદાયક પધ્ધતિનો સમન્વય જ કદાચ અમારા નાનકડા કાર્યની સફળતાની ચાવી છે.

ભારતના તબીબી અધિકારીઓમાંના એક પ્રખ્યાત ડોક્ટરે આ લેખકને કહ્યું હતું : "છેલ્લા પચાસ વર્ષથી વિજ્ઞાન આ શબ્દ સાંભળી સાંભળીને મારા કાન બહેરા થઈ ગયા છે. હું એનાથી થાકી ગયો છું. માત્ર મને કહો કે આમ કરવાથી આમ થાય છે અને તેમ કરવાથી તેમ." આ જ બધી જાતના જ્ઞાનની સાચી મહત્તા છે. આપણે હકીકતોને સ્વીકારવી જ રહી. અને સૌથી મોટી હકીકત એ છે કે ઉપચારની લાંબી અને જટિલ પધ્ધતિ આપણામાંથી મોટા ભાગના લોકોને આર્થિક દૃષ્ટિએ પરવડી (પોસાઈ) શકે એમ નથી આપણા લોકોનું જીવન ધોરણ સમૃધ્ધ દેશોમાં વસતા લોકોના જીવન ધોરણ જેટલું ઊંચું લાવવાની આશા તો આપણે ન રાખી

શકીએ. પરંતુ આપણે આપણા લોકોને માફક આવે એ રીતના જીવન ધોરણની ગોઠવણી કરવા પ્રયત્નશીલ રહેવું જોઈએ, આપણે આદર્શની પાછળ વાસ્તવિકતાનો ભોગ ન આપવો જોઈએ, અને સાચી વાસ્તવિકતા એ છે કે આપણા દેશમાં ગરીબી વધારે છે. જે સેવા કાર્ય અમે ઉપાડયું છે એને માટે જો અમે અમારો અવાજ ન ઉઠાવીએ તો અમે અમારી ફરજ ચૂક્યા ગણાઈશું.

આગળ વધીએ એ પહેલાં અમારે અમારા પર થતી ટીકાઓનો જવાબ આપવો-રહ્યો. અમને એમ કહેવામાં આવે છે કે બિલકુલ વૈદ્યકીય કહી શકાય એવી બાબતોનો વિચાર કરતી વખતે એમાં બિલકુલ આધ્યાત્મિક પ્રશ્નો ન ઘુસેડી દેવા જોઈએ. ડોક્ટરને માણસના માત્ર શરીર સાથે કામ પડતું નથી. પરંતુ તેના મગજ સાથે પણ કામ પડે છે. કારણ મગજ શરીર પર કાબુ રાખે છે અને એટલે જ શરીર કરતાં એના મગજ પર ધ્યાન આપવું વધારે જરૂરી બને છે પરંતુ મગજની અવસ્થા આંતરિક સ્ફૂર્તિ કે જેને સામાન્ય રીતે આત્મા કહેવામાં આવે છે. પર આધાર રાખે છે અને એટલે શરીર, મન અને આત્મા એકબીજા ઉપર આધાર રાખી રહ્યાં છે.

અમારા ઉપચારો જે મૂળભૂત સિધ્ધાંત પર જોડાયેલા અને ઘડાયેલા છે તે આ છે. હકીકતમાં અમે માણસને માત્ર શરીરના જડ રૂપમાં જોતા નથી પણ તદ્દન સંતુલીત એવા સંપૂર્ણ એકમના રૂપમાં જોઈએ છીએ. જેમાં બધા તંત્રોનો (પાચન તંત્ર, ઉત્સર્ગ તંત્ર આદિ) સમાવેશ થાય છે. કોઈ પણ એક ભાગને અમે બીમાર ગણતા નથી, પરંતુ એક ભાગમાં કે તંત્રમાં દેખાઈ આવતી બીમારીની સમગ્ર શરીરના સંબંધમાં અમે વિચાર કરીએ છીએ.

જગતભરના સંશોધન કર્તાઓની નવી શોધોને જો આપણે તારવી કાઢીશું તો આપણને જણાશે કે મનુષ્યના સુખ દુ:ખનો સફળતા નિષ્ફળતાનો અને તંદુરસ્તી બીમારીનો કર્તા હર્તા તેનો આત્મા જ છે.

વર્તમાન માન્યતા એ છે કે ડોક્ટરે માત્ર દર્દીનો જ વિચાર કરવો જોઈએ દર્દનો નહીં. એનો અર્થ એ કે ડોક્ટરે દર્દીનો ખોરાક, રહેણી કરણી, વિચાર સરણી અને વર્તન તરફના વલણને જ ઉપચાર કરતી વખતે ગણતરીમાં લેવા જોઈએ.



પરંતુ આ બધા પ્રાથમિક રીતે એના જીવન તરફનાં વલણ સાથે સંકળાયેલા છે અને જ્યાં સુધી આ વલણમાં સુધારો થતો નથી, ત્યાં સુધી તેના વિચારોમાં કે વર્તનમાં સુધારો થઈ શકતો નથી. આ કારણને લીધે જ અમે તબીબી ક્ષેત્રમાં આધ્યાત્મિક બાજુને વધુ મહત્વ આપીએ છીએ.

જ્ઞાનની વિશાળતા અને તે મેળવવા મનુષ્યની નમ્ર આસ્થા એ બન્ને સત્ય હકીકતોને ધ્યાનમાં લઈને ચાલો આપણે આગળ વધીએ.

માણસે જો નમ્રતાના પાઠ શીખવા હોય તો તેણે તબીબી વિજ્ઞાનની બધી શાખાઓનો અભ્યાસ કરવો જોઈએ. બધા વિજ્ઞાનોમાં એક તબીબી વિજ્ઞાન જ એવું છે, જે માણસને અત્યંત નમ્ર બનાવે છે. એક એલોપથીવાળો ડોક્ટર એક બીમારીને પોતાની રીતે સાજી કરે છે. તો બીજો હોમિયોપથી વાળો ડોક્ટર એ જ બીમારીને તદ્દન વિરૂધ્ધ રીતે મટાડે છે. વળી ત્રીજો આયુર્વેદવાળો એ જ બીમારીને પોતાની ખાસ રીતે દૂર કરે છે અને એ જ પ્રમાણે યુનાની ડોક્ટર, નિસર્ગોપચાર કરનાર, માનસિક ચિકિત્સક વિગેરે પોત પોતાની રીતે રોગોનો ઉપચાર કરે છે.

મોટો ડોક્ટર એ છે જે કોઈની પાસેથી પણ શીખી લેવા જેટલો નમ્ર હોય છે. મોટો ડોક્ટર એ છે જે ઘણું બધું જાણતો હોવા છતાં એમ જ વિચારે છે કે એ થોડું ઘણું જ જાણે છે. મોટો ડોક્ટર એ છે જે સામી વ્યક્તિના ગજા પ્રમાણે ઉપચાર શોધી કાઢવા ગંભીરતાપૂર્વક પ્રયત્ન કરે છે. અંતે સૌથી મોટો ડોક્ટર એ છે જે માણસનું મન કેવી રીતે કાર્ય કરે છે, એના શરીરની નબળાઈઓ કઈ છે અને એના આત્માની આંતરિક ઈચ્છાઓ શી છે, આ બધી ચીજોનો અભ્યાસ કરવા દિનરાત મહેનત કરે છે અને પોતાની જાતને કષ્ટ આપે છે. બીમારીઓને દૂર કરવામાં આ ત્રણે પ્રક્રિયાઓ ઘણો મહત્વનો ભાગ ભજવે છે અને એ ડોક્ટરને ખરેખર બિચારો જ કહેવાય કે જે ઉપરોક્ત પ્રક્રિયાઓનો એકબીજા વચ્ચેનો સંબંધ જાણતો જ નથી.

ઈન્દ્રિય વિકારોના પ્રખ્યાત નિષ્ણાત અધિકારીએ કહ્યું છે કે ઈન્દ્રિય તંત્રના વિકારોને દૂર કરવાનો સૌથી શ્રેષ્ઠ ઉપાય એ છે કે દર્દીની આધ્યાત્મિક બાજુનું ઘડતર કરવું. જે ડોક્ટરોએ માત્ર વિજ્ઞાનનો જ અભ્યાસ કર્યો છે અને એ વિજ્ઞાનનું શિક્ષણ

આપનાર ઈશ્વરને ખ્યાલમાં જ નથી લીધો. તેઓ તો કહેશે કે આ એક માત્ર માનસ શાસ્ત્રીય ઉપચાર છે. અલબત માનસિક પ્રભાવ બીમારીને દૂર કરવામાં અને ખાસ કરીને ઈન્દ્રિય વિકાર મટાડવામાં સામાન્ય રીતે મહત્વનો ભાગ ભજવે છે. પરંતુ માનસ શાસ્ત્રીય કલ્પના શકિત જ વધુમાં વધુ તો દર્દીના દર્દને મટાડી શકે છે અને તેનામાં કે તેણી-નામાં ડોક્ટરની બીમારી દૂર કરવાની શકિત વિષે વધારે આત્મવિશ્વાસ જગાડી શકે છે. આ રીતે માનસશાસ્ત્ર ચોક્કસ ઘણું સારૂં કામ કરે છે. પણ તે એથી આગળ નહીં વધે. જયારે આધ્યાત્મિક ઘડતર માત્ર કલ્પના શકિતની જ મદદ નહીં કરે પણ આત્માની વિશિષ્ટ શકિતઓને પણ જગાડશે આ આત્માની શકિત વડે જ ડોક્ટર અને તેની દવાઓ સાથે સાચો સહકાર સાધી દર્દી સાજો થઈ શકે છે અથવા તો તે બીમારીને લીધે થતી સગવડને અને દુઃખને હસતે મોઢે, આશ્ચર્યકારક રીતે, ઠંડા દિલથી સહન કરવાનું શીખે છે. જે માનસ શાસ્ત્રના દરેક નિષ્ણાતને ચોક્કસ શરમાવી દે એવી વસ્તુ છે.

તબીબી વિજ્ઞાનની બધી શાખાઓમાં સંશોધનનું કામ કરનારાઓ અને અધિકારીઓ પ્રત્યે અમને માન છે અને લાગણી છે. અમે એમના મૂળભૂત સિધ્ધાંતોનો અભ્યાસ કર્યો છે અને સંપૂર્ણ રીતે સહમત થઈ શકાય એવા મુદ્દાઓને શોધવા પ્રયત્ન કર્યો છે. આ રીતે અમે પૂર્વે અને પશ્ચિમનો સંગમ કરવાનો પ્રયત્ન કર્યો છે. દરેક રીતે પરિપૂર્ણ એવી કોઈ પદ્ધતિ શોધી કાઢવાનો અમે ખોટો દાવો નથી કરતા પરંતુ અમે માનીએ છીએ કે અમે જે સંયોજન કર્યું છે, એ જુદી જુદી પધ્ધતિઓના સિદ્ધાંતોને સમાવી લે છે. અને એનામાંના કોઈથી પણ થતા નુકશાનને દૂર રાખે છે. અને આ એ સિધ્ધાંતો છે, જેના પાયા પર અમારા **હર્બોમિનરલ** (વનસ્પતિ ખનીજ યુક્ત) દવાઓની રચના થઈ છે.

**સિધ્ધાંત પહેલો :** આયુર્વેદનોએ સિદ્ધાંત છે કે સતત દળવાથી, વાટવાથી કે (કે પથ્થર પર ઘુંટવાથી) દવાની અસરકારક શકિત વધે છે. આ સિધ્ધાંત હોમિયોપથીના પોટેન્ટા ઈઝેકશનના સિધ્ધાંતના જેવો જ નથી, તેનાથી જરા જુદો છે. આયુર્વેદના આચાર્યોનું આ સંશોધન છે કે, ‘‘દવાઓને સતત ઘુંટવાથી તેની અસરકારક શકિત કે જોમ ઘણા વધે છે. જે મૂળ (ઘુંટયા વગરની) દવાઓમાં નથી



હોતા’’. એટલે સામાન્ય રીતે બધી દવાઓ અને ખાસ કરીને થોડી વિશિષ્ટ દવાઓને દળી ઘુટીને એના અણુએ અણુ છુટા પાડી દેવામાં આવે છે. ટૂંકમાં એને ‘અણુત્સર્ગ’ કે ‘અણુવિભક્તિ’કરવામાં આવે છે. પરિણામે આ દવાઓ થોડી માત્રામાં અપાય તો પણ તે ઊંડી અને ઝડપી અસર કરે છે.

**નોંધ :** ‘અણુત્સર્ગ’ કે ‘અણુવિભક્તિ’ શબ્દ આ ભોમિયામાં એ જ અર્થમાં વાપરવામાં આવ્યો છે જે અર્થમાં છેલ્લાં ત્રાણું વર્ષથી વપરાતો આવ્યો છે. એટલે કે ઔષધને સતત દળી ઘુંટીને તેના અણુએ અણું છુટા પાડવા તે.

**આયુર્વેદ**ના આચાર્યોએ પણ સંશોધન કર્યું છે કે ‘‘દવાઓના મૂળ સ્વરૂપમાં જે અસર પેદા કરે છે, તેનાથી તદ્દન વિરૂધ્ધ અસર એના અણુ પેદા કરે છે. હોમીયોપથીના ‘સીમીલીયા સીનીલીબસ કયુરેન્ટર’ ના સિધ્ધાંતથી ઉપરોક્ત સિધ્ધાંતના માત્ર શબ્દો જ જુદા છે. એલોપથી દ્વારા અનુસરાતો સિધ્ધાંત પણ આ જ છે. જો કે બીજી બે પધ્ધતિઓ પાસે સ્પષ્ટિકરણ છે, જે વૈજ્ઞાનિક ગણાય છે. પરંતુ મૂળભૂત રીતે ત્રણે એક જ સિધ્ધાંતને અનુસરે છે અને એક જ સરખું પરિણામ લાવે છે. માત્ર તેની અસરકારકતાનું પ્રમાણ જુદું જુદું હોય છે.’’

**સિધ્ધાંત બીજો :** હોમિયોપેથીક ડોક્ટર ઈ.એ. ની ખ્બાય અને ડૉક્તર ટી.જી.સ્ટોન હમના મત પ્રમાણે, ‘હોમિયોપેથીક સિધ્ધાંત’ના આધારે ઉપચાર માટે પસંદ કરાયેલી દવાઓ બીજા રોગોની રસીની જેમ શરીરમાં છુપાયેલી પ્રતિકાર શકિતને ઊત્તેજિત કરી તે દ્વારા અસર કરે છે. બીમારીમાં જે જીવનકોષો સંડોવાયા હોય તેના પર કે તેની બાજુના કોષો પર કે તેના જેવા જ કોષો પર આ દવાઓ અસર કરે છે. હોમિયોપથી બિલકુલ કુદરતી રીતે જ આ પ્રકારના રોગોનો ઈલાજ કરે છે.

**સિધ્ધાંત ત્રીજો : એલોપથીક** રીએર્ટર ફોર્ડ, રોકવુડ, વોટર્સ ઓસ્બોર્ન જેવા મોટા અધિકારીઓએ કહ્યું છે કે, ‘જ્યારે વધારે માત્રામાં અપાયેલી દવા જુદા જુદા પ્રકારના બેકટેરીઆ (રોગના જંતુ)સામે લડવાની શકિત ઓછી કરે, ત્યારે ઓછી માત્રામાં અપાયેલી દવા સંરક્ષણાત્મક અને આરોગ્યદાયક જીવન કોષોનું નિર્માણ

J & J DeChane

કરે છે અને જંતુનાશકની જેમ અસર કરે છે.' સંપૂર્ણપણે યોગ્ય એવા એલોપેથીક અધિકારીઓ ફરી કહે છે કે દવાના માત્ર પ્રમાણનો જ અહીં પ્રશ્ન નથી. પરંતુ અણુત્સર્ગની ક્રિયામાં ભળેલા વિદ્યુત અણુઓ પુરતા પ્રમાણમાં અણુઓનું વિદ્યુત અણુઓમાં રૂપાંતર કરે છે.

ડોક્ટર ડબ્લ્યુ કરોએ એની 'યુરીનરી એન્ડ પ્રોસ્ટેટીક ટ્રબલ્સ' (પેશાબ અને પૌરૂષગ્રંથિની તકલીફો) નામની ચોપડીમાં લખ્યું છે કે, ''હોમીયોપથી અને એલોપથીએ એકબીજાના પૂરક થઈને રહેવું જોઇએ, બન્નેએ પોતાની અસરકારક શકિતની મર્યાદાઓને સારી રીતે જાણી લેવી જોઇએ. માત્ર એકબીજાના સહકારથી જ ભવિષ્યનું આદર્શ ચિત્ર ખડું કરી શકાય છે.'' આ રીતે અમારી **હર્બો મિનરલ** (વનસ્પતિ ખનીજ યુક્ત) **દવાઓ** જે છેલ્લા એકાણું વર્ષથી અસ્તિત્વમાં આવી છે. તે ઘણા ડોક્ટરો માટે નવી નથી.

**એન ગ્રાફટીંગ સંયોજન :-** આ પધ્ધતિ ખાસ કરીને આયુર્વેદની છે અને અમુક હદે ઉપચારની યુનાની પધ્ધતિને મળતી આવે છે. આનો અર્થ એ છે કે જુદી જુદી વનસ્પતિ અર્કમાં ખનીજ અને ધાતુઓને નાખી મિશ્રણને સારી રીતે ઘુંટવું તે. એનો અર્થ એમ પણ થાય છે કે ખનીજ અને ધાતુઓના રસાયણને વનસ્પતિના અર્ક ઉકાળામાં મેળવવું. આ બન્નેમાં ફરક માત્ર એટલો જ છે કે પ્રવાહી મિશ્રણોને રાસાયણિક રૂપાંતરોમાંથી પસાર થવું પડે છે. જ્યારે ચૂર્ણ કે ભૂકીને વનસ્પતિના અર્ક કે ઉકાળામાં નાંખી ઘુંટવાથી તે તેની કુદરતી શકિત જાળવી રાખે છે. અને એકધારા પ્રભાવથી ઊંડી અને દીર્ઘ કાળ ટકે એવી અસર પેદા કરે છે.

**પરિણામોની ઝડપી અસર :-** અણુત્સર્ગિત દવાઓ ઘણી ઝડપી અસર કરે છે. ગ્રેઇફસ્વોલ્ડ યુનિર્વિસટીના ફાર્માકોલોજીના પ્રોફેસર ડોક્ટર સ્કલ્ઝે તાડના ઝાડની વનસ્પતિના કોષોને મર્ક્યુરીકલોરાઇડના જુદા જુદા કસવાળા રસાયણમાં મુકી હતી. સૌથી વધારે કસવાળા રસાયણમાં કોષો તરત જ નાશ પામ્યા, જરા ઓછા કસવાળા રસાયણમાં તે કોષોના ચૈતન્ય પર કાબુ આવી ગયો એટલે જડ થઇ ગયા. પરંતુ છેલ્લે જ્યારે આ તાડના ઝાડની વનસ્પતિના કોષોને એવા રસાયણોમાં મૂકવામાં



આવ્યા કે જેની શકિત ૭૦ થી ૮૦ લાખ ગણી ઓછી હતી, તેમાં આ કોષો એટલી બધી ઝડપથી વધવા માંડયા કે તેની કોઇ મર્યાદા જ નહોતી. અહીં આપણને જણાય છે કે દવાઓની થોડી નબળી માત્રા ખાસ કરીને અણુત્સર્ગિત દવાઓની થોડી નબળી માત્રા શરીરનાં તંત્રોને વ્યવસ્થિત રીતે ઉત્તેજન આપે છે. જ્યારે આજ દવાઓની તેજ અને વધારે પડતા કસવાળી માત્રા શરીરના જુદા જુદા તંત્રોની શકિતનો નાશ કરે છે. અથવા તેમના વિકાસને રોકે છે અને હકીકતમાં એ જ રોગો પેદા કરે છે. જેનો હેતુ દર્દીને સાજા કરવાનો હોય છે.

**બીજુ વૈજ્ઞાનિક કારણ :-** ''અણુત્સર્ગિત (છૂટી પડેલી) દવાઓ પેટમાં પહોંચ્યા પહેલાં જ મોમાંની લાળ સાથે ભળી શરીરના જુદા જુદા તંત્રોમાં પહોંચી જાય છે. આ રીતે જલદ અવસ્થામાં માત્ર થોડા કલાકોમાં જ નહીં, પરંતુ માત્ર થોડી મિનિટોમાં જ અસર કરવા માંડે છે. અત્યંત બારીકાઈથી વિદ્યુત અણુઓમાં રૂપાંતરિત થયેલી અને પરમાણુઓથી ત્યજાયેલી વસ્તુઓ (જેવી કે આપણી અણુત્સર્ગિત દવાઓ જીભમાંથી ઝરતી લાળ સાથે સીધી જ લોહીમાં ભળીને એકરૂપ થઇ જઇ શકે છે એ સાબિત કરવા ડો. મેડ નેન્ડલે (એસેન) નીચેના પ્રયોગો કર્યા હતા.''

એણે ઓછા કસવાળા (અણુત્સર્ગિત) ડીજીટેલીસના રસાયણમાં એક કાચનો સળીયો બોળી તે એક માણસની જીભ પર અડાડયો થોડી ક્ષણોમાં જ કાબુ રાખતા સાધને હૃદય ઉપર થયેલી તેની અસરને નોંધી લીધી. બીજી વખત એણે વિદ્યુત અણુઓવાળા મોર્ફીયાનું (અફીણ) એક ટીપું તે માણસની જીભ પર નાખ્યું. બે મિનિટ બાદ એની ધમનીમાંથી ખેંચેલા લોહીમાં એ જ ઔષધિ હતી. આમ એણે સિધ્ધ કરીને બતાવ્યુ કે અણુત્સર્ગિત દવાઓની અસર કેટલી ઝડપી હોય છે.

એટલે અમારી દવાઓ જ્યારે ઓછી માત્રામાં અને અત્યંત મંદ દ્રાવણમાં આપવામાં આવે છે ત્યારે એટલી ઝડપથી અસર કરે છે કે તેનાથી ડોક્ટરો પણ આશ્ચર્યચકિત થઇ જાય છે.

ઉપરોક્ત સિધ્ધાંતને વૈજ્ઞાનિક કહી શકાય. પરંતુ અમે અમારા કાર્યની રચના બહુ જ મોટા અને વિશાળ સિધ્ધાંતના પાયા પર કરી છે અને એ આ છે.

J & J DeChane

**ગરીબ તવંગર દરેક જણના ખીસાને પરવડી શકે એવી ઘણી વસ્તુઓની જેમ દવાઓનું નિર્માણ પણ ઈશ્વરે પોતાના તંત્રમાં કરી રાખ્યું છે. એટલે ગરીબ લોકોનો ઓછી કીંમતે ઉપચાર થવો અત્યંત જરૂરી છે.**

એટલે અમારા કાર્યથી થતો ફાયદો ઈશ્વરી તંત્રની મનુષ્ય પર થતી ભલાઈના પુરાવા રૂપે ગણાવો જોઈએ, અમારા જેવા માનવીઓની હોંશિયારીના પૂરાવા રૂપે નહીં.

ઘણા લોકો એવા છે જેઓ માને છે માત્ર ખર્ચાળ (કિંમતી) દવાઓ જ એમનું કંઈક ભલું કરશે. અરે, ગરીબો પણ આ માન્યતાથી ભ્રમિત થઈ ગયા છે કે સસ્તી દવાઓ સારી નથી હોતી. ઘણા ખરા ડોક્ટરો એમની આ ખોટી માન્યતાને વધુ પુષ્ટ કરે છે.

આટલા લાંબા વર્ષોના ગાળા દરમ્યાન અમને જે કંઈ સફળતા મળી છે, તે માત્ર અમારી જ મહેનત મજુરીને લીધે નથી મળી. પરંતુ સામાન્ય રીતે બુધ્ધિશાળી લોકોના અને ખાસ કરીને ડોક્ટરોના ઉત્સાહજનક સહકારથી મળી છે. માત્ર વ્યાવસાયિક દવાવાળાઓ જ નહીં. પરંતુ દેશભરમાં ફેલાયેલી સાર્વજનિક હિતવર્ધક સંસ્થાઓ અને દવાખાનાઓ પણ **'હર્બો મિનરલ દવાઓનો'** (વનસ્પતિ ખનીજ યુક્ત) ઉપયોગ નોંધ પાત્ર સફળતા સાથે કરી રહ્યાં છે. લોક કલ્યાણ સંસ્થાઓ, જીલ્લા સ્થાનિક પરિષદો વિ. ભારતના જુદા જુદા પ્રાંતોમાં ફેલાયેલી અનેક સરકારી અને અર્ધ સરકારી સંસ્થાઓ અમારી દવાઓની પેટીનો ઉપયોગ કરે છે.

**બીમારીને રોકવાના અને સાજી કરવાના સિધ્ધાંતો :** આ પ્રકરણમાં અમે તંદુરસ્તીના સામાન્ય સિધ્ધાંતોની ચર્ચા કરી છે. તેમ જ બીજી એવી સામાન્ય બીમારીઓ જે ઘણી બીમારીઓના મૂળમાં છે, તેની પણ ચર્ચા આ પ્રકરણમાં અમે કરી છે.

દરેક ભણેલા માણસે આ બે વસ્તુઓ જાણી લેવી જોઈએ, એક તો જીવનનો સિધ્ધાંત શું છે તે અને બીજી પોતાની અને પોતાની પર આધાર રાખતા બીજાની



તંદુરસ્તીની કાળજી શી રીતે લેવી તે. જીવનનો સિધ્ધાંત જાણવો એનો અર્થ એ કે આપણે એ સત્ય સ્વીકારી લેવું જોઈએ, કે આપણે આ દુનિયામાં આવ્યા છીએ એ માત્ર આપણી ઈચ્છાથી જ નથી આવ્યા પરંતુ ઈશ્વરની ઈચ્છાથી આવ્યા છીએ આપણાને અહીં મોકલવા પાછળ એનો કંઈક હેતુ છે. આપણે એ હેતુ પાર પાડવાનો છે અને એ હેતુના પાર પડવા પર જ આપણા સુખ દુઃખનો આધાર છે. આ મુદ્દાને સમજવામાં જો આપણે નિષ્ફળ જઈશું તો આપણી જીન્દગી ભયાનક રીતે દોડધામમાં જ વીતી જશે. આપણને ખબર પણ નહીં પડે કે શું કરવું ને શું નહીં, પરિણામે જે કંઈ આપણે કરીશું અને જે કંઈ મેળવીશું એ આપણા કે બીજા કોઈના પણ ઉપયોગમાં નહીં આવે અને આપણી જીન્દગી બિલકુલ બરબાદ થઈ ગયેલી ગણાશે. શિક્ષણે લાદેલી બીજી ફરજ એ છે કે માણસે તંદુરસ્ત રહેવા માટેના પ્રાથમિક સિધ્ધાંતો તો ઓછામાં ઓછા જાણી લેવા જોઈએ. એવા કેટલા ભણેલા માણસો છે જે કહી શકે છે કે તેમની બીમારી માટે તેઓ પોતે જ જવાબદાર નથી ? એટલે, ચાલો આપણે તંદુરસ્તી જાળવવાના અને બીમારી દૂર કરવાના **સામાન્ય સિધ્ધાંતો** વિષે વિચારીએ.

તંદુરસ્તીની કિંમત આપણને ત્યારે જ સમજાય છે, જ્યારે આપણે તેને ગુમાવીએ છીએ. આપણામાંથી ઘણાંને, ના, લગભગ બધાને ભૂતકાળમાં થયેલી આપણી ભૂલોને લીધે છાતી કુટી લેવી પડે છે. તમારી હાલની બીમારી માટે જો તમે જવાબદાર હો તો નિરાશ થશો નહીં. તમે ચોક્કસપણે તંદુરસ્તી પાછી મેળવી શકો છો. પહેલાં તો ઓછામાં ઓછું પ્રતિબંધ ઉપાયોને જાણી લો. જેથી ભૂતકાળમાં તમે પોતે કરેલી ભૂલોને નિવારી શકાય. માત્ર તમારા જ ભલા માટે નહીં પણ બીજા બધાના ભલા માટે આ જાણી લેવું જરૂરી છે. તમારા ભાઈઓની તમે કરેલી આ ઊંચામાં ઊંચા પ્રકારની સેવા છે.

માનવ સ્વભાવની સૌથી સામાન્ય ખામી છે - એની ગેરશિસ્ત. આપણી ઈન્દ્રિયોના આપણે સંપૂર્ણપણે ગુલામ છીએ. એમણે એક વખત આપણને કોઈ પણ રીતે ઉત્તેજીત કર્યા પછી આપણે એને ના કહી શકતા જ નથી ઈન્દ્રિયો એ પ્રકૃતિની ભેટ છે અને એટલે તે આપણાને સાચો આનંદ આપે છે. પરંતુ એના પર જો સંયમ રાખવામાં ન આવે તો તે જ ઈન્દ્રિયો આપણી સૌથી મોટી દુશ્મન થઈ જાય છે. આ

J & J DeChane

ઈન્દ્રિયો અને દરેક પ્રકારની ઈન્દ્રિય-ગમ્યતા જ આપણી આટલી બધી નબળાઈ અને દુઃખો માટે જવાબદાર છે. સારા થવા માટે પ્રયત્ન કરો. તમારા ખાવા પીવા પર સંયમ રાખવાનું શીખો. મહેનત કરો. વધારે મહેનત કરવાથી માણસ ભાંગી પડતો નથી. પરંતુ ચિંતા અને વ્યસનથી જ તે દુબળો થાય છે. યોગ્ય એવું મનોરંજન મેળવો. તંદુરસ્ત મનોરંજન મેળવો યોગ્ય લાગે તે કસરત કરો, નિયમિત ઊંઘ લો અને રાતદિવસ એક કરવાની કોશિશ ન કરો. બીજાની સેવા શી રીતે કરવી એ શીખો, સ્વાર્થી ન બનો સારા થવા માટેની તકો શોધતા રહો. તમારા વિચારો વિષે જાગરૂક રહો, આ બધા હકીકતમાં તંદુરસ્તી માટેના નિયમો છે. જેમાં વિજ્ઞાને બીજા ઉમેર્યા હશે કદાચ.

બીમારીને રોકવા માટેનો કુદરતે ઘડી કાઢેલો બીજો એક મહત્વનો નિયમ એ છે કે આપણી મર્યાદામાં રહીને જીવવાનું શીખો. આ અમે કહીએ છીએ એટલે કોઈ અમારી હાંસી ઉડાવશે. પરંતુ આપણે ભૂલી જઈએ છીએ કે આપણે છીએ એના કરતાં મોટા દેખાવાનો ડોળ કરવાથી નૈતિક રીતે વિનાશકારક પરિણામો સર્જાય છે. મનોમન ફુલાયા કરવાથી આપણને વિચારો પણ મોટાઈના જ આવ્યા કરે છે અને ખોટી મોટાઈ ભરેલા આ વિચારો જ આપણને ચોક્કસપણે ખોટી મોટાઈ ભરેલા કાર્યો કરવા પ્રેરે છે. સાદું જીવન સાદા વિચારોને જન્મ આપે છે અને મોજ શોખ ભરેલું જીવન મોજશોખ ભરેલા વિચારોને.

ઘણા લોકો કદાચ કહેશે કે બીમારી રોકવા માટે અમે સૂચવેલા નિયમો વેદિયાવેડા ભરેલા છે. બીમારીના નાના મોટા કારણોને જાણવા જેટલા અમે સમર્થ રહ્યાં છીએ, એટલે સત્ય હકીકતને એના સ્પષ્ટ સ્વરૂપમાં ખૂલે આમ કહી દેવાની અમારી ફરજ છે, એમ માનીએ છીએ.

રોગોના ઉપચારમાં એક વસ્તુ જરૂરી છે અને એ છે શ્રધ્ધા. ઈશ્વર પ્રત્યેની શ્રધ્ધા, વિશ્વાસ, દવાઓ પર વિશ્વાસ અને તમારા પોતાના ઉપર વિશ્વાસ. જ્યારે આપણે માંદા પડીએ છીએ ત્યારે સામાન્ય રીતે આપણું મગજ બહેર મારી જાય છે. આપણે એક ડોક્ટર પાસેથી બીજા ડોક્ટર પાસે દોડાદોડી કરીએ છીએ. એક ઉપર બીજે દવાઓ ગટાગટાવીએ છીએ. આ પ્રક્રિયા આપણી સ્થિતિને વધુ બગાડવામાં



જ કારણભૂત બને છે. શાંત થાઓ. જ્યારે તમે તમારી જાતને ડોક્ટરના હાથમાં સોંપો ત્યારે એના પર વિશ્વાસ રાખો, ખાસ કરીને ત્યારે જ્યારે બીમારી ઘણી લાંબી હોય. તમારે ડોક્ટરને તક આપવી જોઈએ અને યોગ્ય કારણ વગર એને બદલવો પણ ન જોઈએ. લાંબી બીમારીનો ઉપચાર કરવામાં કદાચ થોડો સમય પણ લાગે. પરંતુ અંતે પરિણામ સારું આવશે અને ઈલાજની અસર લાંબો સમય ટકશે. આવી બિનાઓમાં ઝડપી ઈલાજ છેતરામણો નિવડે છે.

જો તમે દવાઓનો (કહો કે અમારી દવાઓનો) ઉપયોગ અમારા પુસ્તકો અને સાહિત્યમાં દર્શાવ્યા મુજબ કરતા હો તો સૌથી પહેલાં તમારે એ જાણી જ લેવું જોઈએ કે દર્દીના શારીરિક ઘડતરની ખાસિયતો કઈ છે. ત્યારબાદ બીમારીને સારી રીતે જાણી લેવી જોઈએ. તમે જે ઉપાયો પસંદ કરો તેને સારી રીતે સમજી લો અને અંતે દવાઓ બરોબર અસર કરે એ માટે કઈ વસ્તુઓ કયા આચાર વિચારોથી વારવા જોઈએ. એ બરોબર જાણી લો તમારે એ ભૂલવું ન જોઈએ કે દવાઓને પણ પોત પોતાની મર્યાદા હોય છે અને દવાઓ માત્ર પ્રકૃતિને મદદ રૂપ જ થતી હોય છે. એટલે તમારે પ્રકૃતિના નિયમોનું સખત રીતે પાલન કરવાનો પ્રયત્ન કરતા રહેવું જોઈએ.

એમ કહેવાય છે કે આપણે વિજ્ઞાનના યુગમાં જીવી રહ્યાં છીએ. એ સાચું છે. પરંતુ એ પણ એટલું જ સાચું છે કે વિજ્ઞાનને અંજલિ આપતી વખતે આપણે પ્રકૃતિનું અપમાન કરીએ છીએ, જે વિજ્ઞાનની માતા છે. અત્યારે લોકો એ અસર હેઠળ છે કે દવાઓ, શકિત વર્ધક ચુર્ણો, ઈન્જેકશનો વિ. તેમને માટે બધું કરવા સમર્થ છે અને એટલે એમણે પોતાના માટે કંઈ જ કરવાની જરૂર નથી. આ માન્યતા ભૂલ ભરેલી છે દુનિયામાં આપણે કલ્પી પણ ન શકીએ એટલા બધા લોકો છે, જે માત્ર દવાઓ જ ખાધા કર્યાથી હેરાન થઈ રહ્યા છે. વિચાર્યા વગર લીધેલી દવાઓ રોગને જન્મ આપે છે અને આ રોગ 'એ વિકાર કરતા પણ વધારે ખરાબ હોય છે. જેને નિવારવા આપણે દવા લીધી હોય છે. તેજ દવાઓથી ચેતો. અરે નુકશાન ન કરનારી દવાઓને, જેમ કે અમારી દવાઓને પણ દોષ ન દેવો જોઈએ. જો તે વગર વિચાર્યે વાપરવામાં આવી હોય તો.'

**સ્ફૂર્તિ :** સ્ફૂર્તિ એટલે શું ? બીમારીને રોકનાર એક માત્ર શકિત એટલે આંતરિક ચેતના, સ્ફૂર્તિ ! સ્ફૂર્તિ એ શબ્દ એવો છે, જેને ઘણી વાર દોષ દેવામાં આવ્યો છે. એટલે ચાલો આપણે આ સ્ફૂર્તિને ચેતનાને જુદા જુદા દષ્ટિકોણથી તપાસીએ.

વૈદ્યકીય દષ્ટિકોણથી જોતાં **સ્ફૂર્તિ** ચેતના એટલે માનવ શરીરમાં રહેલા અનેક કોષોનું વ્યવસ્થિત સંચાલન થવું તે. જો કે અમે ય વૈદ્યકીય દષ્ટિકોણ ધરાવીએ છીએ. છતાં અમારે દિલગીરી સાથે કહેવું પડશે કે ઉપરોક્ત કથનમાં જુદા જુદા પ્રકારો અને પાસાઓને ધ્યાનમાં લેવામાં નથી આવ્યાં. દરેક પ્રશિક્ષિત તબીબ જાણે છે કે સ્ફૂર્તિ એટલે સામાન્ય માણસો વિચારે છે બિલકુલ એ પ્રકારની હોતી નથી. અત્યારે લોકોમાં સ્ફૂર્તિની એક જ છાપ પ્રચલિત છે અને એ એટલે સ્ફૂર્તિ એટલે ચૈતન્ય શકિત અને દરેક જણ એ મેળવવા માટે તનતોડ અભ્યાસ પ્રયત્ન કરતા દેખાય છે.

પ્રથમ દષ્ટિએ જ તમને જણાશે કે ઉપરોક્ત ત્રણ સ્ફૂર્તિઓમાંથી માનસિક સ્ફૂર્તિનું મહત્વ બીજી બે સ્ફૂર્તિઓ કરતાં ઘણું જ મહત્વનું છે. કારણકે એ આ સ્ફૂર્તિ છે જે જીવનને જોવાનો સાચો દષ્ટિકોણ આપે છે. એ મન છે જે શરીરને નિયંત્રણમાં રાખે છે એ મન છે જે માંસ પેશીઓ પર અને ઈન્દ્રીયો પર પોતાનો પ્રભાવ પાડે છે. શારીરિક દષ્ટિએ નબળો માણસ માત્ર મનની શકિત વડે જ લાંબુ જીવી શકે છે. નબળી માનસિક શકિતવાળા માણસ કરતાં અગાધ માનસિક સ્ફૂર્તિવાળો માણસ શારીરિક દષ્ટિએ નબળો પણ હોય તો તે રોગો પર ઝડપથી અને સહેલાઈથી. વિજય મેળવી લે છે. ''તંદુરસ્ત શરીરમાં તંદુરસ્ત મન'' આ દરેકનો આદર્શ હોવો ઘટે.

અહીં ગેરસમજ ન થાય. જ્યારે સ્ફૂર્તિને ઉપર મુજબ ત્રણ વર્ગમાં વહેંચી નાખવામાં આવે છે. ત્યારે આપણે એ ન ભુલવું જોઈએ કે આ ત્રણે વર્ગો એકબીજા સાથે જોડાયેલા છે અને એટલે તેમને એકબીજાથી સંપૂર્ણપણે અલગ કરી શકાય જ નહીં. ત્રણે વિષે અમે અલગ અલગ ચર્ચા કરીએ છીએ એનો અર્થ એ નહીં કે માત્ર એકને જ મહત્વ આપી, અમે બીજા બે પ્રત્યે દુર્લક્ષ કરીએ છીએ.



આધ્યાત્મિક સ્ફૂર્તિ વિષે બે શબ્દો કીધા વગર એઆ કથનની પૂર્તિ નહીં થાય. તમારી આસપાસ નજર કરો, કોણ તમારે માટે આદરણીય છે ? સુંદર શરીર ધરાવતાં સ્ત્રી કે પુરૂષ નહીં, બહુ ભણેલા ગણેલા પણ નહીં અને શ્રીમંતો પણ નહીં, ત્યારે કોણ ? એવી વ્યક્તિ જે ગમે તેટલી પછાત હોવા છતાં સત્યનું હંમેશા આચરણ કરે છે અને અસત્યનો નિ:સંકોચ ત્યાગ કરે છે.

આધ્યાત્મિક સ્ફૂર્તિ મેળવવા માટે દરેકે સાધુ કે સન્યાસી થઈ જવાની જરૂર નથી. બધાં કરતા એક જ ચીજ જરૂરી છે કે આપણું હૃદય ઈશ્વરીય ભકિત ભાવનાથી નમી પડે અને આપણને જે કંઈ મળે એ ઈશ્વરની ભલમનસાઈને લીધે જ મળે છે એ વસ્તુનો સ્વીકાર કરવો તે. આપણા શરીર અને આત્માની આજુ બાજુ ચો-મેર ફેલાયેલા ભયમાંથી ઉગારનાર ભગવાન છે. એનું દીન બની નમ્રતાપૂર્વક સ્મરણ કરવું જોઈએ. ભકતનું ભગવાન પ્રત્યેનું આવું વલણ જ ભગવાનને ભકતની વહારે ધાવા ફરજ પાડે છે. આપણે એ ન ભૂલવું જોઈએ કે ઈશ્વરે દરેક વસ્તુઓનું નિર્માણ મનુષ્ય ભગવાનની આજ્ઞામાં રહે છે ત્યાં સુધી દરેક ચીજ વસ્તુઓ એની એટલે કે મનુષ્યની આજ્ઞામાં રહે છે. પરંતુ મનુષ્ય જ્યારે ઈશ્વર સામે બળવો પોકારે છે, ત્યારે મનુષ્યની તાબેદાર બધી ચીજો અરે દવાઓ પણ માનવી સામે બળવો પોકારે છે.

**પુનશ્ચેતના :-** પુનશ્ચેતના એટલે વિજ્ઞાન અને પ્રકૃતિના નિયમો પર આધારિત એક પ્રક્રિયા. પ્રકૃતિના નિયમો એટલે તે નિયમો જે ઉચ્ચ જ્ઞાન મેળવેલાઓએ સામાન્ય રીતે માન્ય રાખ્યા છે.

જીવનને સંપૂર્ણ રીતે જીવવું હોય તો આપણે પોષક ખોરાક, પાચન તેમજ પચેલા ખોરાકનું લોહીમાં રૂપાંતર અને મળત્યાગ પર પૂરતું ધ્યાન આપવું જોઈએ. આ પ્રકૃતિના નિયમો છે. અને પ્રકૃતિએ ગોઠવેલી વસ્તુઓ પર અસર કરે છે. આપણે આપણા જીવનને જે રીતે નિયમિત કરીએ એના ઉપર જ આપણી શારીરિક તંદુરસ્તીનો આધાર છે. આપણે જીવવાનું છે એ એક ઈશ્વર પ્રત્યેની ફરજ સમજીને, નહીં કે કેવળ આનંદોપભોગ માટે. જુદી જુદી બીમારીઓની ગુંચવાડા ભરેલી વીતક કથા વર્ણવતા સંખ્યાબંધ પત્રો અમને મળે છે. અને અમારી સલાહ તેમ જ ઉપચાર માગે

J & J DeChane

છે. પરંતુ તેઓ પણ ગુમાવેલી ચેતનાને ફરી મેળવવા માટે જ આતુર હોય છે અને આ વસ્તુ પર જ તેઓ ખાસ ભાર મૂકે છે. એમને સ્ફૂર્તિ જોઈએ છે, પણ જીવનના ઉપયોગ માટે તેઓને તંદુરસ્તીની પરવા હોય એમ લાગતું નથી. આપણે અહીં ભૂલી જઈએ છીએ કે સ્ફૂર્તિ એ સારી તંદુરસ્તીના આશીર્વાદ રૂપે છે. અને જ્યાં સુધી સંપૂર્ણ તંદુરસ્તીના માર્ગમાં આવતી અડચણો દુર કરવામાં નથી આવતી, ત્યાં સુધી ચેતના સ્ફર્તિની ફરી પ્રાપ્તિ થઈ શકતી નથી.

**પુનશ્ચેતના** એટલે તંદુરસ્તીનું નૂતનીકરણ. જો તે આપણે ગુમાવી હોય તો. હવે અમે તંદુરસ્તીના, તે ફરી મેળવવાના મુળભૂત સિધ્ધાંતોને સ્પષ્ટ કરીશું. **શારીરિક ઘડતર** એ મથાળા હેઠળ રોગોનો ઉપચાર શી રીતે કરવો એનું એક આખા વિભાગમાં વર્ણન કરવામાં આવ્યું છે. એમાં અમે વિજ્ઞાન માણસ માટે શું કરે છે એ પણ વર્ણવ્યું છે. બન્નેનો યોગ્ય અભ્યાસ આપણને, આપણા પ્રિયજનોને અને આપણી આસપાસ રહેતા બીજા બધાઓને ફાયદાકારક થઈ પડશે.

પોષક આહાર લેવો, એટલે યોગ્ય ખોરાક લેવો. યોગ્ય ખોરાક લેવો એનો અર્થ એ નહીં કે મોંઘો ખોરાક લેવો. યોગ્ય ખોરાક એ છે જે આપણામાંના દરેકની પોત પોતાની પ્રકૃતિને અનુરૂપ હોય છે. એક જણને માટે પોષક ગણાતો ખોરાક બીજાને માટે નુકશાનકારક પણ ગણાય. ચટણી રોટલો ખાનારા લોકો ઘણી વાર મરઘાં બતકાંનું માંસ ખાનારાઓ કરતાં વધારે સ્નાયુ બધ્ધ-બળવાન હોય છે. વૈજ્ઞાનિક રીતે પોષક ખોરાક એટલે એ કે જેનાથી આપણો આહાર સમૃધ્ધ થતો હોય. પોલીશ કરેલા ચોખામાં અને બેકરીમાં વેચાતા પાઉં ડબલરોટીમાં પોષક તત્વો ઘણાં ઓછા હોય છે. નબળા પેટ માટે અત્યંત ચરબીવાળો માંસાહાર ભારે થઈ પડે છે. જ્યારે બીજી જાતનો પોષક આહાર મર્યાદિત આવકવાળાઓ માટે મોંઘો થઈ પડે છે. શું કરવું જોઈએ ? અહીં આ અમારૂં વિજ્ઞાન તમારી વહારે થાય છે. બે દિવસમાં એક વખત ચમચો ભરીને લીધેલું આલ્બોસોન્ગ, તમારી તંદુરસ્તીને જાળવવા માટે અત્યંત આવશ્યક એવા ક્ષાર અને વિટામીનને તમારા શરીરના દરેક કોષોમાં પહોંચાડે છે.

**પાચન** :- સારૂં પાચન એ સારી તંદુરસ્તીની કુંચી છે. પાચનનો આધાર તમે શું અને કેવી રીતે ખાઓ છો એના પર છે. આપણે ખરાબ ચીજ પણ સારી રીતે



ખાઈ શકીએ છીએ અને સારી ચીજ પણ ખરાબ રીતે ખાઈ શકીએ છીએ, ખોરાકને સારી રીતે ખાઈ શકીએ છીએ. ખોરાકને સારી રીતે ચાવવો જોઈએ અને મોઢામાં ખોરાકનું દાંત વડે માવામાં રૂપાંતર ન થાય ત્યાં સુધી એને ગળા નીચે ઉતારવો જ ન જોઈએ. સારી રીતે ચાવવાથી અકરાંતિયાપણું રોકાય છે. ખરાબ દાંત અને ખરાબ પાચન એકબીજાના પૂરક છે. જો તમે દાંતને સુદૃઢ રાખવા માગતા હો તો પાચન પર ધ્યાન રાખો અને જો તમે પાચનતંત્ર સુધારવા માગતા હો તો દાંતની કાળજી લો પાચનતંત્રની ખામીઓ ઘણી જ છેતરામણી હોય છે. જે લોકો સારી રીતે ખાય છે (અને હંમેશા તેઓ આકરાંતિયાની જેમ ખાય છે.) અને ડંફાસ મારે છે કે એમની પાચન શકિત સારી છે, તેઓ જ બીજા કરતાં પણ ખરાબ રીતે અપચાના રોગથી પીડાય છે. ચા, કોફી અને સિગરેટના વધુ પડતા સેવનથી પણ પાચનતંત્ર પર ખરાબ અસર પડે છે. જો માણસ સારી રીતે ખાતો હોય સારી રીતે પચાવતો હોય અને છતાં રોગી જણાતો હોય તો એનું પાચનતંત્ર સંપૂર્ણ નિર્દોષ ગણાય જ નહીં, કારણ એણે પચાવેલા ખોરાકનું લોહીમાં રૂપાંતર થતું જ નથી આના કેટલાંક ઉઘાડા અને છાનાં કારણો છે, જે **ઉપચારના** પ્રકરણમાં અમે વર્ણવ્યા છે.

**જ્ઞાનતંત્રની ખામીઓ** :- જ્ઞાનતંત્રના લીધે પણ તંદુરસ્તી જળવાતી હોય છે. આપણી વધારે પડતી સાંસ્કૃતિક ભાવનાએ આપણા મગજ અને જ્ઞાનતંતુઓ પર ભારે બોજ નાખ્યો છે. અરે બાળકો પણ નિરાશામાં જન્મે છે. આ નિરાશાની ભાવનાને દૂર કરવાનો સૌથી સારો પ્રાકૃતિક ઉપાય એ છે કે ટેવોને નિયમિત બનાવવી, બરોબર ઊંઘ લેવી અને મગજને ઠંડુ રાખવું. જીવનનો સાચો ખ્યાલ આવી ગયા પછી જ મગજ શાંત રહી શકે છે. આપણે જો આનંદોપભોગ કીર્તિ કે પૈસા માટે જીવતા હોઈશું તો આ જ વસ્તુઓ કોઈક દિવસ આપણી દુશ્મન થઈ જશે. જો આપણે એક ફરજને માટે જીવતા હોઈશું તો એ ફરજ જેણે આપણા માથે લાદી છે, એ ઈશ્વર આપણને આપણી જવાબદારીઓનું ભાન કરાવશે અને જિંદગી માનવતા પૂર્વક જીવી જવામાં મદદ કરશે. આ જીવનનું તત્ત્વજ્ઞાન છે. પણ આ તત્ત્વાજ્ઞાનને સમજવા કુદરતની મદદની જરૂર છે. વિજ્ઞાને અત્યંત લાગણી અને ઉદારતાથી બક્ષેલા સાધનો વડે આપણે નબળા જ્ઞાનતંત્રને સુધારવું જોઈએ.

પ્રાકૃતિક અને અપ્રકૃતિક કારણોની જ્ઞાનતંત્ર પર અસર પડે છે. પ્રાકૃતિક કારણો એટલે માંદગી, માનસિક તાણ, વધુ પડતું કામ ચિંતા, દુઃખ અને આપણી જીન્દગીમાં આવતા કેટલાક ઉતાર ચઢાવો અપ્રાકૃતિક કારણો એટલે કુદરતની વિરૂધ્ધ જઈ કામ કરવું. અત્યંત મોજશોખમાં રચ્યા પચ્યા રહેવું, પોતાની શકિતનો દુર્વ્યય કરવો વિ. કુદરતે ઘડી કાઢેલા કીયાદાનો ભંગ કરી કોઈ પણ માણસ નિર્દોષ છુટી શકતો નથી.

જ્ઞાનતંતુઓના રોગો અવ્યવસ્થિત પોષણ પાચન અને મલ-વિસર્જનથી સંભવે છે અને જે ખામી આ ત્રણેમાંથી કોઈમાં હોય છે. તે દૂર કરવાથી મુશ્કેલીઓ પણ દુર થાય છે બીજી તરફ જ્ઞાનતંત્રનો બગાડ પાચનતંત્રને, ખોરાકના લોહીમાં થતા રૂપાંતરને, મળત્યાગને અવ્યવસ્થત બનાવે છે અને લોહીમાં વિકાર પેદા કરે છે આ એક વિષચક્ર છે અને તબીબી વિદ્યામાં એક સમસ્યારૂપ છે.

દરેક રોગોમાં જ્ઞાનતંતુઓની સારવારનું મહત્વ દર્શાવતું આ અવતર "આધુનિક દવાઓમાં અપનાવવામાં આવેલા નવા દૃષ્ટિકતોણનો ટુંકસાર રૂપે વર્ણવવામાં આવ્યું છે ઇ.સ. પુર્વે લગભગ હજાર વર્ષ પહેલાં સોક્રેટીસ સૈન્યમાંથી પાછો આવ્યો ત્યારે એણે પોતાના ગ્રીક બાંધવોને જણાવ્યુ કે જંગલી થેશીયનો એક બાબતમાં આપણી ગ્રીક સંસ્કૃતિક કરતાં વધારે વિકાસ સાધી શકયા છે. **તેઓ જાણે છે કે શરીરનો ઈલાજ મનના ઈલાજ વગર થઈ શકતો નથી."** એણે આગળ કહ્યું કે આ જ કારણને લીધે ઘણા રોગોના ઈલાજ વિષે હેલાસના તબીબી અજાણ છે. કારણ તેઓ આ વસ્તુ પર (માનસ પર) સંપૂર્ણપણે દુર્લક્ષ કરે છે.

**લોહીમાં વિકાર :-** આપણે જોયું કે કોઈ પણ ચીજ લોહીમાં વિકાર પેદા કરી શકે છે અને આ રીતે બગડેલું લોહી જ્ઞાનતંત્રના અને પાચનતંત્રના કાર્યમાં અડચણો પેદા કરે છે. **ઉપચાર** ના પ્રકરણમાં અમે લોહીની જુદી જુદી સ્થિતિઓ વર્ણવી છે, તેમાંની સૌથી મહત્વની બે સ્થિતિઓ નીચે દર્શાવી છે.

જીવલેણ લાંબો ટાઢીયો તાવ : આ રોગ ભારતમાં ભયજનક થઇ પડયો છે. સંસારી લોકો સામાન્ય રીતે જાણતા નથી કે ટાઢીયો તાવ વર્ષો સુધી જુદા જુદા



તંત્રોમાં છુપાયેલો હોય છે. પછી ભલે એક માણસને ટાઢીયો તાવ ૨૫ દિવસ પહેલાં કે ૨૫ મહીના પહેલાં થયો હોય એ વસ્તુ મહત્વની નથી, તે ફરી થવાની પણ સંપૂર્ણ શકયતા છે કારણ તે તંત્રોની અંદર છુપાઇને નુકશાન કરતો જ હોય છે. દીર્ઘ કાળ છુપાઇ રહેલા ટાઢીયા તાવનું એક લક્ષણ છે કે નાનું સરખું બહાનું મળે તો પણ પાચનતંત્ર અવ્યવસ્થિત થઇ જાય છે. કેટલીક બિનાઓમાં થર્મો મીટર પર તાવ નોંધાતો નથી.

**શરીર તંત્રમાં છુપાયેલું જાતીય રોગોનું ઝેર :-** જે લોકો ઉપદંશ અને પરમીયાથી પીડાય છે અને જેમણે પોતાના શરીરના તંત્રોને પૂરતા પ્રમાણમાં શુધ્ધ કરવાની તસ્દી લીધી નથી એમણે માત્ર રોગનો ઇલાજ કરવામાં જ નહીં પરંતુ તંદુરસ્તી જાળવી રાખવામાં પણ આવી પડતી બધી જાતની અડચણોને સહન કરવાની તૈયારી રાખવી જોઇએ. તબીબી અધિકારીઓના જણાવ્યા મુજબ જાતીય રોગોનું ઝેર શરીરમા વરસો સુધી ક્રીયાશીલ રહે છે અને એટલે જે બદનસીબ લોકોને આ રોગ થયા હોય એમણે ઘણાં વર્ષો સુધી 'શુધ્ધિ કરણની' પ્રક્રિયા દ્વારા તે રોગોથી સંરક્ષણ મેળવવું જોઇએ, ભલે પછી તેમણે શરૂઆતના વર્ષોમાં પધ્ધતિસરનો તબીબી ઇલાજ કેમ ન કર્યો હોય ? આવી વ્યકિતઓને સલામતિના ખોટા ભ્રમમાં ન રાખશો. આવા જાતીય રોગોનું એક પણ લક્ષણ જણાતું નથી એટલે તેઓ સંપૂર્ણ તંદુરસ્ત છે એમ ખોટી રીતે એમને મનાવશો પણ નહીં. અમે માત્ર દુઃખદ હકીકતોનું જ બયાન કરીએ છીએ અને ગુમાવેલી તંદુરસ્તીને પાછી મેળવવાના સાધનો સુચવીએ છીએ સાધનો જે વિજ્ઞાન અને અનુભવે સારા ઝડપી અસર કરનારા, ભરોસાપાત્ર અને સંપૂર્ણ સંગીન ઠર્યા છે.

J & J DeChane

J & J DeChane

# વિભાગ : ૨

## અમારી પ્રોડક્ટ્સની જાણકારી

**ઔષધ પ્રયોગ વિષે સામાન્ય નિર્દેશ :** અમારી ગોળીઓમાં ઉપલબ્ધ દવાઓની માત્રા (જ્યાં તે ખાસ કરીને જણાવી નથી ૧/૪ થી ૧/૨) ગોળી બાળકો માટે, ૧/૨ થી ૧ ગોળી મોટાઓ માટે આ પ્રમાણે છે. સામાન્ય રીતે મધ્યમ પ્રમાણની માત્રા ઉપયોગમાં લેવી જોઇએ, પરંતુ તાકીદના કેસોમાં કે એવા કેસોમાં જેમાં ઉપચારની જરૂર તાત્કાલિક પડે છે. જેમ કે આંકડી, સખત તાવ વિ. માં બની શકે એટલી વધુ પ્રમાણની માત્રામાં દવા આપી શકાય. માત્રાઓ વચ્ચેનો સામાન્ય ગાળો ૪ કલાકનો છે. દર્દીની હાલત સુધરતાં હંમેશા ગાળાને વધારો અને માત્રાને ઘટાડો. પ્રકૃતિને પોતાનું વર્ચસ્વ સ્થાપવા દેવાની તક આપવી જરૂરી છે.

**દવા** જેની સાથે લેવામાં આવે-જેમ કે પાણી, મધ, વિગેરે અનુપાન તેને લીધે પણ તેની અસર ઝડપી કે મંદ થતી હોય છે. ગરમ પાણીમાં આપેલી દવા કે દવા પીધા પછી પીધેલું ગરમ પાણી દવાની અસરને ઝડપી બનાવે છે. મધ (ફક્ત અડધો કે પા ચમચાથી થોડા ટીપા સુધી) એ બીજું ફાયદાકારક મેળવણ છે. જે ફેફસાં ને છાતીના રોગોની સારવારમાં વપરાય છે, જ્યારે માત્ર થોડું ઉત્તેજન જરૂરી હોય છે.

**સમય, પથ્ય વિ.** બીમારી દૂર કરનાર દવા જ્યારે ખાલી કે અર્ધા ખાલી પેટમાં આપવામાં આવે ત્યારે સારી અસર કરે છે, એટલે કે ખાધા પહેલાં અર્ધોએક કલાક પહેલાં અથવા ખાધા પછી બેથી ત્રણ કલાક પછી. સંપૂર્ણપણે રચનાત્મક દવાઓ નિયમ મુજબ ખાધા પછી તરત જ આપવી જોઇએ અથવા પ્રવાહી પથ્યમાં ભેળવી દેવી જોઇએ. પથ્યનાં કોઇ પણ બંધન અહીં નથી. જે ગમે તે ખાઓ, ન ગમે તે છોડી દો પાચન તંત્રના રોગોમાં ખોરાકની સુવ્યવસ્થા પર ઈલાજની સફળતાનો સંપૂર્ણ આધાર હોય છે. સખત ભારે રોગમાં હલકો કે પ્રવાહી આહાર લો.

**જોડાણો :-** બધી દવાઓ એકબીજા સાથે જોડી મેળવી શકાય છે અને બુધ્ધિ પૂર્વકના જોડાણ પર સામાન્ય રીતે દવાની સફળતાનો આધાર હોય છે. ખાસ પ્રકારની જરૂરિયાતને પૂરી પાડવા, ખાસ પ્રકારના સંયોજનની બનાવટમાં બે કે ત્રણ દવાઓ



ઉપયોગમાં લઇ શકાય છે. જરૂર જેટલા પ્રમાણમાં જ જોડાણો કરો, પહેલી ચીજને વધારે માત્રામાં લઇ, બીજી ચીજને એથી ઓછી માત્રામાં અને એ રીતે. **આવા જોડાણોનો ઉપયોગ અમે બનાવેલાં ઈન્જેકશનમાં પણ થઇ શકે છે.**

**દળામણ :-** હર્બોમિનરલ વનસ્પતિ ખનીજ યુક્ત દવાઓને ખાંડ સાથે ભેળવી હોમિયોપથિકની રીતે કૂટી કે દળી શકાય છે. અને ગમે તેટલી માત્રામાં શકિતશાળી બનાવી શકાય છે. એમ.ડી. થયેલા એક એલોપથીના ડોક્ટરે-જેણે હોમિયોપથીનો અભ્યાસ સારી રીતે કર્યો છે, પોતાના અહેવાલમાં જણાવ્યું છે કે અમારી મેડીટેબ અને આલ્બોસંગની દવાઓનો ઉપયોગ ઘણી જ સારી રીતે થઇ રહ્યો છે. એટલે અમારો કહેવાનો અર્થ એ છે કે અમારા સંયોજનો પહેલેથી જ એટલી માત્રામાં શકિતશાળી છે, જે દર્દીને સંપૂર્ણ રીતે અનુરૂપ છે.

**દવાની પેટીઓ :-** આ પેટીઓમાં આઠ દવાઓ હોય છે. આ આઠ દવાઓ પડીકી કે શીશીમાં મળી શકે છે. નિર્દેશક પુસ્તિકા ૧૪ ભાષામાં છપાઇ છે. આ દવાની પેટીઓનો ઉપયોગ ગામડામાં તબીબી સહાય પહોંચાડવા સરકાર અને સાર્વજનિક સંસ્થાઓ દ્વારા આખા ભારત દેશમાં થઇ રહ્યો છે. વળી ઘર-ગૃહસ્થી વાળા લોકો પણ એનો ઉપયોગ એક ઘર ગથ્થુ દવાખાના તરીકે કરે છે. આ માટે જુઓ અમારૂં ખાસ ચોપાનિયું, જેનું નામ છે **"દરેક ઘરને માટે એક સંપૂર્ણ દવાખાનું"**

**વનસ્પતિ ખનીજ યુક્ત** દવાઓ તાત્કાલિક ઉદ્ભવેલા તીવ્ર રોગોમાં અને લાંબા ગાળાથી ઘર કરી બેસેલા સ્થાયી રોગોમાં ઘણી જ ઝડપથી અસર કરે છે. એક વખત દવાની અસર ફાયદો કરે, પછી તે ટકાવવા આપેલી નાની માત્રા પણ પ્રગતિ સાધવા અને કુદરતી મદદ કરવા પૂરતી થઇ પડે છે. ભલામણ કરેલી માત્રામાં આપેલી વનસ્પતિ ખનિજયુક્ત દવાઓ સંપૂર્ણપણે નિર્દોષ છે, તે જરાય નુકસાનકર્તા નથી.

**શેક :-** વરાળ દ્વારા આપેલો શેક ભીના કે સૂકા શેક કરતાં વધારે સંતોષજનક પરિણામ લાવે છે. એક ઇંટને અગ્નિમાં શેકો. પછી એને ભીના કપડામાં વીંટાળો, (કપડાંની નીચોવી) એક કે બે ઘડી કરો: પૂરી વસ્તુને ત્યારબાદ કોરા કપડામાં અનેક

ઘડીઓ વાળી વીંટાળો. ત્યારબાદ  ઈજા પામેલા ભાગ પર શેક કરો. જેમ જેમ ગરમી ઓછી થાય તેમ તેમ એક એક ઘડી ઓછી કરતા જાઓ. આ પ્રકારનો શેક દુઃખાવામાં, ચુંક કે આંકડીમાં, ઉધરસ વિ.માં ઘણો જ ફાયદાકારક થઈ પડે છે. સંધિવા કે એવા બીજા ખાસ રોગોમાં અંદરના કપડા પર થોડું મીઠું ભભરાવી દેવું, અથવા તો એ કપડાને મીઠાના પાણીમાં બોળીને જ ભીનું કરવું.

**મલમ - બાહ્ય ઉપચાર :-** બાહ્ય ઉપચાર આંતરિક ઉપચારને મદદરૂપ થવો જોઈએ. એટલે કે પેટમાં લીધેલી દવાને બહારથી ચોપડાતા મલમની મદદ મળવી જોઈએ. અને સુધારો અંદરથી જણાવો જોઈએ, બહારથી નહીં. જોકે કેટલીક ઘટનાઓમાં બાહ્ય ઉપચાર પણ પૂરતો થઈ પડે છે, કમસે કમ તાત્કાલિક રાહત તો આપે જ છે. જેમ કે સખત દુઃખાવો, અચાનક સૂજી જવું, ગળા કે કાનમાં બળતરા થવી વિ. વિ. નિયમ મુજબ બહારથી ચોપડાતી દવાઓ અંદર લેવાતી દવાઓ સાથે સંબંધિત હોવી જોઈએ. હર્બો સલ્ફ કે હીલનનો મલમ તૈયાર કરવા માટે સામાન્ય નિયમ એ છે કે એક ભાગ દવા સાથે પાંચ ભાગ કોઈ પણ જાતનું તેલ, વેસેલિન કે અમારૂં ઉત્પાદન રીપાન્ટો મેળવવું : જેમ જેમ પ્રગતિ જણાય તેમ તેમ મલમની શકિત ઓછી કરતાં રહેવું. રુબઝોન અને ચેસોલ પીડા અને દુઃખાવામાં ઘણી જ રાહત પહોંચાડે છે, વળી તે ફેફસાં અને છાતીનું દરદ દૂર કરવામાં, ગળાની તકલીફો, ટોન્સીલ્સ, સંધિવા અને એની સાથે જોડાયેલી બીજી વ્યાધિઓને મટાડવામાં ઘણાં ઉપયોગી થઈ પડે છે.

**લોહીના ભ્રમણમાં સંચાલન :-** વનસ્પતિ ખનિજયુક્ત દવાઓ જ્યારે લોહીના ભ્રમણમાં સંચાલીત થાય છે ત્યારે સુંદર પરિણામો લાવે છે. ઈન્જેકશનો નૂકસાનકર્તા નથી. તે પીડા રહિત અને કોઈ પણ પ્રકારની ખરાબ પ્રતિક્રિયાથી વંચિત છે ૨ ટકા સોલ્યુશનવાળી ૧ સી.સી. ના ઈન્જેકશનોની બનાવટ માટે અમારી 'ઈન્જેકશનો' નામની પુસ્તિકા જૂઓ.

ઈન્જેકશનો ૨૪ કલાકમાં એક વખત આપી શકાય છે. એક વખત સુધારો જણાવા માંડે એટલે ઈન્જેકશનો વચ્ચેનો ગાળો લંબાવી શકાય.



## અમારી વનસ્પતિ ખનિજયુક્ત દવાઓનું વિવરણ

### ઔષધિ નં. (૧) આગર-કો ટેબલેટ (AGAR-CO TABLET)

આ દવા ફેફસાં માટે, નાના મોટાં બાળકોને આવતી આંચકી માટે, હિસ્ટીરીઆ અને હિસ્ટીરીયાની ફરીયાદો માટે, કે જે માત્ર સ્ત્રીઓની જ ફરિયાદ નથી, પરંતુ હિસ્ટીરીયાવાળું માનસ ધરાવતાં પુરૂષોની પણ ફરિયાદ છે. ફેફરામાં દિવસ દરમ્યાન 'માનસ ધરાવતા' પુરૂષોની પણ ફરિયાદ છે. ફેફરામાં દિવસ દરમ્યાન 'વાઈટલ એસેન્સ' આપો અને સૂતી વખતે ''આગર-કો' આપો. જ્યાં સુધી જરૂરી લાગે ત્યાં સુધી આ ઉપચારને લંબાવો. હિસ્ટીરીયા પર પણ આ જ રીતે ઉપચાર કરો.

ટ્રાય એગરીકસ નાની માત્રામાં લીધું હોય તો આંચકીને રોકે છે. આંચકીની અસરને ઠંડી પાડનાર તરીકે તે વર્તે છે અને હીસ્ટીરીયાના રોગને નીવારવા માટેની તે ઘણી કિંમતી દવા  છે. લીલીયમ સ્ત્રીના કમરની નીચે પેઢાનાં અવયવો પર સખત પ્રભાવ પાડે છે, અને અંડાશય તેમજ ગર્ભાશયની વિકૃતના સ્થિતિમાં તેનો ઉપયોગ થઈ શકે છે. એથ્યુસા અનિદ્રા, ચિઢીયાપણું અને અશાંતિ દૂર કરે છે.

- **આગર-કોની બનાવટ :-**

**દરેક ગોળીમાં :-**

| | |
|---|---|
| ટ્રાય એગરીકસ કયુ | ૦.૦૦૬૪ મી. લીટર |
| ટ્રાય એથ્યુસા કયુ | ૦.૦૦૬૪ મી. લીટર |
| ટ્રાય લીલીવમ કયુ | ૦.૦૧૩૨ મી. લીટર |

**મોટાઓ માટેની માત્રા :-** ૧/૨ ગોળી ભોજન પૂર્વે અરધો કલાક પહેલાં. દિવસમાં ત્રણ વાર.

### ઔષધિ નં. (૨) આલ્બોસંગ પાવડર/ટેબલેટ (ALBO-SANG TAB. POW.)

અપૂરતાં અને અયોગ્ય પોષણથી નબળા પડેલા બાળકો અને મોટાઓ માટે, ખાસ ઉપયોગી ઔષધિ.

J & J DeChane

**દવાની બનાવટ (સંયોજન) :**

**૧૦૦ ગ્રેઈનમાં :-**

| | |
|---|---|
| કેલ્શીયમ લેકટેટ આય. પી. | ... ૫-૭૧ ગ્રેઈન |
| ડાય કેલ્સીયમ લેકટેટ આય. પી. | ... ૩-૪૩ ગ્રેઈન |
| ટ્રાય મેગ્નેશીયમ ફોસ્ફેટ પર્પ એન. એફ. | ... ૧-૧૪ ગ્રેઈન |
| અસગન્ધ (વીધેમનિયા સોમ્ની ફેરા) | ... ૮-૦૦ ગ્રેઈન |

તાંબાની અને લોઢાની ભસ્મો, મેગ્નેશિયમ, કાર્બન.

આલ્બોસંગ એ આપણા શરીરની સામાન્ય વૃધ્ધિ માટે સૌથી સસ્તું વૈજ્ઞાનિક પોષક દ્રવ્ય છે અને તે શરીરની વૃધ્ધિ સારા એવા પ્રમાણમાં કરે છે. નબળી પડી ગયેલી હાલતમાં આલ્બોસંગનું નિયમિત સેવન તંદુરસ્તીની પુનઃ પ્રાપ્તિ કરાવી આપે છે. એ ચયાપચયની ક્રિયાને ઝડપી બનાવે છે, કિંમતી જરૂરી પોષક દ્રવ્ય પૂરું પાડે છે,. શકિત વધારે છે અને ગુમાવેલું વજન ઝડપથી પાછું મેળવી આપે છે. એને ચા, કોફી, દૂધ, દહીં, માખણ, ફ્રુટ ક્રીમ કસ્ટર્ડ, ફળનો રસ, કોઈ પણ પ્રવાહી ખોરાક કે પાણી સાથે ભેળવીને જમ્યા પહેલાં કે જમ્યા બાદ લઈ શકાય છે.

ગરીબો યોગ્ય પ્રકારનો ખોરાક લઈ શકતા નથી અને શ્રીમંતો ચરબીવાળા ખોરાકને પચાવી શકતા નથી. વિજ્ઞાનની ભાષામાં કહીએ તો આપણા જીવન કોષોનું પૂરતા પ્રમાણમાં પોષણ થતું નથી. તેનું કારણ કાંતો આપણા ખોરાકમાં તેની ઉણપ હોય છે, કાંતો આપણું પાચનતંત્ર નબળું હોય છે. એટલે એ આવશ્યક બને છે કે આપણા સામાન્ય ખોરાકને આપણે વૈજ્ઞાનિક પોષણ વડે સમૃધ્ધ બનાવવો જોઈએ.

આપણો રોજનો આહાર ભલે પછી તે ગમે તેટલો સાદો ને સસ્તો કેમ ન હોય, આપણને જથ્થો આપે છે જ્યારે એમાં ઉમેરેલું આલ્બોસંગ એમાં ગુણ વૃધ્ધિ કરે છે.



આલ્બોસંગ કેલ્શીયમ ફોસ્ફેટ અને બીજા જરૂરી પ્રજીવકો પૂરાં પાડે છે. એટલું જ નહીં પણ એમાં ભારતીય પધ્ધતિની દવાઓમાં ઉપયોગમાં લવાતી સૌથી કિંમતી વસ્નપતિ જેવી કે અસગન્ધ, બ્રાહ્મી, તાલીસપત્ર અને ઈશ્વર મૂળ પણ હોય છે. તેનું વર્ણન અત્યંત ઉપયોગી ઔષધ તરીકે કરવામાં આવ્યું છે. ખાસ કરીને નીચેના રોગોમાંઃ બાળકોનું દુબળા પડવું, વૃધ્ધાવસ્થાને લીધે જણાતી અશકિત, વીર્યનું પેશાબમાં અને નિદ્રામાં અતિ સ્ખલન થવું અને બીજી દરેક પ્રકારની સામાન્ય દુર્બળતામાં, સ્મરણ શકિતનો નાશ થવો, અને ચરબીની ઉણપ વિ. આમ આલ્બોસંગ એ શકિતશાળી દેશી વનસ્પતિઓ, જરૂરી ખનિજ અને આવશ્યક પ્રજીવકોનું કિંમતી સંયોજન છે. ગજા ઉપરાંત મહેનત કરવાથી કે શરીરના બંધારણની ખામી રૂપ બીમારીઓથી સડી ગયેલા તંત્રોમાં એ ફરી તાજી શકિત અને સ્ફૂર્તિ પૂરે છે. આ પ્રમાણે તે અપરિપકવાવસ્થામાં થતા સડાને રોકે છે.

**આ દવાનું મહત્વ દર્શાવતા નિર્દેશો :**

**બીમારીમાં :** બીમારીના સમય દરમ્યાન અને સાજા થયા બાદ આલ્બોસંગ શરીરની પ્રતિકારક શકિતને વધારે છે અને દર્દીને ગુમાવેલી શકિત ઝડપથી પાછી મેળવી આપવામાં મદદ કરે છે.

**પાંડુરોગ :-** થોડા જ દિવસોમાં દર્દીના લોહીમાં ઝડપી સુધારો થયેલો જણાય છે. સામાન્ય દુર્બળતામાં અને સાજા થયા બાદ આલ્બોસંગ દર્દીને ગુમાવેલી શકિત ઝડપથી પાછી મેળવી આપવામાં મદદ કરે છે.

**ધાવણાં બાળકોને :** તાજા દૂધમાં આલ્બોસંગ ઉમેરી બાળકોને આપવાથી તેમને સારૂં એવું પોષણ મળે છે અને આ રીતે દુધનો વધારે થતો ખર્ચો બચે છે. બાળકોનો ઉછેર સારી રીતે થાય છે, તેમનું પાચનતંત્ર સુધરે છે, આંતરડા નિયમિત સાફ થાય છે અને તેમની તંદુરસ્તી વધે છે.

**ઉછરતાં બાળકો :-** આલ્બોસંગ ઉછરતાં બાળકોમાં કેલ્શીયમ અને ફોસ્ફરસની ઉદ્‌ભવતી માંગને પૂરી પાડે છે અને તેમની ભૂખ ઉઘડે છે, તેઓની સ્મરણ શકિત તેજ થાય છે. અને આ દવા તેમને તંદુરસ્ત તેમજ જોરાવર બનાવે છે.

J & J DeChane

**સ્તન પાન કરાવતી માતાઓ :-** આલ્બોસંગ બાળકને સ્તન પાન કરાવવાથી પડતાં તાણને સહન કરવાની શકિત આપે છે. એ તેમના દૂધને વધારે છે અને તેને શકિતવર્ધક બનાવે છે. કેલ્શીયમ અને વીટામિન ડીની વૃધ્ધિ, પ્રસુતિ અને સ્તનપાન દરમ્યાન થતું શોષણ વધે છે, ને આ વધારાની જરૂરિયાતને આલ્બોસંગ પૂરી કરે છે.

**બુધ્ધિવાદીઓ માટે :-** શારીરિક અને એન્ટરિક શકિતઓનું સંતુલન જાળવવા માટે તેમને આલ્બોસંગની જરૂર પડે છે. એ વધારે પડતા કામ અને ચિંતાથી પડતા શારીરિક અને માનસિક તાણને દુર કરે છે.

**વૃધ્ધો માટે :-** વૃધ્ધોને સામાન્ય તંદુરસ્તી જાળવવા માટે આલ્બોસંગની જરૂર પડે છે. આલ્બોસંગ તંદુરસ્તી જાળવી રાખવા માટે એક સામાન્ય શકિતવર્ધક અને પોષક દ્રવ્યનું કામ કરે છે.

**દવાના માત્રા (ડૉઝ)**

**તદ્દન નાનાં બાળકો માટે :-** અડધો ચમચો દૂધમાં દિવસમાં બે વખત.

**મોટી વયનાં બાળકો માટે :-** અડધો ચમચો દૂધમાં દિવસમાં બે વખત.

**મોટાંઓ માટે :-** એક ચમચો ભરીને અથવા બે ગોળીઓ દિવસમાં બે વખત, દવાના દરેક પડીકા સાથે બાંધેલા સૂચના પત્રમાં દર્શાવ્યા મુજબ.

**નોંધ :** આ દવાની આડઅસર નથી.

**ઓલ્બેસંગ ટેબલેટ**

**દરેક ગોળીમાં :**

| | |
|---|---|
| કેલ્શીયમ લેકટેટ આય. પી. | ૫૪-૦૦ મીલીગ્રામ |
| ડાયકેલ્શીયમ ફોસ્ફેટ આય. પી. | ૩-૬ મીલી ગ્રામ |
| અસગન્ધ (વીધેનિયા સોમ્નીફેરા) | ૫૫-૦૦ મીલી ગ્રામ |

મેગ્નેશિયમ, કાર્બન, લોહ ભસ્મ અને તામ્રભસ્મ.

**પેકીંગ** : પાઉડર - ૨૦૦ ગ્રામ તથા ૪૦૦ ગ્રામનાં ટીનમાં ઉપલબ્ધ.

**ટેબલેટ** : ૩૦૦ ટેબલેટની બોટલ અને ૧૦ ટેબલેટની સ્ટ્રીપ પેકમાં ઉપલબ્ધ છે.



આલ્બોસંગ એ દ્રવ્ય કેન્દ્રિત ગોળીઓમાં પણ સગવડતા સચવાય અને પૈસાનો બચાવ થાય એ હેતુથી ઉપલબ્ધ થઇ શકે છે. બે ગોળીઓ જે મોટા માણસો માટે સામાન્ય માત્રા છે એ એક ચમચો ભરીને લીધેલા પાવડર બરોબર છે. ગોળીઓમાં સાકર ન હોવાથી મધુ- મેહના (મીઠી પેશાબના) દર્દીઓને પણ ઉપયોગી થઇ પડે છે.

**ઔષધિ નં. (૩) અલ્બોકાલ ટેબલેટ (ALBOCAL TEBLETS)**

કેલ્શિયમ, મૅગ્નેશિયમ, ઝીંક તથા વિટામીન ડી-૩ના મિશ્રણની એક શક્તિવર્ધક દવા.

**વિવરણ :** આ દવા મૅગ્નેશિયમ, ઝીંક તથા વિટામીન ડી : ૩ સાથે શુધ્ધ કૅલ્શ્યમ કોર્બોનેટની વૈજ્ઞાનિક મિશ્રણની બનાવટ છે. નાડી સંસ્થાન, હૃદય તથા માંસ પેશીઓના સામાન્ય કાર્યો શરીરમાં સારી રીતે ચાલતા રહે, તે માટે કૅલ્શ્યમ (ચૂનો) બહુ જરૂરી તત્ત્વ છે. સગર્ભા સ્ત્રી જો કૅલ્શ્યમ અને મૅગ્નેશિયમની પર્યાપ્ત માત્રાનું નિયમિત સેવન કરે તો, તેથી નવજાત બાળકોના અસ્થિ (હાડકા)માં ઘનત્ત્વ વધે છે ગર્ભાવસ્થામાં લોહીના દબાણની વૃધ્ધિ (હાઈ બી.પી.)ની શક્યતાને ઘટાડે છે.

**ઉપયોગ :** ગર્ભાવસ્થા, સ્તન્યપાનાવસ્થા, અસ્થિત વિકાર, માસિક સ્રાવનો નાશ થવો અને વિકસતા બાળકો માટે તેનો ઉપયોગ બહુ જ લાભપ્રદ છે.

**માત્રા :** ૧ ટેબલેટ દિનમાં ૨ વાર પાણી કે દૂધ સાથે

**અહિત પ્રભાવ :** કંઈ જ નહિ.

**પેકિંગ :** ૧૦ ટેબલેટની એક સ્ટ્રીપના પેકિંગમાં ઉપલબ્ધ.

**ઔષધિ નં. (૪) અલ્બોવિટ પાઉડર (ALBOVIT POWDER)**

મહિલાઓ માટે એક ઉત્તમ ટૉનિક ઔષધ.

**વિવરણ :** સ્ત્રીઓના સ્વાસ્થ્યની સંપૂર્ણ સુરક્ષા માટે એક મહત્ત્વના પૂરક ટૉનિક રૂપે 'અલ્બોવિટ પાઉડર'ને પ્રસ્તુત કરતાં અમને અત્યંત પ્રસન્નતા નિયમિત સેવન કરવા યોગ્ય ટૉનિક અને ધાવણ ઉત્પન્નકર્તા ઔષધિ રૂપે, આ એક પોતાના પ્રકારની

પ્રથમ તથા વિશેષ પ્રકારની ઔષધિ છે. તેના આ કાર્યમાં તેના ઘટક દ્રવ્યો શતાવરી (Aspargas), સૂકાં ફળ (Fruits) તથા કેસર (Saffron) મદદ કરે છે. શતાવરીના સેવનથી સ્ત્રીના ધાવણ (સ્તન્ય)ને ખૂબ માત્રામાં વધારે છે. સ્તનોને પોષણ મળે છે, ગર્ભાપાત થતો નથી. પાચનક્રિયા સુધરે છે અને શરીરમાં તે રસાયણનું કામ કરે છે.

અલ્બોવિટ પાઉડરમાં પ્રોટીન, કાર્બોહાઈડ્રેટ તથા કેલ્શ્યમ પણ યોગ્ય પ્રમાણમાં હોવાથી તેના સેવનથી શરીરમાં તરત જ શક્તિ અને ઊર્જાનો સંચાર થવા લાગે છે. તે આર્તવ (માસિક : M.C.) નાશ તથા માનસિક તણાવમાં પણ ખૂબ ઉપયોગી છે. આ એક સંપૂર્ણ રૂપમાં હર્બલ (વનસ્પતિજ) સંયોજન છે.

**ઉપયોગ :** આ યોગ માતાઓમાં ધાવણ (દૂધ) પેદા કરે છે. તેથી તે માતાઓના સ્તનપાન કાળમાં ખૂબ ઉપયોગી છે. મહિલાઓ માટે પ્રોટીન પૂરક દવા રૂપે, આ એક ઉત્તમ ટૉનિક ઔષધ છે. વળી તે માનસિક તણાવ (ટેન્શન), આર્તવનાશ (ડિસમેનોરિયા) અને ગર્ભાવસ્થામાં અત્યંત ઉપયોગી છે.

**માત્રા :** અલ્બોવિટ પાઉડર ૨ કે ૩ ચાની ચમચી (૧૦ થી ૧૫ ગ્રામ) એક કપ દૂધ કે પાણીમાં ધોળીને દિવસમાં બે વાર સવાર-સાંજ જમ્યા પછી લેવું જોઈએ.

**અહિત પ્રભાવ :** કશો જ નહિ.

**પેકિંગ :** આ દવા ૨૦૦ ગ્રામ ટીન પેકિંગમાં ઉપલબ્ધ છે.

### ઔષધિ નં. (૫) એમિગ્લીઆ ટેબલેટ (AMYGLIA TABLET)

દમને લીધે ગળામાં થતું દરદ દૂર કરવા સાથે હૃદયની ધમનીઓને પહોળી કરી તે દ્વારા રાહત આપે છે. માથાનો દુઃખાવો દુર કરવામાં અને લોહીનું ભારે દબાણ ઘટાડવામાં પણ આ દવા ઘણી મહત્વની મદદકર્તા થાય છે, ખાસ કરીને ત્યારે કે જ્યારે તાત્કાલિક રાહતની જરૂર હોય છે. એમિગ્લિઆ રક્ત વાહીનીઓને પહોળી કરે છે અને લોહીનું દબાણ ઘટાડે છે. જ્યારે ફીનો કેલ્સીન કે વાઈટલ એસેન્સ માથાનો દુઃખાવો દૂર ન કરે ત્યારે એમિગ્લિઆ આપો.

એમિગ્લિઆની ગોળીનો ભૂકો કરી જીભની નીચે રાખવાથી (વાઈ)



ફેફરાંનાં આક્રમણને તે થાય પહેલાંજ, વારંવાર રોકી શકાય છે. માઈગ્રેનમાં-આધા શીશીમાં પણ આ જ અસર દેખાઈ આવે છે. કષ્ટાર્તવ, દમમાં, ઊંટાટિયાંમાં અને બાળકને આવતી આંચકીમાં જ્યારે ઓચિંતા હુમલા થતા હોય ત્યારે એમિગ્લિઆ બહુ ઉપયોગી નિવડે છે.

**દવાની બનાવટ (સંયોજન) :**

દરેક ગોળીમાં :

| | |
|---|---|
| ટ્રાય લીલીયમ કયુ | ૦.૦૦૦૪ મિ. લીટર |
| ગ્લોનો ઈનમ ૩x | ૧.૬ મિલી ગ્રામ |
| નેટ્રમ નીટ્રોસમ ૩x | ૨૦૫ મિલી ગ્રામ |

**માત્રા :** અરધી ગોળી દિવસમાં ત્રણ વખત.ખાલી પેટી જમ્યાના અડધા કલાક પહેલાં.

**પેકીંગ :** ૫૦ ટેબલેટની બોટલમાં ઉપલબ્ધ.

### ઔષધિ નં. (૬) ઔરેટીનમ ટેબલેટ (AURATIUM TABLET)

**ગર્ભાશયનાં દરદો માટેની ખાસ દવા.**

**દવાની બનાવટ (સંયોજન) :**

**દરેક ગોળીમાં**

| | | |
|---|---|---|
| ઔરૂમમ્યુરીએટીકમ | ૨૪ | મિલીગ્રામ |
| ટ્રાય પલ્સેટીલ્લા કયુ | ૦.૦૦૫ | મિલીગ્રામ |
| ટ્રાય થુજા કયું | ૦.૦૦૨૪ | મિલીલીટર |

**દવાનું કાર્ય :**

**ઔરૂમ મ્યુરીએટીકમ :-** આ દ્રવ્યની સ્ત્રીઓના અવ્યવો પર સારી એવી અસર પડે છે. જ્ઞાનતંત્રના કાર્યમાં ખલેલ પડવાથી ઉદ્‌ભવતા લોહીના ભારે દબાણને ઓછું કરવામાં આ દ્રવ્યનો મોટો ફાળો છે. છોકરીઓને છાતીમાં દુઃખાવો ઉપડે,

પેટમાં શિથિલતા આવી જાય. લાંબા વખતનો ગર્ભાશય પ્રદર, ગર્ભાશયના મુખ અને યોનિ પર ગુમડું થાય, લ્યૂકોરિયા પ્રદરમાં આંચકીઓ આવી યોનિ સંકોચાય અને બીજાંડમાં જલંદર થાય વિ. ઉપરોક્ત રોગોમાંથી રાહત આપવામાં ઔરૂમ મ્યુરીએટીકમ નામનું દ્રવ્ય ઘણું જ ઉપયોગી છે.

**ટ્રાયપલ્સેટીલ્લા :-** આ દ્રવ્ય અતિશય લાગણીશીલ દરદીઓ માટે ઘણું ઉપયોગી છે. સ્નાયુઓની પીડા અને દુખાવામાં આ દ્રવ્ય ઘણી રાહત પહોંચાડે છે. માસિક ધર્મ અવ્યવસ્થિત થાય ત્યારે અને ઍમ્નોરિયામાં માસિક બંધ થાય ત્યારે આ દ્રવ્યની ખાસ ભલામણ કરવામાં આવી છે.

**ટ્રાયથુજા :-** આ દ્રવ્યનો ઉપયોગ નીચેના રોગોને દૂર કરવામાં થાય છે. ૧. સખત પ્રદર જાડો અને લીલાશ પડતો રસ વહેવો. ૨. બીજાંડ અને યોનિમાં થતો સખત દુઃખાવો. ૩. રજઃસ્ત્રાવ મંદ રીતે ઓછા પ્રમાણમાં થવો. બીજાંડના રોગો : દરેક માસિક ધર્મ વખતે અને રજઃસ્ત્રાવ પહેલાં સખત પરસેવો થવો વિ. આ રીતે આ સંયોજનોની સંયુક્ત અસર ઔરેટીનમ અતિશય લાગણીશીલ સ્ત્રીઓને કિંમતી રાહત પહોંચાડે છે.

**માત્રા :** ૧ થી ૨ ટેબલેટ દિવસમાં ત્રણ વાર જમ્યાના અડધા કલાક પહેલાં અને રાત્રે સુતી વખતે. અડધીથી એક ગોળી મોટી સ્ત્રીઓ માટે ખાસ કરીને ભોજન પૂર્વે અરધો કલાક પહેલાં અને સૂતી વખતે. ઝડપી સુધારણા માટે ૧ મિલીલીટર ઔરેટીનમનું ઈન્જેકશન ૨૪ કલાકમાં એક વાર આપવું.

**પેકીંગ** : ૫૦ ટેબલેટની બોટલમાં ઉપલબ્ધ.

### ઔષધિ નં. (૭) બાયોસાલ (BIO-SAL SYP.)
### (ગ્રાઈપ મિકશ્ચર)

**ધાવણા બાળકોના દુઃખાવા માટે :-** પેટનો દુઃખાવો, વાત રોગ, ખટાશ, આંચકી, અનિદ્રા, દાંત આવતી વખતની બીમારી વિગેરેની ખાસ દવા.



**દવાના બનાવટ (સંયોજન) :**

**૫ મિલીમીટરમાં (એક ચમચો લગભગ)**

| | |
|---|---|
| ઓઈલ એનેથી આય. પી. | ૦.૦૦૦૬૧૫ મિલીલીટર |
| ઓઈલ કરી બી. પી. સી. | ૦.૦૦૦૬૧૫ ” |
| સોડીયમ બાય કાર્બોનેટ આય. પી. | ૭૧.૫ મિલીગ્રામ |

આલ્કોહલ વી. વી. ૪-૬% સ્વાદીષ્ટ પ્રવાહીના રૂપમાં અને થોડો સેકરીનનો ભૂકો.

બાયોસાલ આંકડીમાં તાત્કાલિક રાહત આપે છે. અતિસાર હંગામણને રોકે છે અને પાચન તંત્રને સુધારે છે. આ રીતે તે માત્ર આંતરડાના ચેપી રોગને જ રોકતું નથી, પરંતુ સામાન્ય રીતે બધા રોગોને રોકે છે.

ધાવણા બાળકો અને તેથી થોડા મોટા બાળકોની મંદ પડેલી ભૂખ ઉઘાડવામાં બાયોસાલ ઘણો મહત્વનો ભાગ ભજવે છે. સવારે અને રાતના, તેનો નિયમિત ઉપયોગ કરવાથી ખટાશ દૂર થાય છે, ભૂખ ઉઘડે છે અને પાચન તંત્ર સુધરે છે. માંદગીના સમય દરમ્યાન અને આંચકી ઉપડે ત્યારે તે વારંવાર ઓછા સમય ગાળે આપી શકાય છે.

દાંત આવતી વખતે બાયોસાલ તાત્કાલિક રાહત આપે છે. એ પાચન ક્રિયાને સુધારે છે અને અતિસારને રોકે છે. બાળકો તેને લીધે દુઃખાવામાંથી ઉગરી જાય છે, જે દુઃખાવો, નહીં તો મુશ્કેલીરૂપ અને ગંભીર પણ થઈ જાય છે.

બાયોસાલમાં ઊંઘ આવે એવું કેફી ઔષધ કે નૂકસાન કરનારી કોઈ ચીજ હોતી નથી. એ વાતરોગને માટે આંચકી તેમજ પાચન ક્રિયાની અવ્યવસ્થા માટે ભરોસાપાત્ર દવા છે. બાયોસાલએ ખટાશ અને આથાને લીધે ઉદ્ભવતી બેચેનીમાં સરળતાપૂર્વક અસર કરનાર ઔષધ છે. જે ફરિયાદો બાળપણ દરમ્યાન સામાન્ય હોય છે.

J & J DeChane

ભૂખ લગાડનાર ઔષધ તરીકે બાયોસાલ ધવડાવવા પૂર્વે થોડી મિનિટ પહેલાં આપી શકાય છે. એનો સ્વાદ મધુર હોય છે. પરંતુ જરૂર પડે તો વધુ મીઠાશ માટે તેમાં સાકર નાખી શકાય છે. બાળકને જો બહારનું દુધ આપતા હો તો બાયોસાલ દુધની બાટલીમાં પણ ઉમેરી શકાય છે. બાળકને એના મીઠા સ્વાદ અને સુગંધથી ઘણી મઝા પડે છે.

બાયોસાલ એ બધાની પસંદગીનું ગ્રાઈપ વોટર છે. ધાવણાં અને તેથી મોટી ઉમરના બાળકોની પાચન ક્રિયાની મુશ્કેલી દૂર કરનાર, સૌથી ભરોસાપાત્ર ઔષધ તરીકે તબીબી વ્યવસાય કરનારાઓએ એની ભલામણ કરી છે.

**માત્રા :** તરતના જન્મેલા બાળક માટે : ચાનો પા ચમચો, એક થી છ મહિનાના બાળકો માટે : ચાનો અરધો ચમચો, છ મહીનાથી એક વર્ષના બાળકો માટે ચાનો એક ચમચો, બે વર્ષના બાળકો માટે ચાના એક થી બે ચમચા રોજ સવાર-સાંજ બે વાર.

### ઔષધિ નં. (૮) બ્રહ્મદીન ટેબલેટ (BRAHAMDINE TAB.)

ગર્ભાશયના રોગો અને ખાસ કરીને શ્વેત પ્રદર માટેની ખાસ દવા.

**દવાની બનાવટ (સંયોજન) :**

**દરેક ગોળીમાં :**

| | | |
|---|---|---|
| લોધ્રા (સિમ્પ્લોકાસ રેસમોસા) | ૫૨ | મિલીગ્રામ |
| અશોક (સરાકા ઈન્ડીકા) | ૫૨ | ” |
| અસગન્ધ (વીધેનીઆ સોમ્ની ફેરા) | ૨૮ | ” |
| બલાનાગ્રા (વેલેરીઆના વોલીચી) | ૨૮ | ” |
| પીળો ધતુરો (આર્ગેમોન મેકસીકાના) | ૨ | ” |



**શ્વેત પ્રદર અને ગર્ભાશયના દર્દો પર ઉપરોક્ત સંયોજનના દવ્યો શી રીતે અસર કરે છે એ દર્શાવતા મહત્વના નિર્દેશો.**

**લોધ્રા :-** ગર્ભના સ્નાયુઓ પર પડતી તાણ ઓછી કરે છે અને એક શકિતદાયક ટોનિક તરીકે શ્વેત પ્રદર અને અતિ આર્તવ (રજઃસ્રાવ વધારે થવો) જેવા દર્દોમાં અસર કરે છે. તે માસિક અટકાવને નિયમિત બનાવે છે.

અશોક જંતુનાશક દ્રવ્ય છે, જે ગર્ભાશયને સ્વસ્થ રાખે છે. ગર્ભાશયની અનેક બીમારીઓમાં તેનો ઉપયોગ વર્ષોથી થતો આવ્યો છે.

તદુપરાંત અસગંધ, બલાતામાં, અને પીળો ધતુરો આ દ્રવ્યોને પણ ઉપરોક્ત દવામાં ભેળવી દીધા હોવાથી તે ચિંતા અને અસ્વસ્થતાને દૂર કરે છે અને દર્દીને માનસિક સ્ફુર્તિ આપે છે લોધ્રા અને અશોકનું સંયોજન ગર્ભાશયના ચેપી રોગો પર અને ખાસ કરીને શ્વેત પ્રદર પર સારી એવી પ્રતિબંધક અસર કરે છે. આ સંયોજન માસિક અટકાવને નિયમિત કરે છે, જો રજસ્ત્રાવ વધારે થતો હોય તો તે ઓછો કરે છે, અને જો ઓછો થતો હોય તો તે વધારે છે.

સામાન્ય નબળાઈને દૂર કરવા અસગન્ધનો નિર્દેશ કરવામાં આવ્યો છે. બલાતાગ્રા એ જ્ઞાનતંતુઓ માટેનું ઉત્તમ ટોનિક છે, જે આંચકીઓને રોકે છે, તેના આ કાર્યમાં પીળો ધતુરો તેને મદદ કરે છે.

જો રજઃસ્રાવ ઘણા જ વધારે પ્રમાણમાં થવા માંડે તો બ્રહ્મ દીનની સાથે ચીનીયમ કા પણ વાપરી શકાય છે.

**માત્રા** : એક થી બે ગોળી વહેલી સવારે અને રાતના સૂતા પહેલા.

**પેકીંગ** : ૧૦૦ ટેબલેટની બોટલ અંગે ૧૦ ટેબલેટની સ્ટ્રીપમાં ઉલપબ્ધ.

### ઔષધિ નં. (૯) બ્રહ્મદીન સીરપ

(M.C.) ઋતુ પ્રારંભથી રજોનિવૃત્તિ સુધીના સમયમાં થતી મહિલાઓની ગર્ભાશય - માસિક સ્રાવની તમામ તકલીફોની એક અકસીર ટોનિક ઔષધિ.

J & J DeChane

દવાનું સંયોજન : દરેક 10 મિ.લી. સીરપમાં

| | | |
|---|---|---|
| બાલ તગર | - | ૧૧૫ ગ્રામ |
| લોધ્ર | - | ૧૨૦ ગ્રામ |
| અશોક | - | ૨૨૫ ગ્રામ |
| શતાવરી | - | ૧૫૫ ગ્રામ |
| શ્રીવર્ણી | - | ૦૭૦ ગ્રામ |
| ઉલટકંબલ | - | ૦૮૦ ગ્રામ |
| દ્રષ્ટિમધુ | - | ૦૫૦ ગ્રામ |
| મોથ | - | ૦૭૫ ગ્રામ |
| તજ (દાલચીની) | - | ૦૨૦ ગ્રામ |
| સુંઠ | - | ૦૨૦ ગ્રામ |
| દારૂહળદર | - | ૦૬૫ ગ્રામ |

**દ્રવ્ય વિવેચન :**

● **અશોક :** સ્ત્રીઓના માસિકને નિયમિત કરનાર, તૂરી અને ગર્ભાશય શામક અને ઔષધિ, સ્નતિ આર્નવ જેવા દોષો મટાડે છે.

● **લોધ્ર :** ગર્ભાશયના સ્નાયુને તણાવરહિત કરે છે, ગર્ભાશય ટૉનિક તરીકે તે કષ્ટાર્સવ, અત્યાર્તવ તથા શ્વેતપ્રહરમાં ખાસ ફાયદો કરે છે.

● **અનિયમિત માસિકને નિયમિત છે.**

**અશ્વગંધા :** માનસિક તણાવ તથા ચિંતા ઘટાડી સ્વસ્થતા આપે છે. શક્તિ આપે છે અને તે સ્નાયુ ખેંચ, સ્નાયુ શોથ વિરોધી તથા એન્ટિ ઑક્સિડેન્ટ તરીકે કામ કરે છે.

**બાલતગર :** તે પીડાનાશક, માનસિક શાંતિદાતા તથા નાડીતંત્રના ટૉનિક તરીકે કામ કરે છે.



**શતાવરી :** તે સ્નાયુ ખેંચ વિરોધી, પોષક, ગ્રાહી અને ઍન્ટિ ઑક્સિડેન્ટ છે. તે સ્ત્રીના વંધ્યત્વનો તથા ગર્ભાશયનાં દર્દોનો નાશ કરે છે.

**ઉલટ કૈબલ :** તે સ્ત્રીઓની અનેક જાતની માસિક સ્ત્રાવની ગરબડોમાં તથા કષ્ટાર્તવમાં લાભ કરે છે.

**દ્રષ્ટિમધુ (જેઠીમધ) :** તે સ્ત્રીઓના શ્વેતપ્રહર તથા ગર્ભાશયની અનેક અનિયમિતતાઓને સુધારી, શામક અસર કરે છે.

**મોથ :** તે સોજાનાશક છે અને ગર્ભાશયના શૂળ સ્નાયવિક પીડાનો નાશ કરે છે.

**દારુહળદર :** તે જંતુનાશક તથા શોથનાશક હોવા સાથે સ્ત્રીના અંત્યાર્તવમાં લાભપ્રદ છે.

**દવાનો ઉપયોગ :** સ્ત્રીઓના અત્યાર્તવ (લોહીવા), અનિયમિત માસિક સ્ત્રાવ, કષ્ટાર્તવ તથા શ્વેતપ્રદર જેવા માસિક સ્ત્રાવનાં દર્દોમાં તે ખાસ ભારતમાં સેંકડો વર્ષોથી વપરાય છે. તે મહિલા ગર્ભાશય ટૉનિક છે. તે સાથે તે માસિક પૂર્વ પછીથી થતી પાંડુ (રક્તાલ્પતા), સ્નાયુ શૂળ, સ્વભાવ ચિડિયો થવો, ચિંતા તથા નબળાઈ જેવી સમસ્યાઓને પણ નિવારે છે. ટૂંકમાં આ સીરપ ઔષધિ મહિલાઓના માસિક સ્ત્રાવ પ્રારંભથી શરુ કરી રજોનિવૃત્તિ કાળ (મૅનોપોઝ) સુધીના સમય ગાળાનું સર્વોત્તમ ગર્ભાશય ટૉનિક છે.

**દવાની માત્રા (ડૉઝ) :** વયસ્ક મહિલાઓને રોજ ૨ થી ૩ ચમચી (૧૦ થી ૧૫ મિ.લી.) દવા સવાર-સાંજ.

**પેકિંગ :** 100 M.L.

**ઔષધિ નં. (૧૦) ચેસોલ ઓઈલ (CHESOL OIL)**

માંસપેશીઓમાં થતી પીડા અને દુઃખાવા પર તેમજ છાતીની શરદી વિ.માં માલીશ માટેનું ઉત્તમ ઔષધ માત્ર બાહ્ય ઉપચાર (બહારથી ચોળવા) માટે જ.

J & J DeChane

**દવાના બનાવટ (સંયોજન) :**

દરેક ૧૦૦ ગ્રામમાં

રતી (એબુસ પ્રીકેટોરીઅસ;ચણોઠી) ૭૦૫ ગ્રેઇન

સફેદ રાઇ (બ્રેસીકા કેમ્પેસ્ટ્રીસ) ૫૦૦ ''

લાલ મરચુ (કાસ્પીકમ એનમ) ૧૦૦ ''

કુંવારપાઠું (એલોઇ બાબડિન્સીસ) ૫.૦ ''

**દવાનું મહત્વ દર્શાવતા નિર્દેશો :-** પ્રખ્યાત દેશી વનસ્પતિનો ગાઢો એવો તાજો જ કાઢેલો અર્ક એટલે ચેસોલ. સંધિવા, સાંધાના દર્દો, છાતીની શરદી, કફ, માથાનો દુઃખાવો વિ. રોગોમાં આ દવા ઘણી ઉપયોગી છે. દુઃખાવો થતો હોય ત્યાં, આ ઔષધિતેલ લગાડી સારી રીતે ચોળીને માલીશ કરવી જોઇએ. છાતીની શરદીમાં સૂતાં પહેલાં એને છાતી પર ચોળવામાં આવે છે.

દિવસમાં એક કે બે વાર ચેસોલ વડે માલીશ કરવાથી સ્નાયુઓનો ઘસારો ઓછો થાય છે. અને પેરેલિસિસ જેવા દર્દોમાં પણ તે ગુણકારી પરિણામ દર્શાવે છે. કોમળ ચામડી પર ખાસ કરીને બાળકોની ચેસોલની શકિત તેમાં વનસ્પતિનું તેમ ઉમેરી ઘટાડી શકાય છે. જેનો ઉપયોગ એક બે વાર ચેસોલની માલીશ કર્યા બાદ કરી શકાય છે.

**ઔષધિ નં. (૧૧) ચીનીયમ કો ટેબલેટ (CHINIUMCO TAB.)**

**દવાની બનાવટ (સંયોજન) :**

**દરેક ગોળી :**

દાલચિની (સીનામોનમ ઝીલેનીકમ) ૧૨ મિલીગ્રામ

માયુફળ (રેન્દીઆ ડયુમેટોરમ) ૩ ''



રેવન્દ ચીની (રહીઅમ વેબ્બીએનમ) ૪૪ ''

કાલી કટુકી (હેલેબોરસ નાયગર) ઝેરી કડુ ૨૪ ''

બાબુન કે ફૂલ (મેટ્રીકેરીઆ ચામોમીલા) ૪૬ ''

આ ઘણી ઉપયોગી દવા છે.

૧. સામાન્ય રીતે સ્ત્રીઓ અને નબળા માણસો માટે અને ખાસ કરીને ધાવણાં અને તેથી મોટી ઉમરના બાળકો માટે.

૨. ગર્ભાશયના ચેપી રોગોમાં, મરડો, અતિસાર કે મૂળવ્યાધિમાં, નાક અને મોઢા વાટે અથવા જુલાબ અને પેશાબમાં પુષ્કળ લોહી પડતું હોય ત્યારે.

૩. સામાન્ય દુઃખાવાઓમાં અને ખાસ કરીને સ્ત્રીઓના ગર્ભાશયના, ગર્ભનલિકાના અને સામાન્ય રીતે પેડુના નીચેના ભાગના દુઃખાવામાં ઉપરોક્ત દવા ઉપયોગી થઇ પડે છે.

આ સંયોજનમાંનું એક તત્ત્વ સીન્નામોન છે. જે શકિતવર્ધક સારું એવું વાતહારી ઔષધ છે. તે જઠરના સ્નાયુઓને મજબુત બનાવે છે અને આંતરડાની તકલીફ દુર કરે છે તે સારું રક્ત સ્તંભક ઔષધ છે. ગર્ભાશયના વિકૃત રીતે સંકોચાવાથી પ્રસૂતિમાં તકલીફ ઉભી થાય ત્યારે આ તત્ત્વ ગર્ભાશયના સ્નાયુઓને શકિત આપે છે.

**માયુ :-** એ રેચક અને ઝડપી પ્રસૂતિ કરાવનાર જંતુનાશક શકિતદાયક તત્ત્વ છે.

**રેવન્દ ચીની અથવા દયદયપત્રી :-** જો માસિક અટકાવ ન આવતો હોય તો તેને માટેનું ઉપયોગી દ્રવ્ય છે. તે રેચક અને ઋતુઃસ્ત્રાવ ઉત્તેજક છે. અને નિયમિત માસિક અટકાવ માટે બહોળા પ્રમાણમાં ઉપયોગમાં લેવાય છે.

**બાલુનકેફલ :-** એ પેશાબ વધારનાર, સ્ફુર્તિ આપનાર, આંચકી રોકનાર અને પેટમાંનો વાયુ દુર કરનાર દવા છે જે લોહીમાંથી પિત્તવિકાર વધારે પ્રમાણમાં

દુર કરે છે. ખાસ કરીને એનો ઉપયોગ પ્રસુતિ વખતે થતી અત્યંત પીડાને દૂર કરવા, માસિક અટકાવ વખતે થતા દુઃખને મટાડવા માટે થાય છે. વળી તે માસિક ધર્મ સીવાય ગર્ભાશયમાંથી થતા રક્તસ્ત્રાવમાં, પગમાં ગોટલ ઉપસી આવે ત્યારે, કમળામાં અને પેટમાં થતા વાયુના લીધે આવતી આંચકીઓમાં અત્યંત રાહત રૂપ દવા છે.

**દવાના મહત્વના નિર્દેશો :-** આ રીતે જુગ જૂના પ્રખ્યાત આયુર્વેદિક ઔષધોનું આ સંયોજન ખાસ કરીને ધાવણા અને તેથી મોટી ઉમરના બાળકો માટે અને સામાન્ય રીતે સ્ત્રીઓ અને નબળી પ્રકૃતિના માણસો માટે સૌથી કિંમતી રાહત રૂપ દવા છે. નીચે મુજબના રોગોમાં એ રાહત પહોંચાડે છે. ૧. ગર્ભાશયના ચેપી રોગોમાં, મૂળવ્યાધિહિસ્સામાં, કે પછી નાક અને મોં માંથી અથવા અતિસારમાં જુલાબ વાટે જ્યારે પુષ્કળ લોહી પડે ત્યારે. ૨. સામાન્ય પીડા અને દુઃખાવામાં અને ખાસ કરીને સ્ત્રીઓના પેડુ નીચેના ભાગના દુઃખાવામાં આ ઔષધ ઉપયોગી છે.

**માત્રા** : ૧/૨ થી ૧ ગોળી મોટાંઓ માટે દિવસમાં ત્રણ વખત.

બાળકો માટે ૧/૪ થી ૧/૨ ટેબલેટ

મોટાઓ માટે ૧ થી ૨ ટેબલેટ દિવસમાં ત્રણ વખત.

**પેકીંગ** : ૧૦ ટેબલેટની બોટલ અને ૧૦ ટેબનાં સ્ટ્રીપ પેકમાં ઉપલબ્ધ.

### ઔષધિ નં. (૧૨) ડેન્જીન ટેબલેટ (DANGINE TAB.)

ખાસ કરીને મોટી ઉધરસ (હડકી ઉધરસ વ્હુપિંગ કફ) માં તેનો ઉપયોગ કરવાની ભલામણ કરવામાં આવે છે.

**દવાની બનાવટ (સંયોજન) :**

**દરેક ગોળી :**

| | |
|---|---|
| ફીટકરી (ફટકડીઃ | ૧૪ મિલીગ્રામ |
| અરૂશા (આધાતોડા વેસિકા) અરડૂસી | ૩૦ ” |



| | | |
|---|---|---|
| નાલા (લોબેલીઆ નીકોટીએનેકાલીઆ) | ૩૦ | ” (જંગલી તમાકુ) |
| દુધી (યુફોબિઆ પીલુલીફેરા) (દૂધેલી) | ૪૯ | ” |

**દવાની માત્રા :** ૧/૪ થી ૧/૨ ગોળી બાળકો માટે દર ચાર કલાકે.

ગંભીર કેસોમાં આ માત્રા બે બે કલાકે આપી શકાય છે. જો બાળકની તબિયતમાં બે કે ત્રણ દિવસમાં સુધારો ન જણાય તો અમારી દવા પીપારીડની એક માત્રા આપવી. જે આંતરડામાં કૃમિ હોય તો તેને નષ્ટ કરે છે.

સામાન્ય પ્રતિકારક શકિત વધારવા અને તાત્કાલિક સુધારણા માટે આલ્બોસંગને દુધ સાથે દિવસમાં બે વખત આપવાની અમે સલાહ આપીએ છીએ.

ડેન્જીનમાં આઘાતને રોકનાર, શાંતિ આપનાર વનસ્પતિઓનું સંયોજન કરવામાં આવ્યું છે. તેથી તેનો ઉપયોગ પીડાદાયક, આવેગકારી ઉધરસમાં થાય છે.

### ઔષધિ નં. (૧૩) ડેસીલ ટેબલેટ (DACIL TAB.)

માથાના દુઃખામાંથી, દાંતના દુઃખાવામાંથી, સ્નાયુઓની પીડામાંથી, સામાન્ય શરદીમાંથી, ઈન્ફલ્યુએન્ઝા અને સંધિવામાંથી છૂટકારો મેળવવાનો તાત્કાલિક રામબાણ ઈલાજ.

**દવાની બનાવટ (સંયોજન) :**

**દરેક ગોળીમાં :**

| | | |
|---|---|---|
| એસીટીલ સેલી સાયલિક એસીડ આય. પી. | ૨૨૫ મિલીગ્રામ | |
| પેરેસીટામોલ બી. પી. | ૧૨૫ | ” |
| કેફેઈન યુ. એસ. પી. | ૩૦ | ” |

ડેલીસ એ ત્રણ જાણીતા અને સારી રીતે અજમાવાઈ ગયેલા આરોગ્યદાયક તત્ત્વોનું સંયોજન છે. જુદા જુદા પ્રકારના દુઃખાવાઓમાંથી તે છુટકારો આપે છે. શરદી, ઈન્ફલ્યુએન્ઝા અને સંધિવા વિ. વ્યાધિમાં થતી પીડાને દૂર કરે છે.

J & J DeChane

**એસીટીલ સેલીસાયલીક એસીડ :** એ પીડાને દૂર કરનાર દુઃખને મટાડનાર અને વાયુનો પ્રતિકાર કરનાર સૌથી વધુ લોકપ્રિય દવા છે. તેની કોઇ પણ પ્રકારની ખરાબ અસર રૂધિરાભિસરણ તંત્ર પર પડતી નથી. કેન્દ્રીય જ્ઞાન તંત્ર પર થતી અસરમાંથી આઘાત-પ્રતિકારક શકિત ઉદ્‌ભવી છે. દુઃખાવાના પ્રવેશ દ્વારો પણ એ બંધ કરી દે છે.

**પેરેસેટામોલ :** એસીટીલ સેલીસાયલિક એસીડની જેમજ આઘાત પ્રતિકારક, પીડાને રોકનાર અને વાયુને દુર કરનાર છે. માથાના અને દાંતના દુઃખાવામાં અને સંધિવા તેમ જ જ્ઞાનતંતુના રોગમાં (શરીરના જુદા જુદા અંગોમાં ચસકા મારવા) આ દવા પેટમાં લેવાની હોય છે.

**કેફેઇન :** આ ઝાન્થાઇન શબ્દની વ્યુત્પત્તિ છે. મગજની માનસિક અને ઇન્દ્રિયજન્ય ક્રિયાઓને સ્ફૂર્તિ આપે છે. માનસિક પરેશાની અને સુસ્તીમાં તે મગજને તાજગી આપે છે. મનુષ્યનું આત્મિક તેજ વધારે છે અને તેથી તે પોતાના જીવન વ્યવહારમાં વધુ સચેત રહે છે.

તેનો ઉપયોગ ઘર કરી બેસેલા આધાશીશી જેવા માથાના જુદા જુદા દુઃખાવામાંથી રાહત આપવા માટે સફળતા પૂર્વક કરી શકાય છે. ડ્રીએસબચ અને ફ્ફેઈફર જણાવે છે કે માથાનો સખત દુઃખાવો કેફેઇનના તાત્કાલિક અભાવને લીધે પેદા થાય છે. આ દુઃખાવો સામાન્ય આધાશીશી કરતાં જુદો હોય છે જે કેફેઇન આપવાથી દૂર થાય છે.

આ રીતે ડેસીલ એ ઘણી ઉપયોગી દવા છે. તે દાંતના અને માથાના દુઃખાવાને દૂર કરે છે સ્નાયુઓની પીડા, સામાન્ય શરદી અને ઇન્ફ્લ્યુએન્ઝામાંથી છુટકારો આપે છે અને દરેક પ્રકારના દુઃખાવાઓને દૂર કરે છે.

**માત્રા** : એક થી બે ગોળી મોટાંઓ માટે દર ત્રણ થી ચાર કલાકે.



**ઔષધિ નં. (૧૪) ડેસ્મા ટેબલેટ (DESMA TAB.)**

લાંબા સમયની ખાંસી, શ્વસન તંત્રમાં મુશ્કેલી અને દીર્ઘ કાલિન તીવ્ર દમના રોગમાંથી છૂટકારો મેળવવા તેની ભલામણ કરવામાં આવે છે.

**દવાની બનાવટ (સંયોજન) :**

**દરેક ગોળીમાં :**

| | | |
|---|---|---|
| હયુમા (એફેડ્રા જેસર્ડીઆના) | ૧૩૦ મીલીગ્રામ | |
| અરૂશા (આધાતોડા વેસીકા) અરડૂસી | ૪૦ | ” |
| મેરાહુ (પોલીગાલા ચાયનેન્સીસ) સેનેગા | ૬૦ | ” |
| નાલા (લોબેલીઆ નીકોટી આનીફોલીઆ) | ૨૫ | ” જંગલી તમાકું |
| દુધી (યુફોર્બિઆ પીલુલીફરો) દૂધેલી | ૪૦ | ” |

ડેસ્મા એ કેટલીક દવાઓનું સંયોજન છે. જે દમમાંથી અને જુદી જુદી જાતની ખાંસીઓમાંથી છુટકારો આપે છે. હયુમાની અસર તેનામાં રહેલા એફેડ્રાઈન ક્ષારને લીધે છે. દમમાં તેનો ઉપયોગ સફળતાપૂર્વક કરવામાં આવે છે, જે શ્વાસ નળીઓને રાહત પહોંચાડે છે.

**વસાકા (અરૂશા) :** તે કફનાશક તરીકે વપરાય છે અને દીર્ઘ કાલિન છાતીની તીવ્ર શરદીમાંથી છુટકારો આપે છે, તે પરૂવાળા કફનું પ્રવાહીમાં રૂપાંતર કરે છે અને તેને સરળતાથી બહાર કાઢી નાખે છે.

**નાલા : (લોબેલીઆ) :** તે એક કફ નાશક અને આવેગ પ્રતિકારક ઔષધ છે. તેનો ઉપયોગ સામાન્ય રીતે રોગનો ઉભરો ચડી આવે ત્યારે કરવામાં આવે છે કારણ તે બેવડી રીતે અસર કરે છે, એક તો કફ નાશક તરીકે અને બીજું આઘાત પ્રતિરોધક તરીકે.

**દૂધી (યુફોર્બિઆ) :** શ્વસન તંત્ર પર પ્રતિશામક અસર કરે છે અને કેન્દ્રીય શકિતથી ખાંસીમાં રાહત આપે છે. ખાસ કરીને તેનો ઉપયોગ ખાંસીથી પીડાતા બાળકો માટે કરવામાં આવે છે.

મેરાડુ (સેનેગા) : ઘણાં વખતથી ઉપયોગમાં આવતુ પ્રખ્યાત દ્રવ્ય છે. કફનાશક તરીકે જુદા જુદા પ્રકારની ખાંસીઓ અને દમમાં વપરાય છે. સેપોનીન્સ જુથના એક ક્રિયાશીલ તત્ત્વનું એમાં મૂળભૂત રીતે સંયોજન થયું હોવાથી તે અસરકારક બન્યું છે.

ઉપરોક્ત પ્રખ્યાત દેશી વનસ્પતિઓના સંયુકત ગુણધર્મને લીધે ડેસ્મા એ સૂકી ખાંસી અને અટકી અટકીને આવતા કફમાંથી રાહત આપનાર મૂલ્યવાન ઔષધ તરીકે પુરવાર થયું છે. નીચેના રોગોમાં ઔષધ તરીકે તેની ભલામણ કરવી ફાયદાકારક છે.

૧. દીર્ઘકાલિન દમના હુમલાને રોકવા માટે.

૨. દમના હુમલામાંથી તાત્કાલિક રાહત મેળવવા.

૩. દીર્ઘકાલિન કફનો નાશ કરવા.

આ રીતે ડેસ્મા એ ભરોસાપાત્ર આઘાત પ્રતિશામક, કફ નાશક ફેફસાંની બીમારી દૂર કરનાર દવા છે. નુકસાન કરનારાં કોઈ તત્ત્વો તેમાં નથી અને દવા તરીકે તેની ભલામણ દીર્ઘકાલિન રોગોમાં પણ સલામતીપૂર્વક થઈ શકે છે. એનો ઉપયોગ ઈન્ફ્લ્યુએન્ઝામાં, ફેફસાંના સળેખમમાં, ઉત્તેજક ખાંસીમાં અને ફેફસાંનાં સંસર્ગજન્ય રોગોમાં થાય છે.

**માત્રા :** મોટાઓ માટે એકથી બે ગોળી દિવસમાં ત્રણ થી ચાર વખત.

**બાળકો માટે :** અડધી થી એક ગોળી દીવસની ત્રણ વખત.



## ઔષધિ નં. (૧૫) ડાયસીન ટેબલેટ (DIASYN TAB.)

મરડો, અતિસાર અને આંતરડાની બીમારીઓ માટે

**દવાની બનાવટ :**

**દરેક ગોળીમાં :**

| | | |
|---|---|---|
| કુર્ચી (હોલારહેના એન્ટી ડીસેન્ટ્રીકા) | ૬૬ | મીલીગ્રામ |
| બાલ (ઈગ્લે માર્મેલોસ) | ૧૬ | ” |
| સોનાગેરૂ (સીલીસેટ ઓફ એલ્યુમીના એન્ડ ઓકસાઈડ ઓફ આયર્ન) | ૩૨ | ” |
| બાળહરડે (ટર્મીનેલીયા ચીબુલા, હીમેજ) | ૩૨ | ” |
| દારુહળદર (બરબેરીસ એરીસ્ટોડા) | ૩૨ | ” |

**મહત્વના નિર્દેશ :** નવા અગર તીક્ષ્ણ મરડામાં અને જૂના અગર દીર્ઘ મરડામાં, અતિસારમાં, બંધકોશ, આમ આંત્રશોથ, (મ્યુકસ કોલાઈટીસ) આંતરડાંની તકલીફો, અને બાળવયમાં થતા મરડામાં ડાયસીન લેવાની ભલામણ કરવામાં આવે છે. પિત્તાશયના મરડામાં (હેપાટીક સેમીએબીઆસીસ) પણ એનો ઉપયોગ થાય છે.

મરડા અને અતિસારને લીધે કોઈ પણ ઠેકાણે ઉદ્ભવતી પીડાને દૂર કરવામાં ડાયસીન નિર્ણયાત્મક ભાગ ભજવે છે. આંતરડાની નળી અને પેટનો તે સંતોષકારક ઈલાજ કરે છે.

**ઔષધ રચનાની મહત્તા :** કુર્ચી અને બાલ મરડાને રોકનાર સૌની પસંદગીની દવાઓ છે. કુર્ચીમાં બે જાતના ક્ષારો છે. કોનેસાઈન જે અમીબાનો-મરડાના જંતુઓનો નાશ કરે છે અને કુર્ચી સાઈન જે પ્રોટોપ્લાજમિક ઝેર છે અને મરડા અને ઝાડામાં એક અસરકારક ક્ષાર છે બન્ને ક્ષારોની તીવ્ર અને દીર્ઘકાલિન અમીબીક મરડા પર

J & J DeChane

નોંધપાત્ર અસર પડે છે. વળી મરડામાં શકિતશાળી દવા તરીકે કુર્ચી ઘણી કિંમત છે. આર.સી. દત્તે ૧૮૮૧માં, ટલ વોલ્શે ૧૮૯૧માં, કનૈયાલ ડેએ ૧૮૯૬માં, નોવ્લેસે ૧૯૨૮માં, અને કેઇઅસ અને મહસકર જેવા જુદા જુદા ભારતીય અને યુરોપિયન તબીબીએ કરેલા સંશોધનોના પરિણામે મરડામાં અસરકારક રાહત આપનાર તરીકે કુર્ચી (કડાછાલ)ની સ્થાપના થઇ છે.

**બાલ :** અતિ પ્રાચીન કાળથી આયુર્વેદમાં 'દશમૂળ' નામથી વપરાતું તત્ત્વ. તેનું આ બીજું નામ છે.

**સોનાગેરૂ :** આંતરડાની નળીમાં સંતોષકારક શીતળ રાહત પહોંચાડે છે.

**બાળહરડે :** શૂળ આંકડી દૂર કરે છે.

**બેરબેરીજ એરીસ્ટાટા :** શકિતવર્ધક તરીકે કામ કરે છે. તીવ્ર મરડામાં અને સંસર્ગજન્ય અતિસારમાં તે જંતુનાશક તરીકે કાર્ય કરે છે. કોલેરામાં વારંવાર થતા ઝાડાને પણ રોકે છે. આંતરડાની પેશીઓમાં તે પાતળા પાડનાર પ્રોટીન વડે અસર કરે છે એવી નોંધો મોજુદ છે. એ રીતે તે બળતરા સાથે જુલાબમાંથી વહેતા લોહીને ઓછું કરે છે, ટોક્ષીન જેવું ઝેર પણ આ પાતળા થવાની પ્રક્રિયામાં બળી જાય છે. (ટોક્ષીન ઝેર પાતળું પડી તેની ખરાબ અસર ગુમાવે છે.) અને પરિણામે આ ટોક્ષીન જેવું ઝેર શરીરનાં જુદા જુદા તંત્રોમાં પચી જતું નથી. આ રીતે તેનો ઉપયોગ પેટમાં અને આંતરડામાં થતા સોજાને (ગેસ્ટ્રો એન્ટ્રીટીસ) દૂર કરવામાં થાય છે.

કેન્દ્રીય કૃત અમીબાઓમાં રહેલા લેરબેરીનમાં ટોક્ષીન જેવા ઝેરનો અભાવ હોવાથી દીર્ઘકાલિન અને બીજા પ્રકારના મરડાના ઇલાજ કરતી સીમો થીરપીમાં એક વિશ્વાસપાત્ર દવા તરીકે તેની ગણના થઇ છે.

રોગના જંતુઓમાં બાહ્ય રૂપાંતરોથી લેરબેરીન (દારૂહળદર) ઉમેર્યાં પછી શિથિલતા આવી જાય છે, તે ઓછા થાય છે અને અંતે નાશ પામે છે. તે રોગના જંતુઓને શિથિલ કરે છે.



આ પાંચ વિશ્વાસપાત્ર તત્ત્વોનું ન્યાયી સંયોજન ડાયસીનને ઘણું જ અસરકારક બનાવે છે. આ રીતે ડાયસીન આંતરડાઓની માંસપેશીનું રક્ષણ કરે છે. આંતરડાના નળામાંથી ટોક્ષીન જોવા ઝેરને ખેંચીને બહાર ફેંકી દે છે અને પેટમાંના વાયુને પણ થોડા પ્રમાણમાં દૂર કરે છે.

આ બધા સામાન્ય ગુણધર્મો ઉપરાંત તીવ્ર આઘાતોમાં તેનું મુખ્ય કાર્ય ઘણું જ અસરકારક હોય છે, જ્યારે બધાં દ્રવ્યો એકસાથે એક સંયોજનમાં અપાય છે.

મરડા અને અતિસારના દીર્ઘકાલિન રોગોપર ડાયસીનની ગોળીઓ સફળતાપૂર્વક વાપરી શકાય છે. એના ઇન્જેકશનો પણ યોગ્ય ગાળો રાખી આપ્યા હોય તો ફાયદો કરે છે. આ ઘણી જ સલામત દવા છે. ડાયસીન વડે ઇલાજ કરવાથી બંધકોશ કે વાત સંવેદન પીડા થતી નથી.

સંદર્ભ : ઘોષ આર. (૧૯૬૫) ફાર્મેકોલોજી. મટીરીઆ મેડીકા એન્ડ થીરાપ્યુટીક્સ. લાહીરી એસ. સી. એન્ડ દત્તા એન. કે. (૧૯૬૭). જે ઓફ ઇન્ડીઆ, મેડીકલ એસોસિયેશન, ૪૮:૧. કામત એસ. એ. ધી. જે. ઓફ એસોસિયેશન ઓફ ફીજીશીયન ઓફ ઇન્ડીયા, ૧૫: ૧૧:૫૨૫. ગેલીસ એસ. એસ. એન્ડ કાગન બી. એમ. (૧૯૬૪) કરન્ટ પેડીએટ્રીક થેરપી; ડબ્લ્યૂ બી. સોન્ડર્સ, ફીલેડેલ્ફીયા, વી. ૨૦૧. નેલ્સન ડબ્લ્યુ ઇ. (૧૯૬૪) ટેકસ્ટ બુક ઓફ પેડીએટ્રીકસ.

**માત્રા :** અરધીથી એક ગોળી દર ચાર કલાકે મોટાઓ માટે. ૧/૨ ગોળી બાળકો માટે.

સાથે સાથે જ ચામડીની નીચે થતું કાર્ય (એક મીલીલીટરનું ઇન્જેકશન રોજ આપવાથી) ઘણું કિંમતી અને તાત્કાલિક રાહત આપનાર બને છે.

### ઔષધિ નં. (૧૬) એન્ટ્રોપ્સ સોલ્યુશન ડ્રોપ્સ
### (ENTROPS SOLUTION)
### દાંતના પાયોરીયા સોજો વિગેરે માટે

એન્ટ્રોપ્સમાં ફીનોલ, કેમ્ફર અને વનસ્પતિ તેલમાં ભેળવેલું યુકેલિપ્ટસનું તેલ હોય છે.

**દવાની બનાવટ :**

૧૦૦ ગ્રેઈનમાં :

| | |
|---|---|
| ફીનોલ આય. પી. | ૦.૯૧ ગ્રઈન |
| યુકેલીપ્ટસનું તેલ આય. પી.(નીલગીરી તેલ) | ૧-૧૪ " |
| કેમ્ફર આય. પી. (કપૂર) | ૦.૨૩ " |

**ગુણધર્મ અને મહત્વ :** એન્ટ્રોપ્સ એ ઘા રૂઝાવનાર, પીડા દૂર કરનાર અને સોજો મટાડનાર દવા છે. સામાન્ય રીતે તેનો ઉપયોગ દરેક સ્થિતિમાં બહારથી લગાડવા માટે થાય છે. જ્યાં ફીનોલ દ્વારા ઉપચાર પદ્ધતિનો નિર્દેશ કરવામાં આવે છે.

**નીચેની બીમારીઓમાં આ દ્રવ્ય ઉપયોગી જણાયું છે.**

**પાયોરીઆ :-** ઉપરોક્ત સંયોજનના તત્ત્વની જંતુનાશક બેકટેરીઆ નાશક અસરથી દાંતનો સડો-ગમે તેટલો ખરાબ હોય તોયે નાશ પામે છે. સવારે અને રાતના સૂતી વખતે દાંત ઘસી મોઢું સાફ કર્યા બાદ દાંતના પારામાં એન્ટ્રોપ્સ લગાડવું. લાંબા વખત સુધી એનો નિયમિત ઉપયોગ કરવાથી દાંત વધુ પ્રમાણમાં સડતા રોકાય છે, શ્વસનની મુશ્કેલી દૂર થાય છે, લોહી વહેવું બંધ થાય છે, પીડા દૂર થાય છે. પરૂ બંધ થાય છે. અને દાંતના પારાનો સોજો ઉતરી જાય છે.

**દીર્ઘ વરમ (દાંતના પેઢાંનો સોજો) :** એન્ટ્રોપ્સ દાંતના પેઢાંમાં દિવસમાં બે થી ત્રણ વાર લગાડો અને દરેક વખતે લગાડયા પછી પાંચ મિનિટ બાદ પાણીથી ધોઇ નાખો. (કોગળા કરી લો.)

ગળાની ગાંઠનો (ટોન્સીલ) સોજો, ગળામાં સોજો, સ્વરયંત્રમાં સોજો, મોઢાંનો સોજો, (ટોન્સીલીટીસ, ફેરી જીટીસ, લેરીન્જીટીસ, અને સ્ટોમેટીટીસ) : ગળાના સોજામાંથી લોહી વહેતુ હોય તો દિવસમાં ૩ થી ૪ વખત લગાડવાથી સોજો દૂર થાય છે. સાથે સાથે જ કોફલોઝન પણ મોઢા વાટે આપી શકાય છે. ફીનોલની શકિત ઓછી હોવાથી મોઢા કે ગળામાં તે લગાડતી વખતે દર્દી આ દવા



ગળી પણ જાય તો તેથી કોઇ પણ નુકસાન થતું નથી. સુકી ખાંસી, ખાંસીનો ઉભરો અને મોટી ખાંસી, ગળાનો સોજો અને ધુમ્રપાન કરવાથી થતી ખાંસી એન્ટ્રોપ્સ લગાડવાથી દૂર થાય છે.

**કાન અને ગળાના દર્દોમાં :-** નાકનાં નસકોરામાં એન્ટ્રોપ્સના થોડા ટીપાં નાંખવાથી નસકોરામાંથી પડતું લોહી બંધ થાય છે. અહીં એન્ટ્રોપ્સ નસકોરામાંથી વહેતા લોહીના પ્રતિરોધક તરીકે કામ કરે છે. નાક અને ગળાના મૂળમાંના સ્નાયુઓ હદબાર વધવાથી અને નસકોરાંની નાડીમાં સોજો આવવાથી નાકમાંથી લોહી વહે છે. દર ચાર કલાકે એન્ટ્રોપ્સના ટીપાં નાકમાં મુકવાથી લોહી બંધ થાય છે અને પીડામાંથી હંમેશા માટે છુટકારો મળે છે.

**કાનનું દર્દ :-** કાનમાં થોડાં ટીપાં રેડો અને દુ:ખાવો મટાડો, અહી ફીનોલ દ્વારા થતી ઉપચાર પદ્ધતિ વધુ યોગ્ય છે.

**સોજો :-** સોજો થયેલી જગ્યા પર દિવસના બે કે ત્રણ વાર દવા લગાડો.

**ગુમડું :-** એન્ટ્રોપ્સમાં એક કપડું ભીનું કરી મૂઢ કેપાકા ગુમડાં ઉપર અને પીડાદાયક ગુમડાંઓ ઉપર મુકતાં રહેવું. જો ગુમડું કાચું હશે તો દવાની સોજા પ્રતિરોધક શકિત તેને બેસાડી દેશે અને જો પાકું હશે તો તેને ફોડી નાંખશે.

આ દવાને ઠંડી જગ્યામાં પ્રકાશ ન મળે એ રીતે રાખવી જોઇએ અને વાપરતાં પહેલાં બરોબર હલાવી લેવી જોઇએ.

**ઔષધિ નં. (૧૭) ફેરિમિન્ટ્સ કેપ્સુલ (FERIMINETS CAFSULES)**

કાર્બોનિલ આયરન, વિટામીન, ઝીંક તથા સેલિનિયમથી બનેલ મહિલા ટૉનિક દવા.

**વિવરણ :** સૂક્ષ્મ પુષ્ટિકારક ઔષધિ રૂપે સામૂહિક રીતે ભલામણ કરાયેલી વિટામીન તથા ખનિજ તત્ત્વોથી બનેલ આ કેપસુલ સગર્ભા સ્ત્રીઓ તથા ગર્ભસ્થ બાળકના સ્વાસ્થ્ય ઉપર ઉત્તમ પ્રભાવ પાડે છે. આયટન (લોહ)ની સાથે ઝીંક (જસત)ને

મેળવવાથી આ દવા શરીરના હેમોગ્લોબિન (H.B.) ને વધારે છે. કારણ રક્તના લાલ કણોની ઉત્પત્તિની પ્રક્રિયાને નિયમિત કરવામાં, મહત્વની ભૂમિકા નિભાવનાર ઈન્સ્યુલિન જેવા વૃદ્ધિકારક તત્ત્વ (1GF)-1 ઉપર ઝીંક પોતાનો પ્રભાવ પાડે છે.

**ઉપયોગ :** આયરન (લોહતત્ત્વ)ની ખામીથી ઉત્પન્ન પાંડુ (ઍનિમિયા-રક્તાલ્યતા) રોગના બચાવ અને તેની ચિકિત્સા માટે તથા આયરનના પરિપૂરક રૂપે ગર્ભાવસ્થા તથા સ્તન્યપાન સમય દરમ્યાન તે ખાસ લાભપ્રદ છે.

**અહિત પ્રભાવ :** કદીક કોઈને મૉળ છૂટવી, ઊલટી થવી, કબજિયાત કે ઝાડા થયા કે ઝાડો (મળ) કાળા રંગનો થવો.

**માત્રા :** દરરોજ વયસ્કો માટે ૧ કેપસુલ અથવા ચિકિત્સકની સલાહ મુજબ.

**પેકિંગ :** ૧૫ કેપસુલની એક સ્ટ્રીપ પેકિંગ, એવી ૨ સ્ટ્રીપના પેકમાં ઉપલબ્ધ.

**સાવધાની :** આ ઔષધિ ચિકિત્સકની સલાહ અનુસાર, તેમની દેખરેખ નીચે લેવી.

### ઔષધિ નં. (૧૮) ફેરસ ફ્યુમટેટ ટેબલેટ
### (FERROUS FUMARATE TAB)

ખાસ લોહતત્ત્વ (અવિરન)ની ખામીથી થતી રક્તાલ્પતા, પાંડુ કે ઍનિમિયાના ઈલાજ માટેની ઔષધિ.

**વિવરણ :** આ દવાની દરેક ટીકડીમાં ૨૦૦ મિલી ગ્રામ ફોરસ ફયૂમરેટ હોય છે. જે શરીરને ૬૫ મિલીગ્રામ તત્ત્વની બરાબર લોહધાતુ આપે છે.

આપણા શરીરની દૈનિક ક્રિયાઓ દરમ્યાન શરીરમાં રક્તનો ક્ષય (હ્રાસ) થતો રહે છે. જેમકે - સ્ત્રીઓમાં માસિક ધર્મ (M.C.) આવવું, હરસ-મસા કે હૂકવર્મ (અંકોડી કૃમિ) થવા, અથવા ભોજનમાં લોહતત્ત્વની જરુરી માત્રામાં અછત થવાથી રક્તમાં હેમોગ્લોબિન (રંજક તત્ત્વ)નું પ્રમાણ ઘટતું જવું. જેથી રક્તની અલ્પતા થળી અને તેથી નબળાઈ થવી. આમ જોઈએ તો શિશુઓ તથા વયમાં વધતાં બાળકોને લોહ તત્ત્વની વધુ જરુરત રહે છે. ગર્ભાવસ્થામાં પણ જો યોગ્ય માત્રામાં મહિલાને લોહ તત્ત્વ ન મળે તો શરીરમાં દુર્બળતા, રક્તની અચત સર્જાય છે. જે ઘાતક બની



શકે છે. તેથી આ ટેબલેટ સામાન્ય રૂપે દરેક ભોજન સાથે આપી શકાય.

**માત્રા :** ૧ થી ૩ ટેબલેટ વયસ્કોએ દરરોજ ખાધા પછી કે ચિકિત્સકની સલાહ મુજબ લેવી. બાળકોએ અર્ધાથી ૧ ટીકડી ભોજન પછી આપવી.

**પેકિંગ :** આ દવા ૫૦ અને ૫૦૦ ટીકડીઓના પેકિંગમાં ઉપલબ્ધ છે.

### ઔષધિ નં. (૧૯) ફલુઝન ટેબલેટ FLUZEN TABLET

અતિ સૂક્ષ્મ રોગ જંતુઓ સામે લડીને શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારી, શોધનકર્તા, જ્વરનાશક અને પીડાનાશક તરીકે કામ કરે છે.

**નોંધ :** આ પૂર્વની અમારી પ્રોડક્ટ 'ફ્લ્યુઝન ટેબ' બંધ કરીને, તે જ નામથી આ નવી સુધારેલી આયુર્વેદિક પ્રોડક્ટ રજૂ કરી છે.

- **ઔષધિનું સંયોજન (ઘટકો) :**

| | | |
|---|---|---|
| તુલસી | - | ૧૫૦ ગ્રામ |
| ભૂનિંબાદિ (ઍક્સ્ટ્રેટ) | - | ૬૦ ગ્રામ |
| કટુકી | - | ૫૦ ગ્રામ |
| ગુડુચી (ગળો) | - | ૪૦ ગ્રામ |
| હરિદ્રા (ઍક્સ્ટ્રોક્ટ) | - | ૩૦ ગ્રામ |
| લસણ | - | ૨૦ ગ્રામ |
| લીંડી પીપર | - | ૧૦ ગ્રામ |
| સુંઠ | - | ૧૦ ગ્રામ |
| મરી | - | ૧૦ ગ્રામ |

- **ઔષધિ દ્રવ્ય વિવેચન :**

**તુલસી :** જંતુનાશક, વાયરસ નાશક, જ્વર નાશક, ઑક્સિડન્ટ વિરોધી તથા રોગ પ્રતિકારક શક્તિ વર્ધક.

**ભૂનિમ્બ :** સૂક્ષ્મ જંતુનાશક, જંતુનાશક, જવરનાશક, પીડાનાશક તથા એન્ટિ ઑક્સિડેન્ટ છે.

**કટુકી :** વાયરસનાશક, જવરનાશક, રોગ પ્રતિકારકતા વર્ધક, સૂક્ષ્મ જંતુનાશક તથા ઍન્ટિ ઑક્સિડેન્ટ છે.

**નિમ્બ :** જંતુનાશક, સૂક્ષ્મ જંતુનાશક, પીડાનાશક, વાયરસનાશક તથા મલેરિયા નાશક.

**ગુડુચી :** બૅકટેરિયા (જંતુ)નાશક, રોગ પ્રતિકરકતા વર્ધક, સૂક્ષ્મજંતુનાશક, પીડાહર તથા એન્ટી ઑક્સિડેન્ટ છે.

**હળદર (હરિદ્રા) :** જંતુનાશક પીડાનાશક તથા ત્વચારોગ હર છે.

**લસણ :** જંતુનાશક, પરુનાશક તથા રોગજંતુનાશક છે.

**લીંડીપીપર :** જંતુનાશક, યકૃત રક્ષક, પાચનકર્તા છે.

**સુંઠ :** જવરનાશક, રોગજંતુનાશક, પીડાનાશક તથા એન્ટિ ઑક્સિડેન્ટ

**મરી :** પીડાનાશક, જવરનાશક, સૂક્ષ્મ રોગજંતુનાશક તથા એન્ટી ઑક્સિડેન્ટ

**દવાના ગુણધર્મ ઉપયોગ :**

**ફ્લ્યુઝન ટેબલેટ :** શરીરની રોગ પ્રતિકારક પ્રણાલિનું વધારે છે.

- રોગ લક્ષણોનો નાશ કરે છે.
- રોગોત્પતિને અટકાવી, શરીરની રક્ષા કરે છે.
- આ દવા શરીરની કુદરતી સુરક્ષા ક્રિયામાં ખલેલ પહોંચાડતી નથી.
- શરીરના ઝેરી તત્ત્વોનો નાશ કરે છે.
- આ એક ઉત્તમ પરુ (પસ) નાશક, જવરહર તથા પીડાનાશક દવા છે.
- આ એક કુદરતી (વનસ્પતિજ) જંતુનાશક તથા વિષાણુનાશક છે.

જેના ઉપયોગથી શરીર તમામ રોગો સામે લડવાની ઉત્તમ શક્તિ મેળવે છે અને રોગોનો ઝડપથી નાશ કરી, દેહ તંદુરસ્તી વધારે છે.



**માત્રા (ડૉઝ) :** મોટી વયસ્ક વ્યક્તિને દરરોજ ૧ થી ૨ ટેબલેટ સવાર-સાંજ બાળકોને ૧/૨ થી ૧ ટીકડી, તેની ઉંમર મુજબ.

**ખાસ ઉપયોગ :** વાયરસથી થતી ફ્લ્યુ અને મસ્તક પીડા સાથેના (શરદીના) તાવ, શરદી, ખાંસી, અંગ પીડા તથા માંસલ શૂલ પીડામાં તે ખાસ લાભ કરે છે.

**પેકિંગ :** ૩૦ ટેબલેટનું એક પેક.

### ઔષધિ નં. (૨૦) ગેસ્ટ્રોમોન ટેબલેટ
### (GASTROMONE TAB.)

જઠરનાં દર્દોમાં ગેસ્ટ્રોમોનનો ઉપયોગ થાય છે. જેવાં કે જઠરના અપચાને લીધે પેટમાં ચૂંક ઉપડવી, આમવાયુ, નબળું પાચન, અપચાને લીધે જણાતી અશકિત વિ. રોગોમાં ગેસ્ટ્રોમોન અસરકારક દવા છે, બાળકોને સંગ્રહાણીમાં અને લીલા ઝાડા થાય ત્યારે, તેમજ જઠર અને આંતરડાના ગંભીર રોગોના ઇલાજમાં ગેસ્ટ્રોમોન સારો એવો ભાગ ભજવે છે.

સામાન્ય રીતે જઠર અને આંતરડાના વ્યાધિઓમાં, ક્ષીણ સંરક્ષણાત્મક શકિતવાળા બરોળના ખામીભર્યા કાર્યમાં તે અસરકારક ઇલાજ કરે છે. અતિ અમ્લતા અને ન્યૂન અમ્લતા તેમજ સામાન્ય નબળાઈને દૂર કરે છે. ન્યૂન અને અતિ અમ્લતા દૂર કરવાની તેની આ બેવડી અસરનો સ્નાયુઓની પ્રારંભિક પ્રતિક્રિયા પર આધાર હોય છે.

**દવાની બનાવટ :**

**દરેક ગોળીમાં :-**

| | | |
|---|---|---|
| રાવણ દાલચિની (રહીઅમ વેલીએનમ) જાડી તજ | ૧૪ | મિલીગ્રામ |
| બાળહરડે (ટર્મિનેલીઆ પેબુલા) | ૧૪ | " |
| સૌંફ (ફોએનીકલમ વલ્ગરે; વરિયાળી) | ૧૪ | " |
| આન્લા (ફીલેન્થસ એમ્બલીકા) | ૧૪ | " |

J & J DeChane

**માત્રા** : ૧/૨ થી ૧ ગોળી મોટાઓ માટે ખાધા પહેલાં કે પછી તરત જ ૧૦ કે ૨૦ મિનિટના અંતરે.

**ઔષધિ નં. (૨૧) ગ્રેન્ડીકો ટેબલેટ (GRANDI-CO TAB.)**

હૃદયની બીમારીઓ માટે, હૃદયનું અનિયમિત ધડકવું, નાડીના ધબકારાનો મંદ કે ઝડપી વેગ, પરિશ્રમથી શ્વાસ ચઢવો વિ. માટે

**દવાની બનાવટ :**

**દરેક ગોળીમાં :-**

| | |
|---|---|
| અર્જુન (ટર્મિનેલીઆ અર્જુના) | ૧૦૪ મિલીગ્રામ |
| અસગન્ધ (વીધેનિઆ સોમ્નીફેરા) | ૫૦ " |
| પુનર્નવા (બેસેર હાવીઆ ડીફયુબા) (સાટોડી) | ૧૨૦ " |
| ખુરાસાન અજમો (હાયોસ્કાયમસ નાયગર) | ૫૨ " |

ગ્રેન્ડીકો એ ખરેખર હૃદયને બળવાન કરનાર ટોનિક છે. તે હૃદયના સ્નાયુઓને શકિત આપે છે, હૃદયના ધબકારાને નિયમિત બનાવે છે, હૃદયના ધબકારા વધી જાય ત્યારે અને શ્વાસ રુંધાય જાય ત્યારે થોડીક માત્રામાં જ ગ્રાન્ડી કો લેવાથી આ દુઃખમાંથી છુટકારો મળે છે. ગ્રાન્ડીકો કેફી અને માદક પ્રક્રિયાઓથી વંચિત છે. શરીર કે હૃદયની અવ્યવસ્થામાં છાતીના ધબકારા વધી જાય ત્યારે અને અપચામાં તેમ જ ગ્રેન્ડના રોગમાં અને હૃદય શૂળના હળવા હુમલામાં ગ્રાન્ડીકો એ અત્યંત ઉપયોગી દવા છે.

ગ્રેન્ડીકો પેટમાં વિક્રિયા પેદા કરતું નથી. તે સ્નાયુઓની ક્રિયા-શકિત વધારે છે. રક્ત વાહિનીઓનું કાર્ય ઝડપી બનાવે છે, અને નાડીઓને મજબૂત બનાવે છે. મુત્રલ ઔષધિ હોવાથી જલોદરમાં ઉપયોગી દવા છે. તે મુત્રપિંડ (કિડની) અને હૃદયની બીમારીઓમાંથી છૂટકારો આપે છે.



**માત્રા :-** ૧/૨ થી ૧ ગોળી મોટાઓ માટે દિવસમાં ત્રણ વખત હૃદયમાં હાંફ ચઢી આવે ત્યારે અને છાતીના ધબકારા વધી જાય ત્યારે તે વારંવાર આપી શકાય છે.

**ઔષધિ નં. (૨૨) જી જી સીરપ (GI GI SYRUP)**

અનેક પ્રકારના ત્વચા વિકારો (ચામડીનાં દર્દો) માટે ખાસ ગુણકરી જડી બુટ્ટીઓ વડે તૈયાર કરેલ એક ઉત્તમ ઔષધિ.

**દવાના ઘટકો :** પ્રત્યેક ૫ મિ.લી. શરબતમાં

| | | | |
|---|---|---|---|
| સારિવા | - | ૨૧૦ | મિ.ગ્રામ |
| પુનર્નવા (સાટોડી | - | ૧૫૦ | મિ.ગ્રામ |
| હળદર | - | ૪૦ | મિ.ગ્રામ |
| આમળા | - | ૨૦ | મિ.ગ્રામ |
| બહેડા | - | ૨૦ | મિ.ગ્રામ |
| હરડે | - | ૨૦ | મિ.ગ્રામ |
| શરપંકો | - | ૩૦ | મિ.ગ્રામ |
| કાલમેઘ | - | ૫૦ | મિ.ગ્રામ |
| ભાંગરો | - | ૩૦ | મિ.ગ્રામ |
| એળિયો | - | ૬૦ | મિ.ગ્રામ |
| લીમડો | - | ૭૦ | મિ.ગ્રામ |
| ગળો | - | ૯૦ | મિ.ગ્રામ |
| ગુલાબ | - | ૫૦ | મિ.ગ્રામ |

**વિવરણ : (ગુણધર્મોનું વિવેચન)**

**સારિવા :** મધુર, સ્નિગ્ધ, વર્ણ્ય, રક્તવિકાર હર, અગ્નિમાંદ્ય, તાવ તથા દુર્ગંધનાશક, શોથહર અને યકૃત (લીવર) માટે બલ્ય છે.

J & J DeChane

**પુનર્નવા (સાટોડી) :** મૂત્રલ, શોથ (સોજા) હર અને યકૃત માટે ટૉનિક છે.

**હળદર (હરિદ્રા) :** આ ઘટેલુ ઔષધિ હોવા છતાં તે ખૂબ જ ગુણકારી છે. તે રક્તશોધક, કંડ્ (ચળ-ખુજલી) નાશક અને સોજાનાશક છે.

**ત્રિફળા (હરડે-બહેડા-આમળા) :** કબજિયાતને દૂર કરી, શરીરના બિન જરૂરી પાણીને બહાર કાઢવામાં ઉપયોગી, પાચક, ઉત્તમ રસાયન, રક્તશોધક તથા યકૃતના સોજાને દૂર કરવામાં લાભપ્રદ છે.

**શરપંખો :** રક્તવિકાર તથા સોજામાં તે ઉપયોગી છે. વળી તે મૂત્ર અને મળ (Stool) નું નિષ્કાસન કરે છે તથા યકૃતને વિષતત્ત્વોથી બચાવે છે.

**કાલમેઘ :** આ ઔષધિ યકૃત (લીવર)ના બધા દર્દોમાં ખાસ લાભપ્રદ, જવરગન (તાવનાશક) તથા કૃમિઘ્ન (કૃમિનાશક) છે.

**ભાંગરો :** આ ઔષધ પિત્તરેચક હોવા સાથે પ્લીહા (બરોળ) વૃદ્ધિમાં પણ ગુણકારી શીતળ-શામક ઔષધિ છે.

**એળિયો :** તે યકૃતને ઉત્તેજીત કરે છે અને તેને સક્રિય બનાવે છે. વળી તે સારક (મળ-મૂત્ર લાવનાર), કૃમિઘ્ન અને બાળકો માટે હિતકર ઔષધ છે.

**લીમડો :** આ ખૂબ જાણીતું ઔષધ ત્વચાના દર્દોમાં બહુ જ લાભકારી હોવા સાથે તે કૃમિ (જંતુ) નાશક, શોથહર અને પીડાનાશક છે.

**ગળો (ગુલબેલ : અમૃતા) :** આ ઔષધિ રસાયન, રોગ પ્રતિકારક શક્તિ વર્ધક, યકૃત માટે બળદાયક અને કટુપૌષ્ટિક છે.

**ગુલાબ :** પિત્તશામક, વર્ણ્ય (ત્વચા રંગ સુધારક) અને ત્વચા દોષહર હોવા સાથે કબજિયાત નાશક અને પીડા શામક છે.

**ઉપયોગ :** આ ઔષધિ ત્વચાનાં નાનાં મોટા દર્દો - જેમકે : ખીલ, ચકરડા, ચળ, ખુજલી, પાક-પરુ, ગડ-ગૂમડાં જેવા દર્દોમાં અત્યંત ગુણકારી છે. તે રક્તશુદ્ધિ કરીને સૌંદર્યવૃદ્ધિ કરે છે.

**માત્રા :** મોટાને રોજ ૨ થી ૩ ચાની ચમચી જેટલી દવા દિવસમાં બે વાર બાળકોને ૧ ચમચી દવા દિવસમાં ૨ વાર કે ચિકિત્સકની સલાહ મુજબ.



**અહિત પ્રભાવ :** કંઈ જ નહિ.

**પેકિંગ :** ૧૦૦ મિ.લી.

### ઔષધિ નં. (૨૩) જહર-કો (ZEHER.CO)

ઝેરી જંતુ (કૃમિ)ઓના ઝેરનો નાશ કરવા માટે તથા ટી.બી. (ક્ષય) રોગના ઉપદ્રવોની શાંતિ માટે ઉપયોગી ઔષધ.

**વિવરણ :** (ગુણધર્મ) : ટ્યુબરક્યુલિનમ તથા લેચસિસથી તૈયાર કરેલી આ ઔષધિને વિંછી કે તેના જેવા ઝેરી જીવ-જંતુઓ, કીડી-મકોડા-મધમાખી જેવા જંતુના ડંખથી શરીરમાં પેદા થયેલ ઝેરી-પ્રભાવનો નાશ કરવા માટે આ દવા ખવડાવવાની ખાસ સલાહ અપાય છે. આ દવાખાવા માત્રથી જ જંતુ દંશજન્ય પીડા, દાહ તથા ઝેરની અસર નાબૂદ થાય છે.

તે સાથે આ દવા જૂના નાસૂર (ધા-વ્રણ) કે ટી.બી. (ક્ષય)થી સંક્રમિત શલ્ય ચિકિત્સા (સર્જરી) યોગ્ય ફોલ્લા-ઘા વગેરે તેના સેવનથી સૂકાઈ જાય છે અને પછીથી તે રુઝાઈ જાય છે.

કેટલાક ચિકિત્સકોએ કંઠમાળાના દર્દના ઉપાય તરીકે તેનો સફળતાપૂર્વક ઉપયોગ કર્યો છે. તેવી જ રીતે બીજા અસાધ્ય રોગોના ઈલાજ તરીકે પણ તેના પ્રયોગથી આશ્ચર્યજનક પરિણામો જોવા મળ્યા છે.

આ બધા ઉપરાંત જો કોઈ રોગનાં લક્ષણો સૂર્યોદયથી વધે અને સૂર્યાસ્ત સમયે શાંત થઈ જાય (જેમકે - સૂર્યાવર્ત શિરઃશૂલમાં), તેવા દર્દમાં પણ તે ખાસ લાભપ્રદ છે.

**માત્રા :** વયસ્કો માટે ૧ ટેબલેટ દર ૪-૪ કલાકે અથવા દિવસમાં ૨ થી ૩ વાર જરુરત મુજબ. બાળકોને ૧/૪ કે ૧/૨ ટીકડી દિવસમાં ૨ થી ૩ વાર પાણી સાથે.

**નોંધ :** આ દવા અમારી (કે બીજાની) બીજી કોઈ દવા સાથે ન લેવી. એકલી જ આ દવા વાપરવી.

અહિત પ્રભાવ : કંઈ જ નહિ.

**પેકિંગ :** ૩૦ ટેબલેટની બોટલ પેકિંગમાં ઉપલબ્ધ.

J & J DeChane

**ઔષધિ નં. (૨૪) હેમોપ્લેકસ ટેબલેટ (HEMOPLEX TAB.)**

કીટાણુ નાશક, પ્રાણિજ ઝેર વિનાશક અને જંતુનાશક ચેપી સ્થિતીને અટકાવનાર કે તેને ઈલાજ કરનાર ઉત્તમ દવા.

**દવાની બનાવટ :**

**દરેક ગોળી :-**

| | | |
|---|---|---|
| કીર્યાત (સ્વર્ટીઆ ચીરાટા) (કરિયાતુ) | ૪૦ | મિલીગ્રામ |
| સાલ્સા (હેમીડેસમસ ઈન્ડીકસ) (અનંતમૂળ) | ૬૦ | " |
| પીળો ધતુરો (અર્ગેમોન મેકસીકાના) | ૬ | " |
| મદાર (કેલોટ્રોપીસ જીજાન્ટી) (સફેદ આકડો) | ૩૨ | " |
| અસગન્ધ (વીધેનીઆ સોમ્નીફેરા) | ૪૦ | " |
| ગન્ધક | ૨ | " |

**મહત્વ દર્શાવતા નિર્દેશો :-** સોજામાં અને ચેપની સ્થતિમાં હેમોપ્લેકસથી કોઈ પણ જાતની ખરાબ અસર થતી નથી. દીર્ઘ કાલિન રોગોમાં પણ તે અસરકારક ઈલાજ કરે છે. હેમોપ્લેકસથી સારું પરિણામ આવે છે એવું ડોક્ટરોએ જાહેર કર્યુ છે.

પ્રસૂતિજ્વરમાં અને બીજા બધા પ્રકારના ચેપી તાવમાં હેમોપ્લેકસ તાવને ઝડપથી ઓછો કરી નાખે છે. પરૂ થતા તાવોમાં કે જે તાવમાં પરૂ પેદા થવાની શકયતા હોય તેમાં, ગુમડાં, ચાંદાં, ખસ, ખરજવું, દાદર, ઘા વિ. માં તે ઉપયોગી છે. મોટી ઉધરસ, સૂજી ગયેલા કાકડા વિ.માં હેમોપ્લેકસ માત્ર ચેપ અને વિકારોને મટાડતું જ નથી પરંતુ તેમને અટકાવે પણ છે.

**ઉપયોગની રીત :-** મોટાઓ માટે ૧/૨ થી ૧ ગોળી દિવસમાં ત્રણ વખત. દુષિત અને ચેપી વિકારોમાં, દર ૩ થી ૧૨ કલાકે; બીજા રોગોમાં, દર્દીની હાલત સુધરતાં ગાળો વધારવોને માત્રા ઓછી કરવી. બાળકોને મોટાઓ કરતાં અડધી



માત્રા આપી શકાય. તાત્કાલિક ઈલાજ માટે માત્રાને બમણી કરી શકાય અને સુધારો જણાતાં ઓછી કરી શકાય.

**ઔષધિ નં. (૨૫) હરબીટાર્સ ટેબલેટ/સીરપ**

**(HERBITARS TAB./SYP)**

મંદ કાળજું, ભૂખ મરી જવી, ચીઢીયો સ્વભાવ અને બંધ કોશ માટેની દવા.

**દવાની બનાવટ :**

| | | |
|---|---|---|
| ચિરાટા (સ્વર્ટીઆ ચિરાટા) (કરિયાતુ) | ૫૫ | મીલીગ્રામ |
| મનજીત (રુબીઆ કોર્ડીફોલીઆ) | ૫૦ | " |
| સાના (કેસીઆ, એન્જુસ્ટીફોલીઆ) (મીંઢીઆવળ) | ૭૫ | " |
| સૌંફ (ફોએનીકલમ વલગારી) (વરિયાળી) | ૧૫ | " |
| ભૃંગરાજ (એકલીપ્ટા આલ્બા) (ભાંગરો) | ૩૦ | " |

**મહત્વ દર્શાવતા નિર્દેશ :-** કલેજાના કાર્યમાં અધુરપ આંતરડાનો સડો અને પિત્તનું અનિયમિત વહેવું, આ બધી ફરિયાદો હરબીટાર્સ દૂર કરે છે. તે કલેજાના કોષોને ઉત્તેજે છે અને પિત્તના પ્રવાહને વધારે છે. સામાન્ય રીતે જઠર અને આંતરડાની નિષ્ક્રિયતામાં તેનો નિર્દેશ કરવામાં આવે છે, મેલેરિયામાં જ્યારે પાચન શકિત નબળી પડી ગઈ હોય અને બંધકોશની ફરિયાદ હોય તો હર્બલ બીટરસ ફાયદાકારક થઈ પડે છે.

હરબીટાર્સ આંતરડામાં ચૈતન્ય પૂરે છે, પેટ અને આંતરડામાં પાચક રસોને ઉત્તેજિત કરે છે, ચીઢીયા સ્વભાવને સુધારે છે અને સાથે સાથે જ બંધકોશને દુર કરે છે. આ બધા ગુણોના સંયોજનોથી પૂરવાર થયું છે કે દીર્ઘકાલિન અપચામાં, કમળામાં, માદક દ્રવ્યના અતિ સેવનથી થતા કલેજાના દીર્ઘ વિકાર, મુંઝારાની ગાંઠ વિ. રોગોમાં હરબીટાર્સ એ ઘણીજ કિંમતી દવા છે.

બીજી વિગતો નીચે મુજબ છે. આવા રોગોના ઇતિહાસના ઊંડા સંશોધન બાદ જણાયું છે કે આ બધા વિકારોનું મૂળ કારણ એ છે જે કલેજાની મંદ ક્રિયાશીલતા તરીકે ઓળખાય છે. કમળો, મેલેરિયા, (ટાઢીયો તાવ), ઇન્ફલ્યુએન્ઝા, ટાઇફોઈડ, મરડો વિ. રોગોના થયેલા હુમલા, ત્યારબાદ આવી જતી અશકિત અને તે વખતે કરવામાં આવેલો ઉપચાર આ બધાં કારણોને લઇને કલેજાની ક્રિયાશીલતા મંદ થઇ જાય છે. સ્વર્ટીઆ ચિરાટા જેવા કડવા તત્ત્વના અને રુબીઆ કોર્ડીફોલીઆ જેવા ક્રિયાશીલ તત્ત્વના ગુણને લીધે કાળજાનાં કોષોમાં હરબીટાર્સ ફરી ચૈતન્ય પૂરે છે. તે ટોક્ષીન જેવા ઝેરને ઓગાળી નાખીને બહાર ફેંકી દે છે. સોના અને સૌંફની અસરકારક પિત્ત પ્રવાહ વર્ધક પ્રક્રિયા પિત્તનું ઉત્પાદન સામાન્ય પ્રમાણમાં કરે છે. અને કલેજાનાં કાર્યને દરેક રીતે નવું જીવન આપે છે. ત્યારબાદ નાના આંતરડાના મૂળમાં પાચન ક્રિયાને ઝડપી બનાવે છે, ભૂખ વધારે છે અને બંધકોશ દૂર કરે છે. ચેપી કમળામાં, ચીઢીયાપણામાં, વાયુને લીધે થતા અપચામાં, અને અકાળે ઉદ્દભવેલી મુંઝારાની ગાંઠમાં ઉપરોક્ત તત્ત્વોના સંયોજિત ગુણધર્મો ઘણોજ કિંમતી ઇલાજ કરે છે. ભૃંગરાજ એ કલેજું અને ઉદર ગ્રંથિની વૃદ્ધિ માટે અજમાવાઇ ચૂકેલો ઇલાજ છે, વળી તે જુદા જુદા કાળજાના દીર્ઘ કાલીન રોગોને પણ સારા કરે છે. હર્બલ બીટરમાં રહેતી બીજી દવાઓ સાથે મળીને કાળજાના સોજા સાથે કમળો થયો હોય, કાલજું પોતાની જગ્યાએથી ખસી ગયું હોય, કલેજાની નળીના માર્ગમાં પેશી બંધાઇ ગઇ હોય તો ભૃંગરાજ તેનો ઝડપી અને અસરકારક ઇલાજ કરે છે. તે કાળજાને સાજું કરે છે. રોગ સાજો થઈ ગયા પછી પણ કલેજામાં રોગનાં લક્ષણો રહી ગયા હોય તો તેને રોકવા હર્બલ બીટરસનો ઉપયોગ થાય છે. પરંતુ કાળજામાં સોજો આવીને થયેલા કમળામાં અને મુંઝારાની ગાંઠના ગંભીર કેસોમાં પૂરી સારવાર ફકત હરબીટાર્સ જ કરવામાં આવે એ ઇચ્છનીય નથી. પાચન શકિત મંદ પડી ગઇ હોય ત્યારે, બે ત્રણ અઠવાડીયા સુધી ટોનીક (શકિતદાયક)ની પહેલા આપેલું હર્બલ બીટરસ, નવા જીવન કોષોના નિર્માણની પ્રક્રિયામાં મદદ કરે છે. આ રીતે ઝડપથી સાજા થવાના કાર્યમાં તે મદદ કરે છે. હર્બલ બીટરસનો સતત ઉપયોગ પાચનશકિત વધારે છે અને આંતરડાને નિયમિત સાફ રાખે છે અને સંપૂર્ણ પાચનક્રિયાને વ્યવસ્થિત કરે છે. મધુપ્રમેહ રોધકની પેટમાં લીધેલી દવાથી, જુદી જુદી જાતની જંતુનાશક દવાઓથી, સલ્ફરની દવઓ, માનસિક



શાંતિ માટે લીધેલા સંયોજનો અને સંતતિનિયમનની પેટમાં લીધેલી દવાથી, કરવામાં આવતી લાંબી સારવારમાં કાળજાની કાર્ય પદ્ધતિને કંઇ નૂકસાન થયું હોય તો હર્બીટાર્સ તેને સુધારે છે અને કલેજાનું રક્ષણ કરે છે.

દર્દીને દવા આપવાનો સામાન્ય ક્રમ ત્રણ અઠવાડિઆ સુધીનો હોય છે, પહેલા આઠવાડિઆ દરમિયાન પુખ્ત વયના દર્દીને ખાધા પહેલા બે કે ત્રણ માત્રા સૂતા પહેલા આપી શકાય. બીજા અને ત્રીજા અઠવાડિઆ દરમ્યાન દર્દીને જરૂર જેટલી જ માત્રા એટલે એક જ ગોળી (૫૨) દિવસના આવશ્યકતાનુસાર બે કે ત્રણ વખત મુખ્ય ખોરાક લેવા પહેલા, રાખી શકાય. હરબીટાસની એક ગોળી, ખાસ બીમારી ન હોય તો પણ, બે કે ત્રણ દિવસે અથવા દરરોજ લઇ શકાય છે. તે શરીરનાં તંત્રને નૂકસાન કરતી નથી ઊલટ વ્યકિતને તંદુરસ્ત રાખે છે. દરેક માત્રા લીધા પછી પૂરતું પાણી પીવું જરૂરી છે.

કયનોટો માઇન સાથે લીધેલું હર્બીટાર્સ એ કમળા માટેનો યોગ્ય ઉપચાર છે. કલેજાની નિષ્ક્રિયતા કે મંદક્રિયાશીલતાને લીધે ઉદ્દભવતી, અતિઅમ્લતા અને વાયુસંવેદનાની સાથે આપેલું હર્બલ બીટરસ દૂર કરે છે. વાઇટલ એસેન્સ સાથે આપેલું હર્બલ બીટરસ આધાશીશી, અપચો, ચક્કર આવવા, માનસિક પરેશાની વિ. રોગો માટેનું ઉત્તમ ઔષધ છે. ઉબકા, ઉલટી કરવાની ઇચ્છા, મોંમાની ખરાબ દુર્ગંધ, શ્વાસોચ્છ્વાસમાં તકલીફ વિ. રોગોમાં હર્બલ બીટરસનો જ ઉપયોગ કરો.

ધાવણા અને તેથી મોટી ઉંમરના બાળકોને અડધી ગોળીની માત્રા આવશ્યકતા મુજબ દિવસમાં બે કે ત્રણ વાર સહી સલામત આપી શકાય છે. આ દવા બાળકોને આપતી વખતે ગરમ પાણી કે મધમાં જ આપવી.

ખાસ નોંધ :-

૧. હરબીટાર્સનો ઉપયોગ એલોપથીની દવાઓ સાથે થઇ શકે છે.

૨. મુંઝારાની ગાંઠ જેવા કલેજાના દીર્ઘ ગંભીર વિકારમાં આ જ દવા પર પુરો આધાર રાખી શકાય નહીં. બીજી દવાઓ સાથે તેનો ઉપયોગ થવો જોઇએ.

J & J DeChane

૩. આ સંયોજન નૂકસાન રહિત હોવાથી કોઇ પ્રતિબંધક નિર્દેશ નથી.

૪. ઉપયોગ કરતી વખતે શરીરના બીજા કોઇ પણ તંત્ર કે અવયવ પર ખરાબ અસર થતી નથી.

૫. હેપાટોમેગલી (યકૃત વૃદ્ધિ) અને સ્લીનો મેગલી (બરોળ વૃદ્ધિ) વિ.માં આ ઔષધ સ્વતંત્ર રીતે ભાગ લેતું નથી. ખાંડનાં પડવાળી ગોળીઓમાં પણ દવા ઉપલબ્ધ છે.

માત્રા :- ભોજન અને નાશ્તા પૂર્વે અરધો કલાક પહેલાં એક થી બે ગોળી, સખત બંધકોશમાં સૂતી વખતે એક વધારાની માત્રા પણ લઇ શકાય છે. બાળકો માટેની માત્રા ઉમર પ્રમાણે ઘડી કાઢી શકાય છે. બાળકોને ૧ થી ૨ ચમચી સીરપ દિવસમાં ૩વાર દેવી.

**પેકીંગ** : ટેબલેટ ૫૦ X ૧૦ બ્લિસ્ટર સ્ટ્રીપ અને ૨૫૦ ટેબલેટ બોટલમાં તથા સીરપ ૧૦૦ મિ.લિ. ના પેકિંગમાં ઉપલબ્ધ.

**ઔષધિ નં. (૨૬) હર્બોસલ્ફ ટેબલેટ (HERBO-SULF TAB.)**

**દાદર, ચાંદા, ખરજવા માટેની ખાસ દવા**

**દવાની બનાવટ :**

**દરેક ગોળીમાં :-**

| | |
|---|---|
| ગંધક | ૨૨ મિલીગ્રામ |
| હળદ (કુરુડુઆ લોન્ગા) | ૩૨ " |
| મદાર (કેલોટ્રોપીસ જીજેન્ટી)(સફેદ આંકડો) | ૪૦ " |

**મહત્વ દર્શાવતા નિર્દેશો** :- હર્બો સલ્ફ એ દાદર, ચાંદા, ખરજવું અને બીજા ચામડીના દર્દો માટે ઉપયોગી દવા છે. ભારતીય દવાઓનો ઉપયોગ કરનાર જુદા જુદા તબીબોએ કેલોટ્રોપીસ મદારનું વર્ણન ચામડીના જુદા જુદા રોગોમાં તેના ઉપયોગને લીધે 'વનસ્પતિ જન્ય પારો' એમ કર્યુ છે, અમારી દવાની પેટીમાં આ સંયોજન આઠમા નંબરના ઈલાજ તરીકે જાણીતું છે.



**ઔષધ આપવાની રીત** :- દાદર, ચાંદા અને ખરજવાને સાજાં કરવા માટે એક ભાગ હર્બો સલ્ફ (ચૂર્ણ) અને પાંચ ભાગ વેસેલિન કે અમારું ઉત્પાદન 'રીપાન્ટો' બન્નેને ભેળવીને મલમ તૈયાર કરવો જોઇએ. દાદર, ચાંદા કે ખરજવાને ગરમ પાણીથી ધોઇ નરમ કપડા વડે સાફ કરી તેના પર આ મલમ લગાડવો જોઇએ.

**પેટમાં શી રીતે લેશો** :- અડધી થી એક ગોળી મોટાઓ માટે દિવસના ત્રણ વખત : ઉપર દર્શાવેલા બધાં ચામડીના દર્દોમાં રકત શુદ્ધિ માટે.

**ઔષધિ નં. (૨૭) હિલીંગ ડસ્ટ (HEALING DUST)**

શરીરા ઘા-જખમ-વ્રણને સડતા રોકી, રુઝવનારી ચૂર્ણ દવા.

**સંયોજન :** આયડોફોર્મ (IODOFORM) ફટકડી (ALUM), બોરીક એસિડ BORIC ACID), તથા હળદર (TURMERIC નું એક મિશ્રણ છે. જે ઘા-જખમ-વ્રણ-ગડ-ગૂમડાં ઉપર છાંટવાના પાઉડર રૂપે હોય છે.

**વિવરણ :** આ હિલીંગ ડસ્ટ (રૂઝવનાર ચૂર્ણ) એક કીટાણું (જંતુ)નાશક તથા વ્રણરોપક રૂપે છાંટવા - લગાવવાના પાઉડર રૂપ છે. જ્યારે તે જખમ - ઘા ઉપર લગાવાય છે, ત્યારે તેનું આયડોફોર્મ તત્ત્વ સારી રીતે કામ શરુ કરે છે. જેથી ઘા ઉપર સોજો - ટેકરો પેદા નથી થતો. વળી તે ઘામાં થતા - ફેલાતા રોગ - જંતુઓની ઉત્પત્તિ રોકી દે છે. તેનાથી ફૂગ-નાશક તથા બૅકટેરિયા-કીટાણુ-નાશક દ્રવ્યો હોવાથી, તે કર્ણસ્રાવમાં સારી અસર કરે છે અને તેમાં ઝડપથી આરામ કરે છે. ટેલ્કમ પાઉડરમાં હિલીંગ ડસ્ટ સારી રીતે મિશ્ર કરી વાપરવાથી ત્વચાની ફોલ્લી, અળાઈઓ, ખીલ, ચાઠાં, લાલા રેખાઓ વગેરેમાં સંકોચવગર ઉપયોગ કરવાથી લાભ થાય છે. તેની કોઈ આડ અસર કે વિક્રિયા નથી. ઉલટાનું તેથી સારો લાભ થશે.

**પ્રયોગ :** આ જંતુનાશક - રૂઝ લાવનાર પાઉડર દવાનો વ્રણ-જખમ, ફોલ્લા, ગૂમડાં, ચાંદા ઉપર નિર્ભયતાપૂર્વક ઉપયોગ થઈ શકે છે. જૂના કર્ણસ્રાવ (કાનમાંથી રસી આવવી)ના દર્દમાં કાન પ્રથમ સ્વચ્છ રૂ વડે સાફ કર્યા પછી, કાનમાં આ ચૂર્ણ ભરી દઈ, છિદ્રમાં રૂ ભરાવી દેવાના નિયમથી, અને કાન રોજ સાફ કરી, ફરી એ દવા કાનમાં નાંખવાથી સારો લાભ થાય જરુર પડતી નથી. ઘા-વ્રણ-જખમ-ચાંદાને તે ચોખ્ખાં કરીને રુઝવે છે અને પીડા શમાવે છે.

**પેકિંગ :** આ દવા 10 ગ્રામ તથા 110 ગ્રામની બોટલ પેકિંગમાં ઉપલબ્ધ છે.

J & J DeChane

## ઔષધિ નં. (૨૮) આયોબીન ટેબલેટ (IOBINE TAB.)

શરદીના વારંવાર થતા હુમલામાં, ગળાના કાકડા વધવા, ચામડીનાં દર્દોમાં, દીર્ઘકાલિન ચેપી રોગોમાં આ દવા ઘણી ઉપયોગી છે. તે ઉપરોકત રોગોથી શરીરના બંધારણનું રક્ષણ કરે છે.

**દવાની બનાવટ (સંયોજન) :**

**દરેક ગોળી :-**

| | |
|---|---|
| બ્રાહ્મી (હાયડ્રોકોટાઈલ એશીયાટીકા) | ૪૦ મિલીગ્રામ |
| ચિરાટા (સ્વર્ટી આ ચિરાટા)(કરિયાતુ કિરાત) | ૪૦ " |
| ગન્ધક (સલ્ફર) | ૭.૨ " |
| સાલ્સા (હેમીડેસમસ ઈન્ડીકસ) | ૧૪૦ " |

બ્રાહ્મી સાલ્સા કે સાર્સા પરીલા અને કિરાત (ચિરાટા) ભેગા મળી એકબીજાના સહયોગથી વધુમાં વધુ પ્રમાણમાં સારી રીતે રોગોનો ઈલાજ કરે છે. રકતને શુદ્ધ કરનાર અને ઘણા ખરા ચામડીના દર્દોને દૂર કરનાર દવા તરીકે સાર્સા પરીલા ઘણા જૂના વખતથી પ્રખ્યાત છે. સામાન્ય નબળાઈમાં વજન ગુમાવ્યુ હોય તો આ સંયોજનનો ઉપયોગ કરવાનો નિર્દેશ કરવામાં આવે છે. આયોબીન એ કિંમતી શકિતદાયક અને રકતને શુદ્ધ કરનાર દવા છે. તેનો નિયમિત ઉપયોગ કરવાથી ચામડી કાળી પડતી નથી.

પિત્તાશય પોતાનું સામાન્ય કાર્ય પણ ન કરી શકતું હોય ત્યારે અને ચામડીના સંસર્ગ જન્ય રોગોમાં પ્રતિબંધક તરીકે આયોબીન ઘણું જ ઉપયોગી ઔષધ છે.

આયોબીન ગોળીઓમાં અને ઈન્જેકશનો રૂપમાં ઉપલબ્ધ થઇ શકે છે. પાંડુરોગમાં તેનો નિર્દેશ કરવામાં આવે છે. આલ્બોસંગને શકિતદાયક તરીકે આ દવાની સાથે સાથે જ લેવાથી ઉપરોકત બધા રોગોમાં તે તાત્કાલિક રાહત આપે છે.

માત્રા :- અરધી ગોળી મોટાઓ માટે, પા ગોળી બાળકો માટે દિવસમાં ત્રણ વખત. ઈન્જેકશન ૧/૪ મિલીલીટર બાળકો માટે, ૧ મિલીલીટર મોટાઓ માટે, દિવસમાં એક વાર.



## ઔષધિ નં. (૨૯) કોફલીન ટેબલેટ (KOFLIN TAB.)

**કફ માટે**

**બનાવટ :**

**દરેક ગોળીમાં :-**

| | |
|---|---|
| અરૂશા (આધા તોળા વેશીકા)(અરડૂસી) | ૯૦ મિલીગ્રામ |
| દુધી (યુફોર્બિઆ પીલુલી ફેરા)(નાની દૂધેલી) | ૨૦ " |
| હયુમા (એફેર્ડા જીરાડીઆના) | ૬૦ " |
| જેઠીમધ (ગ્લીસીર હીઝા ગ્લેબ્રા) | ૧૪૦ " |
| મેરાહુ (પોલી ગાલા ચાયનેન્સીસ) | ૨૦ " |
| નાલા (લોબેલા નીકોટી આની ફોલીઆ)(જંગલી તમાકુ) | ૧૦ " |

મહત્વ દર્શાવતા નિર્દેશો :- શ્વાસનળી બધા રોગોના સોજામાં, છાતીની શરદી અને સુકી ખાંસીમાં, સ્વરયંત્રના સોજામાં, અને ખાંસીમાં આ દવાનો ઉપયોગ થાય છે. તે ગળામાં બળતરા કરતા કફમાંથી અને આવેગ પૂર્વક આવેલ ખાંસીમાંથી છૂટકારો આપે છે.

ઉપર જણાવેલ દેશી વનસ્પતિઓ કફનાશક અને ફેફસાના દર્દોને દૂર કરનાર છે. હયુમાં અને અરૂશા એમની આવેગ પ્રતિરોધક અને શાંતિદાયક અસરને લીધે સૂકી પીડાજનક ખાંસીમાં ઉપયોગી તત્ત્વો તરીકે કામ કરે છે. એ શ્વસનતંત્રમાંના કફને પાતળો પાડી નાખે છે અને તેનો સહેલાઈથી નાશ કરી નાખે છે. આ રીતે તે બળતરાને ઓછી કરે છે. પરિણામે ઉધરસનો આવેગ શમી જાય છે.

**માત્રા :-** ૧/૨ થી ૧ ગોળી, મોટાઓ માટે, દિવસમાં ત્રણ વખત. બાળકો માટે ઉમર પ્રમાણે માત્રા નક્કી કરી નિયમિત તે માત્રામાં દવા આપવી.

**ઔષધિ નં. (૩૦) કાયનોટો માઈન ટેબલેટ (KYNOTOMINE TAB.)**

**કમળા માટેની ખાસ દવા**

**દવાની બનાવટ (સંયોજન) :**

**દરેક ગોળીમાં :-**

| | |
|---|---|
| રાવણ દાલમિની (રહીઅમ બેબીએનમ) | ૨૦ મીલીગ્રામ |
| ગન્ધક (સલ્ફર) | ૪-૪ ” |
| બાળહરડે (ટર્મિનબિઆ યેબુલા) | ૧૦ ” |
| કાલી કટુકી (હેલો બોરસ બાયગર)(કાળું કડુ) | ૨૪ ” |
| પુનર્નુવા (બોઅર હાવઆ કીફ્યુજા) (સારોડી) | ૫૦ ” |
| ભૃંગરાજ (એકલીપ્ટસ આલ્બા)(ભાંગરો) | ૩૬ ” |

કાયનોટો માઈન મુખત્વે કલેજા (યકૃત) પર અસર કરે છે. પિતવાહીની પર તે જંતુનાશક અસર કરે છે. અને આંતરિક ત્વાચાના સોજા સાથે થતાં કમળાના લક્ષણોને થોડા જ દિવસમાં દબાવી દે છે.

રાવણ દાલચિની એ જુલાબ આપતી દવા છે. અને તેના રેચક ગુણને લીધે પાચનતંત્રની નબળાઈથી થતા અપચામાં કિંમતી ઈલાજ કરે છે. ગંધક પિત્તમાં વૃદ્ધિ કરે છે અને થોડા પ્રમાણમાં રોચક છે. તે પિત્તાશયના કાર્યને નિયમિત કરે છે. કલેજાની વૃદ્ધિ પ્રમાણ બહાર થતી હોય તેવી ઘટનાઓમાં બાળ હરડે ઉપયોગી થઈ પડે છે, કાલી કટુકી મરડાને પાતળો પાડે છે અને ઉપરોકત તત્વોના કાર્યને વેગ આપે છે. પુનર્નવા એ જાણીતું મૂત્રવર્ધક ઔષધ છે. અને અનેક કારણોથી થયેલા જલોદરમાંથી રાહત આપે છે. પાચનતંત્રના અવયવો કાળજું અને મૂત્રપિંડની ખામીના લીધે (એસાઈટીસ એક પ્રકારનું જલોદર) થઈ જાય તો પુનર્નુવા એ ખાસ ઉપયોગી દવા છે. ભૃંગરાજ (એકલીપ્ટસ આલ્બા) એ કાળજાને શકિત આપનાર પ્રખ્યાત દવા છે. માર્ગમાં પથરી જામી ગઈ હોય કે, કલેજું પોતાનું કાર્ય બરોબર ન કરતું



હોય તો તેનો ઈલાજ કરવા માટેની અજમાવાઇ ચુકેલી દવા છે. એ પિત્તવર્ધક તરીકે કામ કરે છે. અને ગ્રંથિઓને શકિતશાળી પિત્ત વડે સ્વચ્છ રાખે છે. પિત્તમાર્ગમાંના અવરોધો દૂર કરનાર કલેજા માટેનું એક માત્ર શકિતદાયક ઔષધ એટલે ભૃંગરાજ. ઉપરોકત ગુણોને લીધે તેનો ઉપયોગ કમળામાં અને ખાસ કરીને પિત્તાશયમાં સોજા સાથે થતા કમળામાં થાય છે. જે કમળાનો ઈલાજ તે માત્ર એક અઠવાડિયામાં જ કરે છે. દેશી ઔષધીઓમાં કમળાની દવા તરીકે તેનો હોળો ઉપયોગ થાય છે. કમળાની સારવાર પૂરી થયા બાદ દિવસમાં ત્રણ વખત હર્બાલ બીટરસ આપવું જોઈએ. જે કલેજાંની શકિત વધારે છે અને દર્દીની ભૂખ ઉઘાડે છે.

**માત્રા :-** મોટાઓ માટે એક ગોળી દિવસમાં ત્રણ વખત અને બાળકો માટે ઉમર પ્રમાણે.

**ઔષધિ નં. (૩૧) લિવાકટીન-જી. કેપસુલ LIVACTIN-G-CAPSULES**

સક્રિય - સ્વસ્થ જીવન માટે એક ઉત્તમ ઔષધિ.

**વિવરણ :** સામાન્ય નબળાઈ અને વૃદ્ધાવસ્થા જન્ય વિકારોના ઉપાય માટે આ એક ઉત્તમ ઔષધિ યોગ છે. તેના મુખ્ય ઘટક દ્રવ્યો અશ્વગંધા, બ્રાહ્મી, મંડૂકપર્ણી તથા શિલાજીત છે.

**અશ્વગંધા :** આયુર્વેદમાં મસ્તકની નિર્બળતા તથા સામાન્ય શારીરિક નબળાઈ દૂર કરવા માટે, શારીરિક પુષ્ટિ તથા શક્તિ વધારવા માટે તથા એક રસાધન ઔષધ રૂપે અશ્વગંધાના મૂળ ખાસ ખૂબ વપરાય છે.

**બ્રાહ્મી :** આયુર્વેદમાં બ્રાહ્મીનો ઉપયોગ ૩૦૦૦ થી પણ વધુ વર્ષોથી થતો રહ્યો છે. આને સ્મરણ શક્તિવર્ધક તથા મસ્તકની નબળાઈને દૂર કરવા માટે અત્યંત અસરકારી જડીબુટ્ટી માનવામાં આવે છે.

**મંડૂકપર્ણી :** આયુર્વેદમાં મગજની નબળાઈને દૂર કરવા, સ્મરણ શક્તિ વધારવા, એકાગ્રતાની ખામી દૂર કરવા, માનસિક તણાવ તથા ચિંતા દૂર કરવા માટે આ ઔષધિનો બહુ ઉપયોગ થાય છે.

J & J DeChane

**શુદ્ધ શિલાજીત :** આ એક ઉત્તમ રસાયન ઔષધિ છે. જે પુરુષાતન વધારે છે અને વાજીકર તરીકે પણ ઉપયોગી છે. તે માનસિક તાણ (ટેન્શન)ને નબળાઈમાં લાભપ્રદ છે.

**ઉપયોગ :** આ એક રસાયન ઔષધિ છે. અકાળે વૃદ્ધાવસ્થાનાં પેદા થયેલા લક્ષણોને, દિવસભરની રોજિંદી ક્રિયા (કાર્યો) કરી ન શક્યા તથા નબળાઈ આદિને તે રોકે છે. તે પૌષ્ટિક છે અને માનસિક તણાવને દૂર કરે છે. વૃદ્ધાવસ્થા જન્ય વિકારો તથા માનસિક નબળાઈ - યાદશક્તિની ખામી, અનિદ્રા, થાક તથા પુરુષાતનમાં ખામી વગેરેમાં અતિ ઉપયોગી દવા છે. તે નાડી સંસ્થાન માટે લાભપ્રદ હોવા સાથે બળ, વર્ણ તથા સ્ફૂર્તિવર્ધક ઔષધિ છે.

**માત્રા :** ૧ થી ૨ કેપસુલ નાસ્તા પછી અને બપોરે ભોજન પછી લેવી.

**અહિત પ્રભાવ :** કંઈ પણ નથી.

**પેકિંગ :** ૧૦ કેપસુલનું એક બ્લિસ્ટર સ્ટ્રીપ પેકીંગમાં ઉપલબ્ધ.

**ઔષધિ નં. (૩૨) મેગ્નાઈન ટેબલેટ (MAGNINE TAB.)**

અતિશય પિત્ત, જઠર અને આંતરડાના મૂળમાં ચાંદુ, પેટમાં સખત ચૂંક, અપચાને લીધે પેટમાં દુઃખાવો, માથાનો તીવ્ર દુઃખાવો, છાતીમાં બળતરા થવી, જ્ઞાનતંતુઓની નબળાઇને લીધે પાચનતંત્રમાં અવ્યવસ્થા, વિ. રોગો માટેની દવા.

**દવાની બનાવટ (સંયોજન) :**

**દરેક ગોળીમાં :-**

| | | |
|---|---|---|
| મેગ્નેશિયમ ટ્રાયસીલીકેટ યૂ. એસ. પી. | ૨૫૦ | મિલીગ્રામ |
| ડ્રાઇડ એલમ હાયડ્રોકસાયેલ આય. પી. | ૧૨૫ | ” |
| એકસ્ટ્ બેલાડોના સીકમ બી. પી. | ૫ | ” |

**દવાઓની શરીરના જીવન કોષો પર અસર :-**

તેજાબ નાશક ઉપચાર પદ્ધતિમાં તાજેતરના વર્ષોમાં મહત્વનો ફેરફાર થઇ ગયો છે. પરિણામે કાર્બોનેટ, ઓકસાઇડ અને સંચિતક્ષારો જેવા જૂના, સરળ અને



ઝડપી અસર કરનારા તત્ત્વો કરતાં ઓગાળનારા અને લાંબી અસર કરનારા તેજાબ નાશકો પર વધુ ધ્યાન આપવામાં આવ્યું છે. આદર્શ તેજાબ નાશક એ છે. જે પાણીમાં રહ્યાં છતાં પણ નિષ્ક્રીય રહે છે, તેમાં ઓગળતો નથી. કાર્બન ડાયોકસાઇડને છુટો પાડયા વગર તેજાબને શકિતરહિત કરવાની ક્ષમતા ધરાવતું નરમ તત્ત્વ છે. (ન ઓગળી શકે તેવા ગુણધર્મોવાળું છે) અને જે શરીરમાં તેજાબ અને અલકલીનું સંતુલન જાળવી રાખે છે. અને બંધકોશ કે જુલાબ લાગવાની ફરિયાદ થવા દેતું નથી.

મેગ્નેશિયમ ટ્રાયસિલીકટ પાણીમાં ચિકણું બને છે અને હાયડ્રોકલોરિક એસિડ સાથે રાસાયણિક પ્રક્રિયામાં મેગ્નીશિયમ કલોરાઇડ અને હાયડ્રેટેડ સીલીસીક એસીડને છૂટાં પાડે છે. હાયડ્રેટેડ સીલીસીક એસીડમાં તેજાબને શકિત રહિત કરવાનો કિંમતી ગુણ છે, એ રીતે તે દવાની અસરને દીર્ઘ કાળ સુધી રોકી રાખે છે.

એલ્યુમિનિયમ હાયડ્રોકસાઇડ ગેસ (મુરબ્બા જેવું સંવર્ધન તત્ત્વ) સૌથી આદર્શ તેજાબ નાશક છે. અને આવશ્યક જરૂરિયાતોને પૂરી પાડે છે. એટલે કે કાર્બન ડાયોકસાઇડ છૂટો પડતો નથી, પેટમાંના ખોરાકનું આલ્કલીમાં ક્ષારમાં રૂપાંતર થતું નથી, તેનાથી આલ્કલીનો ક્ષારનો પ્રમાણ બહાર ભરાવો થતો નથી, અને સાથે સાથે જ દીર્ઘકાળ સુધી તેની અસર કરે છે.

એકસ્ટ્રે બેલાડોના સીકમ, હાયપર કલોહાઇડ્રિઆ અને હાયપર હાયડ્રોસીસમાં ઉપરોકત તત્ત્વોના પુરક તત્ત્વ તરીકે કામ કરે છે. જેમાં તે પેટની ગ્રંથિઓમાં રસસ્ત્રાવને પ્રમાણ બહાર થતો અટકાવે છે. જઠરના નરમ સ્નાયુઓનું આપમેળે થતું હલનચલન પણ તે રોકે છે. જઠરમાં બળતરા સાથે થતા ચાંદામાં તેનો આ ગુણ ખાસ મહત્વ ધરાવે છે.

**માત્રા :-** બે ગોળી, ખાધા પહેલાં કે પછી તરતજ બે કલાકના ગાળે. બાળકો માટે એક ગોળી.

**નોંધ : ગોળીને ગળતા પહેલાં ચાવવી જરૂરી છે.**

J & J DeChane

**ઔષધિ નં. (૩૩) મેડીટેબ ટેબલેટ (MEDI TAB.)**

**દીર્ઘકાલિન કફ અને અશકિત માટેની ખાસ દવા**

**દરેક ગોળી :-**

| | | |
|---|---|---|
| અરૂશા (આધા તોડા વેસીકા)(અરડૂસી) | ૬૦ મીલીગ્રામ | |
| લસણ (એલીયમ સેટીવમ) | ૦.૭ | ” |
| નાલા (લોબેલિઆ નીકોટીઆની ફોલીબા)(જંગલી તમાકુ) | ૪૮ | ” |
| દુધી (યુફોર્બિઆ પીલુલી ફેરા)(દૂધેલી) | ૨૬ | ” |
| કપર્દીકા ભસ્મ (કેલ્સાઇનુ કોવરીસ) | ૭ | ” |

**મહત્વ દર્શાવતા નિર્દેશો :-** કફનાશક તરીકે તે અસરકારક છે. એ ગળફાને પાતળો પાડી નાખે છે અને ભરોસાપાત્ર જંતુરોધક છે. દીર્ઘકાલિન ખાંસીમાં તેનો ઉપયોગ કરવાની ભલામણ કરવામાં આવે છે. તીવ્ર બીમારીયોમાં કોફલિનનો ઉપયોગ કરવો જોઈએ. તેનો ઉપયોગ ખાસ કરીને દીર્ઘકાલિન છાતીની શરદીમાંજ થાય છે. ક્ષયમાં દૂધ કે મધ સાથે ચાનો એક ચમચો ભરીને આ દવા નાની માત્રામાં આપવી. દમને લીધે થતી ઉધરસમાં પણ આ દવા ફાયદાકારક છે. જ્યારે ઉધરસ આવેશયુકત અને સખત હોય ત્યારે ડેન્જાઇન અને ડેસ્માનો વારાફરતી ઉપયોગ કરવો જોઈએ. દૂર થોડા કલાકે રૂબઝાવેન કે ચેસોલનો ઉપયોગ કરવો. ઠીક લાગે તો છાતી ઉપર કોરો કે વરાળનો શેક કરવો.

**માત્રા :-** ૧/૪ થી ૧/૨ ગોળી મોટાઓ માટે દિવસમાં બે કે ત્રણ વાર. તેને થોડા મધ કે દૂધ સાથે સારી રીતે આપી શકાય છે.

**ઔષધિ નં. (૩૪) મેડીકેટેડ ટૂથ પાવડર**

**(MEDICATED TOOTH POW)**

એક આદર્શ દંત-મંજન છે. દાંતના પેઢાંના સોજાને તેમાંથી થતા રકતસ્રાવને રોકે છે અને પેઢાંને મજબૂત બનાવે છે.



એનો નિયમિત ઉપયોગ કરવાથી પાયોરિયા થતો નથી કારણ કે તે દાંતને સ્વચ્છ રાખે છે, મજબુત બનાવે છે અને તેમાં થતી જંતુઓની પેદાશને રોકે છે. આ પાવડર પહેલાં આંગળી વડે દાંત પર ઘસવો. જેથી પેઢાંને જરૂરી માલીશ મળે અને ત્યારબાદ જો તમને ગમે તો અંદર બહારથી દાંતને બ્રશ વડે સાફ કરો. પાંચ દસ મિનિટ, કોગળા કરશો નહીં. રાતના સૂતી વખતે અને ઉઠતાંની સાથે જ આ દંત-મંજનનો ઉપયોગ કરવો હિતાવહ છે.

**નોંધ :-** આ રાસાયણિક દંતમંજન પાયોરિયાને રોકે છે. પરંતુ તે આ કાર્ય બિલકુલ ધીમે ધીમે અને લાંબા ગાળે કરે છે. એટલે જ્યારે દાંતમાંથી બહુ જ પરૂ નીકળતું હોય ત્યારે રાતના સુતી વખતે એન્ટ્રોપ્સનો ઉપયોગ કરો. તે ઘણીજ ઝડપથી પરૂને કાઢી નાખશે અને તેનો નાશ કરશે. સવારના રાત્રે એન્ટ્રોપ્સનો ઉપયોગ કરવાથી ૩ થી ૫ આઠવાડીઆમાં જ ગમે તેટલું પરૂ હોય તો પણ તે બિલકુલ સાફ થઇ જવાના ઉદાહરણો પણ મોજુદ છે.

**ઔષધિ નં. (૩૫) મર્સીના ટેબલેટ (MERSINA TAB.)**

**મધુપ્રમેહ માટેની ખાસ દવા**

**દવાની બનાવટ (સંયોજન) :**

**દરેક ગોળી :-**

| | | |
|---|---|---|
| મેઢા સિંગી (જીમ્નેમા સિલ્વેસ્ટ્રિ)(જાંબુઠળિયા) | ૪૮ મીલીગ્રામ | |
| જામુન (સીઝીજીમ કુમિની)(આવળ) | ૪૧ | ” |
| થવીરા (કેસીચા ઔરીકયુલાટા)(ગળો) | ૪૧ | ” |
| ગુલન્યા (ટીનોસ્પોરા કોર્ડીફોલીઆ) | ૩૨ | ” |
| કારેલા (મોર્મોર્ડીકા ચારન્ટીઆ) | ૫૨ | ” |

મર્સીના એ પ્રમેહ વિરોધી દવા છે. જે જુદી જુદી વનસ્પતિઓના સંયોજનથી તૈયાર કરવામાં આવી છે. મધુપ્રમેહમાં મોટા ભાગની દવા પાચન ક્રિયાને વધારી

કાર્બોહાઇડ્રેટમાંથી કાર્બન ડાયોકસાઇડ અને પાણીને છુટાં પાડે છે અને આ રીતે સાકરનું પ્રમાણ ઘટાડે છે. તે અસરકારક અને સલામત દવા છે.

રોગના સામાન્ય બંધનો (ષરેજી) ડોક્ટરે લખી આપ્યા મુજબ પાળવાં જરૂરી છે. દર્દીને નિયમિત રીતે પેશાબ તપાસવડાવી લેવાની સલાહ આપવી જોઇએ. લોહીમાંની સાકર પર વખતો વખત પ્રતિબંધ જાળવી રાખવો જોઇએ.

દરેક વ્યકિત પ્રમાણે દાવાની માત્રાઓ જુદી જુદી હોય છે. એમ જણાયું છે કે મર્સીનાનો બે કે ત્રણ મહીના સુધી સતત ઉપયોગ કર્યા પછી માત્રાઓને પૂરતા પ્રમાણમાં ઘટાડી શકાય છે. પેશાબની નોંધ તપાસી જવી જરૂરી છે અને આ નોંધ નિયમિત રાખવી પણ જરૂરી છે.

મર્સીનાની અસરને લીધે કલેજાનાં કાર્યમાં પણ સારો એવો સુધારો થાય છે, તે તંત્રને વ્યવસ્થિત કરે છે અને થાકને સારી રીતે મારી હઠાવે છે. તેને લીધે તંદુરસ્તીની અનુભૂતિ થાય છે. તદુપરાંત મર્સીનાની ગોળીઓ પેટમાં લેવાથી મધુપ્રમેહનો ઇલાજ સગવડતાપૂર્વક સરળતાથી થઇ શકે છે.

મધુપ્રમેહના મોટા ભાગના બનાવોમાં મર્સીના સંતોષકારક ફાયદો કરે છે, એવું તબીબો નોંધે છે. દીર્ઘકાલિન મધુપ્રમેહનો ઇન્શુલિન વડે ઇલાજ કરતી વખતે મર્સીનાને પણ તેની સાથે સાથે જ થોડા પ્રમાણમાં કે સંપૂર્ણપણે મર્સીના પર આધાર રાખવો ઇચ્છનીય છે.

જો કે મર્સીના નૂકસાનકારક નથી. પરંતુ તેની સાકર ઘટાડવાની શકિત ખાસ પ્રકારના મધુપ્રમેહોમાં ઓછી હોઇ શકે છે. નાના છોકરાઓને ગંભીર મધુપ્રમેહ થયો હોય, કેટોસીસથી ઇલાજ થતો હોય કે બીજા એવા તાકીદની સારવાર માગતા રોગોમાં મર્સીનાની ભલામણ કરવામાં આવતી નથી.

**માત્રા :-** ૨ થી ૪ ગોળી દિવસમાં ત્રણ વખત, મુખ્ય ભોજન પૂર્વે અરધા કલાક પહેલાં આ દવા લેવી સૌથી ઉત્તમ. ત્રીજી માત્રા સવારે કે રાતના લેવી.



શરૂઆતમાં મોટી માત્રા જરૂરી જણાય, જો લોહીમાં સાકરનું પ્રમાણ વધારે હોય તો. એટલે કે દિવસમાં ત્રણ વખત ચાર ચાર ગોળીઓ લેવી. ધીમે ધીમે તેને ઓછી કરી પ્રમાણસરની માત્રામાં લઇ શકાય, જ્યારે પેશાબ ખાંડ રહિત થઈ જાય ત્યારે.

**ઔષધિ નં. (૩૬) નેવોસ ટેબલેટ (NEVOSS TAB.)**

મગજ પર થયેલ અસર માટે જેને લીધે અપ્રાકૃતિક કાર્યો થાય છે. અને પ્રકૃતિની શકિત ઉપરાંત કાર્યો થતાં હોય તેમાં.

**દવાની બનાવટ :**

**દરેક ગોળીમાં :-**

| | | |
|---|---|---|
| ખુરાસાની અજમો (હાયોસ્કાયમસ નાયગર) | ૨૪ | મીલીગ્રામ |
| અસગન્ધ (વેધેનિઆ સોમ્નીફેરા) | ૬૪ | ” |
| ધતુંરો (દંતુંરા નેટેલ) | ૪ | ” |
| જાયફળ (મીરીસ્ટીકા ફેગ્રન્સ) | ૦.૮ | ” |

મહત્વ દર્શાવતા નિયમો :- જ્ઞાનતંતુઓની નબળાઇ, વધુ પડતા માનસિક અને શારીરિક શ્રમના કારણે મગજનું બહેર મારી જવું, દરેક પ્રકારનું ગજા ઉપસંતનું કામ, દુઃખ કે અચાનક ખુશી આનંદ લાગણીઓનું છલકાઇ જવું, અતિશય મદ્યપાન વિ. મગજની અસ્થિરતાનાં કારણો છે.

ઘડી ઘડી પેશાબ થતો હોય તો નેવોસ તે પીડાને દૂર કરે છે. મધુપ્રમેહને લીધે જનનેન્દ્રિયમાં જડતા આવી ગઇ હોય તો તેનો ઇલાજ કરવા માટે પણ આ સારી દવા છે.

**માત્રા :-** ૧/૨ થી ૧ ગોળી મોટાઓ માટે દર ૩ થી ૪ કલાકે. નેવોસને દુધ સાથે લેવાથી સારો એવો ફાયદો થાય છે.

J & J DeChane

## ઔષધિ નં. (૩૭) ઓલોસીન ઓઆલ (OLOSYN OIL)

જ્ઞાનતંત્ર પર થયેલી ખરાબ અસર માટે, માત્ર બહારથી લગાડવા માટેનું તેલ.

**દવાની બનાવટ (સંયોજન) :**

દરેક ૧૦૦ ગ્રામમાં :-

| | |
|---|---|
| ગજના (સીસેલ પીનીઆ બોન્ડુક) | ૨ ગ્રામ |
| ભાન્ગરા (એકલીપટસ ઈરેકટા)(ભાંગરો) | ૨ " |
| નીમલીંબડો (મેડીઆ એઝોડીચરટા)(લીમડો) | ૨ " |

માથાના વાળમાં તેલ તરીકે લગાડવામાં તેનો ઉપયોગ થાય છે. રાતના સૂતા પહેલાં એક બે કલાક પહેલાં ઉપરોક્ત તેલ માથામાં નાખી આંગળીઓના ટેરવાં વડે ખુબ ઘસવું. તેને લીધે સારી ઉંઘ આવી જાય છે. ઓલોસીન મગજના ઉશ્કેરાટને અને લાગણીઓનાં ખળભળાટને કાબૂમાં રાખે છે અને મગજને મંદ શાંતિદાયક અસર હેઠળ રાખે છે. જ્ઞાનતંત્રની ગૂઢ પીડાઓ અને દુઃખો, ખાસ કરીને માથાનો દુઃખાવો સામાન્ય રીતે દૂર થાય છે.

એપીલેપ્સી, હિસ્ટીરીયા અને ઉદાસીનતા ના ઉપચારમાં ઓલોસીન ઘણું ઉપયોગી છે. માથામાં આ દવા લગાડવા ઉપરાંત થોડા ટીપા કાનમાં પણ રેડો, દીવસમાં એક વાર, જો કાનના પડદાને હાનિ ન થતી હોય તો.

ઓલોસીન એ બોન્ડુક, એકલીપ્સ અને લીમડાના પાંદડાનો અર્ક છે. આ ત્રણેય દવાઓના ગુણધર્મો નો ફાયદો દર્દીને મળે છે, ખાસ જ્યારે દવા બહારથી લગાડવામાં આવે છે. અને તેનાથી માલિશ કરવામાં આવે છે. અઠવાડિયામાં એકવાર તેનો ઉપયોગ શરીર ચોળવા માટે પણ થઈ શકે છે. ઉપયોગ કરતી વખતે કોઈ પણ વનસ્પતિના તેલ સાથે અને ૧:૫ ના પ્રમાણમાં તે મેળવવુ અને નહાતા પહેલાં એનાથી શરીરે ચોળવુ. બાળકો અને મોટાઓ બન્નેને માટે આ માલિશ ઉપયોગી છે. ઓલોસીન જ્ઞાનતંતુઓ અને સ્નાયુઓ માટે શાંતદાયક ટોનિક છે અને તે ચામડી ખરબચડી, કરચલીવાળી થઈ ગઈ હોય તો તે સારી કરે છે. તે વાળને પણ ખરતા અટકાવે છે.



## ઔષધિ નં. (૩૮) રાસજન્ટ પાવડર (RASGENT POW.)

આંખ આવી હોય ત્યારે આ દવાને નિર્દેશ કરવામાં આવે છે. તે આંખને ઠંડક આપે છે, ચોખ્ખી રાખે છે, સોજો દૂર કરે છે અને પીડા મટાડે છે. બીજી દવાઓમાં આની ઉણપ છે. જ્યારે રાસજન્ટ આંખોને માટે ઉપયોગી દવા છે.

**દવાના બનાવટ (સંયોજન) :**

દરેક ૧૦૦ ગ્રેઈનમાં :-

| | |
|---|---|
| રસકપુર | ૧.૧ ગ્રેઈન |
| ફટકડી (એલમ) | ૧.૧ " |
| મીઠું (સોડીયમ કલોરાઈડ) | ૩.૪ " |

કેવી રીતે ઉપયોગ કરશો ? એક ચમચો ઉકાળેલા પાણીમાં એક થી બે ગ્રેઈન દવા ઓગાળો અને દિવસમાં બે થી ત્રણ વાર તેનાં ટીપાં બન્ને આંખોમાં નાંખવા. રસજન્ટ દવા માત્ર જે આંખ ખરાબ થઈ હો તેમાંજ ન નાખવી પરંતુ તેની બાજુની આંખમાં પણ નાખવી. કારણ બન્ને આંખો સંયુકત રીતે જ કામ કરતી હોય છે. રાતના સૂતી વખતે આ દવાની એક વધુ માત્રા આપી શકાય છે.

**ગુમડાં :-** રસજન્ટની એક માત્રા ગુમડાને ખેરવી નાખવા પુરતી છે. જો તેનાથી ફાયદો ન જણાય તો ૪ થી ૬ કલાક બાદ બીજી માત્રા આપો અને જ્યાં સુધી સુધારો જણાતો હોય ત્યાં સુધી ફરી તે આપશો નહીં.

**ઈલાજ નંબરો :-** આ આઠ ઈલાજો લોકોની વૈદ્યકીય સેવાનું ગઠન કરે છે. જુઓ અમારી ખાસ પુસ્તિકા "એક સંપુર્ણ દવાખાનું" તેઓનાં નામ આ પ્રમાણે છે.

ઈલાજ નંબર ૧. સાલફોસ, નં. ૨. આયોકવીન, નં.૩. ડાયસીન. નં.૪. ફલુઝન, નં.૫. કોફલીન, નં.૬. ફીનોકેલ્સીન. નં.૭. વાઈરસ એસેન્સ, નં.૮. હર્બોસલ્ફ.

J & J DeChane

## ઔષધિ નં. (૩૯) રેમોરિન કેપસુલ તથા ઈંજેક્શન.

## (REMORIN CAPSULES & ING.)

### (A) રેમોરિન ઈંજેક્શન :

ગાંઠિયો વા તથા સાંધાના દર્દો માટે ઈંજેક્શન.

**વિવરણ :** રેમોરિન એક શીઘ્ર લાભપ્રદ સુરક્ષિત, ગુણકરી અને પીડાનાશક આયુર્વેદિક ઔષધિઓનું સંયોજન છે. તેમાં કરિયાતુ, ધતૂરો, સર્પગંધા તથા કુરચીનું સંમિશ્રણ હોવાથી રેમોરિનની ભલામણ ગાંઠિયો વા, આમવાત (રૂમેટિઝમ) અને શરીરના અન્ય વાયુનાં દર્દો - જેમકે વાત રોગો, કમર પીડા, સાંધાની પીડા, રાંઝણ (સાયેટિકા) તથા શારીરિક પીડા, સ્નાયુ પીડા (ન્યૂરેલ્જીયા) તથા આવેગો (આંચકા)ને રોકવા માટે કરાય છે.

તેના ગુણોને કારણે તે શારીરિક તથા માનસિક નિર્બળતા તથા થાકમાં પણ લાભપ્રદ છે.

**માત્રા :** ૧ મિ.ગ્રા. દરેક ૨૪ કલાકે માંસપેશીમાં ઈંજેક્શન દ્વારા

**અહિત પ્રભાવ :** કંઈ જ નહિ.

**પેકિંગ :** ૧ મિ.લી.ના ૧૦ એમ્પુલના પેકિંગમાં ઉપલબ્ધ.

### (B) રેમોરિન કેપસુલ REMORIN CAPSULES.

ગઠિયા, ગાંઠિયો વા તથા સાંધાના દર્દો મટાડનાર કેપસુલ.

**વિવરણ :** આયુર્વેદિક દવાઓના આ મિશ્રણનો ગાંઠિયો વા, વાત વ્યાધિઓ અને સંધિવાની પીડા - સોજામાં ઉપયોગ કરવામાં આવે છે.

તે સાંધાના સોજાને ઘટાડે છે. પીડાથી મુક્ત કરે છે અને માંસ પેશીઓના સંકોચનનું નિયંત્રણ કરે છે. તે સાથે ચરબી (Fat)ના વિકારોને ઘટાડે છે.

આ દવામાં ગુગળ એક મુખ્ય ઔષધિ છે. જે હાઈપો લિપિડેમિક હાઈપો કૉલેસ્ટરામિક કાર્યમાં સહાયતા કરે છે. (ચરબી તથા કૉલેસ્ટરોલ ઘટાડે છે.)



**ઉપયોગ :** આ કેપસુલ આમવાત (રૂમેટિઝમ), સંધિવાત, ગાંઠિયો વા, કમર કે મેરુદંડની પીડા, ગૃધ્રસી (રાંઝણ-સાયેટિકા), સ્નાયુ-દૌર્બલ્ય જેવા તમામ વાત વ્યાધિઓમાં તથા તેનાથી ઉત્પન્ન શૂળ-પીડા તથા સોજામાં લાભપ્રદ છે.

રેમોરિન કેપસુલનો વધારાનો લાભ એ છે કે તે મેદસ્વી (જાડા) દર્દીઓના સીરમ કૉલેસ્ટરોલના સ્તરને ઘટાડીને સામાન્ય (નોર્મલ) કરે છે.

**માત્રા :** વયસ્ક વ્યક્તિને - શરુમાં ૨ કેપસુલ દિવસમાં ૩ વાર, પહેલા ૧૫ દિવસ સુધી દેવી. તે પછી રોજ ૧ કેપસુલ દિવસમાં ૩ વાર ૩ માસ સુધી દેવી. નિર્બળ તથા દુબળા (કૃશ) દર્દીઓને આથી ઓછી માત્રા આપવી જોઈએ.

**પ્રતિકૂળતા નિર્દેશ :** સગર્ભાવસ્થા, ઝાડા (અતિસાર) તથા સ્તનપાન (અવસ્થા) દરમ્યાન આ દવાનો ઉપયોગ ન કરવો જોઈએ.

**પેકિંગ :** ૩૦ કેપસુલનું એક પેકિંગ - જેમાં ૧૦ બ્લિસ્ટર કેપસુલની ૩ સ્ટ્રીપ હોય છે.

## ઔષધિ નં. (૪૦) રેનોરિન ઓઈલ (REMORIN OIL)

ગાંઠિયો વા, આમવાત, સંધિવા તથા વાતદોષનાં દર્દો માલિસ કરવાનું તેલ.

**ઘટક (સંયોજન) :** ૧૦૦ મિ.લી. તેલમાં રહેલા દ્રવ્યો

| | | |
|---|---|---|
| ગૂગળ | - | ૫ ગ્રામ |
| અશ્વગંધા | - | ૫ ગ્રામ |
| નિર્ગુંડી (નગોડ) | - | ૫ ગ્રામ |
| રાસ્ના | - | ૫ ગ્રામ |
| હળદર | - | ૨ ગ્રામ |
| સરગવો | - | ૫ ગ્રામ |
| ધતૂરો | - | ૩ ગ્રામ |
| સૂંઠ | - | ૩ ગ્રામ |

J & J DeChane

| | | |
|---|---|---|
| એરંડમૂલ | - | ૪ ગ્રામ |
| આકડો | - | ૩ ગ્રામ |
| કપૂર | - | ૫ ગ્રામ |
| ફુદીના અર્ક | - | ૫ ગ્રામ |
| ગંધપુરા તેલ | - | ૬ મિ.લી. |
| ગંધ બિરોજા તેલ | - | ૪ મિ.લી. |
| વનસ્પતિ તેલ | - | જરુરત મુજબ. |

**વિવરણ :** (ઔષધ દ્રવ્યગુણ-નિર્દેશ)

**ગૂગળ :** શરીરના કોઈ પણ અંગ વિભાગમાં થનાર વાયુ દોષજન્ય પીડાની ખૂબ પ્રસિદ્ધ ઔષધિ છે. તેનાથી સોજો તથા બધી જાતના સાંધાના દર્દો અવશ્ય ઘટે છે.

**અશ્વગંધા :** આ એક પીડાહર, શોથહર તથા રસાયન ઔષધ છે.

**નાગોડ :** આ એક તીવ્ર પીડાશામક ઔષધિ છે. જે પીડા સાથે સોજાને પણ ઘટાડે છે.

**રાસ્ના :** આમવાત અને સંધિશોથનો આ ઔષધ નાશ કરે છે. તે સાથે રાંઝણ (સાયેટિકા)નો પીડાને પણ ઘટાડે છે.

**એરંડમૂળ :** આ ઔષધિ આમવાતના સોની તથા વાયુદોષની પીડાનો નાશ કરે છે. વળી તે કમર પીડામાં પણ લાભપ્રદ છે. સૂંઠ, કપૂર, ફુદીનો, ગંધપુરા તેલ તથા ગંધ બિરોજા તેલ જેવા દ્રવ્યો નાડી ઉત્તેજક તથા રક્ત પ્રસારણને વધારીને તરત વાત જન્ય પીડાની શાંતિ કરે છે.

**ઉપયોગ :** આ માલિસ - તેલ બધી જાતના સાંધાની પીડા, વાત દોષજન્ય પીડા તથા રાંઝણ (સાયેટિકા) રોગમાં માલિસ કરવાથી લાભ કરે છે.

**પ્રયોગ વિધિ :** આ તેલની થોડી માત્રા લઈ પીડાવાળા સ્થાન કે સાંધા પર ચોપડ્યા પછી કરવો. જેથી તરત લાભ થશે. આ તેલનુ ભારપૂર્વક માલિસ ન કરવું. વધુ શીઘ્ર



લાભ માટે આ તેલના પ્રયોગ સાથે રેમોરિન કેપસુલ કે ઈજેક્શન વાપરવા.

**પેકિંગ :** ૫૦ તથા ૧૦૦ મિ.લી.ની બોટલ પેકિંગમાં ઉપલબ્ધ.

**ઔષધિ નં. (૪૧) રીપાન્ટો ઓન્ટમેન્ટ (મલમ)**

**(REPENTO OINTMENT)**

**દાઝવું, ખસ, ચાંદા, ખરજવું વિ. માટે માત્ર બહારથી ચોપડવા માટેની દવા.**

**દવાની બનાવટ (સંયોજન) :**

**દરેક ૧૦૦ ગ્રેઈનમાં :-**

| | |
|---|---|
| ઓલીયમ લીની | ૩૩.૬ ગ્રેઈન |
| ઓલીયમ સીઆમી | ૮.૮ " |
| બીસવેકસના આલ્કલીમાં મિશ્ર | બેઈઝ |

રીપાન્ટો એ અકસીર મલમ છે. તે દુઃખને દૂર કરે છે અને રોગને સાજો કરે છે. તેનામાં ઘા રૂઝાવવાની અને સાજા કરવાની અદ્‌ભુત શકિત છે. તેનો ઉપયોગ નીચે જણાવેલા દર્દોમાં થાય છે.

બળી જવું અને દાઝવું :- ઈજા થયેલી જગ્યા પર આ મલમ છૂટથી લગાડો. તેનો તાત્કાલિક ઉપયોગ થાય તો શાંતિદાયક દવાનું કામ કરે છે. આ રીતે તે દુઃખ અને પીડામાંથી તે મુકિત આપે છે. ઈજા પામેલા ભાગને રીપાન્ટો સુંવાળો, નરમ બનાવે છે અને ઠંડક આપે છે. જ્યાં સુધી ઈજા પામેલો ભાગ સંપૂર્ણ સાજો ન થાય ત્યાં સુધી રોજ સવાર સાંજ આ દવા લગાડવી જોઈએ.

ખસ, ચાંદા, ખરજવાં, ઘારાં વિ. ઉપર, સવારે અને રાત્રે ઈજા પામેલ ભાગને ગરમ પાણીથી ધોઈ, નરમ કપડા વડે લૂછી આ દવા લગાડો. ઘા તાજો જ હોય તો રીપાન્ટો લગાડી તેના પર પાટો બાંધો. રીપાન્ટો ભરોસાપાત્ર જંતુનાશક હોવાથી તે ઘાને પાકતો અટકાવે છે.

J & J DeChane

પગમાં પડતી કણીઓને રીપાન્ટો નરમ કરી અંતે દૂર કરે છે. તે જ પ્રમાણે તે ચામડીને સુંવાળી રાખે છે અને ચહેરા પરના કાળા ડાઘા દૂર કરે છે. થોડું રીપાન્ટો લઈ રાતના સૂતી વખતે ચહેરા પર લગાડવાથી ફાયદો થાય છે.

જો હથેળી અને પગનાં તળીયાં કઠણ અને ખરબચડાં હોય તો તેના પર રોજ સૂતી વખતે રીપાન્ટો લગાડો. તે ચામડીને સુંવાળી રાખે છે.

ઓલીયમ લીની અને ઓલીયમ સીઆમી રીપાન્ટોમાં સમાયેલાં છે. જે કિંમતી તેલો છે. અને ઉપરોકત રોગોનો તાત્કાલિક ઈલાજ કરે છે. તે ચામડીના દાહને ઠંડો પાડે છે અને ચામડીને નરમ રાખે છે. હરસનો ઈલાજ કરવા સૂતી વખતે તેના પર રીપાન્ટો લગાડવું. સ્પોલેકસ એ પીવાની દવા છે, જેનાથી હરસ મટે છે.

**ઔષધિ નં. (૪૨) રૂબઝોન ઓઈન્ટમેન્ટ (RUBON OINT.)**

**શરદી, દુઃખાવો અને પીડા માટે**

**(માત્ર બહારથી ચોપડવાની મલમ દવા)**

**દવાની બનાવટ :**

**૧૦૦ ગ્રેઈન માં :-**

| | |
|---|---|
| મેન્થોલ આય. પી. | ૫ ગ્રેઈન |
| કેમ્ફર આય. પી. | ૧૦ ” |
| યુકેલીપ્ટસનું તેલ આય. પી. | ૨.૫ મિલીલીટર |
| ટરપેન્ટાઈનનું તેલ આય. પી. | ૨.૫ ” |
| મેથીલ સેલીસીલેટ આય. પી. | ૫ ” |

રૂબઝોન એ જાણીતાં તત્ત્વોની સારવાર પદ્ધતિનું સુંદર એવું સંયોજન છે. તેનું ખાસ તૈયાર કરેલું પેટ્રોલિયમ અને લેનોલીન નામનું મહત્વનું તત્ત્વ દવાની અસરને દીર્ઘ જીવી બનાવે છે. આ દવા સંપૂર્ણ બિનજોખમી અને ઘણીજ અસરકારક



છે. તે ઘણી જ સરળતાથી લગાડી શકાય છે. ઊંડે સુધી દાખલ કરી શકાય છે અને તેનાથી ચામડી કપડાં પર ડાઘા પડતા નથી. જ્યારે આ દવા નાકમાં મુકવામાં આવે છે, ત્યારે તે શરદી અને કફને દૂર કરે છે અને છાતીનો દુઃખાવો મટાડે છે. માથાના દુઃખાવામાં તે તાત્કાલિક રાહત આપે છે. રૂબઝોન અને ઉકળતા પાણીના મિશ્રણની વરાળ સુંઘવાથી છાતીની શરદીમાં સારી રાહત મળે છે. શરીરનો કોઈ પણ અવયવ લચકાઈ જઈને મોચ આવી હોય, કે પછી સ્નાયુઓમાં દુઃખાવો અને પીડા ઉપડી હોય તો તેના પર રૂબઝોન ચોળવાથી, રાહત મળે છે. રૂબઝોન એ ઘણી જ અસરકારક દવા છે.

ખાસ કરીને રૂબઝોનનો ઉપયોગ સંધિવાને લીધે થતી પીડામાં, સોઝણમાં, કમરના દુઃખાવામાં અને ચસકામાં થાય છે.

રૂબઝોન જલ્દી મળી જાય એવી જગ્યાએ રાખો, જેથી બિન-જોખમી ફાયદાકારક ઈલાજ તરત થઈ શકે.

**ઔષધિ નં. (૪૩) સાલફોસ ટેબલેટ (SALPHOS TAB.)**

**ભૂખ મરી ગઈ હોય અને પાચનતંત્ર અવ્યવસ્થિત થઈ ગયું હોય તો તેને માટે**

**દવાની બનાવટ (સંયોજન) :**

**દરેક ગોળીમાં :-**

| | |
|---|---|
| રેવ-દચીની (રહીઅમ વેબીએનમ) | ૩૬ મિલીગ્રામ |
| બાળહરડે (ટર્મીનાલીઆ ચેબુલા) | ૨૬ ” |
| જીરૂ (કુમીનમ સીમીનમ) | ૪ ” |
| સુંઠ (ઝીઝીબર ઓફીસીનેલ) | ૮ ” |
| ચિત્રક (પ્લમ્બેગો ઝેયલેનીકમ) | ૩૨ ” |
| કાનફૂલ (ટેરેકસેકમ ઓફીસીનેલ) | ૫૨ ” |

મહત્વ દર્શાવતા નિર્દેશો :- ભૂખ ન લાગવી, પેટમાં દુઃખાવો, પિત્તના ભરાવાથી માથાનો દુઃખાવો, પેટમાં ચૂંક આવવી, અતિસાર કે બંધકોશ, પાચન તંત્રમાં ઉભરાઇ આવતી અવ્યવસ્થા, કોઇ પણ કારણે થયેલો અપચો, વિ. રોગોમાં સાલફોસ વાપરવાની ભલામણ કરવામાં આવે છે.

સાલફોસ સંપૂર્ણ પાચનતંત્ર અને તેની સાથે જોડાયેલા બીજાં તંત્રોની અવ્યવસ્થાને રોકે છે અને તેનો ઇલાજ કરે છે.

વિગતવાર મહિતી :- સાલફોસ એ જાણીતા દેશી ઔષધોનું સંયોજન છે. તેમાંના તત્ત્વો જઠરના કાર્યને વ્યવસ્થિત કરે છે. થોડા પ્રમાણમાં કફ નાશક તરીકે કાર્ય કરે છે અને કિંમતી વાતહર ઔષધી છે. આ સંયોજનમાં કડવા શકિતદાયક, લાળવર્ધક, અને પાચક ઔષધીના ગુણધર્મો છે. એનો નિયમિત ઉપયોગ કરવાથી પિત્તનો ભરાવો થતો નથી અને કબજિયાતની ફરિયાદ રહેતી નથી.

સાલફોસ જઠરગ્રંથિના સ્ત્રાવને ઉત્તેજિત કરે છે. મોટાંઓ અને નાનાંઓ બન્ને સાલફોસને સારી રીતે પચાવી શકે છે, ભલે પછી તે ગમે તેટલો લાંબો સમય કેમ ન આપવામાં આવ્યું હોય. તે પાચનક્રિયાને વ્યવસ્થિત કરી અપચાની ફરિયાદ દૂર કરે છે. આ રીતે તે એક પાચક પૌષ્ટિક દવા છે.

**માત્રા :-** ૧/૨ થી એક ગોળી જમ્યા બાદ અપચાની ફરિયાદમાં જો ભુખ મંદ પડી જવાની ફરિયાદ હોય તો તેને જમ્યાં પહેલાં લેવી ઉત્તમ. બાળકો માટેની માત્રા ઉંમર પ્રમાણે નક્કી કરી શકાય.

ધાવણાં બાળકોની પાચનતંત્રની અવ્યવસ્થાને દૂર કરવા અમે ગ્રાઇપ મિકશ્ચર **'બાયોસાલની'** ભલામણ કરીએ છીએ.

### ઔષધિ નં. (૪૪) સેન્ઝાઇન ટેબલેટ (SENZINE TAB.)

નપુંસકતા અને જ્ઞાનતંતુઓની નબળાઇ માટે તે ભરોસાપાત્ર પૌષ્ટિક દવા છે અને જાતીય અધૂરપને દૂર કરી પુનઃ શકિત આપે છે. સેન્ઝાઇન એ ઉત્તેજક દવા



નથી પરંતુ ધીમી શાંતિદાયક દવા છે. તે પ્રાકૃતિક ઉત્તેજન આપે છે અને ગુમાવેલી શકિતને ફરી મેળવી આપે છે.

**દવાની બનાવટ :**

| | | |
|---|---|---|
| સુંઠ (ઝીન્ઝીબર ઓફીસીનેલ) | ૮ | મિલીગ્રામ |
| અસગંધ (વીધેનિઆ સોમ્નીફેરા) | ૨૮ | " |
| લસણ (એલીયમ સેટીવલ) | ૦.૨ | " |
| પીળો ધતુરો (આર્જેમોન મેકસીકાના) | ૯૬ | " |

**આ** સંયોજન સેન્ઝાઇન જ્ઞાનતંતુઓને માટે પૌષ્ટિક છે અને જાતીય શકિતને હળવું ઉત્તેજન આપનાર ઔષધ છે. તે કિંમતી શોધક છે અને જાતીય અશકિતને દૂર કરી ફરી મૈથુન શકિત પ્રદાન કરે છે.

**કાર્ય પદ્ધતિ :-** સેન્ઝાઇનને ભોજન પૂર્વે એક કલાક પહેલાં અને રાતના સૂતી વખતે આપવું ફાયદાકારક છે. માત્રા આ મુજબ છે.

શાંતિદાયક અને પુનઃ શકિત આપનાર દવા તરીકે દરેક વખતે ભોજન પૂર્વે એક કલાક પહેલાં એક ગોળી. જાતીય શકિતને ઉત્તેજિત કરવા એક થી બે ગોળી દિવસમાં ત્રણ વખત દૂધ કે પાણી સાથે.

### ઔષધિ નં. (૪૫) સ્કીનમેન્ટ ઓઇન્ટમેન્ટ (SKINMENT OINT.)

દરાજ, પગની ખસ, કરોળીઆ, અને ચામડીના જંતુઓથી પેદા થતા બીજા રોગો પર અકસીર મલમ.

**દવાની બનાવટ :**

દરેક ૧૦૦ ગ્રેઇનમાં :-

| | | |
|---|---|---|
| બેન્ઝોઇક એસીડ આય. પી. | ૩ | ગ્રેઇન |
| સેલીસાયલીક એસીડ આય. પી. | ૪ | " |

J & J DeChane

| | |
|---|---|
| ઈસ્થામોલ આય. પી. | ૮ ,, |
| કીથ્રાનોળ આય. પી. | ૦.૨૨ ,, |
| સલ્ફર સબ્લીમ આય. પી. | ૨.૨૯ ,, |
| પેરાફીન બેસઝ | બની શકે એટલા પૂરતા પ્રમાણમાં |

બેન્ઝોઇક અને સેલીસેયલિક એસીડ બેકટેરીઆ નાશક અને બેકટેરીઆ જન્ય વનસ્પતિ નાશક ગુણધર્મો ધરાવે છે. તેના અત્યંત ઓછી શકિતવાળા પ્રવાહીમાં પણ આ ગુણ છે. તેથી જુદા જુદા ચામડીના રોગોનો ઈલાજ કરવામાં ઘણા લાંબા સમયથી તેનો ઉપયોગ થતો આવ્યો છે. વ્હાઇડ ફીલ્ડ મલમ જેમાં આ તત્ત્વો પેરાફીન બેઝમાં સમાયેલા છે, તે દવાઓના અધિકૃત ગ્રંથમાં માન્ય રખાયેલ ઉત્પાદન છે અને તેનો ઉપયોગ જુદા જુદા ચામડીના દર્દોમાં, હોસ્પિટલો અને દવાખાનાઓમાં બહોળા પ્રમાણમાં થાય છે.

ઉપરોકત તત્ત્વો ઉપરાંત સ્કીનમેન્ટમાં બીજા પણ ત્રણ ક્રિયાશીલ તત્ત્વો છે. તે એટલે સલ્ફર, ઈસ્થામોલ, અને ડીથ્રાનોલ. જેનો ઉપયોગ ચામડીના જુદા જુદા દર્દો જેવાં કે દરાજ, ખસ, ખરજવાં વિ.માં. બહોળા પ્રમાણમાં થાય છે. ઈસ્થામોલમાં રહેતું સલ્ફર હળવાશથી ઘા રૂઝાવનાર અને જંતુનાશક છે. તેનો ઉપયોગ ખાસ કરીને દીર્ઘકાલિન ચામડીના દર્દો મટાડવામાં થાય છે. ડીથ્રાનોલનો પણ અહીં ખાસ ઉલ્લેખ કરવો જરૂરી બને છે. કારણ તે શકિતશાળી જંતુનાશક અને જંતુજન્ય વનસ્પતિનાશક છે. ખાસ કરીને દરાજ, ચામડીના દીર્ઘકાલિન રોગો અને કરોળીઆમાં તેનો ઉપયોગ થાય છે, તેનું રાસાયણિક સંયોજન ચોક્કસ પ્રમાણમાં છે અને નાની માત્રામાં પણ ઘણું જ અસરકારક છે. આ રીતે તે જુની દવા કાયસેરોલીન (ગોવા પાવડર) ને હટાવી ત્યાં પોતાનું વર્ચસ્વ જમાવે છે. અન્ય કરતા તે દરેક રીતે શ્રેષ્ઠ છે.

આ રીતે સ્કીનમેન્ટ એ બેકટેરીઆ નાશક અને બેકટેરીઆ જન્ય વનસ્પતિનાશક પાંચ તત્ત્વોનું શકિતશાળી સંયોજન છે. તેનો ઉપયોગ ચાંદા, દરાજ,



ખસ, ખરજવું, કરોળિયા વિ. ચામડીનાં જુદા જુદા તાત્કાલિક ઉદ્ભવેલા કે જુનાં દર્દોનો ઈલાજ કરવામાં થાય છે. તદ્દુપરાંત તેનામાં દાહકતા શમાવવાનો ગુણ છે અને તે ચામડીને નુકસાન કરતું નથી. દ્રવિક બેજ જેમાં તત્ત્વોનું સંયોજન કરવામાં આવ્યું છે, તે ઈજા પામેલ ભાગ સુધી દવાનો ઊંડે સુધીનો પ્રવેશ સરળ બનાવે છે અને તાત્કાલિક રાહત પહોંચાડે છે.

**ઉપયોગની રીત :-** દરદવાળા ભાગ પર દવા રાતના ધીમેથી લગાડી ઘસો અને સવારના ધોઇ નાખો. જયાં સુધી ચામડી સંપૂર્ણ સાજી ન થાય ત્યાં સુધી આ પ્રક્રિયાનું ફરી ફરી પુનરાવર્તન કરી શકાય.

ચામડીના તીવ્ર દર્દો જેવાં કે દરાજ અને પગની ખસમાં આ મલમ દિવસના બે વાર દર્દવાળા ભાગને બરોબર ધોઇ, લુછીને લગાડી શકાય. સ્વચ્છતા અને સામાન્ય તંદુરસ્તી પર ધ્યાન આપવું જરૂરી છે. કાર્બોલિક સાબુનો ઉપયોગ નીવારવો જોઇએ.

**બીજા ઉપયોગ :-** ખરજવું, ખીલ, લુખસ, ઘારાં, દીર્ઘકાલિન ખસ, ચાંદા, વાળનું ખરવું વિ. વ્યાધિના ઈલાજ માટે પણ તે વાપરી શકાય છે.

**ઔષધિ નં. (૪૬) સ્પોલેકસ પાવડર (SPOLAX POW.)**

**કબજિયાત અને હરસ માટે**

પાચનતંત્રના અવયવોને શકિત આપે છે, મળત્યાગને વ્યવસ્થિત બનાવે છે અને ટોક્ષીન ઝેરનો નાશ કરે છે.

**દવાની બનાવટ :**

૧૦૦ ગ્રેઇનમાં :-

| | |
|---|---|
| સજના (કેસિઆ એન્ગુસ્ટરી ફોલિઆ)(સોનામુખી) | ૩ ગ્રેઇન |
| સૌંફ (ફોએનીકુલમ વલ્ગેરી)(વરિયાળી) | ૧ ,, |
| સ્પોગેલ (ઇસ્પાગુલી ટેસ્ટા) | ૮૦ ,, |

### મધુર અને સ્વાદિષ્ટ રૂપમાં

ખોરાકમાં નિયમિત રહેતા લોકોમાં કબજિયાતની ફરિયાદ ઉભી થાય તો તેનાં કારણો હોય છે. પ્રથમ તો આંતરડાની નિષ્ક્રીયતા, જે પાચનતંત્રની નબળાઇને લીધે ઉદ્‌ભવી હોય છે. બીજું પૂરતા ખોરાકનો અભાવ, ત્રીજું ખોરાકમાં જરા પણ ગડબડ થઇ હોય તો મળત્યાગની ક્રિયા મંદ પડી જાય છે. સ્પોલેકસ આ પરિસ્થિતિને પહોંચી વળે છે. તે પાચનક્રિયાને ઉત્તેજન આપે છે, આ રીતે તે સાફ જુલાબ થવામાં મદદ કરે છે. જુલાબ વખતે તાણ પડવી એ અનિચ્છનીય છે. ખાસ કરીને ત્યારે, કે જ્યારે દર્દી લોહીના ભારે દબાણથી પીડાતો હોય છે. સ્પોલેકસનો ઉપયોગ કરવાથી આ નિવારી શકાય છે.

જે લોકોને ઓછી સ્ફુર્તિને લીધે કબજિયાત રહેતી હોય, પાચનક્રિયા મંદ પડી ગઇ હોય, જ્ઞાનતંતુઓની નબળાઇ હોય, જ્ઞાનતંતુઓના કાર્યમાં ખલેલ પહોંચી હોય, બેઠાડુ જીવન ગાળવાની આદત પડી ઘઇ હોય, માનસિક તાણ હોય અને સામાન્ય રીતે વૃદ્ધાવસ્થાને લીધે નબળાઇ આવી ગઇ હોય તેવા લોકોને માટે સ્પોલેકસ એ ખાસ યોગ્ય દવા છે. સ્પોલેકસ પાણીનું શોષણ કરી આંતરડાને ફુલાવે છે અને આંતરડાનું બિલકુલ પ્રાકૃતિક રીતે સંચાલન કરે છે, ભુખ જગાડે છે અને ગમગીની દૂર કરે છે.

હરસની પીડામાંથી સ્પોલેકસ તાત્કાલિક છૂટકારો આપે છે. કલેજાનાં કાર્યને વ્યવસ્થિત કરવામાં સ્પોલેકસ મદદ કરે છે, શરીરનાં તંત્રોમાં તે શામક તરીકે કાર્ય કરે છે અને થોડી માત્રામાં લેવામાં આવે તો મરડામાં અને ખાંસીના હુમલામાં રાહતરૂપ થાય છે.

**ઉપયોગ શી રીતે કરશો ? :-** સાંજના ભોજન પૂર્વે ૨ કલાક પહેલાં કે રાતના સૂતી વખતે એક પ્યાલું ભરી પાણી લઇ તેમાં એક થી ત્રણ ચમચા સ્પોલેકસ ઓગાળો અને દર્દીને આપો. હઠીલા દર્દોમાં આપો, અને રાતના ભોજન પૂર્વે ૨ કલાક પહેલાં એક એક ચમચો આપો, તેને લીધે બીજી સવારે આંતરડા સાફ થઇ જશે. વ્યકિતગત જરૂરિયાત પ્રમાણે માત્રાને વધારી કે ઘટાડી શકાય છે.



### ઔષધિ નં. (૪૭) સ્પોલેક્સ - ઈ પાવડર (SPOLEX-E POWDER)

ઝાડાની કબજિયાત માટે મૃદુ રેચક, અગ્નિવર્ધક તથા પાચક દવા, જે ઈસબગુલ, વરિયાળી, જીરું જેથી સુગંધી અને પાચનકર્તા ઔષધિઓથી (સાકર રહિત) બનેલ છે.

વિવરણ : જૂની કબજિયાતમાં આંતરડામાં જઈ ફૂલી જઈ, રેસાવાળા ભાગથી ઝાડો સાફ લાવનાર, હળવા રેચક, જઠરાગ્નિવર્ધક તથા પાચનકર્તા આ ઔષધિ નાના-મોટાં બધાને હિતકર છે. ખાસ કરી તેમાં ખાંડ ન હોઈ, મધુમેહ (ડાયાબિટીસ)ના દર્દીઓ માટે વધુ લાભપ્રદ છે.

આ દવામાં પડેલું ઈસબગુલ આંતરડામાં પાણી ચૂસીને ફૂલી જાય છે. આંતરડાની દિવાલોમાં ચીકાશ પેદા કરે છે. તથા તેમાં સ્પંદન પેદા કરે છે. જેથી જોર કર્યા વિના જ મોટા આંતરડામાં ફસાયેલો ઝાડો (મળ : Stool) સરળતાથી સરકીને ગુદા બહાર આવી જાય છે. આ એક સ્વાભાવિક ક્રિયા સમાન હોય છે. જેથી દર્દીને ૧ કેર વારથી વધુ વખત ઝેરી તત્ત્વોને શોષી લેવાનો ખાસ ગુણ પણ છે. જેથી સ્વાસ્થ્ય સુધરે છે.

**ઉપયોગ :** સ્પોલેક્સ પાઉડર વારંવાર થનારી કબજિયાતમાં, પથારીમાં પડ્યા રહેતા દર્દીઓ માટે તથા વૃદ્ધાવસ્થામાં કે બાળકોમાં થનારી કબજિયાતમાં, પથારીમાં પડ્યા રહેતા દર્દીઓ માટે તથા વૃદ્ધાવસ્થા કે બાળકોમાં થનારી કબજિયાતમાં ખાસ ગુણકારી છે. વળી તે હરસ-મસાના દર્દીને પણ ખાસ ગુણકારી છે. તેમાં કોઈ હાનિકર્તા દ્રવ્યો ન હોવાથી, તે સગર્ભા સ્ત્રીઓની કબજિયાતમાં પણ નિર્ભયતાથી આપી શકાય છે. અમ્લપિત્તનાં દર્દીઓ જો આ ચૂર્ણ રોજ રાતે મીઠા દૂધ સાથે ૧-૨ ચમચી લે તો તે તેમને પણ લાભ થશે.

આ દવા હૃદયરોગ અને મધુપ્રમેહના દર્દીઓ માટે પણ લાભપ્રદ છે. તે રક્તમાં રહેલા કોલેસ્ટરોલના પ્રમાણને ઘટાડવામાં પણ મદદ કરે છે.

**માત્રા :** મોટી (વયસ્ક) વ્યક્તિ માટે રોજ વહેલી સવારે કે રાતે સુતી વખતે ૧ થી ૩ ચમચી જેટલી ભૂકી, ચોખ્ખા ખાલી ગ્લાસમાં નાંખી, તેમાં પાણી ઉમેરી, હલાવીને તરત પી જવું. તે પીધા પછી બીજો વધુ એક ગ્લાસ પાણી પીવું. જેથી ઝાડો ખુલાસાથી રોજ થશે.

**પેકિંગ :** ૧૨૫ ગ્રામ પેકિંગમાં આ દવા ઉપલબ્ધ છે.

## ઔષધિ નં. (૪૮) તુરાઈકો ટેબલેટ (TURAICO TAB.)

તુરાઈકો એ સલામત અને અસરકારક મૂત્રવર્ધક છે. તે મૂત્રપિંડની અને મૂત્ર-જનન માર્ગની ગ્રંથીઓને ઉત્તેજે છે. તુરાઈકો પેશાબને વધારે છે. ઉપરાંત તે ઉપયોગી જંતુનાશક પણ છે. મૂત્રમાર્ગ પર તે હલકી શામક અસર કરે છે અને પેશાબ કરતી વખતે થતી પીડાને દૂર કરે છે.

**દવાની બનાવટ (સંયોજન) :**

દરેક ગોળીમાં :-

| | |
|---|---|
| છોટા ચાંદ | ૨૦.૦ મિલીગ્રામ |
| બળાતાગ્રા (તગર ગંઠોડા) | ૧૨૦.૦ " |
| અસગન્ધ (ખુરાસાની અજમો) | ૮૦.૦ " |
| ખુરાસાની અજવાયન | ૪૬.૦ " |

**મહત્વ દર્શાવતા નિર્દેશો :-** સનેપાત, જ્ઞાનતંતુઓની ચિંતાજનક અવ્યવસ્થા. આઘાતમય પીડાઓ, અનિદ્રા અને તેને લીધે થતા સ્નાયુઓના અને સાંધાઓના દુઃખાવામાં આ દવા ઉપયોગી છે.

**વિગત :-** અસગન્ધ એ ભારતીય વૈદક શાત્રમાં અત્યંત માનીતું એવું પૌષ્ટીક તત્ત્વ છે. તે જાતીય શકિતને ઉત્તેજન આપે છે. અને જ્ઞાનતંતુની ઉત્તેજન પર શામક અસર કરે છે. છોટા ચાંદ પણ કીંમતી ઔષધ તરીકે ઘણું માનીતું છે તે જ્ઞાનતંતુઓની તંગ અવસ્થામાં માનસિક તાણમાં અને મન પર પડેલી અસરને લીધે શરીરનાં તંત્રોમાં ઉદ્‌ભવેલી અવ્યવસ્થામાં ઘણીજ ઉપયોગી દવા છે. બળાતાગ્રાનો નિર્દેશ ખાસ કરીને અનિદ્રા અને ચીડીયાપણું દૂર કરવા માટે થાય છે. હિસ્ટીરીઆમાં પણ તે ઘણી ઉપયોગી દવા છે. ખુરાસાની અજવયન એ આઘાત પ્રતિરોધક છે.

**વાઈટલ એસેન્સ :-** એ જ્ઞાનતંતુઓને શકિત આપનાર ભરોસાપાત્ર તત્ત્વ છે જે શરીરનાં તંત્રોને બીમારી બાદ ફરી વ્યવસ્થિત કરે છે બીજી આધુનિક દવાઓની



જેમ તેનાથી કોઈ વિકૃત પ્રતિક્રિયા ઉદ્‌ભવતી નથી તે માનસિક જાગરૂકતાને હાનિ પહોંચાડયા વગર માનસિક તાણ અને ચિંતા ને દૂર કરે છે લાંબા વખત સુધી એનો ઉપયોગ કરવાથી કોઈ પણ નુકસાન થતું નથી.

વાઈટલ એસેન્સથી એ હંમેશા લેવાનું વ્યસન પડતું નથી. દુઃખાવો અને ખેંચને દૂર કરવામાં તે મદદ કરે છે. એટલે જ્ઞાનતંતુઓની ઉત્તેજનાને લીધે થતા દીર્ઘકાલિન માથાના દુઃખાવામાં અને જ્ઞાનતંતુના લીધે ઉદ્‌ભવતા બીજા દુઃખાવાઓમાં ઘણીજ ઉપયોગી દવા છે.

**માત્રા :-** ૧૨ થી ૧ ગોળી મોટાઓ માટે, દિવસના ત્રણ વખત બાળકો માટે ઉંમર મુજબ નક્કી કરી શકાય.

## ઔષધિ નં. (૪૯) વિટસન ટેબલેટ - VITESSON TABLET.

અનિદ્રા તથા બેચેનીમાં નિદ્રાજનક ટેબલેટ.

**વિવરણ :** શુદ્ધ આયુર્વેદિક અને પૂર્ણ સુરક્ષિત ઔષધિઓથી બનેલી આ દવા ઊંઘ લાવવા માટે, ટેવ પાડ્યા વિના, લાંબા સમય સુધી વાપરી શકાય તેવી નિર્દોષ છે.

**ઔષધિ ગુણ દર્શન :**

**અશ્વગંધા :** આ ઔષધિ શરીરની કેન્દ્રીય નાડી સંસ્થાન (C.N.S.) ની બેચેની દૂર કરે છે અને શક્તિવર્ધક તથા કામોત્તેજક છે. તે હળવું મૂત્રવર્ધક પણ હોવા સાથે માનસિક શાંતિ લાવે છે. નિદ્રા લાવે છે.

**છોટા ચાંદ :** ખૂબ માનસિક તણાવ, શારીરિક તથા માનસિક અનિયમિતતાઓ અને નાડી સંસ્થાનના તણાવમાં ખાસ ઉપયોગી ઔષધિ છે.

**બાલ તગર :** આ ઔષધિ અનિદ્રા રોગ, ચિડિયાપણું, વાઈ-ફેફરું, વાતોન્માદ જેવા માનસિક દર્દોમાં ખાસ લાભપ્રદ છે.

**ખુરાસાની અજમો :** માનસિક દર્દોમાં કામ કરતી આ ઔષધિ ખાસ વાયુદોષને દૂર કરે છે, બેચેની દૂર કરે છે, ખેંચને રોકે છે અને ખાસ નિદ્રા પેદા કરે છે.

J & J DeChane

વિટસાન ટેબલેટમાં માનસિક વિકારો તથા સ્નાયુમંડળની તાણમાં ખાસ લાભ કરે તેવી દવાઓનું સંયોજન હોઈ, તે અનિદ્રા, ગભરામણ, બેચેની, વધેલ બ્લડ પ્રેશર, માંસપેશીઓ તથા સાંધાઓનાં દર્દ અને સ્નાયુ પીડાથી ઉત્પન્ન થયેલ મસ્તકશૂળ વગેરેમાં એક સુરક્ષિત અને વિશ્વસનીય ઔષધિ ગણાય છે. બેચેની, વધેલ બ્લડ પ્રેશર, માંસપેશીઓ તથા સાંધાઓનાં દર્દ અને સ્નાયુ પીડાથી ઉત્પન્ન થયેલ મસ્તકશૂળ વગેરેમાં એક સુરક્ષિત અને વિશ્વસનીય ઔષધિ ગણાય છે.

**વિશેષ :** આ દવા બની શકે તો દિવસ દરમ્યાન (સવારે-સાંજે) લેવી જોઈએ.

માત્રા :વયસ્કોને રોજ ૧ થી ૨ ટેબલેટ દિનમાં ૩ વાર અને બાળકોને ૧/૪ થી ૧/૨ ટીકડી દિનમાં ૨ કે ૩ વાર, પાણી કે દૂધ સાથે.

**અહિત પ્રભાવ :** કંઈ જ નહિ.

**પેકિંગ :** 50 x 10 ટેબલેટના બ્લિસ્ટર સ્ટ્રીપ પેકિંગમાં તથા 300 ટેબલેટની બોટલ પેકિંગમાં આ દવા ઉપલબ્ધ છે.



# વિભાગ : ૩
# વિવિધ રોગોપચારનું માર્ગદર્શન

**પ્રસ્તાવના :-** શરીરના ઘડતરને ખ્યાલમાં રાખીને કરવામાં આવતા ઉપચારોનું અમે અહીં સ્પષ્ટીકરણ કરીશું. એનો અભ્યાસ 'વર્ગીકરણ'એ મથાળા હેઠળ વર્ણવવામાં આવેલા મુદ્દાઓની સાથે સાથે જ કાળજીપૂર્વક કરવો જરૂરી છે. જેથી જુદી જુદી દવાઓ કયા મૂળભૂત સિદ્ધાંત પર કાર્ય કરે છે, એનો ખ્યાલ આવી જાય ત્યાર પછી જ તમે સમજી શકશો કે ઉપચાર પદ્ધતિ હકીકતમાં કેટલી સાદી છે ? ઔષધોની નાની સરખી રચનાથી લોકોની કેટલી મોટી સેવા તમે બજાવી શકો છો ? અને એ પણ માત્ર મામુલી ખર્ચે ! એક સાચો ફાયદો, જો કે આ છે કે સંપૂર્ણ કાર્યમાં બિલકુલ સરળતા, મોટા રોગોનો નાની દવાઓથી સિદ્ધ સાધ્ય ઈલાજ થવાની સંભવિતતા અહીં અમે એ વસ્તુ ભારપૂર્વક ફરી કહેવા માગીએ છીએ કે મોટી માત્રામાં અપાયેલી દવા કરતાં નાની માત્રામાં અપાયેલી દવા ઝડપી અને સારું પરિણામ દર્શાવે છે. દવાનો ઉપયોગ કરવાની રીતો બીજા ભાગમાં 'સામાન્ય નિર્દેશો' એ મથાળા હેઠળ વર્ણવવામાં આવી છે.

આ પ્રસ્તાવિક નોંધમાં વસ્તુઓને સીધી સાદી ભાષામાં મૂકવાની અમે ઈચ્છા રાખીએ છીએ. અમારો મુખ્ય ઉદેશ મુસીબતમાં ફસાયેલા લોકોને મદદ કરવાનો છે. છતાં યે અમારો તો નમ્રતાપૂર્વક જનતાની સેવા ફરજ સમજી કરવાનો હેતુ છે.

**શારીરિક ઘડતરને ખ્યાલમાં રાખીને કરાતા ઉપચારો :-** એટલે "દર્દીની કેવળ તેનીજ યોગ્યતા પર સારવાર કરવી, માત્ર દર્દની નહીં" એટલે કોઈપણ પ્રકારના દરેક રોગોની સારવાર કરતી વખતે નીચેના મુદ્દાઓ પરત્વે ભારપૂર્વક લક્ષ આપો, જેની વિગતો માર્ગદર્શિકાના પહેલા વિભાગમાં વર્ણવવામાં આવી છે. જે કોઈ પણ દવા સીધી રીતે તમે રોગ માટે પસંગ કરો, ત્યારે તમારે હંમેશા દર્દીના શારીરિક બાંધાના પોષણની અને જરૂર પડે તો પાચનતંત્ર અને જ્ઞાનતંત્રની સંપૂર્ણ તપાસ કરવી જોઈએ. ડોક્ટરો જણાવે છે કે દરેક રોગોમાં સાલફોસ અને વાઇટલ એસેન્સ બીજી દવાઓની સાથે આપવાથી પરિણામ વધુ સારું આવે છે.

J & J DeChane

**૧. પોષણ :-** અલ્બોસંગ પોષક દવા છે અને સંપૂર્ણ પ્રાકૃતિક છે. અમે ત્રણ પ્રકારના પથ્યો સૂચવીએ છીએ. પરંતુ તેને માટે કોઇ પણ પ્રકારનો જડ નિયમ ન હોવાથી, વ્યકિતગત જરૂરિયાતો અને પરિસ્થિતિ પ્રમાણે તેમાં ગોઠવણી થઇ શકે છે.

**પથ્ય નં.૧.** સવારે, ૩ ભાગ દૂધ, એક ભાગ ચા કે કોફી ફળ; આ સિવાય બીજું કાંઇ નહીં. બપોરના અને રાતના ભોજનમાં કોઇ પણ ગમે તેટલી ચીજો હોઇ શકે, જે સંબંધિત વ્યકિતને માફક આવતી હોય. જે લોકોની પાચનશકિત સારી ન હોય તેઓ બન્ને ભોજનો પહેલાં કે પછી સાલફોસનો ઉપયોગ કરી શકે છે. આ સામાન્ય પથ્ય છે. જે તંદુરસ્તીને જાળવી રાખે છે, માનસિક પરિશ્રમ કરનારાઓએ બપોરના ચાનો એક કપ લેવો સારો. પરંતુ તેની સાથે કાંઇપણ ખાવું ન જોઇએ જો ખરેખર ભૂખ ન લાગી હોય તો. બપોરના અને સવારના ખાંણાંની વચ્ચે કોઇ પણ ફળનો રસ તેમાં અલ્બોસંગ નાખી લઇ શકાય.

**પથ્ય નં.૨.** સવારના અને રાતના ત્રણ ભાગ દૂધ, એક ભાગ ચા કે કોફી, અલ્બોસંગ, રોટલી કે પાંઉ સાથે : પથ્ય નં.૧.માં વર્ણવ્યા મુજબ બપોરે ભોજનમાં કોઈ પણ ગમે તેટલી ચીજો, જે સંબંધિત વ્યકિતને માફક આવતી હોય. એટલે કહેવાનો અર્થ એ કે બપોરે એકવાર સંપૂર્ણ ભોજન અને સવારે તેમજ રાતના બે વાર હલકુ ભોજન. આ પથ્ય ૫૦ થી ૬૦ વર્ષની વ્યકિતઓ માટે અને અપચાથી પીડાતા લોકો માટે ઉત્તમ છે. રાતનું સામાન્ય ખાણું ધીરે ધીરે ફરી એ જ પ્રમાણમાં લઈ શકાય. જેમ જેમ પાચનશકિત પોતાની પહેલાંની સ્થિતિ અને જોમ પાછા મેળવી લે તેમ તેમ આ પથ્યને લીધે ગુમાવેલી તંદુરસ્તીની ઝડપથી ફરી પ્રાપ્તિ થઇ શકે છે અને વૃદ્ધ વ્યકિતઓ થોડા વર્ષ યુવાન દેખાય છે અને તેઓ યુવાની અનુભવે છે. વૃદ્ધ માણસો માટે દિવસમાં એક વાર ભોજન કરવાનો નિયમ ઉત્તમ છે.

**પથ્ય નં.૩.** હલકો ખોરાક-દૂધ, કાંજી ફળનો રસ, રાબડી, વિ. દર ત્રણ થી ચાર કલાકે જેમાં અલ્બોસંગ ઉમેરી શકાય. આ પથ્ય માંદગી દરમ્યાન પાળવાનું હોય છે, ખાસ કરીને જઠર તેમજ આંતરડાના ગંભીર રોગોમાં આ પથ્યને લીધે તાત્કાલિક રાહત મળે છે અને પરિણામ સ્થાયી નિવડે છે.



**૨. પાચન :-** સાલફોસ એ પાચનક્રિયાની મુશ્કેલીઓમાં હંમેશ વપરાતી દવા છે. જેમનું પાચનતંત્ર નબળું હોય છે, અને ખોરાકમાં જરા પણ અવ્યવસ્થા તેમનાં પાચનને બગાડી નાખે છે તેમને માટે ગેસ્ટ્રોમોન સારું છે. અતિ અમ્લપિત્ત માટે, ખાટા ઓડકાર, છાતીમાં બળતરા, પેટનું શુળ, અને ખોરાક લીધા બાદ થોડા કલાક પછી કે રાતના ઉદ્‌ભવતી પીડા જન્ય દર્દોમાં મેગ્નાઇન ઘણી ઉપયોગી દવા છે.

**૩. પચેલા ખોરાકનું લોહીમાં રૂપાંતર :-** એક વ્યકિત સારી રીતે ખોરાક લઇ શકે અને પચાવી શકે છતાંયે દુર્બળ દેખાય તો તેનું કારણ છે કે જે કોઇ ખોરાક એણે લીધો હોય છે, તેનું લોહીમાં બરોબર રૂપાંતર નથી થયું હોતું. અલ્બોસંગ અને ગેસ્ટ્રોમોન પચેલા ખોરાકનું લોહીમાં રૂપાંતર કરે છે.

**૪. પ્રતિઉત્તેજના :-** આનો અર્થ એ કે પેટમાં તે ખોરાક પચાવાવો, જે દર્દીની પ્રકૃતિને અનુરૂપ હોવા છતાં તેને તે પચતો નથી. ગેસ્ટ્રોમોન એ ખાસ ઇલાજ છે. તે આપ્યા પછી ધીરે ધીરે તે ખોરાક આપવાનું શરૂ કરો જે પહેલાં માફક ન આવ્યો હોય. થોડા દિવસ આ ચાલુ રાખો અને પછી થોડો થોડો વખત એ ખોરાક બંધ રાખો અને ફરી શરૂ કરો. ધીરે ધીરે જઠરને આ ખોરાક અનુરૂપ થઇ જશે અને તે તેને પચાવી શકશે.

**૫. ઉત્સર્ગ :-** ઉત્સર્ગ એટલે આંતરડાનું નિયમિત સાફ થવું, બીજા શબ્દોમાં કબજિયાત દૂર થવો. અલ્બોસંગ અને ગેસ્ટ્રોમોન આંતરડાને પ્રાકૃતિક રીતે સાફ રાખવામાં મદદ કરે છે. સ્પોલેક્સ વૃદ્ધ માણસો માટે ઉત્તમ છે. તે નબળા બાંધાની વ્યકિતઓ માટે, માનસિક પરિશ્રમ કરનાઓ માટે, નાજુક પ્રકૃતિના લોકો માટે શ્રેષ્ઠ દવા છે. જે લોકો આંતરડાના કાર્ય માટે ખોરાકનો ઉપયોગ ન કરી શકતા હોય અને જે લોકો હરસથી પીડાતા હોય તેમને માટે પણ સ્પોલેક્સ એ ઘણીજ ઉપયોગી દવા છે.

યુવાન વ્યકિતઓ અને બાળકોને ટોકસીન આપો, હર્બલ બીટરસ એ બીજું સારું ઔષધ છે જો કે એ ભૂલવું ન જોઇએ કે જે દવાઓ પાચનતંત્રની તકલીફો દૂર કરે છે, તેજ કબજિયાતને પણ દૂર કરે છે.

**૬. જ્ઞાનતંતુઓનાં કાર્યમાં ખલેલ :-** માનસિક અવરોધો પોષણને રોકે છે, પાચનતંત્ર અને ઉત્સર્ગ તંત્રને બાગાડે છે અને લોહીમાં વિકાર પણ પેદા કરી શકે છે. અયોગ્ય પોષણ, પાચન અને ઉત્સર્ગ પણ જ્ઞાનતંતુઓને ઉત્તેજિત કરી શકે છે અને એટલે જે દવાઓ ત્રણેને વ્યવસ્થિત કરે છે, તે જ દવાઓ માનસિક તકલીફોને જ નહીં પરંતુ માનસિક અવરોધોને પણ દૂર કરે છે. દા.ત. કબજિયાત એ એક એવી ફરિયાદ છે, જે ખાસ ધ્યાન ખેંચે છે. તેને માટે પચીલા ચાલુ દવા છે. વાઈટસ એસેન્સ, આ દવા નાની માત્રામાં બે ભોજનની વચ્ચેના ગાળામાં લઈ શકાય, રાતના સૂતી વખતે લીધેલી દવા હમેશા શ્રેષ્ઠ હોય છે. સામાન્ય રીતે દિવસમાં એક કે બે વાર દવા આપવી પૂરતી છે. નિયમ મુજબ તે નાની માત્રામાં જ આપવી જોઈએ. ખાસ કરીને જ્યારે અલ્બોસંગનો ઉપયોગ કરવામાં આવે ત્યારે વધારે માત્રા (માની લો કે ૨ ટીકડીઓ) કોઈ પ્રવાહી પથ્યમાં કે ફળના રસમાં પૌષ્ટિક તત્ત્વ તરીકે લઈ શકાય.

**૭. લોહીમાં વિકાર :-** ઘા પાકવાને લીધે પેદા થતાં ઝેરથી લોહીમાં વિકાર પેદા થાય છે. તેને માટે અમારી ખાસ દવાઓ છે હોર્મોપીરીન, હેમોપ્લેકસ અને સલ્ફાસન. પરમીયાને લીધે અને ચાંદીને લીધે પણ લોહીમાં વિકાર પેદા થાય છે, જ્યારે તે રોગો તીવ્ર હોય છે. તેને માટેનો ઉપચાર અમે આગળ આપ્યો છે. આ બધા ઉપરાંત એવાં પણ કેટલાક છૂપાં દર્દો છે, જે વિકારો લોહીને બગાડે છે. તેમાંના મુખ્ય એટલે ખસ, ખરજવું, દરાજ, લુખસ વિ. છે. બહારથી ચોપડવાની દવા એટલે માત્ર પૂરક છે, પરંતુ પેટમાં લીધેલી દવાથી તે દર્દો જડમૂળથી નાશ પામે છે. એટલે તમારા પૈસા બરબાદ ન કરશો. આ બધા શારીરિક બાંધાના દર્દો છે અને તેનો ઉપચાર પણ બાંધાને ખ્યાલમાં રાખીને જ થવો જોઈએ.

જો કે બધાં છૂપાં ચેપી રોગોમાં સૌથી ખરાબ છે, મેલેરિયા; ટાઢીયો તાવ દીર્ઘકાલિન કે તાત્કાલિક ઉદ્‌ભવેલો. આ પ્રકારનો મેલેરિયા અનેક પ્રકારે અને અનેક બીમારીઓમાં છૂપાયેલો હોય છે. જે વ્યકિતનાં તંત્રોમાં આ મેલેરિયા એટલે ટાઢીયો તાવ છૂપાયેલો હોય છે, તેને તેની અસર પેટના દુઃખાવામાં, દાંતના



દુઃખાવામાં, શરદી, ઈન્ફ્લ્યુએન્ઝા વિ. દર્દોમાં પણ જણાઈ આવે છે. જ્યાં સુધી આ છૂપો ટાઢીયો તાવ પોતાનું વર્ચસ્વ જમાવીને બેઠો હોય છે, ત્યાં સુધી સારામાં સારી દવાઓની પણ કોઈ અસર થતી નથી. બધી ઉપાધિ છોડો અને દર્દીને આયોકવીન આપો. પીડા દૂર થશે અને બીજા ઉપચારો સંતોષપ્રદ અને તાત્કાલિક રાહત પહોંચાડશે.

**કેવી રીતે દવાના નિર્દેશો કરશો :-** કેટલાક દર્દો તીવ્ર અને દીર્ઘકાલિન હોય છે. તીવ્ર દર્દો વિષે કહી શકાય કે ખાસ દર્દ કે ખાસ દર્દનાં લક્ષણો જણાય ત્યારે ખાસ ઈલાજ જરૂરી છે. તાવને માટે તાવનો ઈલાજ જરૂરી છે, અતિસાર માટે અતિસારનો. દમનો હુમલો થાય ત્યારે તેને માટેનો ઈલાજ કે દવાના સંયોજનો જરૂરી છે, જે હુમલાને મારી હટાવે. સોજાને માટે સોજાનો ઉપાય જરૂરી અને આ રીતે દરેક રોગ પોતપોતાને માટેનો ઉપચાર માગી લે છે. દવાની એકજ માત્રા ઘણીવાર તકલીફ દૂર કરવા માટે પૂરતી થઈ પડે છે જ્યારે કોઈ કોઈ વાર એક કે બે દિવસ દવા કરવાથી રાહત મળે છે. આ ચીલા ચાલું બીમારીઓ છે. એવી પણ કેટલીક ગંભીર બીમારીઓ છે. જે સમયનો ભોગ માગી લે છે. આ બીમારીઓ લાંબો સમય હેરાન કરે છે અને દર્દીની સંરક્ષણાત્મક શકિતને ખૂટાડી દે છે. આ દર્દો એટલે જેવાં કે લાંબો તાવ, ટાઈફોડ, ન્યુમોનિઆ, છાતીની શરદી વિ. અહીં તમને સીધી અને આડકતરી દવાઓની જરૂર પડે છે. સીધી દવા રોગના ઉપચાર માટે અને આડકતરી દવા શરીરની સ્ફૂર્તિ, શકિત જાળવી રાખવા માટે હોય છે અને આ બન્ને દવાઓ મળીને જ દર્દમાં તાત્કાલિક રાહત આપે છે. દીર્ઘકાલિન રોગોમાં દર્દના સંપૂર્ણ શારીરિક બાંધાનો વિચાર કરવો જોઈએ.

આપણે જે ખોરાક પચાવીએ છીએ એ પણ પ્રકૃતિની દૃષ્ટિએ એક દવા જ છે. જે આધુનિક વિજ્ઞાનના મત મુજબ બધાં દર્દો માટે ઉપયોગી છે. એ જ રીતે આલ્બોસંગ જે વૈજ્ઞાનિક દૃષ્ટિએ પૌષ્ટિક તત્ત્વ છે, તે આપણા આહારને સમૃદ્ધ બનાવે છે અને તંદુરસ્તી સુધારવા માટેની એક પ્રાકૃતિક દવા તરીકે તે કાર્ય કરે છે. બીમારીના વખતમાં અને સાજા થતી વખતે, આલ્બોસંગ આહારને સમૃદ્ધ બનાવે છે અને

J & J DeChane

શરીરની સંરક્ષણાત્મક શકિત વધારે છે અને શરીરનાં તંત્રોને બીમારી સામે લડવાની તાકાત આપે છે.

જ્ઞાનતંતુઓના કાર્યમાં ખલેલ પડવાથી માત્ર થોડા દર્દો ઉદ્ભવે છે, એટલું જ નહીં પણ મોટા ભાગની સાદી બીમારીઓ પણ ગંભીર થઇ જાય છે અને અંતે તે ભયજનક પ્રમાણમાં વધી જાય છે. જ્યાં સુધી જ્ઞાનતંતુઓની આ ઉત્તેજનાઓ પર કાબુ રાખવામાં ન આવે ત્યાં સુધી દર્દીને આપવામાં આવેલી સીધી દવાની કોઇ અસર થતી નથી.

એટલા માટે અમે કેટલાક સંયોજનોનું વર્ગીકરણ કરી તેને આપની સમક્ષ મૂકીએ છીએ. સાથે સાથે જ કેટલીક નોંધો પણ આપીએ છીએ જેથી હકીકત સમજવામાં સરળતા થઈ પડે.

૧. ખાસ પૌષ્ટિક ખોરાક જે આહારને સમૃદ્ધ કરે છે, તે છે આલ્બોસંગ.

૨. એ સંયોજનો જે પાચનતંત્ર પર સીધી અસર કરે છે, ચીનીયમ કો, ડાયસીન, ગેસ્ટ્રોમોન, હર્બલ બીટરસ, કયાનોટોમાઇન, મેગ્નાઇન, પીપારીડ, સાલફોસ, સ્પોલેકસ, ટોકસીન.

૩. એ સંયોજનો જે જ્ઞાનતંત્ર પર સીધી અસર કરે છે, તે છે આગર કો, એમીગ્લીઆ, ડેસીલ, હોમોપીરીન, નર્વોપ્લેકસ, નેવોસ, સેન્ઝાઈન, વાઈટલ એસેન્સ.

૪. એ સંયોજનો જે લોહીને વધારે છે અને શુદ્ધ કરે છે, તે છે આલ્બોસંગ, હેમોપ્લેકસ, આયોબીન, આયોકવીન, મેડીટેબ, રાસજન્ટ હર્બોસલ્ફ સલ્ફાસેન.

૫. એ સંયોજનો જે શ્વસનતંત્રને સુધારે છે, તે છે - ડેન્જીન, ડેસ્મા, ફલુજન, હોર્મોપીરીન, કોફલીન, કોફલોઝન અને મેડીટેબ.

૬. એ સંયોજનો જે મૂત્રતંત્ર પર અસર કરે છ, તે છે નેવોરસ, સ્પોલેકસ, તુરઇકો.

૭. એ સંયોજનો જે રૂધિરાભિસરણ તંત્રને સુધારે છે, તે છે એમીગ્લીઆ, ઔરેટીનમ, ગ્રેન્ડીકો.



જુદી જુદી દવાઓનું વર્ગીકરણ અંગ્રેજી કકાવારી પ્રમાણે આપ્યું છે તેના મહત્વની ગુણવતા પ્રમાણે નહીં. તેમનાં મહત્વની ગુણવતા ઉપચારના પ્રકરણમાં અમે વર્ણવી છે. આ પ્રકરણનો ઉપસંહાર આ રીતે કરી શકાય.

૧. તીર્વ દર્દમાં એક જ દવા કે દવાઓનું સંયોજન દર્દને દૂર કરવા પૂરતું છે.

૨. ગંભીર રોગોમાં અને લાંબી માંદગીમાં, પોષણ, પાચન અને જ્ઞાનતંતુની વ્યવસ્થિત દેખરેખ રાખવી જરૂરી છે.

૩. દર્દ માટે સીધી અસરકારક દવા એક જ હોઇ શકે પણ એ ત્યારે જ ઉપયોગી થાય, જો દર્દીમાં પૂરતી સ્ફુર્તિશકિત હોય. એટલા માટે જ ઉપચારમાં પોષણ પર ધ્યાન આપવું જરૂરી છે.

૪. અને છેલ્લે એક દવા બીજી દવાની ક્રિયાશીલતા વધારે છે, જો તેનું સંયોજન યોગ્ય રીતે કરવામાં આપેલ હોય. હંમેશા આ સંયોજન જ તાત્કાલિક રાહત આપવામાં મદદ કરે છે.

**દવા આપવાની રીત :-** મિશ્રણના રૂપમાં દવા આપણી સગવડકારક થઈ પડે છે. અમે એકંદર ૧/૪ થી ૧/૨ ગોળી ધાવણાં બાળકોને આપવાની ભલામણ કરીએ છીએ; મોટાં બાળકો માટે ૧/૨ થી ૧ ગોળી અને મોટી વ્યકિતઓ માટે ૧ થી ૨ ગોળી ગોળીને ચાર ઔંસ પાણીમાં ઓગાળવી અને ચાર માત્રામાં વિભાજિત કરવી. ઉદાહરણઃ મોટાં માણસને પાચનતંત્રમાં મુશ્કેલી પેદા થાય તો સાલ્ફોસની એક થી ચાર ગોળી ચાર ઔંસ પાણીમાં ઓગાળવી. એક માત્રા એક ઔંસની થશે. દર ત્રણ કલાકે તે આપવી. ટાઢીયા તાવ માટે આયોકવીનની એક ગોળી, ચાર ઔંસ પાણીમાં ઓગાળવી. એક માત્રા અર્ધા ઔંસની થશે, દર કલાકે અથવા ત્રણ કલાકે આપવી આ રીતે માત્રાને ઉંમર અને પરિસ્થિતિ મુજબ નક્કી કરી શકાય.

દર્દીની વ્યકિતગત ખાસિયતોને અનુરૂપ એવાં જ સંયોજનો તૈયાર કરવા જોઇએ. માનો કે દર્દીને તાવ, અતિસાર અને નબળાઇ હોય ત્યારે આંતરડા ઢીલા પડી જવાં એ સ્વાભાવિક રીતે પહેલી ફરિયાદ હશે. પછી નબળાઇ અને પછી છેલ્લે તાવ.

એટલે સંયોજન આ પ્રમાણે થશે. ડાયસીન ૧/૨ ગોળી. અને ફલુજન ૧/૨ ગોળી. ચાર ઔંસ પાણીમાં, માત્રા અડધીથી એક ઔંસ દર કલાકે કે ચાર કલાકે. માની લો કે અતિસારને લીધે આવતો તાવ ઘણો જ વધારે હોય તો તેની મુખ્ય દવા ફીનોકેલ્સીન (અથવા ડેસીલ) હશે, અને ડાયસીન કે સાલફોસનું પ્રમાણ સંયોજનમાં ઓછું હશે. આ રીતનાં સંયોજનો અનુભવ મુજબ જથ્થાબંધ તૈયાર કરીને રાખી શકાય. દવાઓને જુદા જુદા પ્રમાણમાં લો અને ખાંડણીમાં દસ્તાથી કુટી દળી, ઘૂંટી ૧૫ થી ૨૦ વાર ચાળી સારું એવું મિશ્રણ તૈયાર કરો. અને તેને એક બાટલીમાં દવાની નામની કાપલી ચોંટાડી ભરી રાખો. ગામડાંઓમાં જે ધાર્મિક સંસ્થાઓ સાર્વજનિક દવાખાનાં ચલાવે છે, તેઓ ''પીપલ્સ મેડીકલ સર્વીસ'' (લોકોને માટે ઔષધી સહાય) ના મુખ્ય આઠ સંયોજનનો ઉપયોગ કરે છે. એક સરકારી ડોક્ટરે આ દવાખાનું જોવાની ઇચ્છા પ્રગટ કરી જ્યારે એને નાનકડી રૂમમાં નાનકડા ખાનામાં દવાની વ્યવસ્થિત ગોઠવેલી નાનકડી હારમાળા બતાવવામાં આવી ત્યારે એણે આશ્ચર્યથી ઉદ્ગાર કાઢ્યા, 'આ શું ? તમે આટલા નાના દવાખાના વડે આટલું મોટું કામ કરી રહ્યા છો ?'

## વિવિધ રોગોની ઉપચાર

દુઃખાવો અને પીડા : જુદા જુદા રોગોનાં આ લક્ષણ છે. જુદા જુદા પ્રકારના દુઃખાવાઓ અને પીડા જણાય ત્યારે પીડાના મૂળ કારણ પર ધ્યાન આપવું જોઇએ. રોગની સૂંપૂર્ણ ચિકિત્સા કર્યા પછી જ ઉપચાર કરવો જોઇએ અને બીજી સુચનાઓને અમલમાં મૂકવી જોઇએ.

ફીનોકેલ્સીન એ બધાં ચીલાચાલુ દર્દો માટે સામાન્ય ઉપાય છે. ડેસીલ તીવ્ર પીડાજનક દર્દોમાં હોર્મોપીરીન એ ખાસ સંયોજન છે. જેની અસર વિશિષ્ટ હદ સુધી છે. દુઃખાવો અને પીડા જ્ઞાનતંતુને લીધે પણ ઉદ્ભવે છે. એટલે વાઇટલ એસેન્સનો પણ વિચાર કરવો જ રહ્યો. કેટલાક રોગોમાં, ખાસ કરીને સાંધાના દર્દોમાં રીમોરીનનાં ઇન્જેકશનો પણ વાપરી શકાય. બીજા ભાગોમાં થતા દર્દો વિષે સંબંધિત મથાળા હેઠળ સ્પષ્ટીકરણ આપવામાં આવ્યું છે. બહારથી લગાડવા રૂબઝોન કે ચેસોલ જે કોઇ પણ ઠીક લાગે તેનો ઉપયોગ કરવો.



(૧) **પાંડુરોગ :-** દિવસમાં એક કે બે વાર આલ્બોસંગ આપવું. જો રોગ ગંભીર સ્થિતિમાં પહોંચ્યો હોય અને વજન ઓછું થઇ ગયું હોય તો આયોબીનની અરધી ગોળી, બપોરના ભોજન પૂર્વે એક કલાક પહેલાં કે રાતના સૂતી વખતે, એક ચમચો ભરી દૂધમાં ઓગાળી આપવી.

પાંડુરોગનું કારણ શોધી કાઢો અને બની શકે તો તે જ દૂર કરો. દર્દીને સંપૂર્ણ આરામ અને તાજી હવા જરૂરી છે. સંપૂર્ણ સંતુલિત પથ્યાહાર લેવો જોઇએ. થોડો વખત અપચો, બંધકોશ વિ.નો પણ ઉપચાર કરવો આવશ્યક થઇ પડે છે.

**રોગોના લક્ષણો :-** ચામડી, હોઠ, આંખની પાંપણનો અંદરનો ભાગ વિ. ફિકકાં પડવાં. ઉદાસીનતા, ચકકર આવવા, હાંફ અને છાતીમાં દુઃખાવો. સામાન્ય રીતે ભૂખનું મરી જવું અને અપચો.

(૨) **સંધિશોથ :-** કોઇ સાંધાનું સૂજી જવું. સાંધો ગરમ થઈ જાય અને સૂજી જાય, હલનચલન વખતે સાંધામાં કળતર થાય. પીડાતા ભાગ પર પાટો બાંધી સ્થિર રાખવો અથવા સોજો જો ગંભીર હોય તો પ્લાસ્ટર ઓફ પેરીસનો પાટો બાંધવો. સોજાના ભાગ પર રૂબઝોન કે ચેસોલ ધીમેથી લગાડી, સોજો ઉતરી ગયા બાદ થોડું હલનચલન થઇ શકશે. ચેસોલ વડે માલીશ કરવાથી સંપૂર્ણ રાહત થાય છે.

દીર્ઘકાલિન બધાં ચીલાચાલુ દર્દો માટે હોર્મોપીરીન અને ડેસીલ પૂરતાં છે. સંધિશોથમાં પછી દર્દ ગમે તેટલું ગંભીર હોય, તથા અનેક સાંધાઓમાં પીડા થતી હોય તેમાં રિમોરીનનાં ઇન્જેકશન દર ચાર દિવસે આપવાથી ઘણો જ ફાયદો થાય છે. ઉપરોકત દવાઓ પીવાની હોય છે, તે નાની માત્રામાં જ આપવી.

દર્દ થયેલો ભાગ ચેપી હોય તો તેનાં કારણોની તપાસ કરો. જેવાં કે ગળાના કાકડાનો ચેપ, ચાંદાનો ચેપ, વિ.માં અને આ કારણો જાણ્યા પછી તે મુજબ ઉપચાર કરી પાચન અને આંતરડાના કાર્ય પર ખાસ ધ્યાન આપવું. જ્યાં સુધી તાવ હોય ત્યાં સુધી પ્રવાહી ખોરાક લેવાં થોડું ખાઓ, માંસાહાર ન કરો, વિપુલ ફળાહાર કરો.

(૩) **દમ :-** ગંભીર રીતે દમનો હુમલો ઉભરાઇ આવે ત્યારે બેન્ઝોમોનનાં ઈન્જેકશનો આપો. જે દર બે થી ચાર દિવસે ફરી આપવાં, છ ઈન્જેકશનો સામાન્ય રીતે પુરતાં થઇ પડે છે. હુમલા દરમિયાન ઓમગ્લીઆ આપવું પણ ઘણીવાર ફાયદાકારક થઇ પડે છે. હુમલાને ઉત્તેજિત કરતાં કારણોને નિવારો.

દીર્ઘકાલિન રોગોમાં બેન્ઝોમોન્સના ઈન્જેકશનો ઉપરાંત ડેસ્મા આપો. જો કફ ચાલું રહેતો હોય તો મેડીટેબની ભલામણ કરવામાં આવે છે. હેરાન કરતી તીવ્ર ઉધરસમાં ડેન્ઝાઇન ઉપયોગી છે. અલ્બોસંગ અને ચેસોલ, મહત્વનાં સહાયક ઔષધો છે. માનસિક તાણના કારણોને દૂર કરવામાં તે હંમેશા ઉપયોગી થાય છે. સવારે અને રાતના વાઇટલ એસેન્સ આપો.

હુમલાને રોકવા માટે તંદુરસ્તી પર સામાન્ય ધ્યાન આપવાથી, શારીરિક પરિશ્રમ ઓછો કરવાથી, કબજિયાત અને ભારે આહાર નિવારવાથી ઘણી મુશ્કેલીઓ દૂર થઇ શકે છે. રાતનું ભોજન ઘણું જ હલકુ હોવું જોઇએ અને તે વહેલી સાંજના લેવું ફાયદાકારક છે. બાળકો માટે શ્વાસોચ્છવાસની કસરત કિંમતી પૂરવાર થઇ છે.

**રોગના લક્ષણો અને ચિહ્નો :-** દમના મુખ્ય લક્ષણો છે તીવ્રતા પૂર્વક હાંક ઉભરાઇ આવવી, ઉધરસ આવવી, છાતી અને ગળામાં ગુંગળામણ તેમજ શોષની લાગણી થવી. દમનો હુમલો હંમેશા રાત્રે થાય છે અને દર્દી અચાનક જાગી જઇને અનુભવે છે કે પોતાને શ્વાસ લેવામાં તકલીફ થઇ રહી છે. તે ઘણો જ દુઃખી થાય છે અને પથારીમાંથી ઉભો થઇ વધારે હવા મેળવવા બારી પણ ખોલી નાખે છે. પ્રથમ તો છાતી બિલકુલ જડ થઈ જાય છે. પરંતુ પાછળથી ઊંડા, ધીમા શ્વાસ શરૂ થાય છે અને તેની સાથે સસણીનો અવાજ થાય છે.

(૪) **ધાવણાં અને મોટી ઉંમરના બાળકોનાં દર્દો :-** બાળકોને દર્દ થયા બાદ તેનો ઉપચાર કરવા કરતાં હંમેશા આપણે તેમને દર્દથી દૂર રાખવાનો પ્રયત્ન કરતાં રહેવું જોઇએ. નાનાં બાળકો ઝડપથી માંદા પડી જાય છે, અને સાજા પણ ઝડપથી થઇ જાય છે જો વ્યવસ્થિત કાળજી લેવામાં ન આવે તો મૃત્યુને શરણ પણ જલદીથી જ



થાય છે. આલ્બોસંગ, ટોકસીન, સાલફોસ ધાવણાં અને મોટી ઉંમરના બાળકોને સલામત રાખે છે. આલ્બોસંગ રોગની સામે પ્રતિકારક શકિત કેળવવા, સાલફોસ પાચનતંત્રના અવયવોના વ્યવસ્થિત કાર્ય માટે અને ટોકસીન કબજિયાત નિવારવા માટે ઉપયોગી છે.

એક ધર્માત્માને રાતના બે વાગે મરતાં ધાવણાં બાળકોને આશીર્વાદ આપવા બોલાવવામાં આવ્યા. પેડુનો કઠણ રીતે ભાગ સુજી આવ્યો હતો અને બાળકને હાંફ ચઢી આવી હતી. ભેગા થયેલા બધાં લોકો રડતા હતા. ધર્મગુરૂએ ૧૦ ગ્રેઇન સાલફોસ થોડા ગરમ પાણીમાં ઓગાળ્યું અને એક ચમચો ભરીને દર ૧૫ થી ૩૦ મિનીટે આપ્યું. બાળકને બે ત્રણ માત્રા દવા આપ્યા પછી ફેર જણાયો અને સવાર થતાં સુધીમાં તો સંપૂર્ણ સાજું થઇ ગયું.

સાલફોસ એ પાચનતંત્રની અવ્યવસ્થાને દૂર કરવા માટે અને તંદુરસ્તી જાળવવા માટે પુરતું છે. પરંતુ બાળકને આપવાની રીત સરળ થઇ પડે માટે અમે બીજું એક ઔષધ બાયોસાલ તૈયાર કર્યુ છે. જે બાળક સહેલાઇથી લઇ શકે છે. ડોક્ટરો દ્વારા માનીતા ગ્રાઇપ વોટર તરીકે બાયોસાલની ભલામણ કરવામાં આવે છે.

બાળકો સામાન્ય રીતે કલેજાના કોરહોસીસ નામક વિકારનો ભોગ થઇ પડે છે. તેનો ઉપચાર આ રીતે કરોઃ આયોકવીન અને કયોનોટોમાઇન થોડી માત્રામાં, દરેકની એક એક ગોળી, તેમના ખોરાકમાં આપો. ટોકસીનનો ઉમેરો લગભગ બધા વિકારોમાં જરૂરી છે. આ પદ્ધતિ આ ગંભીર બીમારીને ૩ થી ૬ મહીનામાં જ સંતોષપ્રદ રીતે સાજી કરે છે. જો સુધારો મંદ ગતિએ જણાય તો છેલ્લે રાતના સૂતી વખતે હર્બલ બીટરસ બે થી ત્રણ દિવસ આપો.

દાંત આવવા ધાવણાં બાળકોને માટે આ ગાળો ઘણો પીડારૂપ છે અને એમની નાજુક નાજુક અવસ્થાને લીધે આ ફરિયાદોથી તેમને હંમેશાં દુઃખ થાય છે. દાંત આવતા હોય તે વખતના ગાળામાં સાલ્ફોસ એ ઉપયોગી દવા છે. દરદ દૂર કરવા માટે ખાસ ફીનોકેલ્સીનની ૧/૪ ગોળી આપી શકાય. જો બાળકને ઘણી જ તકલીફ થતી હોય તો વાઇટલ એસેન્સ આપો.

J & J DeChane

નિયમ મુજબ જે દવાઓ મોટાઓ માટે વાપરી શકાય છે, તે જ ધાવણાં અને તેથી મોટા બાળકોને પણ આપી શકાય છે. પરંતુ બાળકો માટેની કેટલીક ખાસ દવાઓ પણ છે. તે એટલે આગરકો. દૂધ ન પચતું હોય અને ચામડીઓ આવતી હોય તો આગરકો આપવુ. મરડો, અતિસાર, તાવ વિ.માં. બાળક અચાનક માંદું પડે તો ચિનિયમ કો આપો આ સામાન્ય ઇલાજ ઘણી રીતે ઉપયોગી થઇ પડે છે. પીપારીડ એમનું ખાસ ઔષધ છે અને એ માત્ર કૃમિનો જ ઇલાજ કરે છે, એટલું જ નહિ પણ બીજી દવાઓ જ્યારે સંતોષપ્રદ ફાયદો ન કરે ત્યારે પીપારીડ આપવું જરૂરી બને છે.

(૫) **લોહીનાં દર્દો :**- આલ્બોસંગ લોહીને સમૃદ્ધ કરે છે અને બધા ચીલાચાલું ઉપયોગો માટે પૂરતું છે.

લોહીનું ભારે દબાણ રહેતું હોય તો દિવસના એક કે બે વાર આલ્બોસંગ આપો અને સવારના અને રાતના સૂતી વખતે ઔરેટીનમ આપો. પરંતુ સૌથી અગત્યની વસ્તુ છે સ્પોલેકસ વડે કબજિયાત દૂર કરવાની. તે સિવાય વાઇટલ એસેન્સની એક ગોળી દિવસમાં ત્રણ વખત. ઉત્તેજના અને ચિંતાને તેમ જ માનસિક પરિશ્રમને નિવારવા આ જરૂરી છે. આલ્બોસંગ લોહીના ઓછા દબાણને વધારે છે અને વધારે દબાણને ઓછું કરે છે. માનસિક તાણને તે દૂર કરે છે.

એમીગ્લીઆ એ ખાસ કરીને લોહીના ભારે દબાણમાં ઉપયોગી દવા છે. ખાસ કરીને જ્યારે ચકકર આવતા હોય ત્યારે તેને ઔરેટીનમ સાથે ભેળવી આપી શકાય છે. લોહીના ભારે દબાણમાંથી તાત્કાલિક રાહત મેળવવા માટે, જ્યાં સુધી રોગનાં લક્ષણો અદશ્ય થાય નહીં ત્યાં સુધી દર બે કલાકે એમીગ્લીઆ આપો. જમ્યા પછી દરરોજ સાલફોસ લેવાથી લોહીનું ભારે દબાણ ઓછું થાય છે.

**પરેજી :** આહાર સૌમ્ય હોવો જોઇએ. માંસ, મીઠું અતિશય મરી મસાલાવાળો ખોરાક, અને તમાકુનો સંદતર ત્યાગ કરવો જોઇએ. ઉત્તેજના, ચિંતા, શારીરિક શ્રમ વિ.ને નિવારો અને સંપૂર્ણ આરામ લો.



લોહીનું ભારે દબાણ પ્રૌઢાવસ્થામાં અને વૃદ્ધાવસ્થામાં મુશ્કેલી ઉભી કરે છે. તેને લીધે માથાનો દુઃખાવો, ચકકર આવવાં, કાનમાં ઘૂઘરાટ થવો, થોડા પરિશ્રમથી જ હાંફ ચઢી આવવી, છાતીમાં દુઃખાવો, ઉશ્કેરાટ કે અનિદ્રા જેવા વ્યાધિ થાય છે. વધુ ખરાબ કેસોમાં નાકમાંથી લોહી પડે છે, શરીર જડ થઇ જાય છે, પગમાં અને સાંધામાં ખાલી ચઢી આવે છે અને પગ ઠંડા પડી જાય છે. કોઇ વાર થોડો સમય સાંધાઓ પણ જકડાઈ જાય છે અને દર્દી બેભાન થઇ જાય છે.

**રકતસ્રાવ :**- મુખ્ય દવા ચિનિયમ કો છે અને જો દર્દી વધારે હતાશ થઇ ગયો હોય તો વાઇટલ એસેન્સ આપવું. રકતસ્રાવના ખાસ કેસો માટે હરસ, સ્રીઓની ફરિયાદો, અને ક્ષય રોગ વિભાગ જુઓ.

(૬) **મગજ-જ્ઞાનતંતુઓનાં રોગો :**- શારીરિક ઘડતરને ખ્યાલમાં રાખી થતાં ઉપચારમાં જ્ઞાનતંતુઓના કાર્યમાં પડતા વિક્ષેપ પર દૃષ્ટિપાત કરો. તમે જોયું હશે કે જ્ઞાનતંતુનું રક્ષણ કરવું કેટલું મહત્વનું છે. આ દર્દો કેટલાં ભ્રામક હોય છે અને બીજાં દર્દોમાં સામાન્યપણે તે, કેવી રીતે છૂપાયેલાં છે. વાઇટલ એસેન્સ એ જુદા જુદા પ્રકારનાં માનસિક દર્દોમાં ઉપયોગી થઇ શકે છે, એમ કહેવુ ખોટું નથી. મગજ અને જ્ઞાનતંતુઓ સાથે જોડાયેલી બીજી ખાસ બિમારીઓ નીચે આપી છે.

**સનેપાત :**- જે દવાઓ તાવ ઉતારે છે, તે જ સનેપાત પણ દૂર કરે છે. પરંતુ રોગ જો ગંભીર હોય તો વાઇટલ એસેન્સ નામનું ખાસ સંયોજન ઉપયોગી થઇ પડે છે. બાળકોને ચિનિયમકો આપવું.

**આંચકીઓ આવવી :**- સનેપાતમાં જે દવાઓ અપાય છે તે જ પરંતુ ખાસ એટલે આગરકો આપવું સારું.

**અનિદ્રામાં :**- વાઇટલ એસેન્સ નિદ્રામાં પડતી ખલેલને દૂર કરે છે અને જ્ઞાનતંત્રને શાંત રાખે છે, પાચનતંત્ર પર વ્યવસ્થિત ધ્યાન આપવું જરૂરી છે.

**ચકકર આવવા :**- આનું કારણ પાચનતંત્રની અવ્યવસ્થા હોઇ શકે. લોહીના ભારે દબાણ સાથે આ દર્દ સંકળાયેલું છે અને લોહીના ભારે દબાણને જે દવા દૂર કરે છે, તે જ દવા ચકકર લાવતા વ્યાધિને પણ દૂર કરે છે.

J & J DeChane

**શિથિલતા :-** આ વ્યાધિમાં શરીર અને મન અતિશય શારીરિક કામને લીધે, રકતસ્ત્રાવ અને તીવ્ર બીમારીને લીધે જણાતી અશકિતને લીધે, કે પછી જૂનાં ચેપી, રોગનું હળવું ઝેર શરીરમાં દાખલ થવાને લીધે, અત્યંત ખેંચાય છે. આધુનિક દષ્ટિકોણ એ છે કે આ રોગનું મૂળ કારણ માનસિક બોજ પણ છે. દર્દી એ જાતની ફરિયાદો કરે છે, જેને માટે શારીરિક ખામીઓ જણાતી નથી. તેની સાથે જ તંદુરસ્તી બગડવી, મગજ અને શરીરને અત્યંત થાક લાગવો, નિરાશા, ચિંતા, માથાનો દુઃખાવો, અજાણ્યા દુઃખો અને પીડાઓ વિ. વ્યાધિઓ પણ ઉદ્ભવે છે. દર્દીનું શરીર નખાઇ જાય છે અને આહાર ઓછો થઇ જાય છે. પાચનતંત્ર સહેલાઈથી અવ્યવસ્થિત થઈ જાય છે.

આને માટે એક જ વસ્તુ જરૂરી છે અને એ એટલે વાતાવરણની ફેરબદલી. પૌષ્ટિક તત્ત્વો અને સંપૂર્ણ આહાર વડે સામાન્ય તંદુરસ્તી સુધારવા પર ખાસ ધ્યાન આપવું જોઇએ નીચેના ઔષધોથી તાત્કાલિક સુધારો જણાય છેઃ દૂધમાં આપેલું આલ્બોસંગ દિવસમાં બે વાર અને જમ્યા પછી ગેસ્ટ્રોમોનની બે ગોળીઓ. વાઇટલ એસેન્સ રાતના સૂતી વખતે એક ગોળી. જો ભૂખ ન લાગતી હોય તો જમ્યા પહેલાં અરધા કલાક પહેલાં સાલફોસની એક ગોળી આપવી. જો કબજિયાત રહેતી હોય તો તે દૂર કરો.

**હિસ્ટીરીઆ :-** એક પ્રકારની માનસિક વ્યાધિનું નામ છે. જેમાં સચેતાવસ્થાની તીવ્ર લાગણીઓ દબાઇ જવાથી દર્દીનું શરીર આંચકા ખાઇ ધ્રુજવા માંડે છે. જો કે કોઇ શારીરિક વ્યાધિને લીધે આ બીમારી થતી નથી.

જે દર્દીને આ રોગ થયો હોય તેને કે તેણીને પોતાની ઈચ્છાઓ અને લાગણીઓ સમજી અને સ્વીકારી લેવાની તાલીમ આપવી એ આ દર્દના ઉપચારનો એક ભાગ છે સામાન્ય તંદુરસ્તી પર હંમેશા ધ્યાન આપવું જરૂરી છે. નિયમિત ભોજન, કામ, આરામ અને મનોરંજન વડે દર્દીનું જીવન બની શકે એટલું પરિપૂર્ણ હોવું જોઇએ. તબીબી સારવાર આ મુજબ છે. વહેલી સવારે અને રાતના સૂતી વખતે કે ભોજન પહેલાં અરધો કલાક પહેલાં આગર કો આપવું. તેમાં જરૂર જણાય તો વાઇટલ એસેન્સ પણ ઉમેરી શકાય. દિવસમાં બે વાર આલ્બોસંગ આપવું.



**ફેફરૂ :-** દિવસમાં ત્રણ વાર વાઇટલ એસેન્સ અને વહેલી સવારે તેમ જ રાતના સૂતી વખતે કે જમ્યાં પહેલાં અરધો કલાક પહેલાં આગરકો. લાંબો વખત આ ઉપચાર ચાલુ રાખવો. સામાન્ય તંદુરસ્તીનો ખ્યાલ રાખવો ખાસ જરૂરી છે આલ્બોસંગ આવશ્યક થઇ પડે. નહોતાં પહેલાં તાળવામાં ઓલોસિન લગાડવાથી ફાયદો થાય છે. ફેફરાનાં હુમલા પહેલાં એમિપ્લિઆ આપવાથી, હુમલો અટકી જાય છે. દર્દીએ ભયજનક જગ્યાઓનો ત્યાગ કરવો જોઇએ ફીટ આવે એ દરમિયાન દર્દી પોતાની જાતનું નુકસાન ન કરી લે તેનો ખ્યાલ રાખવો જોઇએ અને તેના મોઢામાં વચ્ચે કાંઇક રાખી દેવું જોઇએ જેથી તે પોતાની જીભ ન કરડી લે.

સામાન્ય રીતે ફેફરૂં બાળપણમાં લાગુ પડે છે ઘણા ખરા ઉભરાઓમાં દર્દીને ખાસ પ્રકારની લાગણી વડે ચેતવણી મળે છે. ફેફરાંનો હુમલો અચાનક થઇ જાય છે. દર્દી ચીસ પાડી ઉઠે છે અને પટકાઇ પડે છે, વારંવાર પોતાની જાતનું સખત રીતે નુકસાન કરે ધમપછાડા કરે છે સ્નાયુઓ શિથિલ થઇ જઇ ખેંચાવા માંડે છે. ચહેરો જે પહેલાં ફીકકો પડી ગયો હોય છે તે શ્વાસ રૂંધાતા કાળો પડી જાય છે થોડી ક્ષણો બાદ સ્નાયુઓ આચકા સાથે ધ્રુજવા માંડે છે, આંખની કીકીઓ ચકળવકળ થાય છે, જડબું સખત રીતે ભીડાઇ જાય છે અને ખુલે છે અને જીભ ઘણી વાર ગંભીર રીતે કતરાઇ જાયે . ઘણીવાર ઝાડો પેશાબ પણ થઇ જાય છે. દર્દી ધીરે ધીરે બેભાન થઇ જાય છે. પગ લાંબા કરી થોડા કલાક તે સુઇ જાય છે અને જાગે છે ત્યારે તેનુ મગજ ભ્રામિત હોય છે.

(૭) **છાતી અને ફેફસાનાં દર્દો :-** આ દર્દો આજકાલ ગૃહશાંતિનું હરણ કરી ઘરોની બરબાદ કરી રહ્યાં છે. પહેલું પગથિયું છે સ્ફુર્તિ, જીવનશકિત વધારવી.

**છાતીની શરદી :-** દર ચાર કલાકે કોફલીન અને હોર્મોપીરીન આપવી. જો તાવ વધારે હોય તો હોર્મોપ્લેકસ ઉમેરી શકાય. દર્દીએ પથારીમાં જ પડયા રહેવું જોઇએ, અને બની શકે એટલુ વિપુલ પ્રમાણમાં નરમ પ્રવાહી લેવું જોઇએ. છાતી અને પીઠ પર રૂબઝોન કે ચેસોલ લગાડવાથી આરામ થાય છે. ડોકટરો કહે છે કે અમારા એસોલ અને રૂબઝોનથી શેક કરવાથી, સોજો ઉતારવા કે પીડા મટાડવાના

ખાસ ઉપચાર કરવાની જરૂર પડતી નથી. દીર્ઘકાલિન છાતીની શરદીમાં મેડીટેબની ભલામણ કરવામાં આવે છે.

છાતીની શરદીની શરૂઆત સામાન્ય બેચેનીથી થાય છે. તેમાં છાતીના ઉપરના ભાગમાં ખેંચાણ અને મુંઝવણની લાગણી થાય છે. પહેલાં કફ સૂકો અને દુઃખદ હોય છે. પરંતુ પાછળથી તાવ વધે છે અને કફની સાથે શ્વાસ ધીમો પડતો જાય છે. કફ ઓછો થાય ત્યારે પીડા ઘટવા માંડે છે, તાવ વધે છે અને શ્વાસ લેતાં મુશ્કેલી પડે છે, સાથે સાથે છાતીમાં ઘરઘરાટી થાય છે.

**પ્લુરસી :-** (ફેફસાના પડનો વરમ-સોજો) હેમોપ્લેકસ તેની મુખ્ય દવા છે અને હોર્મોપીરીનની મહત્વની સહાયક દવા છે. અથવા તે ન હોય તો ફીનોકેલ્સીન પણ ઉપયોગી સેવા આપે છે. સવારના રાતના છાતી પર ચેસોલ લગાડવાથી માત્ર દુઃખાવો જ મટે છે, એટલું જ નહીં પણ તે કફનાશક તરીકે પણ કાર્ય કરે છે. આ બિમારીઓમાં આલ્બોસંગ સ્ફૂર્તિ વધારે છે અને આ રીતે દર્દીને રોગમાંથી ઝડપથી અને સરળતાથી મુકત થવા માટે મદદ કરે છે. ગંભીર દર્દો દીર્ઘ વરમમાં પરિણમે છે, જેને માટે ઓપરેશન જરૂરી બને છે.

પ્લુરસની શરૂઆતમાં શ્વાસ લેતી વખતે અને ખાંસતી વખતે છાતીમાં શૂળ ભોંકાતું હોય તેવી ગંભીર વેદના થાય છે. હુમલાની શરૂઆતમાં હંમેશા ગભરામણ થાય છે. અને ૧૦૧ ફેરનહાઇટ સુધી તાવ ચડે છે. પરૂ બહાર નીકળતાની સાથે જ દુઃખાવો અદશ્ય થઇ જાય છે, પરંતુ શ્વાસની તકલીફ એમ જ રહે છે. તાવ વધારે જ રહે છે અને થોડો કફ પણ રહે છે. જો તાવ વારંવાર આવતો હોય, ગભરામણ થતી હોય અને પુષ્કળ પરસેવો છુટયા કરતો હોય તો ફેફસાના પડનો દીર્ઘ વરમ છે, એમ સમજવું.

**ન્યુમોનિઆ (ત્રિદોષ) :-** દર ચાર કલાકે હોર્મોપીરીન અને મેડીટેબ આપો. તાવ વધારે હોય તો સલ્ફાસન આપો. રાતના અને સવારે છાતીની આગળ પાછળ ચેસોલ લગાડો. હવા ઉજાસવાળી જગ્યામાં પથારીમાંજ પડયા રહી, સંપૂર્ણ આરામ લો. તાવ જ્યાં સુધી ન ઉતરે ત્યાં સુધી આહારમાં માત્ર દૂધજ આપો. શ્વાસની



તકલીફ વધી જાય કે શકિત ઓછી થાય અને નાડીના ધબકારામાં ફેર પડી જાય તો ગ્રાન્ડીકો આપો. સનેપાત અને બેચેની માટે વાઇટલ એસેન્સ આપો.

ન્યુમોનિઆની શરૂઆત સખત ધ્રુજારીભર્યા હુમલાથી થાય છે. તાવ ૧૦૩ ફેરનહાઇટ સુધી રહે છે. કોઈવાર છાતીમાં કે પેડુમાં દુઃખાવો થાય છે. શ્વાસોચ્છવાસ દુઃખાવાઓ સાથે ઝડપથી ચાલવા માંડે છે અને નાડીના ધબકારા વધી જાય છે. સામાન્ય રીતે દર્દી પથારીમાં બેઠો થઇ જાય છે. તેનો ચહેરો ફીક્કો પડી જાય છે. ચિંતાની લાગણી જણાય છે અને ખાસ પ્રકારનો દુઃખદ મુશ્કેલીભર્યો કફ ઘરઘરાટી કરવા માંડે છે અને થોડો ભૂખરા રંગનો ગળફો બહાર પડે છે. તાવ વધેલો જ રહે છે અને સામાન્ય રીતે રાતના સનેપાત (લવરી-બકવાટ) ઉપડે છે.

**ઊંટાટીયું (મોટી ઉધરસ) :-** જ્યારે તાવ આવતો હોય ત્યારે બાળકને અલગ કરી પથારીમાં સુવડાવી રાખવું જોઇએ. દર્દીનો ઓરડો ગરમ, પરંતુ પૂર્ણ હવા ઉજાસવાળો હોવો જોઇએ. જો ઉલટી વધારે થતી હોય તો આહારમાં માત્ર દૂધ જ આપવું. ઊંટાટીયાના ઉપચારનું વર્ણન અમે ડેન્જાઇનમાં કર્યું છે. તદુપરાંત સખત ફીટ આવતી હોય ત્યારે વાઇટલ એસેન્સ આપવું. ચેસોલથી છાતીની હલકી માલીશ કરવી પણ ફાયદાકારક છે. તાવ આવતો હોય ત્યારે ફીનોકેલ્સીન કે ડેસીલ પણ આપી શકાય છે. પેડુમાં દુઃખાવો થતો હોય તો પેટે પાટો પણ બાંધી શકાય.

મોટી ઉધરસ એ બાળપણમાં થતો ચેપી રોગ છે. તેની શરૂઆતમાં ટાઢ વાઇ તાવ આવે છે અને થોડો કફ રહે છે. પહેલે તબકકે એકજ અઠવાડિયા સુધી ટકે છે અને પછી ખાસ પ્રકારનો કફ ઘરઘરાટી બોલાવવા માંડે છે. ઉધરસ ચડી આવે ત્યારે ખાંસતાં મોટો અવાજ થાય છે. એક પછી એક હુમલાઓ થતાં રહે છે. સામાન્ય રીતે ઉલટી થયા વગર કે પૂરતા પ્રમાણમાં ગળફો બહાર પડયા વગર આરામ થતો નથી. રાતના સૂતાં પહેલા અને કેટલીક વાર જમ્યા બાદ ખાંસીના હુમલાઓ થતા રહે છે. હુમલા દરમ્યાન આંખો ચકળ વકળ અને લાલઘૂમ થઇ જાય છે. આ દરદમાં પેડુમાં દુઃખાવો, નાકમાંથી લોહી પડવું, આંચકીઓ આવવી અને કોઇવાર નાડીપણ બંધ પડી જવી વિ. વ્યાધિઓ થાય છે.

**ક્ષય (ટી.બી.) :-** ક્ષયના દર્દીઓને સેનેટોરીયમમાં રાખવાથી જ સારી રીતે સારવાર થઈ શકે છે. રોગ થયા બાદ ઉપચાર કરવો, એના કરતાં બહેતર છે કે રોગને થતો જ અટકાવવો. અમે આલ્બોસંગ લેવાની ભલામણ કરીએ છીએ. એ એટલા માટે કે ઘરનો નાશ કરતા આ રોગની સામે ખાસ કરીને અને સામાન્ય રીતે બધા રોગોની સામે લડવા જેટલી શકિત તેનાથી શરીરમાં પેદા થાય છે. હકીકતમાં ક્ષયના શરૂઆતના તબકકામાં આલ્બોસંગ સિવાય કોઈ દવા જરૂરી નથી. જ્યાં સુધી તાવ ઉતરી ન જાય ત્યાં સુધી પથારીમાં પડયા રહી સંપૂર્ણ આરામ કરવો જરૂરી છે. જો દર્દીને સેનેટોરીયમમાં મોકલી શકાય એમ ન હોય તો તેનો ઓરડો અલગ હોવો જોઈએ અથવા તેને બિલકુલ બહાર ગરમ ઝુપડામાં કે વરન્ડામાં સૂવડાવવો જોઈએ. જો ગળફો વધારે પડતો હોય તો મેડીટેબ થોડી માત્રામાં આપો. હીમોપ્ટોસીસ હોય તો ચિનિયમ કો અને વાઈટલ એસેન્સ આપો.

ખાસ કરીને તાવ જ્યારે વધારે હોય, ત્યારે હોર્મોપીરીન એ બીજી એક ઉપયોગી દવા છે, એનો ઉપયોગ મેડીટેબની સાથે કે વારા ફરથી કરવાની અમે ભલામણ કરીએ છીએ. જો શરીરનું વજન ઓછું થઈ ગયું હોય તો દૂધમાં આયોબીન આપો અને જ્ઞાનતંતુઓના પૌષ્ટિક તત્ત્વ તરીકે વાઈટલ એસેન્સ આપો. જયારે પેટમાં લીધેલી દવાઓ અસર ન કરે ત્યારે ઔરેટીનમના ઈન્જેકશનો દર આઠ દિવસે આપો.

**રોગનાં ચિહ્નો અને લક્ષણો :-** ક્ષયના શરૂઆતના તબક્કામાં દર્દીને નબળાઇ અને થાક જણાય છે. પુષ્કળ પરસેવો વળે છે અને ઘણીવાર ભૂખ મરી જાય છે. થોડો કફ સતત રહ્યા કરે છે. જેમ જેમ રોગ વધતો જાય છે, તેમ તેમ દરરોજ સાંજના તાવ વધતો જાય છે, પરસેવો વળે છે અને શરીર ફિક્કુ પડતું જાય છે. કફ પીડાદાયક હોય છે અને સખત આવેગ સાથે ઉભરાઇ આવે છે, ગળફાનું પ્રમાણ વિપુલ હોય છે અને તેની સાથે પરૂ તેમજ લોહી પડે છે.

**(૮) શૂળ (કૉલીક) :-** આંતરડાની નળી કે પિત્તાશય કે મુત્રવાહીનીની નળી આંચકા સાથે સંકોચાવાથી સખત પીડા સાથે હુમલો ઉપડી આવે તેને શૂળ કહે છે. પિત્તનલિકામાં પથરી ઉતરી જવાથી જે દુઃખાવો પિત્તમાર્ગમાં થાય છે તે સખત હોય



છે. મુત્રપિંડમાંથી મુત્રનાલિકામાં પથરી ઉતરી જવાથી ત્યાં સખત દુઃખાવો થાય છે. વાયડી ઠંડી ચીજોનો ઉપયોગ કરવાથી આંતરડામાં શૂળ પેદા થાય છે. પેડુના દરેક જાતના દુઃખાવાઓનો અત્યંત કાળજીપૂર્વક ઇલાજ થવો જોઇએ.

વાઇટલ એસેન્સ ૧/૨ ગોળી અને ચિનિયમ કો ૧/૨ ગોળી થોડા ગરમ પાણીમાં આપવી. જરૂર પડે તો દર ત્રણ કલાકે આજ દવાઓ ફરી આપી શકાય. સંપૂર્ણ આરામ અને પીડાતા ભાગને ગરમી આપવાથી રાહત થાય છે. પીડાનું કારણ શોધી કાઢવું જોઇએ અને તે મુજબ તેનો ઉપચાર કરવો જોઇએ.

**(૯) મધુપ્રમેહ (ડાયાબિટીસ) :-** ચયાપચયની દોષપૂર્ણ ક્રિયાને લીધે ઉદ્ભવતો આ રોગ છે. પાચનતંત્ર સાથે તે જોડાયેલો છે અને પાચનતંત્રના અવયવો અવ્યવસ્થિત થઈ જવાથી પણ આ રોગ થાય છે. એટલે ઉપચારની શરૂઆત પાચનતંત્રને સુધારવાથી થવી જોઇએ. એને માટે નીચેની વસ્તુઓ ખ્યાલમાં રાખવી જોઇએ. આ રોગમાં ઉપયોગી દવા છે મર્સિના. એક કે બે દિવસે તે લો અને સાકર પેશાબમાં ન જણાય તો ત્રણથી ચાર દિવસે લો અમે આપને ગેસ્ટ્રોમોન લેવાની ભલામણ કરીએ છીએ. અને જો માફક આવે તો આલ્બોસંગની ગોળીઓ દિવસમાં એક વાર લેવાનું સૂચવીએ છીએ. જ્ઞાનતંત્ર પર ધ્યાન આપવું પણ જરૂરી છે. તેને માટે અમે વાઇટલ એસેન્સ અને મર્સિનાના સંયોજનની ભલામણ કરીએ છીએ.

દર્દીના વજનને અને પેશાબમાંથી જતી સાકરના પ્રમાણને ધ્યાનમાં લઈ ખોરાકમાં પથ્ય નક્કી કરવું જોઇએ. જે દર્દીઓ અસામાન્યપણે ક્રિયાશીલ હોય તો તેમને વધુ ખોરાક આપી શકાય. ભાત, સાકર અને બીજો કાંજીવાળો ખોરાક સદંતર બંધ કરી દેવો જોઇએ અથવા જયાં સુધી પેશાબમાંથી સાકરનું પ્રમાણ બિલકુલ અદશ્ય ન થઇ જાય ત્યાં સુધી બિલકુલ હલકા પ્રમાણમાં આપવો જોઇએ.

મધુપ્રમેહના આહારમાં દિવસ દરમ્યાન બે થી ત્રણ ગ્લાસ મલાઈ કાઢેલું દૂધ આપવું. આલ્બોસંગની બે ગોળીઓ બે દિવસે એકવાર આપવાથી પણ મધુપ્રમેહમાં ઘણો ફાયદો થાય છે. મર્સિના એ પણ એક મધુપ્રમેહરોધક દવા છે. જેનું વર્ણન આ પુસ્તકમાં બીજી જગ્યાએ કરવામાં આવ્યું છે.

J & J DeChane

**રોગના લક્ષણો :-** દર્દીને ખ્યાલમાં આવે છે કે તે ધીરે ધીરે ઘણોજ તરસ્યો થાય છે અને પેશાબ પણ વધારે પ્રમાણમાં કરે છે. સામાન્ય રીતે એને ભૂખ બહુ લાગે છે પરંતુ દુબળો પડતો જાય છે. સ્નાયુઓની નબળાઈથી તે પીડાય છે અને હતાશ તેમ જ ચીડીયો થઈ જાય છે એનું મોઢું, હોઠ અને ચામડી સુકાતા જાય છે મુત્ર પરીક્ષામાં સાકરનું પ્રમાણ જણાય છે.

**(૧૦) જલંદર (એસાઈટીસ) :-** લોહીમાં રહેલો પાણીનો ભાગ કેશવાહીનીઓમાંથી નીકળી કોષોમાં અને શરીરના પોલાણોમાં ફેલાઈ જાય છે. જ્યારે મુત્રપિંડ પર આ રોગની અસર થઈ હોય ત્યારે તુરાઈ કો આપો, જ્યારે હૃદય પર તેની અસર થઈ હોય ત્યારે ગ્રેન્ડી કો આપો અને કલેજા પર તેની અસર થઈ હોય તો કયોનોટોમાઈન આપો. આવા દર્દોમાં મીઠાનો સદંતર ત્યાગ કરવો જોઈએ.

**(૧૧) કાનનાં દર્દો :-** કાનના દુઃખાવાઓ માટે ફીનોકેલ્સીન કે ચીનીયમ કો નાની માત્રામાં દર અરધા કલાકે અથવા એક કલાકે આપો, અથવા એનાથી નાની માત્રામાં દર ૧૫ થી ૨૦ મિનિટે આપો, અને લગભગ બધા કેસોમાં તમે સારું પરિણામ જોશો. જો દરદ જ્ઞાનતંતુઓને લીધે ઉદ્‌ભવેલું હોય તો વાઈટલ એસેન્સ આપવાથી ફાયદો થશે. થોડું એન્ટ્રોપ્સ કે ચેસોલ કાનમાં નાંખવાથી કાનનો દુઃખાવો દૂર થાય છે.

**કાનમાંથી પરૂ નીકળવું :-** તીવ્ર દરદોમાં હિમોપ્લેકસ અને ફીનોકેલ્સીન દર ત્રણ કલાકે આપો. એન્ટ્રોપ્સના બે થી ત્રણ ટીપાં દિવસમાં બે વાર કાનમાં રેડો. કાન રોજ સાફ કરવો જોઈએ. આંતરડાને સાફ રાખો. ગરમીવાળા ઓરડામાં આરામ કરો.

આ રોગ ઘર કરી ગયો હોય તો તેને માટેનો ઉપચાર હીલાન એ મથાળા હેઠળ વર્ણવ્યો છે. સ્વચ્છતા બહુ જરૂરી છે. જો હીલાન કાનમાં ચોંટી જતી હોય તો એન્ટ્રોપ્સ વડે તેને સાફ કરો, સામાન્ય તંદુરસ્તી પર ધ્યાન આપવું જરૂરી છે, તે માટે પ્રતિકાર શકિત વધારવા આલ્બોસંગ આપો.

**આંખો :-** દવા રાસજન્ટનો અભ્યાસ કરો. જ્યારે દર્દ તીવ્ર હોય ત્યારે થોડી માત્રામાં ચીનીયમ કો વારંવાર આપો. ફીનોકેલ્સીન પણ પૂરતું છે. ગરમ પાણીમાં



કે શોધનક્રિયાથી શુદ્ધ કરેલા પાણીમાં રાસજન્ટ મેળવી તૈયાર કરેલા દ્રાવણનાં ટીપાં આંખમાં નાખવાથી થોડા દિવસમાં જ આરામ થાય છે.

**(૧૨) સ્ત્રીઓનાં દર્દો :-** છોકરીઓ જ્યારે ભરયુવાન વયમાં પ્રવેશ કરે છે ત્યારે અનેક ફરિયાદો ઉદ્‌ભવે છે. તે વખતે તેમને આલ્બોસંગ અને વાઈટલ એસેન્સની જરૂર પડે છે. આ દવાઓની મદદ તેમને માટે અત્યંત જરૂરી છે. જ્યારે ૪૦ થી ૫૦ વર્ષ સુધીમાં એમના જીવનમાં પરિવર્તન થાય છે (જ્યારે સ્ત્રીઓની પ્રજનન શકિત ખલાસ થાય છે અને માસિક અટકાવ સંપૂર્ણપણે બંધ થાય છે) આ બન્ને અવસ્થાઓ દરમ્યાન જ્ઞાનતંત્ર પર ઘેરી અસર પડે છે. માસિક અટકાવ અનિયમિત આવતો હોય તો સામાન્ય દવા બ્રહ્મદીન અને ઔરેટીનમ પણ ઉપયોગી છે.

**શ્વેત પ્રદર :-** જીવન શકિત ઓછી હોય તો આ રોગ થાય છે. જેને માટે આલ્બોસંગ જરૂરી છે. મુખ્ય દવા છે - બ્રહ્મદીન દરેક સામાન્ય ઘટનાઓમાં પ્રથમ બ્રહ્મદીન. ઔરેટિનમ અને ચિનીયમ કો અજમાવો. જાતીય રોગોનો ચેપ લાગવાથી પણ પ્રદર વહે છે. જો બ્રહ્મદીન સંતોષકારક ઈલાજ ન કરી શકે તો આયોબીન આપવું બિલકુલ આવશ્યક છે.

**પીડીતાર્તવ :-** માસિક ધર્મ વખતે અત્યંત પીડા થવી. બ્રહ્મદીન એ મથાળા હેઠળ આનો ઉપચાર વર્ણવ્યો છે. તાત્કલિક ઈલાજ માટે વાઈટલ એસેન્સની બે ગોળીઓ દર ત્રણથી ચાર કલાકે આપો. જો જરૂરી હોય તો અકસીર ઈલાજ માટે એમિગ્લીઆ આપો.

મોટા ભાગની ઘટનાઓમાં સામાન્ય તંદુરસ્તીનો ખ્યાલ રાખવાથી રાહત મળે છે. શરીરના રુધિરાભિસરણ તંત્રને વ્યવસ્થિત કરવા માટે નિયમિત વ્યાયામ જરૂરી છે. અશકિત અને કબજિયાતનો યોગ્ય ઈલાજ થવો જોઈએ.

ગર્ભાશયના રોગો માટે ઔરેટીનમ એ ખાસ દવા છે. જ્યારે માસિક ધર્મ વરસો સુધી અટકી ગયો હોય કે રજસ્રાવ ઓછો થતો હોય ત્યારે ઔરેટીનમની ખાસ ભલામણ કરવામાં આવે છે. રજસ્રાવ, વિપુલ પ્રમાણમાં થતો હોય તો ચિનીયમ

કો આપો, તે લાંબા સમય સુધી થતા રજસ્ત્રાવને અને રકતસ્ત્રાવને રોકે છે. પેડુના નીચેના ભાગમા સોજા વિ.ને લીધે દુઃખતું હોય તો ચિનીયમ કો લો અને બહારથી રુબઝોન લગાડો. જરૂર પડે તો હોર્મોપીરીન અજમાવી જુઓ.

પ્રસૂતિ કાળ દરમ્યાન આલ્બોસંગ આપો. જે માતા અને પેટમાં ઉછરના બાળકને પોષણ આપે છે. પ્રસૂતિ બાદ તે માતાના દૂધને સમૃદ્ધ કરે છે. તે દૂધ દ્વારા બાળકોને સારું એવું પોષણ મળે છે.

**પ્રસૂતિ :-** પ્રસૂતિને સરળ અને પ્રાકૃતિક બનાવવામાં ઔરેટીનમ મદદ કરે છે. પ્રસૂતિ દરમ્યાન થતી પીડાને તે દૂર કરે છે. ગર્ભવતી સ્ત્રીઓને સાતમા કે આઠમા મહિનાથી ઔરેટીનમની અરધી ગોળી સવારે અને ચિનિયમકોની સાંજે આપવાથી પ્રસૂતિ સહેલાઈથી થાય છે.

પ્રસૂતિ દરમ્યાન વાઇટલ એસેન્સ અત્યંત કિંમતી ઔષધ છે. પ્રસૂતિના દર અરધાથી એક કલાકે વાઇટલ એસેન્સની એક જ માત્રા આપવાથી કલાકો સુધી પ્રસૂતિ પીડાથી દુઃખી થતી સ્ત્રીઓને સહેલાઈથી પ્રસૂતિ થાય છે, અને છુટકારો મળે છે. પ્રસૂતિ પીડા ઓછી હોય કે બંધ થઇ ગઇ હોય તો ઔરેટીનમ એ પીડાને ચાલુ કરે છે; જ્યારે અત્યંત પ્રસૂતિ પીડા છતાં પ્રસૂતિ લંબાઇ હોય અને દર્દી સ્ત્રી અકળાઇને ઉત્તેજિત થઈ ગઇ હોય ત્યારે વાઇટલ એસેન્સ આપવું અત્યંત જરૂરી છે. જરા બન્ને વચ્ચેનો ફરક નોંધો. જો પ્રસૂતિ પછી પુષ્કળ રકતસ્ત્રાવ થતો હોય તો ચિનિયમ કો આપો. જે પ્રસૂતિ બાદ બીજા કે ત્રીજા દિવસે થતા દૂધના તાવનો પણ સારી રીતે ઇલાજ કરે છે. જો સ્તન ઉપર ગુમડું થયું હોય તો રાસજન્ટ એક માત્રા આપો અને એન્ટ્રોપ્સમાં ભીજાવેલા પોતાના ગુમડાં પર દબાવી રાખો. જો સુધારો ન જણાય તો ૪ થી ૮ કલાક સુધી રાસજન્ટ વડે ઇલાજ કરતા રહો. પ્રસૂતિ બાદ આવતા ધીમા તાવનો જો ઇલાજ કરવામાં ન આવે, તો સામાન્ય રીતે તે દર્દીને ક્ષયરોગ તરફ ઢસડી જાય છે. તાવની અંદર વર્ણવેલા ઉપચારોને અનુસરો.

**(૧૩) વિવિધ તાવ :-** સામાન્ય અને ચીલાચાલુ દવા છે ફ્લુઝન, તેના ઉપયોગથી ઘણા તાવ ગંભીર થતા અટકે છે. જો ફ્લુઝન યોગ્ય સમયમાં તાવ ઓછો ન કરે અને



તાવ વધવાજ માંડે તો ફીનોકેલ્સીન આપો. જેનો ઉપયોગ લાંબા તાવમાં પણ કરવો જરૂરી છે, ભલે પછી તાવ ઓછો હોય તો પણ. સોજો, છાતીની શરદી, ત્રિદોષ, ફેફસાનાં પડનો વરમ કે ઘા પાકવાની સ્થિતમાં સલ્ફાસન અને હોર્મોપીરીનનો ઉપયોગ કરો. સંધિવાને લીધે તાવ આવતો હોય તો ડેસીલ અને ફીનોકેલ્સીન ઉપયોગી છે. ધાવણાં અને મોટી ઉંમરના બાળકોનો ઉપચાર કરતી વખતે જો ચીલાચાલુ દવાઓ કામ ન આપે તો ચીનીયમ કો અથવા પીપારીડનો ઉપયોગ કરો.

**ટાઢીઓ તાવ :-** આયોકલીન મુખ્ય ઉપયોગી દવા છે. એકદમ આવતા તાવ માટે, ઓરી, અછબડા, બળિયા વિ. માટે ફીનોકેલ્સીન વાપરો અને ગળસુણા માટે ખાસ ઉપચાર છે હોર્મોપીરીન. જો તાવ ધીમો હોય અને ચહેરો ઝાંખો પડી ગયો હોય તો ક્ષય થવાનો સંભવ રહે છે. તે દૂર કરવા હોર્મોપીરીનની એક અને આયોબીનની બે ગોળીઓ દિવસમાં ત્રણ વખત આપવી અને આલ્બોસંગ પોષક આહાર તરીકે આપવું. આ ઔષધો આ રોગ માટે અત્યંત કિંમતી છે. પ્રસૂતિ બાદ આવતા તાવમાં પણ આ જ સંયોજન સારો એવો ફાયદો કરે છે. પ્રસૂતિ બાદ આવતા દૂધના તાવમાં ચીનીયમ કો અથવા હોર્મોપીરીન આપો. દર્દી વારંવાર તાવથી પીડાતો હોય, તેને રોજ ઝીણો તાવ રહેતો હોય તો પ્રથમ તેની પ્રતિકાર શકિત આલ્બોસંગ વડે વધારવી જરૂરી છે. ત્યારબાદ આયોકવીન, સલ્ફાસન કે હોર્મોપીરીનનો વિચાર કરો.

ટાઢીયા તાવના વિશિષ્ટ હુમલાના પણ તબકકાઓ છે : ૧ ઠંડો ૨. ગરમ ૩. પ્રસ્વેદક.

**૧. ઠંડી સ્થિતિ :-** ૧/૪ થી ૨ કલાક સુધી ટકે છે. દર્દીને માથામાં પીઠમાં અને પગમાં દુઃખાવો થાય છે. શરીરમાં ધ્રુજારી ફેલાઇ જાય છે. ત્યારબાદ ધ્રુજારી વધતી જાય છે અને દર્દી દાંત કચકચાવવા માંડે છે. આખરે ધ્રુજારી અત્યંત ઉગ્ર સ્વરૂપ પકડે છે અને દર્દીનું શરીર ઠંડુ પડતું જાય છે.

**ગરમીની સ્થિતિ :-** સામાન્ય રીતે ચાર કલાક ટકે છે. ગરમીની લાગણી ધીરે ધીરે આખા શરીરમાં ફેલાઇ જાય છે અને દર્દી અચેત થાય છે અથવા સનેપાતમાં પટકાય છે.

J & J DeChane

**પ્રસ્વેદક સ્થિતિ :-** એક થી બે કલાક ટકે છે. પુષ્કળ પરસેવો છુટે છે. તાવ ઉતરી જાય છે અને પીડા તેમ જ દર્દમાંથી છૂટકારો થાય છે. હુમલો દરરોજ પણ થઇ શકે છે, દર ત્રણ કે ચાર દિવસ પણ થઇ શકે છે, તેનો આધાર ટાઢીયા તાવના પ્રકાર પર છે.

**ગોવરુ (ઓરી) :-** દર્દીને ટાઢ વાઇને તાવ આવે છે, ઉધરસ થાય છે અને આંખો તેમ જ નાકમાંથી પાણી પડવા માંડે છે. માથાના અને પેટના દુઃખાવાની ફરિયાદ સામાન્ય છે. ચોથા દિવસે કાંળા ઓરી પહેલાં કપાળમાં ફુટી નીકળે છે અને ઝડપથી આખા શરીરમાં ફેલાઇ જાય છે. સળેખમ ચાલુ રહે છે અને તેની ગળા પર પણ અસર પડે છે, પરિણામે ગળું બેસી જાય છે છાતીની શરદી અને ઘોઘરી ઉધરસ સામાન્ય ફરિયાદો છે.

**અછબડા :-** ઓરી નીકળ્યા બાદ થોડા કલાક પછી તાવ વધે છે અને ચહેરા પર, છાતી પર, પીઠ પર અને કેટલીક વાર પગ પર રતાશ પડતા અછબડાંના ટીલા ફુટી નીકળે છે. થોડા સમય બાદ આ ઘણાઓ નાના નાના ફોલ્લાઓમાં ફેરવાઇ જાય છે અને ૨૪ કલાક બાદ તેમાં પરૂ ભરાવાના ચિહ્નો દેખાય છે.

**(૧૪) હાથીપગું :-** નેવોસ ૧/૪ ગોળી, આયોબીન અને આયોક્વીન ૧/૨ગોળી દરેકને એક સાથે ભેળવી દિવસમાં ત્રણ વાર આપવી. તેનાથી ઘણો ફાયદો થાય છે.

**(૧૫) ગ્રંથિઓ :-** જો ગ્રંથિઓ સૂજી ગઈ હોય તો સલ્ફાસેન અને હોર્મોપીરીન આપો. રૂબઝોન બહારથી લગાડવો અને શેક કરવો. જો તેમાં પરૂ થાય તો તેની સારવાર ગુમડાંની જેમ કરવી. જો તેના પર કાપ મુકવાની જરૂર પડે તો ઘા ઉપર રીપાન્ટો વડે પાટો બાંધો અને જો રુઝાવામાં વાર લાગે તો હીલાન છાંટો. ક્ષય રોગની ગાઠો માટે આયોબીન અને આલ્બોસંગ ખાસ કરીને દૂધમાં આપો. આરામ, તાજી હવા, પ્રકાશ અને સારો આહાર આ રોગને દૂર કરવામાં સારો એવો ભાગ ભજવે છે.

**ક્ષય રોગની ગાંઠના લક્ષણો :-** બાળકને સામાન્ય રીતે પાંડુરોગ થાય છે, વારંવાર થતી શરદીને લીધે નિર્બળતા આવી જાય છે, અને વજન ઘટે છે. ગ્રંથિઓના



એક જથ્થાની આજુબાજુ આ રોગ કેન્દ્રિત થાય છે અને તેની પ્રક્રિયા ધીરે ધીરે લાંબો સમય ચાલે છે. ગ્રંથિઓ તરત ભેગી થઈ સખત થઈ જાય છે.

**(૧૬) માથાનો દુઃખાવો :-** જુદા જુદા પ્રકારની ગંભીર બીમારીઓનું આ લક્ષણ છે. શરદી અને તાવ જેવા રોગોની શરૂઆતમાં તીવ્ર અને ક્ષણિક માથાનો દુઃખાવો જણાવા માંડે છે. બીજાં પણ સામાન્ય કારણો છે. પાંડુરોગ, કબજિયાત, આંખો ખેંચાવી, ચિંતા, જ્ઞાનતંતુઓની બીમારી, આધાશીશી, લોહીનું ભારે દબાણ, મુત્રપિંડના દીર્ઘકાલિન રોગો, નાક, દાંત કે કાનના રોગો વિ.

માથાના દુઃખાવાના કારણોને શોધી કાઢવા જોઈએ અને તે મુજબ ઉપચાર કરવો જોઈએ. માથાના દુઃખાવા માટે રોજબરોજની દવા છે - ફીનોકેલ્સીન અને ડેસીલ, અને હઠીલા દુઃખાવામાં હોર્મોપીરીન આપવું. અમારું રુબેઝોન કપાળ પર ઘસવાથી પણ રાહત મળે છે. જો માથાનો દુઃખાવો ચાલુ જ રહેતો હોય તો વાઇટલ એસેન્સ અજમાવી જુઓ. માથાના દીર્ઘકાલિન દુઃખાવા માટે અને ખાસ કરીને જ્ઞાનતંતુઓને લીધે થતા માથાના દુઃખાવા માટે નર્વોપ્લેક્સ એ બીજું ઉપયોગી ઔષધ છે. માથાના ગંભીર દુઃખાવામાં મોઢું લાલચોળ થઇ જાય તેમાં એમિગ્લીઆની જરૂર પડે છે(માથાના દુઃખાવાનાં કારણો જેમા નિર્દેશ કર્યા છે એ દર્દોના વિભાગમાં જુઓ)

**(૧૭) વાળ અને તાળવાની બીમારીઓ :** શરીરની આંતરિક અવ્યવસ્થાને લીધે સર્જાય છે. આલ્બોસંગ તે દૂર કરે છે અને વાળને ખરતા અટકાવે છે. ઓલોસીનનો ઉપયોગ કરવાથી વાળ વધે છે. દરરોજ તાળવામાં આ તેલ લગાડી ચોળવું. ઓલોસીનને કોપરાના તેલમાં નાંખી મંદ કરી શકાય. ખોપરીની દાદરને લીધે જો વાળ ખરી પડયા હોય તો વાળ કપાવી નાંખી (મુંડન કરાવી) સ્કીનમેન્ટ લગાડો.

**(૧૮) હૃદય રોગ :-** જ્યારે નાડીના ધબકારા ધીમા અને મંદ કે ઝડપી થવા માંડે ત્યારે દર્દી તુરતજ હાંફી જાય છે, જલ્દી થાકી જાય છે, છાતીમાં થડકને લીધે દુઃખાવો ઉપડી આવે છે, અને ચાલતાં ચાલતાં પગની ઘૂંટીઓ સૂજી જાય છે. આ બધા રોગોમાં

J & J DeChane

ગ્રાન્ડીકો આપો. આઘાતજન્ય દર્દો જેવા કે એન્જીનામાં એમીગ્લીઆ આપો. હૃદયના દર્દો પાચનક્રિયાની ખરાબીને લીધે ખાસ કરીને પેટમાં થતાં વાયુને લીધે, વધે છે. જે લોકો જલદીથી થાકી જતા હોય અને હાંફી જતા હોય તેમને હંમેશા ગ્રેન્ડી કો વાપરવું.

**(૧૯) હેડકી :-** છાતી અને પેડુને જુદા પાડતા સ્નાયુ-ઉદરપટલના જ્ઞાનતંતુઓ ઉત્તેજિત થવાથી હેડકી આવે છે. સામાન્ય રીતે આ ઉત્તેજનાનું કારણ પાચનક્રિયાની ખરાબી છે. જો કે કોઇ વાર પાચનતંત્રની ખરાબીનું આ લક્ષણ ગંભીર સ્વરૂપ પણ પકડે છે.

સામાન્ય હેડકીઓ સાલફોસ કે મેગ્નાઈન થોડા ગરમ પાણીમાં લેવાથી બિલકુલ થંભી જાય છે. એક જુનો ઉપાય એ છે કે પહેલા ઉંડે સુધી શ્વાસ લઈ, છોડી તે રોકી રાખવો. બીજો પણ એક ઉપાય છે. હોઠથી દૂર એક ગરમ પાણીનો પ્યાલો રાખો અને એનીકોર પરનું પાણી વાંકા વળી ચૂસો.

**(૨૦) સોજો-ઢીમણું :-** ગરમી, અને દુઃખાવા સાથે લાલચોળ સોજો ઉપસી આવે છે. ઢીમણામાં લોહી એક જગ્યાએ જામી જાય છે. સોજા માટે ચાલુ દવા છે - ફીનોકેલ્સીન અને વિશિષ્ટ દવાઓ છે સલ્ફાસન અને હોર્મોપીરીન. ખાસ કરીને જ્યારે તાવ આવતો હોય ત્યારે, જો પરૂ ભરાવાના લક્ષણો જણાય તો રાસજન્ટનો ઉપયોગ કરો. એન્ટ્રોપ્સનાં પોતાં મુકી સજ્જડ પાટો બાંધવાથી ગુમડાંઓ ઝડપથી ખરી પડે છે.

**(૨૧) ઈન્ફ્લ્યુએન્ઝા :-** તેની ચાલુ દવા છે ફલુઝન. જો દુઃખાવો ગંભીર હોય તો તેમાંથી રાહત મેળવવા ફીનોકેલ્સીન કે ડેસીલ ઉમેરી શકાય. જો શરદીની સ્થિતિ ફેફસાં સુધી પહોંચે તો હોર્મોપીરીન આપો. હલકો ખોરાક, આલ્બોસંગ અને સંપૂર્ણ આરામ અત્યંત જરૂરી છે સાજા થયા પછી હતાશા અને થાક જણાય તો કામ પર પાછા ચડતી વખતે કાળજી લેવી જરૂરી છે.

**ફલુ રોગનાં લક્ષણો :-** દર્દી પર અચાનક માથાના દુઃખાવાનો હુમલો ઉપડી આવે છે અને પીઠમાં તેમજ શરીરના બીજાં અંગોમાં પીડા થાય છે. તાવ ઝડપથી વધવા માંડે છે અને અત્યંત બેચેની જણાય છે. સ્નાયુઓ અને સાંધામાં પીડા થાય



છે, થાક અને અશકિત જણાય. તાવ સામાન્ય રીતે ૩ કે ચાર દિવસમાં ઉતરી જાય છે. પણ શરીરમાં કળતર અને નિર્બળતા ઘણાં દિવસ રહે છે. જો પૂરતો આરામ ન લેવામાં આવે તો હુમલો પાછો થવા સંભવ હોય છે.

**(૨૨) શરદી :-** શરદીના વારંવાર થતા હુમલાનાં કારણો છે - સ્ફુર્તિ શકિતની કમી, મંદ પાચનક્રિયા, અવ્યવસ્થિત આહાર, અને તાજી હવાની ઉણપ વિ. સામાન્ય તંદુરસ્તી પર ધ્યાન આપવું જરૂરી છે. સંસર્ગજન્ય શરદીનો પ્રતિકાર કરવા અને શરદીના વારંવાર થતા હુમલાને રોકવા આયોબીન અને આલ્બોસંગ આપવું જરૂરી છે. જે રૂમમાં પૂરતાં હવા ઉજાસ ન હોય અને ગીચોગીચ હોય, તે રૂમનો ત્યાગ કરવો જોઈએ.

**(૨૩) કમળો :-** મોટાઓ માટે કયોનોટોમાઇનની એક ગોળી દિવસમાં ત્રણ વાર બાળકો માટે ઉંમર મુજબ. શરૂઆતમાં હર્બલ બીટરસની એક માત્રા ખાસ કરીને સૂતી વખતે આપવાથી ફાયદો થાય છે. એક કે બે દિવસે મેગ્નાઇન, પથ્યવાળો ખોરાક લેતા પહેલાં અરધો કલાક પહેલાં. મોઢા વાટે બની શકે તેટલો વધુ પ્રવાહી ખોરાક આપવો. ચરબીવાળો ખોરાક ન ખાવો. કાંજીવાળો ખોરાક થોડા પ્રમાણમાં આપવો. દિવસમાં ૩ કે ૪ વખત દૂધ આપી શકાય, ૩ થી ૫ ગ્રેઇન આલ્બોસંગ દરેક પ્રવાહી ખોરાકમાં આપો. કમળો, જે સામાન્ય રીતે શરદીનો પ્રકાર છે તે બે કે ત્રણ અઠવાડિયામાં દૂર થઇ જાય છે.

**કમળાના લક્ષણો :-** દર્દી સવારના ઉઠીને અનુભવે છે કે તેને ભૂખ નથી. તે ગમગીન થઇ જાય છે અને તેનું માથુ દુઃખવા માંડે છે. ચામડી અને આંખમાંનો સફેદ ભાગ પીળો પડી જાય છે. ઝાડાનો રંગ માટી જેવો હોય છે અને પેશાબ પિત્તના લીધે પીળો ગાઢો હોય છે. આંતરડાનું કાર્ય અવ્યવસ્થિત થઇ જાય છે. એટલે કાં તો કબજિયાત રહે છે અથવા મરડો થઈ જાય છે. નાડીના ધબકારા મંદ પડી જાય છે અને દર્દીને સુસ્તી જણાય છે. શરૂઆતમાં થોડો તાવ પણ જણાય છે. કલેજાના ભાગમાં ભાર જેવું લાગ્યા કરે છે અને તે દરદીને ઠીક નથી લાગતું.

J & J DeChane

**(૨૪) મૂત્રપિંડ :-** (કીડની)ના દર્દોની મુખ્ય દવા છે તુરાઇકો. જે પ્રમેહ માટે પણ ઉત્તમ દવા છે. પેશાબ ઓછો થતો હોય, પીઠમાં દુઃખાવો હોય તો તે મૂત્રપિંડના વિકારોનો નિર્દેશ કરે છે. તે દૂર કરવા હોર્મોપીરીન અને તુરાઇકો વારા ફરતી આપવી. પીઠમાં દુઃખાવો થતો હોય ત્યાં બહારથી રૂબઝોન લગાડો.

**રોગનાં ચિહ્નો અને લક્ષણો :-** સવારના આંખો અને પગની ઘુંટીઓ સૂજી જાય છે. પેશાબ ઓછો થાય છે અને કેટલાક રોગોમાં હદ બહાર પેશાબ થાય છે. પેશાબમાં આલ્બ્યુમિન હોય છે. અશકિત, પીઠમાં પીડા, માથાનો દુઃખાવો, ભૂખ મરી જવી વિ. આ રોગના લક્ષણો છે.

**મૂત્રપિંડનું શૂળ :-** નાની કાંકરી કે પથરી મૂત્રવાહીનીઓમાંથી સહેલાઈથી પસાર થઈ મૂત્રમાં દાખલ થાય કે મૂત્રાશયમાં પડી રહે છે. તેનાથી મોટી પથરીઓ મુત્રવાહીની પર આઘાત કરે છે. અથવા ઘણી જ મુશ્કેલીથી તેમાંથી પસાર થાય છે એટલે મૂત્રપિંડમાં અત્યંત દુઃખાવો થતો હોવાની ફરિયાદ દરદી કરે છે. સાથે સાથે જ તીવ્ર પીડાના હુમલાઓ પણ થતા જ રહે છે. પેશાબ વારંવાર આવે છે અને સામાન્ય રીતે તે લોહીના ડાઘવાળો હોય છે. જ્યારે મૂત્રવાહીનીમાંથી પથરી પસાર થવાની શરૂઆત થાય ત્યારે દુઃખાવો અત્યંત પરસેવો સાથે થઇ જાય છે. વધુ પીડામાં દર્દી આળોટવા માંડે છે. શરીર આખું પરસેવો પરસેવો થઇ જાય છે, તાવ વધે છે અને નાડીના ધબકારા પણ ઝડપથી વધવા માંડે છે. થોડા વખત પછી પથરી અચાનક પસાર થઇ જાય છે અને દુઃખાવો થંભી જાય છે.

મૂત્રપિંડનો દુઃખાવો ઉપડે ત્યારે દર્દીને પ્રથમ તો પથારીમાં સૂવડાવી દેવો જોઇએ. આગળ ઉપચાર માટે “શૂળ” એ વિભાગમાં જુઓ. જો મોટી પથરી કે પથરીઓ એકસરેમાં જણાય તો દર્દીએ ઓપરેશન કરાવી લેવું ઉત્તમ.

**(૨૫) કલેજા-યકૃતનાં દર્દો :-** બરોળ એ માનવી શરીરનાં સુંદર તંત્રોનું વિતરણ કેન્દ્ર છે. જો કે બરોળનાં કાર્યોની સ્પષ્ટ વ્યાખ્યા થઇ નથી. છતાં એક મહત્વના અવયવ તરીકે તેની ગણના થાય છે. લોહીની શકિતનો આધાર તેના ઉપર હોય છે.



મોટા ભાગના લોકો યકૃત સૂસ્ત હોવાની ફરિયાદ કરે છે તેનું કારણ છે ખાનપાનમાં અવિવેક.

કલેજું સુસ્ત હોવાની ફરિયાદ ઘણી જ સામાન્ય છે અને એનું મુખ્ય લક્ષણ છે મોનું બેસ્વાદ થઇ જવું. ખાસ કરીને સવારના ઉઠયા પછી. મીઠાઇઓ પેટને બગાડે છે. કોઇ ખાસ કારણ વગર વારંવાર પિત્ત થઇ આવે છે. જીભ ઉપર હંમેશા છારી બાઝે છે. માથાનો દુઃખાવો વારંવાર ઉપડી આવે છે. ભૂખ લાગતી નથી. કબજિયાત રહે છે, નિર્બળતા અને માનસિક હતાશાનો અનુભવ થયા કરે છે.

આ રોગમાં પુષ્કળ પ્રોટીનવાળો ખોરાક લેવો આવશ્યક છે. તળેલો ચીકાશવાળો, ખુબ મરી મસાલાવાળો ખોરાક અને દારૂ જેવા કેફી પીણાઓનો સદંતર ત્યાગ કરવો જોઇએ. મલાઇ કાઢેલું દૂધ વારંવાર લઇ શકાય છે. જો વજન ઓછું થઇ ગયું હોય, માનસિક હતાશા અને શારીરિક દુર્બળતાની લાગણીનો અનુભવ થતો હોય તો સંપૂર્ણ આરામ લેવો જરૂરી છે.

ખોરાકની બેદરકારીને પરિણામે યકૃત સૂસ્ત થઇ જાય છે. એટલે પહેલો ઉપાય છે - યોગ્ય ખોરાક લેવો અને પાચન પર ધ્યાન આપવું, કબજિયાત નીવારવી. જે દવાઓ યકૃત પર સીધી અસર કરે છે - તે છે સાલફોસ, ગેસ્ટ્રોમોન, ટોકસીન અને હર્બલ બીટરસ. આયોકવીન એ મેલેરિયા પછી ઉદ્‌ભવતા યકૃત અને બરોળના બધાં દર્દોમાં પણ આયોકવીન એ ઘણી જ ઉપયોગી દવા છે. પ્રવાહી ખોરાકમાં આપેલું આલ્બોસંગ પણ સારો એવો ઈલાજ કરે છે.

**(૨૬) પિત્તશૂળ :-** (બિલિયરી કૉલિક) કેટલીક વાર પિત્તની પથરીઓ પિત્તવાહીનીઓમાંથી સહેલાઇથી પસાર થઇ શકે એટલી નાની હોય છે. બીજી કેટલીક પથરીઓ પિત્તવાહીનીઓને. માર્ગ રોકી લે એટલી મોટી હોય છે. આવું બને ત્યારે દર્દીને પિત્તશૂળ થાય છે. શૂળ અચાનક ઉપડી આવે છે અને જમણી બાજુની પાંસળીની કિનારી પર સખત દુઃખાવો થાય છે, શૂળના હુમલા સાથે ગંભીર આઘાત પણ લાગે છે. ચામડી ફિક્કી પડી જાય છે, શરીર પર પરસેવો પરસેવો થઇ

જાય છે, અને નાડીના ધબકારા ઝડપથી વધે છે અને ઘટે છે. સામાન્ય રીતે ઊલટી થાય છે. જો પથરી લાંબો વખત બાઝી રહે તો ત્વચાનો કમળો થાય છે અને આંખોનો સફેદ ભાગ પીળો પડે છે. સામાન્ય રીતે પથરી જ્યારે આંતરડામાં ધકેલાઇ જાય છે ત્યારે શૂળ મટી જાય છે.

આ શૂળના ઉપચાર માટે જુઓ ''શૂળ'' એ મથાળા હેઠળ ખોરાક પર ધ્યાન આપવું જરૂરી છે. આતરડાં નિયમિત સાફ થવા જોઇએ. તે માટે ખાસ હર્બલ બીટરસ લેવું જોઇએ. દિવસ દરમ્યાન પુષ્કળ પાણી પીવું જોઇએ. અકરાંતિયાની જેમ ખાવું ન જોઇએ અને ચરબીવાળા ખોરાકનો ત્યાગ કરવો જોઇએ. લીલાં શાકભાજી અને ફળ ફળાદિ છૂટથી ખાવા જોઇએ. યકૃતના કાર્યને વ્યવસ્થિત કરવા માટે ચાલવાનો વ્યાયામ કરવો જોઇએ.

**(૨૭) પુરૂષોનાં ગુપ્ત દર્દો ફરીયાદો :-** ઘણાં પુરૂષો સ્વપ્ન દોષ વિષે ખાલી ચિંતા કર્યા કરે છે, જે પ્રકૃતિએ મુકેલો 'સેફટી વાલ્વ' (સલામતીનો પડદો) છે. અઠવાડિયામાં એકવાર પણ અજાણે વીર્ય સ્રાવ થઇ જાય તો તેની કોઇના મગજ પર કોઇ જ અસર થતી નથી જે લોકો વર્ષોથી લઘુતા ગ્રંથિથી પીડાતા હોય અને જેમનો શારીરિક બાંધો લથડી પડયો હોય તેવા પુરૂષોને રાત્રે થતો સ્વપ્નદોષ એક બીમારી જ થઇ પડે છે જોકે આવી ઘટનાઓમાં પણ નિરાશ થવાની જરૂર નથી. પહેલો ઉપાય તો એ છે કે દુરાચરણનો ત્યાગ કરવો, બીજો ઉપાય છે ભૂતકાળમાં બની ગયેલી ઘટનાઓ પર વિચાર ન કર્યા કરવો અને ત્રીજો ઉપાય છે ભવિષ્ય પર મન કેન્દ્રિત કરવું, જીવન વિષેના ખ્યાલો ઊંચા રાખવા.

વૈદ્યકીય દૃષ્ટિએ યોગ્ય દવા છે - નેવોસ. જે માત્ર સૂતી વખતે જ લઇ શકાય અને દિવસમાં એક વાર સવારે આલ્બોસંગ લેવું. બીજી કોઇ દવા લેવાની જરૂર નથી માત્ર કોઇ વાર સ્પોલેકસ સીવાય. જો કબજિયાત રહેતી હોય તો, તેને નિવારવી હંમેશા જરૂરી છે. માનસિક પરિશ્રમ કરનારાઓના જ્ઞાનતંતુને ખાસ આધારની જરૂર છે. જે તેમને વાઇટલ એસેન્સ દ્વારા મળી શકે છે. જો વીર્ય સ્ખલન વારંવાર થતું હોય તો અમે પથ્ય પાળવાની ભલામણ કરીએ છીએ અને નીચે મુજબની



દવાઓ સૂચવીએ છીએ. વાઇટલ એસેન્સની એક ગોળી દિવસમાં બે વાર અને નેવોસની બે ગોળી રાતના સૂતી વખતે. આ દવાઓ તેમને માટે પણ ઉપયોગી છે જેમના પેશાબમાંથી પુષ્કળ ફોસ્ફેટ જતું હોય છે. આ બંને દવાઓને દળીને તેનું મિશ્રણ કરી ૩ થી ૫ ગ્રેઇન દિવસમાં બે વાર આપવું વધુ ફાયદાકારક છે. અકાળ થતા વીર્ય સ્ખલનથી જો નંપુસકતા આવી જાય તો થોડી માત્રામાં સેન્ઝાઇન આપવું.

**અપૂરતી જાતીય શકિત કે નંપુસકતા :-** શારીરિક નિર્બળતા, જ્ઞાનતંતુઓની અકાર્યક્ષમતા અને માનસિક સ્થિતિ-આ ત્રણ અપૂરતી જાતીય શકિતનાં કારણો હોઇ શકે. શારીરિક તંદુરસ્તી સાથે જ જાતીય શકિત ફરી પ્રાપ્ત થઇ જાય છે અને બીજી કોઇ દવા લેવાની જરૂર પડતી નથી. જ્ઞાનતંતુઓની અવસ્થા એ નાજુક બાબત છે. કારણ તેનો આધાર જુદા જુદા તત્ત્વો પર હોય છે. જેમાંનાં કેટલાક પૂર્ણ માનસિક પણ હોઇ શકે છે. એટલે મગજ અને જ્ઞાનતંતુ એકબીજા સાથે સંકળાયેલા હોવા જોઇએ અને બન્નેનો વિચાર ભેગો થવો જોઇએ. જો મગજ બળવાન હોય તો જ્ઞાનતંતુઓ પર કાબુ મેળવવો સહેલો છે. જ્યારે મગજ કમજોર થાય છે, ત્યારે ખરી મુશ્કેલી ઉભી થાય છે. એટલે આપણે પ્રથમ મગજનો જ અભ્યાસ કરવો જોઇએ.

દરેક વસ્તુઓનો આધાર આપણે જીવન પ્રત્યે અપનાવેલા માનસિક વલણ પર છે, જીવન પ્રત્યે આપણે જે દૃષ્ટિકોણ અપનાવ્યો હોય તેની સાથે જ જાતીય ક્રીડાઓ ગાઢ રીતે જોડાયેલી છે. જાતીય ભાવના એ દરેક મનુષ્ય તેમ જ પ્રાણીઓમાં વંશપરંપરાથી ઉતરી આવેલી છે. આ જાતીય ભાવનાનું લક્ષ્ય છે પ્રજનન, અને પ્રજનન લગ્ન દ્વારા થઇ શકે છે. એટલે લગ્ન બાહ્ય જાતીય સંબંધ અયોગ્ય છે, અનૈતિક છે અને ગુનો છે. જ્યાં સુધી આ વસ્તુને ગંભીર રીતે સ્વાકારી લેવામાં ન આવે ત્યાં સુધી પુરૂષ કે સ્ત્રી સીધે રસ્તે ચાલી શકતા નથી. આ અનુભૂતિ માત્ર નૈતિક શિક્ષણ દ્વારા જ થઇ શકે છે. આ નૈતિક શિક્ષણ બાળપણથી જ આપવાની જરૂર છે જ્યારે બાળક સારા ખરાબનો ખરા ખોટાનો ફરક સમજવા માંડે છે. નૈતિક શિક્ષણનો અભાવજ આટલાં બધાં દુઃખો અને માંદગીઓ માટે જવાબદાર છે.

J & J DeChane

જાતીય સંભોગની અતિશયતા અને અવગણના માત્ર નંપુસકતામાં જ પરિણમે છે એટલુ જ નહીં, પણ તે જ્ઞાનતંત્રને તેમ જ માનસિક શકિતઓને પણ છિન્નભિન્ન કરી નાખે છે. પહેલો ઉપાય છે કે રોગના કારણને દૂર કરો. બીજો ઉપાય એ કે મનને બળવાન કરો, સંકલ્પ શકિતને બળવાન કરો. આ સંકલ્પ શકિત જીવનનાં સિદ્ધાંતોને ગ્રહણ કરવાથી મળે છે, વશીકરણ કે મોહમંત્રથી નહીં. બીજા કોઈપણ માર્ગે થતો સુધારો દીર્ઘકાલિન ટકતો નથી.

જેમણે આ વિષયનો પૂરતો અભ્યાસ કર્યો છે, એવા તબીબી અધિકારીઓ જણાવે છે કે માત્ર જાતીય સંબંધની અતિશયતા જ નહીં, પરંતુ તે વિશેના હંમેશ આવતા વિચારો વધારે હાનિકારક છે. નબળા બાંધાના શરીરમાં જાતીય ભૂખ મોટે ભાગે માનસિક હોય છે, શારીરિક નહીં. અથવા ઘણીવાર શરીરનો ઝોક જાતીયતા તરફ હોતો નથી, પરંતુ માનસ જ જાતીય સંવેદનાના આનંદનો ઉપભોગ કરતુ હોય છે. આ ઘણી દુઃખદ ઘટનાઓ છે, જેમાં દર્દી પૌષ્ટિક તત્ત્વોની શોધમાં ભટકે છે. તેની સામે એક જ વસ્તુ હોય છે અને તે એ કે શરીરને માનસની ઈચ્છાઓના તાબેદાર થવાની ફરજ પાડવી. પ્રાકૃતિક શારીરિક ભૂખ વિપુલ હોય છે અને તે કોઈ પ્રકારનું નૂકસાન પહોંચાડયા વગર, બન્ને પક્ષને ફાયદો થાય એ રીતે કાયદેસર સંતોષી શકાય છે. તે માનસિક સંવેદના છે. જે નશાકારક છે અને તે સંવેદનાને જ સુધારવાની જરૂર છે. તેના સિવાય કોઈપણ પ્રકારનો તબીબી ઈલાજ કોઈપણ પ્રકારે ફાયદાકારક થઈ શકતો નથી. જાતીય ક્ષમતા જો હણાઈ જાય તો તેને પ્રકૃતિ અને વિજ્ઞાન વડે ફરી સ્થાપિત કરી શકાય છે.

જો કે માનસિક સંવેદનનાને નૈતિક ઉપચારોની પ્રથમ જરૂર છે. છતાં વૈદ્યકીય મદદની પણ તેને આવશ્યકતા પડે છે. જાતીય બાબત પર સતત નભ્યા કરવુ એ પાછળથી માત્ર નૈતિકતાના પતનનું જ કારણ બનતું નથી, પરંતુ તેનાથી બીમારીઓ પણ પેદા થાય છે. ઉત્તેજિત જ્ઞાનતંતુઓ અને માનસને શાંત પાડવા જરૂરી થઈ પડે છે. આવી બિનાઓમાં મોટામાં મોટી નિવારવા યોગ્ય ભૂલ છે, અતિશય આતુરતા. જેને લીધે દર્દી એક પછી એક ઉત્તેજક દવાઓ લેવા માંડે છે. આહાર લેવામાં સંશય



વૃત્તિ દાખવે છે, એટલે બરોબર આહાર લેતો નથી, અને તબીબી ઈલાજો પર હંમેશા નજર રાખી દર દિવસે દર પળે તંદુરસ્તીમાં કેટલો સુધારો થયો તે જાણવા પ્રયત્ન કરે છે. જો તેઓ પ્રમાણિકપણે ઈચ્છતા હોય કે જુના રસ્તાઓનો ત્યાગ કરી નવી મહાન પ્રગતિશીલ જીન્દગી જીવવી છે તો તેમણે પ્રકૃતિ અને વિજ્ઞાનના કાયદાઓનું પાલન કરવું જોઈએ. તેનાથી તેમની ખોવાયેલી તંદુરસ્તી પાછી મળશે એટલું જ નહીં, પરંતુ બીજી બધી શકિતઓ પણ ધીરે ધીરે ફરી પ્રાપ્ત થશે.

**ઉપચાર :-** જાતીય અપૂર્ણતાને દૂર કરવાનો પ્રથમ ઉપાય છે શાંત ચિત્તે તેનાં કારણોની શોધ કરવી અને તે દૂર કરવાનો પ્રયત્ન કરવો. તે કારણ અપચો હોઈ શકે. કદાચ કલેજામાં પણ તેનું કેન્દ્ર હોય, શકય છે કે તે ચામડીનો ચેપી રોગ પણ હોય. જાતીય સંભોગની અતિશયતા અને અવગણના પણ હોઈ શકે. ગમે તે કારણ હોય તેને આ માર્ગદર્શિકામાં દર્શાવ્યા મુજબનાં સૂચનો પ્રમાણે દૂર કરો. બીજી બધી પદ્ધતિઓ ખોટી છે. કારણ તે અતિ ઉત્તેજકતાને જન્મ આપે છે. જેની કોઈ પ્રતિક્રિયા પાછળથી થાય છે અને તેને પરિણામે તે શકિત પણ ખોવાનો વખત આવે છે જે પહેલાં અસ્તિત્વમાં હોય છે. બીજો તબકકો છે - રોગની જુદી જુદી પરિસ્થિતિનો પૂરતો વિચાર કરી ઉપચાર પદ્ધતિ અમલમાં લાવવી. સેન્ઝાઈન મુખ્ય દવા છે, થોડી માત્રામાં તે આપવાથી નેવોસની જેમ તે પણ અતિશય જાતીય આવેગને રોકે છે. ઉત્તેજક માત્રામાં માનો કે એક કે બે ગોળીઓ દિવસમાં ત્રણ વખત લેવાથી જાતીય ક્ષમતામાં વૃદ્ધિ થાય છે અને ગુમાવેલી શકિતની ફરી પ્રાપ્તિ થાય છે. તે એક શરતે, કે દર્દીએ એક તરફથી મેળવેલી શકિત બીજી તરફ ન ગુમાવી હોય. કેટલીક માનસિક નબળાઈઓમાં વાઈટલ એસેન્સ અને આલ્બોસંગ આપવું જરૂરી બને છે.

**(૨૮) આધાશીશી :-** (જે માથાના ગંભીર દુઃખાવા તરીકે પણ ઓળખાય છે) હુમલો થાય ત્યારે જ ફીનોકેલ્સીન અને વાઈટલ એસેન્સ ગરમ પાણીમાં ટૂંકા ગાળે વધુ માત્રામાં આપો. ડેસીલની એક થી બે ગોળીઓ દર ત્રણ કલાકે આપો. કપાળ પર રુબઝોન ઘસો. ગંભીર રોગોમાં દર્દીએ અંધારા ઓરડામાં પથારી નાખી પડયા રહેવું. હુમલો ઉપડતા પહેલાં વિપુલ માત્રામાં લીધેલું એમીગ્લીઆ હુમલાને રોકે છે.

હુમલાઓની અધવચ્ચે વાઈટલ એસેન્સની એક ગોળી અને ગેસ્ટ્રોમોનની અરધી ગોળી દિવસમાં ત્રણ વાર આપવી. નર્વોપ્લેક્સ એ બીજી સહાયક દવા છે. ન સમજી શકાય તેવા દર્દોમાં હર્બલ બીટરસનો નિયમિત ઉપયોગ કરવાથી હુમલો રોકાય છે. વધુ પડતો માનસિક અને શારીરિક શ્રમ નિવારવો જોઈએ. પાચન અને ઉત્સર્જન પર સંપૂર્ણ ધ્યાન આપવું જોઈએ. ચરબીવાળા ખોરાકનો ત્યાગ કરવો જોઈએ અને હુમલાના દરેક કારણોને દૂર કરવા જોઈએ. આંખોની નબળાઈ હોય તો યોગ્ય નંબરવાળાં ચશ્માં પહેરવા જરૂરી છે.

**લક્ષણો :-** આધાશીશી એ વિશિષ્ટ પ્રકારનો માથાનો દુઃખાવો છે, જેનાથી દૃષ્ટિદોષ થાય છે ચકકર આવે છે અથવા ઉલટી પણ થાય છે. માથાનો દુઃખાવો વારંવાર થતાં તીવ્ર હુમલાઓને લીધે આ નબળાઈઓ આવે છે. પહેલાં તો હુમલો એક તરફી અને રાતપુરતો હોય છે. પરંતુ પાછળથી તે બન્ને બાજુથી થાય છે. પરિણામે દૃષ્ટિદોષ અને સંવેદનશીલતા ઉદ્‌ભવે છે અથવા બેચેની અનુભવાય છે કે કોઈકવાર સુખરૂપ હોવાની અનુભુતિ થાય છે. આ રીતે પીડાતા મોટા ભાગના લોકોનો અનુભવ છે કે તેમને જો એકવાર સારી રીતે ઊંઘ આવી જાય તો જાગતાંની સાથે જ માથાનો દુઃખાવો દૂર થઈ જાય છે. આ હુમલાઓ જુદે જુદે ગાળે થતા હોય છે.

**(૨૯) મોં-જીભ-દાંત :-** મોંના રોગો સામાન્ય રીતે જઠરમાંથી ઉદ્‌ભવે છે. એટલે કહેવાનો આશય એ કે અયોગ્ય પાચનનું એ પરિણામ છે. મોં આવી ગયું હોય તો મેથીલીઓકથી કોગળા કરી તે સાફ કરો. ખાસ કરીને ધાવણાં બાળકો માટે તેમાં સાકર નાંખી તે વડે તેમનું મોં સાફ કરો. મોઢામાં ચાંદા પડયા હોય અને મોળ આવતી હોય તો ઔરેટીનમ અને આલ્બોસંગ આપો અને મેથીલીઓડ વડે મોં સાફ કરતા રહો. બગડેલા દાંત પર પણ ધ્યાન આપવું જરૂરી છે. ખરાબ પાચનના લીધે દાંત અને પેઢાં પણ ખરાબ થાય છે. અમારું ઔષધીય દંતમંજન અને એન્ટ્રોપ્સ વાપરો. તમારે એક પણ દાંત કઢાવી નાંખવાની જરૂર નહીં પડે એટલું જ નહીં પણ હલતા દાંત પણ મજબુત રીતે બેસી જશે. દંતવૈદ્યોની આપણને જરૂર છે એટલા માટે નહીં કે તે દાંત ખેંચી કાઢે પરંતુ એટલા માટે કે તે લોકોને શીખવે કે તેની સંભાળ શી રીતે રાખવી.



**દાંતનો દુઃખાવો અને પેઢાંનો સોજો :-** દાંત અને પેઢાંમાં થતી પીડા દૂર કરવા ડેસીલની બે ગોળીઓ આપો. જો જરૂર પડે તો ચાર કલાક બાદ તે ફરી આપી શકાય. નાનું કપડું એન્ટ્રોપ્સમાં પલાળો અને દુઃખતા દાંત પર મૂકો. જો અસર ઓછી થાય તો એન્ટ્રોપ્સમાં વાઈટલ એસેન્સ ઉમેરો. અપચાને લીધે મોઢાંમાંથી દુર્ગંધ આવતી હોય છે. પાચનતંત્રને વ્યવસ્થત કરો, કબજિયાત દૂર કરો અને અમારું ઔષધીય દંતમંજન સવારે અને રાતના સૂતી વખતે વાપરો.

**(૩૦) નાકનાં દર્દો :-** નાકના દીર્ઘકાલિન રોગોમાં એન્ટ્રોપ્સના થોડા ટીપાં દિવસમાં બે કે ત્રણ વાર નાકમાં નાખવાથી રાહત મળે છે. એક પચીસ વર્ષનો યુવાન નાકના ગંભીર સળેખમથી અને ઉધરસથી પીડાતો હતો. રોગને લગભગ બે મહીના ઉપર સમય વીતી ગયો. રાતના દરદ ઘણું જ વધી જતું અને દરદીને શ્વાસ લેવામાં પણ મુશ્કેલી પડતી. ડોક્ટરોએ તેને કહ્યું કે ઓપરેશન જરૂરી છે. એણે અઠવાડિઆ સુધી રોજ સવારે અને સાંજે નસકોરાંમાં એન્ટ્રોપ્સ મુકયું. તેની ફરિયાદનું સંપૂર્ણ નિવારણ થયું. નાસૂર અને નસકોરાંની ગાંઠમાં એન્ટ્રોપ્સની ભલામણ કરવામાં આવે છે.

**ચિકિત્સામાં અંતરાયો :-** જયારે યોગ્ય ઉપચારો કામમાં ન આવે અને દર્દીની હાલતમાં ઝડપી સુધારો ન જણાય તો નીચેની દવાઓ અજમાવી જુઓ. ધાવણાં અને મોટી ઉંમરના બાળકો માટે પીપારીડ, જો તેઓ ખાસ કરીને તે સંયોજનની વિગતમાં દર્શાવ્યા મુજબના લક્ષણો પ્રદશિત કરે તો. સ્ત્રીઓ માટે ઔરેટીનમ જયારે તેઓ ગર્ભાશય સિવાય બીજી કોઈ બીમારીથી પીડાતી હોય ત્યારે. ટાઢીયા તાવના દર્દોમાં આયોકવીન આપવું. શરીરમાં છુપાયેલો આ ટાઢીયો તાવ જ રોગોનો ઈલાજ કરવામાં ભારે અડચણ રૂપ છે, અને આયોકવીન માત્ર થોડી જ માત્રામાં આપવાથી અડચણ દૂર થઈ જાય છે. બીજા ઉપાયો સાથે લાંબે ગાળે આને પણ સાંકળી લઈ શકાય અથવા વારાફરતી આપી શકાય અથવા તેને બીજી દવાઓ સાથે ભેળવીને પણ આપી શકાય.

J & J DeChane

**(૩૧) હરસ (મસા પાઈલ્સ) :-** મોટા ભાગની બીનાઓમાં સ્પોલેક્સ તાત્કાલિક રાહત આપે છે અને ક્રમે ક્રમે મુશ્કેલી દૂર કરે છે પાચનતંત્ર પર ધ્યાન આપવું જરૂરી છે અને વધુ પડતો આહાર નિવારવો જોઈએ. પુષ્કળ પ્રમાણમાં પાણી લેવું જરૂરી છે. કબજિયાત અને તે તરફ દોરી જતી હરેક ચીજો, હરસનું કારણ બને છે. જુલાબ થતી વખતે તકલીફ થવી એ તેનું મહત્વનું લક્ષણ છે.

હરસમાં જો રકતસ્ત્રાવ થતો હોય તો દિવસમાં બે વાર ચીનીયમ કો આપો. રાતના સૂતી વખતે રીપાન્ટો લગાડો અને જુલાબ થઈ ગયા બાદ આંગળી વડે તેને ગુદામાં ધકેલો. તેને લીધે દુઃખાવો મટી જશે અને લોહી થંભી જશે. પેટમાં લીધેલું હર્બોસિલ્ફ પણ પીડા અને બળતરા દૂર કરે છે અને હરસમાંથી લોહી પડતું અટકાવે છે.

**બહારના હરસ :-** ગુદાદ્વારની આજુ બાજુ નસને કેન્દ્રમાં રાખી નાનાં, સખત, ચામડીનાં પડો થાય છે. તેને લીધે બળતરા અને પીડા થાય છે. હૃદય રોગમાં હરસ સૂજી જાય છે અને અત્યંત નાજુક તેમજ પીડાકારી બને છે.

**અંદરના હરસ :-** તેને લીધે આંતરડાની અંદર ભારે બોજનો અનુભવ થાય છે અને જ્યારે તે બહાર આવે છે, ત્યારે અત્યંત પીડા થાય છે. લોહી પણ નીકળે છે જેથી દરદ ગંભીર બની જાય છે. અને તેને લીધે પાંડુરોગ થવાનો પણ સંભવ રહે છે.

**(૩૨) ખીલ (ઍકને) :-** રાસજન્ટ એકલું જ સામાન્ય રીતે પૂરતું થઈ પડે છે. ૧ ગ્રેઈન સવારે અને ૧ ગ્રેઈન સાંજે. જરૂર પડે તો આલ્બોસંગ. ગુમડું હોય તો કબજિયાતને નિવારો. રાસજન્ટ અને આલ્બોસંગ સિવાય જમ્યા બાદ હેમોપ્લેક્સ આપો. ગુમડું ફુટી જાય પછી રીપાન્ટો સાથે હીલાન ભેળવી લગાડો. ગંભીર દરદોમાં સલ્ફાસનનાં ઈન્જેકશન પૂરતાં થઈ પડે છે.

જો ખીલ ચાલુ જ રહે તો, નીચેની સૂચનાઓ ધ્યાનમાં રાખોઃ ખોરાક નિયમિત લો. વધુ પડતો આહાર ન લો. ચરબીવાળા, તૈલી અને તળેલો ખોરાક ખાશો નહીં. આઈસ્ક્રીમ, બટર, ચોકલેટ, મીઠાઈ, કે વધુ પડતો કાંજીવાળો ખોરાક પણ છોડી દો. બહાર ફરી હલકો વ્યાયામ કરો.



**(૩૩) (આમણ) આંતરડું બહાર આવવું :-** રીપાન્ટો વડે હલકું દબાણ આપી આંતરડાને અંદર ધકેલો, જમ્યા પછી અને રાતના સૂતી વખતે દરદવાળા ભાગ પર રીપાન્ટો લગાડો. પીવાની દવામાં સ્પોલેક્સ દિવસમાં એક કે બે વાર આપો. ગુદામાં ઝીણા કાપા પડી ગયા હોય તો દિવસમાં બે વાર રીપાન્ટો લગાડો કબજિયાતને નિવારવી જરૂરી છે.

**(૩૪) પાયોરીયા :-** દાંત અને પેઢું જ્યાં ભેગા થતા હોય ત્યાંનો આ એક પ્રકારનો સોજો. જેમાં પેઢાં સંકોચાઈ જાય છે, નબળા પડે છે અને દાંત હલવા માંડે છે. સાથે સાથે જ એમાંથી દુર્ગંધ પણ નીકળે છે. પાયોરીઆને લીધે માત્ર ચાવવામાં જ તકલીફ થાય છે અને પાચનતંત્ર ખરાબ થાય છે, એટલું જ નહીં પણ પરૂ પણ ગળી જવાય છે કે તે પરૂ લોહીના પ્રવાહમાં ભળી જાય છે અને સામાન્ય તંદુરસ્તીને ગંભીર નુકસાન પહોંચાડે છે.

અમારું ઔષધીય દંતમંજન માત્ર પાયોરીયાને જ રોકતું નથી પરંતુ તે તેને દૂર પણ કરે છે. સવારના અને રાતના સૂતી વખતે તેનો ઉપયોગ કરવો જોઈએ. જમ્યા પછી જો પેઢાંમાં ઘણો સોજો જણાય તો દરેક વખતે ભોજન પછી તેનો ખાસ ઉપયોગ કરવો. જો રોગ ઘણો જ વધી ગયો હોય અને ખરાબ દાંત કઢાવી નાંખવાની જરૂર ન પડી હોય તો પાયોરીયાના ઈલાજ માટે એન્ટ્રોપ્સ ઘણી જ ઉપયોગી દવા છે. તે સાથે પાચન અને સામાન્ય તંદુરસ્તી પર ધ્યાન આપવું જરૂરી છે.

**(૩૫) સંધિવાનો તાવ કે તીવ્ર સંધિવા :-** હૃદય અને સાંધામાં સોજો ચઢી આવે અને તેને લીધે સખત તાવ આવે એ આ રોગનાં મુખ્ય લક્ષણો છે. વિશિષ્ટ હુમલાની શરૂઆતમાં તેને લીધે ગળામાં દરદ થાય છે અને ઘૂંટણના સાંધામાં અત્યંત પીડા થાય છે, તે ભાગ લાલચોળ થઈ જાય છે અને સૂજી જાય છે. ત્યાર બાદ બીજા સાંધાઓ પણ આ રોગમાં સંડોવાય છે. જે સાંધામાં પ્રથમ સોજો ચડયો હોય તે ઉતરી તેમાંથી બીજા સાંધામાં અને બીજામાંથી ત્રીજામાં સોજો ફેલાતો જાય છે, સાંધાઓ જેમ જેમ રોગમાં સંડોવાતા જાય તેમ તેમ તાવ વધે છે. હૃદયના સ્નાયુઓના સોજામાં તાવ ઉંચો ચડે છે અને દર્દી હાંફવા માંડે છે.

J & J DeChane

દર ત્રણ કલાકે ડેસીલ અને હોર્મોપીરીન આપવાથી હુમલાના ગાળાને ટૂંકો કરી શકાય છે. સાંધાઓમાં થતો દુઃખાવો ચેસોલ લગાડવાથી અને ઢીલો પાંટો બાંધવાથી દૂર થઇ શકે છે. ચેપ ફેલાવતાં કેન્દ્રો પર ધ્યાન રાખવું જરૂરી છે. લાંબો સમય આરામની જરૂર છે અને ભેજવાળા મકાનોનો ત્યાગ કરવો જોઇએ.

**સંધિવા :-** રાંઝણ કમરનો દુઃખાવો, ડેસીલ અને હોર્મોપીરીનની અમે ભલામણ કરીએ છીએ. જે આ દર્દ માટે વિશિષ્ટ દવા છે. આ દરદની જ્ઞાનતંતુઓ પર પણ અસર થતી હોવાથી જ્ઞાનતંતુઓનો ઈલાજ થવો પણ જરૂરી છે. ફેનોકેલ્સીન એ ચાલુ દવા છે. જેનો અસરકારક ગુણ આયોબીન અને મેથીલીયોડ ઉમેરી વધારી શકાય છે. ચેસોલ અને રુબઝોન તાત્કાલિક અસર કરે છે અને મોટા ભાગનાં દર્દોમાં તરત રાહત આપે છે, ખાસ કરીને જ્યારે સોજો ચડયો હોય ત્યારે. તે સાથે પાચનતંત્ર અને ઉત્સર્ગતંત્ર પર ધ્યાન આપવું જરૂરી છે. ચાલુ દર્દોમાં ૧ મીલીલીટર રીમોરીનનો દર ચોવીસ કલાકે ઉપયોગ કરવો.

**(૩૬) સુકતાન :-** દિવસમાં બે વાર તાજાં દૂધમાં આલ્બોસંગ દેવું બાળકને બને તેટલો વધુ સૂર્ય પ્રકાશ મળવા દેવો. જ્યાં સુધી હાડકાં પૂરતાં મજબુત ન થાય ત્યાં સુધી બાળકને ઢીંચણીયે ફરવા દેવું, કે ચાલવા દેવું ન જોઇએ. સુકતાનને રોકવાનો મુખ્ય ઉપાય છે બાળકને પુરતા પ્રમાણમાં સ્તનપાન કરાવવું, બાળકને જો બહારનું દૂધ અપાતું હોય તો રોગને નિવારવામાં આલ્બોસંગ એ ઘણો જ મહત્વનો ભાગ ભજવે છે.

આ રોગના શરૂઆતનાં લક્ષણો છે - રાતના થાક લાગવો, માથા અને કપાળ પર પુષ્કળ પરસેવો વળવો, જેથી ઓશીકું ભીંજાય જાય, અને ચીડીયાપણું જેને લીધે બાળક આખી રાત રડતું હોય છે. હાડકાંના ફેરફારની સૌથી વહેલી શરૂઆતમાં હાંડકાંના છેડાઓ જાડા બને છે. ઘણીવાર બાળક જાડું અને મેદવાળું બની જાય છે. દાંત મોડેથી આવે છે અને પેટ ફૂલી જાય છે. બાળક ચાલતાં મોડું શીખે છે અથવા જો તે ચાલતાં શીખી ગયું હોય તો તેનું ફરીથી ચાલવાનું બંધ થઇ જાય છે. પગ વાંકા વળી જવા, ઢીંચણ એકબીજા સાથે અથડાવા અને બીજી ખોડખાંપણો પણ જણાય છે.



**(૩૭) ચામડીના દર્દો :-** આ રોગમાંથી દર્દીને સાજો કરવાનો સામાન્ય નિયમ એ છે કે જે વિકારો શરીરના બહારના ભાગ પર દેખાતા હોય છે તે શરીરની આંતરિક ખરાબીને પ્રદર્શિત કરતા હોય છે, અને એટલે તેનો ઉપચાર પણ એટલો જ જરૂરી છે. હોમીયોપેથીએ પણ જેણે બાહ્ય ઉપચારોની પ્રથમ અવગણના કરી હતી, તેણે તેની મહત્તાને હવે સ્વીકારી લીધી છે. આયોબીન એ લોહીને શુદ્ધ કરે છે. આલ્બોસંગ સામાન્ય રીતે લોહીને શુદ્ધ કરે છે. રીપાન્ટો વડે બાહ્ય ઉપચાર કરવાથી ચામડીનું ખરબચડાપણું દૂર થાય છે. અને ખરજવાને લીધે થતાં ચાંદા અને ચામડીના બરછટપણાંને પણ તે દૂર કરે છે. તાજેતરના પ્રયોગોથી જણાયું છે કે આયોબીનના ઈન્જેકશન આપવાથી પણ સારો એવો ફાયદો થાય છે.

ખરજવા માટે શરીરની અંદરથી ઈલાજ કરવા આયોબીન એ સૌથી ઉત્તમ દવા છે અને બહારથી લગાડવા માટે રીપાન્ટો શ્રેષ્ઠ છે. જે ચામડી પર સારી રીતે ઘસવું જોઇએ. જ્યારે સોજો અને પરૂ હોય ત્યારે કોઇ પણ તેલમાં, ઘીમાં કે માખણમાં હીબાન અને મેથીલીઓડનો બનાવેલો મલમ સવારના અને રાતના સૂતી વખતે લગાડવો, જે દરદને ઝડપથી દૂર કરે છે. હર્બોસલ્ફનો મલમ પણ પૂરતો છે અને રીપાન્ટો સાથે તે તૈયાર કરવો વધુ ફાયદાકારક છે. જેને લીધે સારો ઈલાજ થઇ શકે છે. આ મલમ, એક ભાગ હર્બોસલ્ફના ચૂર્ણમાં પાંચ ભાગ રીપાન્ટો મેળવી તૈયાર કરવો.

**શીળસ (શીતપિત્ત) :-** ભોજન સાથે આલ્બોસંગ આપવું, અને કયોનોટોમાઇનની ૨ ગોળી દિવસમાં ત્રણથી ચાર વખત આપવી આ એને માટેનો પૂરતો ઉપચાર છે. જો એનાથી કોઇ ફાયદો ન થાય તો હેમોપ્લેકસની અરધી ગોળી, પા ચમચા મધ સાથે, એક કપ ગરમ પાણીમાં સવારે અને સાંજે ત્રણ દિવસ આપવી. પાચનક્રિયા પર અને આંતરડાની સફાઇ પર પૂરતું ધ્યાન આપો. ટોકસીન કે સ્પોલેકસની એક માત્રા કદાચ જરૂરી થઇ પડે.

જૂના અને વારંવાર થતા હુમલામાં તેનું મૂળ કારણ શોધી કાઢી તે દૂર કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. ઇંડા, માછલી વિ.થી સામાન્યપણે હુમલો થાય છે.

J & J DeChane

દર્દીની સામાન્ય તંદુરસ્તી સુધારવી જોઇએ અને વિષ ઉત્પાદક કેન્દ્રો દૂર કરવા જોઇએ. અકારણ વધુ પડતો શારીરિક શ્રમ અતિશય લાગણીશીલતાનો ત્યાગ કરવો જોઇએ.

ઘા અને ઉઝરડા પર રીપાન્ટો લગાડો. ગૂમડું ખરી જાય તે માટે રાસજન્ટની એક માત્રા પૂરતી છે, જરૂર ન પડે તો બીજી ન આપવી, ગૂમડું બેસાડી દેવા માટે દર ત્રણ કલાકે રાસજન્ટ અને તે સંપૂર્ણ સાજું થઇ જાય તે માટે રીપાન્ટો કે હર્બોસલ્ફ આપો. જો સાથે સાથે તાવ આવતો હોય તો ખાસ કરીને સલ્ફાસનના ઇન્જેકશન આપી શકાય. ગંદા ચાંદા, ઘા વિ. ધોવા માટે એક કપ ગરમ પાણીમાં મેથીલીઓડ નાખી તે વડે ઘા સાફ કરવો. જ્યારે ચાંદાઓ વિ. સાજા થાય પણ જલદી સુકાય નહીં તો માત્ર હીલાનનું ચૂર્ણ ભભરાવો. તેનાથી રૂઝ જલદી આવી જશે. ચામડીના બધા ચેપી રોગો માટે હેમોપ્લેકસની અરધી ગોળી દિવસમાં ત્રણ વાર આપો.

**ખસ :-** રાતના સૂતી વખતે ૧:૧૦ ના પ્રમાણમાં હર્બોસલ્ફ વેસેલિન કે રીપાન્ટો સાથે મેળવી બહારથી લગાડો, સવારે તેને ધોઇ નાખો, કપડાં અને પાથરણાં બદલો. સામાન્ય તંદુરસ્તી અને ચોખ્ખાઇ પર ખ્યાલ રાખવો જરૂરી છે.

દરાજ, પગની ખસ, લુખસ અને ચામડીનાં બીજાં દર્દો માટે સ્કીનમેન્ટ રાતના લગાડો અને સવારે ધોઇ નાખો.

**રોગના ચિહ્નો અને લક્ષણો :-** ખરજવું એ ચામડીનો સોજો છે. તેની શરૂઆત ચામડીની રતાશથી થાય છે. જે ભાગ પર પાછળથી ચામડીની ફોલ્લીઓ કે ડાઘાઓ ઉપસી આવે છે. આ ફોલ્લીઓમાં પ્રવાહી ભરાય છે અને તે ફુટે છે, પરિણામે તેની સપાટી પરથી પ્રવાહી ઝર્યા કરે છે. જો સપાટી પર બહારનો ચેપ લાગે તો તેમાં પરૂ થાય છે. અંતે જ્યારે પ્રવાહી ઝરતું બંધ થાય છે, ત્યારે પોપડી બાઝે છે. ત્યાં અત્યંત ખંજવાળ આવે છેઃ તેને લીધે નખ વડે તે ઉઝરડી નંખાય છે અને બીજુ દરદ ઉભું થાય છે.

દરાજ એ એ પ્રકારનો ચામડીનો રોગ છે, જે શરીરના કોઇ પણ ભાગમાં થઇ શકે છે. નાના સરખા ડાઘામાંથી મોટો ગોળ રતાશ પડતો ભાગ ઉપસી આવે



છે. માથામાં દરાજ થાય ત્યારે ગોળકાર ભાગમાં વાળ પાતળાં, ટૂંકા અને ફિકકા પડી જાય છે અને તરડાઈ જાય છે, દરાજ દાઢીના ભાગમાં, બગલમાં અને જાંઘના મૂળમાં પણ થાય છે.

ખસ એ ચામડીનો સામાન્ય વિકાર છે ખાસ કરીને રાતના બહુ જ ખંજવાળ આવે છે અને ચામડીની સપાટી પર ઝીણી, ગાઢી રેખાઓ વડે પડેલો મૂળ ખાડો ઉઝરડાઇ જવાને લીધે સૂજી જાય છે.

કરોળીયા એ ચામડીનો જુનો રોગ છે. જેમાં શરીરના કોઇ પણ ભાગમાં સફેદ ભીંગડાવાળા ચાંઠા થઇ આવે છે.

શીળસમાં ચામડી ઉપર ગોળ ચક્રામાં થાય છે અને ત્યાં ખૂબ ખંજવાળ આવે છે. ગંભીર દર્દોમાં પીડાતા ભાગ પર ઘણો જ સોજો ઉપસી આવે છે અથવા ફોલ્લા થઇ જાય છે.

**(૩૮) પેટ-આંતરડાનાં દર્દો :-** પેટ અને આંતરડાનાં દર્દો પાચનક્રિયા સાથે જોડાયેલાં છે, જે આપણા મોંથી શરૂ થાય છે. (સારી રીતે ચાવવાથી માંડી) અને પેટ તેમ જ આંતરડામાં ચાલુ રહે છે. પાચન એ, એ જાતની ક્રિયા છે, જેમાં ખોરાક લોહીમાં ભળી જાય છે અને શરીરના કોષોમાં એકરૂપ થઇ જાય છે. ખોરાક પહેલાં દાંત વડે ચવાઇ જાય છે. જેથી પાચક રસો તેના પર અસર કરી શકે. મોંમાં લાળ ગ્રંથિઓમાંથી લાળ વહે છે. જે કાંજીવાળા ખોરાકને થોડા પ્રમાણમાં પચાવે છે. પેટમાં ખોરાક જઠરના પાચક રસો સાથે વ્યવસ્થિત રીતે ભળે છે. જે ખોરાકમાંના પ્રોટીનને વધુ સરળ તત્ત્વોમાં ફેરવી દે છે. જ્યારે પેટમાંનો ખોરાક અમ્લતાની અમુક કક્ષાએ પહોંચે છે ત્યારે જઠરનો બાહ્ય ભાગ સંકોચાય છે અને જઠરમાંનો ખોરાક નાના આંતરડામાં જાય છે. આંતરડાંના પાચક રસો અને પિત્તાશયના પિત્તરસો ખોરાકમાં નાના આંતરડાંમાંથી શોષાય છે.

સામાન્ય ભૂખ અને તે મટાડતા ખોરાકથી પાચનક્રિયાને મદદ મળે છે. અકરાંતિયાની જેમ ખાશો નહીં, ખોરાકને ચાવ્યા વગર ગળશો નહીં અને ખાતી

વખતે ખોટી ચિંતા કરશો નહીં. શારીરિક ઘડતરના વિભાગમાં પાચનક્રિયાનો અભ્યાસ કરો, સાથે સાથે જ તેનો લોહીમાં થતા રૂપાંતરનો, સંવેદનશીલતાનો અને ઉત્સર્ગતંત્રનો પણ અભ્યાસ કરો આપણે અહીં તેને લગતા ખાસ રોગોનો વિચાર કરીશું.

**પેડુનો દુઃખાવો :-** ચાલુ દર્દોમાં પાણી સાથે આપેલું સાલફોસ પૂરતું છે. બીજા દર્દોમાં સાલફોસ, ફીનોકેલ્સીન અને વાઈટલ એસેન્સનું મિશ્રણ કરી દર ચાર કલાકે અથવા જ્યારે જરૂર પડે ત્યારે આપો. પેટમાં સખત દુઃખાવો થતો હોય તો મેગ્નાઈન આપો.

**ભૂખ મરી જવી :-** ભોજન પૂર્વે અરધો કલાક પહેલાં સાલફોસ કે હર્બલ બીટરસ આપવું, કબજિયાત નિવારવા, આલ્બોસંગ જરૂરી છે. યોગ્ય પ્રમાણમાં કસરત કરો. વધુ પડતા ધૂમ્રપાનનો ત્યાગ કરો અને મગજને સંતુલિત રાખો.

**અપચો :-** ભોજન પૂર્વે અરધો કલાક પહેલાં સાલફોસની ૧/૨ ગોળી અને જમ્યા પછી તરતજ ગેસ્ટ્રોમોન આપવું, આહાર નિયમિત કરો. જો કબજિયાત હોય તો તેને નિવારો. જે લોકો બેઠાડુ જિન્દગી ગાળતા હોય તેમણે ખાધા પહેલાં થોડું ચાલવુ જરૂરી છે. શરીરનો બાંધો નબળો હોય તો આલ્બોસંગ આપો.

**જ્ઞાનતંતુઓનું અજીર્ણ :-** હોજરીના ચાંદાના ઘણાં ખરા દરદો જ્ઞાનતંતુઓની નબળાઈને લીધે થાય છે. જેનો ઈલાજ જમ્યા પહેલાં વાઈટલ એસેન્સ અને જમ્યા પછી ગેસ્ટ્રોમોન આપવાથી સહેલાઈથી થઈ શકે છે. મેગ્નાઈન પણ ઉપયોગી થઈ શકે છે. આહાર હલકો લેવો.

**ગુલ્મરોગ :-** હવા ગળી જવામાં આવે તો આ રોગ થાય છે. આ રોગ થવાનું કારણ અપચો, કબજિયાત કે ખાઉધરાપણું છે. ઉપચાર પદ્ધતિમાં આ કારણ નિવારવાના હોય છે. નિયમ મુજબ ભોજન પૂર્વે અરધો કલાક પહેલાં લીધેલી સાલફોસની એક ગોળી, અને ભોજન પછી ગેસ્ટ્રોમોનની લીધેલી અરધી ગોળી પેટમાં થતા વાયુને દૂર કરે છે. ખોરાક લેતી વખતે પાણી પીવાનું ટાળો.



**જઠર અને હોજરીનું ચાંદુ :-** જેને બળતરા કરતા ચાંદા તરીકે પણ ઓળખવામાં આવે છે. બળતરા કરતા ચાંદામાં જઠર વધારે પ્રમાણમાં તેજાબ પેદા કરે છે. બળતરા કરતું ચાંદુ આ નામ હોજરીની કે જઠરની સપાટી પર થતા ચાંદાને આપવામાં આવ્યું છે. બન્નેને માટેનો ઉપચાર સરખો જ છે. દર ચાર કલાકે અને પીડા જણાય ત્યારે મેગ્નાઈન આપો. ભોજન પૂર્વે એક કલાક પહેલાં અને ભોજનબાદ બે કલાક પછી ગેસ્ટ્રોમોન આપો. પથ્ય નં ૩ જ્યાં સુધી જરૂર જણાય ત્યાં સુધી આપો. પંદર દિવસ પથારીમાં જ પડયા રહેવું, ધુમ્રપાન અને મદીરાનો સદંતર ત્યાગ કરવો ઈચ્છનીય છે. સાજા થયા પછી પણ અત્યંત મસાલાવાળો ખોરાક ન ખાવો જોઈએ ખોરાકમાં ખાટાંમીઠાં મુરબ્બા, મરીમસાલા, ચરબી વિ. ન હોવાં જોઈએ. સાજા થયા બાદ ફરી ચેપ ન લાગે તે માટે કાળજી લેવી જોઈએ.

**જઠરનું ચાંદુ :-** ખાધા પછી એક કે બે કલાક બાદ જઠરના બહારના ભાગ પર સખત દુઃખાવો ઉપડે છે ઉલટી થાય છે અને દુઃખાવો બંધ પડી જાય છે. ઉલટીમાં ઘણીવાર લોહી પડે છે. પેટના જરા જેટલા ભાગ પર ઓઢેલું કપડું પણ સહન થઈ શકતું નથી, એટલો પેટનો ભાગ; નાજુક થઈ જાય છે આ એની લાક્ષણિકતા છે. જઠરના બહારના ભાગ પર આ દર્દ થાય છે.

**હોજરીનું ચાંદુ :-** જઠરના બહારના ભાગ પર પીડા. કેટલીકવાર તીવ્ર, ખાસ કરીને પેટ જ્યારે ખાલી હોય ત્યારે ઉપડી આવે છે. ખાધા પછી ત્રણ ચાર કલાક બાદ, સામાન્ય રીતે દરદીને રાતના બે વાગે ઉઠાડી દે છે, અને ખોરાક આપવાથી તેમાંથી છૂટકારો મળે છે. આ પીડા દરરોજ નિયમિત સમયે અને ખાસ કરીને રાતે થતી રહે છે. ડુંટીની ઉપરની બાજુ જમણી તરફ દરદ થતું રહે છે.

**પેટનું ફુલી જવું :-** દર્દીને ગરમ બિછાનામાં રાખવો જોઈએ, અને જો અયોગ્ય ખોરાક લેવાથી જ આ સ્થિતિ ઉદ્‌ભવી હોય તો એપેન્ડીસાઈટીસ છે કે નહીં તેની ખાતરી કરી લીધા બાદ દર્દીને જુલાબ આપવો, થોડો વખત કોઈ ખોરાક ન દેવો જોઈએ. પરંતુ પાણી અને હલકાં પ્રવાહી થોડા પ્રમાણમાં મેગ્ન સાથે લઈ શકાય. જ્યારે મુખ્ય તીવ્ર લક્ષણો દેખાતાં બંધ થાય ત્યારે પથ્ય નં ૩ આપો.

**લક્ષણો :-** સામાન્ય રીતે દુઃખાવો થાય છે, ફેર ચડે છે, ઉલટી થાય છે અને પાછળથી અતિસાર થઈ જાય છે. તાવ વધે છે પરંતુ સામાન્યપણે દર્દી લથડી પડે છે, ઉલટીમાં કફ અને લોહી પણ પડે છે.

**અતિસાર (ઝાડા) :-** ઉપચારનો આધારે કારણ ઉપર છે. પચી ન શકે તેવો ખોરાક લેવાથી પણ અતિસાર થઈ શકે છે. ગંભીર બિનાઓમાં દર્દીને ૨૪ કલાક માત્ર પાણી પર જ રાખો. દર ૪ કલાકે ડાયસીન અને સાલફોસ આપો, ચેપી અતિસારમાં રાસજન્ટ આપો. ધાવણાં બાળકોને પાણી જેવા લીલા રંગ ઝાડા થતા હોય તા ગેસ્ટ્રોમોન અને ચીનિયમ કો આપો.

અતિસારમાં વારંવાર પાણી જેવા પાતળા ઝાડા થઈ જાય છે. તે ઘણાં રોગનું લક્ષણ છે. છતાં યે ખાસ કરીને આંતરડામાં સોજો ચડી આવવાથી તે થાય છે. ન પચી શકે એવો ખોરાક વધુ પ્રમાણમાં ખાવાથી પણ આ રોગ થાય છે. જ્ઞાનતંતુઓની અવ્યવસ્થા, સંગ્રહણી કે એપેન્ટીસાઈટીસ કે તીવ્ર તાવના પ્રારંભમાં તે થઈ આવે છે. ઉનાળામાં ખોરાક જ્યારે બગડી જાય છે ત્યારે ઝાડા થઈ જવાનો સંભવ હોય છે. તે વખતે આ રોગ આંતરડાના સોજાને લીધે થતો હોય છે. દીર્ઘકાલિન અતિસાર એ ક્ષય કે આંતરડાના કેન્સરનું લક્ષણ હોઈ શકે.

**મરડો :-** દર ચાર કલાકે ડાયસીન આપો. દર્દીને ગરમ બિછાનામાં સુવડાવો. તેને માત્ર ચોખાનું ઓસામણ, આરારૂટ જવનું પાણી, પાકાં કેળાનો ગર્ભ, દૂધવગરની હલકી ચા, જેવો પ્રવાહી ખોરાક જ આપવો, ઉપરથી પુષ્કળ પાણી આપવું, ગંભીર બિનાઓમાં હેમોપ્લેકસ ઉમેરવું ઇચ્છનીય છે. દીર્ઘકાલિન મરડામાં સાલફોસ ઉપયોગી છે.

સામાન્ય જણાતા મરડાનાં લક્ષણો અતિસાર જેવા જ હોય છે. જે વધુ તીવ્ર થાય છે અને તેમાં જુલાબ વાટે લોહી પડે છે. તેમાં પેડુના ભાગમાં દુઃખાવો થાય છે, તાવ આવે છે, માથું દુઃખે છે, ઘણી જ નબળાઈ જણાય છે અને ઘણીજ તરસ લાગે છે. કોઈવાર ઉલટી પણ થઈ જાય છે.



જ્યારે અતિસાર પર કાબુ આવી જાય પછી નરમ, સાદો, ઓછી ચરબીવાળો, વધુ પ્રોટીનવાળો ખોરાક આપવો જોઈએ. પુરતાં હવા ઉજાસવાળી જગ્યા, ખોરાક બગડે નહીં એ રીતે રાખવો, માખીઓનો નાશ આ બધા રોગને નિવારવા અને તેનો ફેલાવો થતો અટકાવવા માટે જરૂરી છે.

**એપેન્ડીસાઈટીસ :-** (ખાસ કરીને ઓપરેશન દ્વારા દૂર ન થઈ શકે તો) ચીનીયમ કો અને હેમોપ્લેકસ વારાફરતી અથવા સંયુકત રીતે આપો. જો તાવ વધારે હોય તો સલ્ફાસન ઉપરોકત દવાઓને મદદકર્તા થઈ પડે છે. કબજિયાત રહેતી હોય તો થોડા પ્રમાણમાં એનીમા આપો. આમાં રેચ આપશો નહીં.

**ચિહ્નો અને લક્ષણો :-** પ્રથમ ડુંટીની આજુબાજુ દુઃખાવો. પાછળથી તે પેડુમાં નીચેની તરફ જમણી બાજુના ખૂણામાં કેન્દ્રિત થઈ જાય છે. ઉલટી, તાવમાં થોડો વધારો અને કબજિયાત કે અતિસાર એપેન્ડીકસ થયેલા ભાગમાં સ્નાયુઓ નાજુક અને તંગ બની જાય છે.

**સંગ્રહણી :-** ગેસ્ટ્રોમોનની એક ગોળી સાથે આયોબીનની ૧/૪ ગોળી મેળવી મિશ્રણ કરી દિવસમાં ત્રણ થી ચાર વાર આપવી. પેડુ ઉપર માટીનો લેપ કરેલા પોતાં મુકવાથી શીઘ્ર આરામ થાય છે. ખોરાકમાં માત્ર દૂધ અને પુષ્કળ ફળ લેવાથી પણ ઘણો જ ફાયદો થાય છે. કાર્બોહાઈડ્રેટસ અને ચરબીવાળા ખોરાક ન લેવા જોઈએ. આલ્બોસંગ અને વાઈટલ એસેન્સ લેવાની પણ ભલામણ કરવામાં આવે છે.

**લક્ષણો :-** દીર્ઘકાલિનથી સવારના પહોરમાં અતિસાર સાથે સાથે મોં અને જીભ આળાં થઈ જવાં, પેટમાં ગડગડાટી થવી અને અશકિત. જુલાબ ફિક્કો, જાડો, ફીણવાળો અને રોકી ન શકાય તેવો હોય છે. અપચો અને શારીરિક ક્ષીણતા દેખાય છે.

**આંતરડાનો દુઃખાવો :-** દુઃખાવો દૂર કરવા રબરની થેલીમાં ગરમ પાણી ભરી શેક કરી, ગરમી આપી શકાય. દર્દીને પથારીમાં જ સુવડાવી રાખવો જોઈએ, અને તેને વધુ હલન ચલન ન કરવા દેવું જોઈએ. તેને કોઈ પણ જાતનો ખોરાક ન આપવો જોઈએ. ઉપચાર શરૂ કરતાં પહેલાં વાઈટલ એસેન્સ અને ચીનીયમ કો ની

એક એક ગોળી ગરમ પાણીમાં આપો. સાલફોસ સાથે આપેલું ગરમ પાણી ચુસવાથી પણ રાહત મળે છે. રેચ વડે કબજિયાત દૂર કરો.

આંતરડાંનું શૂળ તેના ફૂલી જવાને લીધે પેદા થાય છે અને આ ફુલાવાનું મૂળ કારણ છે - કબજિયાત, ન પચેલો ખોરાક કે શરદી. નાનાં આંતરડાનું આ શૂળ મરડાવી દેતું હોય છે અને ડુંટી કે જઠરના બાહ્ય ભાગમાં પીડા જણાય છે. આંતરડાની નળીનું શૂળ નાભિની નીચે જણાય છે. આંતરડાનું શૂળ દબાણ આવવાથી દૂર થાય છે. પેડુનો ભાગ વાયુથી સૂજી જાય છે. કેટલીક વાર તેની સાથે સાથે અતિસાર કે કબજિયાત પણ થાય છે.

**સ્વયં સંચાલિત કેફ :-** આ એક એવી સ્થિતિ છે જેમાં દોષપૂર્ણ પાચન કે દોષપૂર્ણ ઉત્સર્જનને લીધે શરીરમાં ઝેર પેદા થાય છે. તેને લીધે લાંબા સમયની માંદગી આવી જાય છે. વળી માથાનો દુઃખાવો, ચકકર આવવાં, વાયુવિકાર, અપચો, અશકિત, હતાશા અને નિરાશાની લાગણી વિ. વ્યાધિઓ પણ એને લીધે થાય છે. ભોજન પછી ગેસ્ટ્રોમોન આપો અને રાતના ભોજન પહેલાં બે કલાક પહેલાં સ્પોલેકસ આપો. કેટલીકવાર વાઈટલ એસેન્સ આપવું પણ જરૂરી થઇ પડે છે.

**કૃમિ :-** સાલફોસ એ શામક અને પ્રતિબંધક ઔષધ છે. કેટલાંક દરદોમાં ગુંચવાડા ભરેલાં કૃમિ અસ્તિત્વ ધરાવતાં હોય છે. આપણે તે, છાતીની શરદી, છાતીનો તાવ, જઠરનો તાવ વિ. વ્યાધિઓમાં જોયું જ છે. જો મુખ્ય લક્ષણ જણાય તો કોઇ પણ રોગ હોય, પીપારીડની એક થી બે માત્રા સારું એવું પરિણામ દેવાથી મળે છે.

આંતરડાંના કૃમિનું મુખ્ય લક્ષણ છેઃ જ્ઞાનતંતુઓની પ્રતિક્રિયા. જેવી કે ઉત્તેજના, દાંત કચકચાવવા, નાકનો સોજો વિ. કોઇ દેખીતા કારણ વગર જ બાળક રડવા માંડે છે, ચીડીયું થઇ જાય છે, તેને લીધે પેટમાં દુઃખે છે, અશકિત જણાય છે. ભૂખ લાગતી નથી અને ઝીણો તાવ આવે છે.

**(૩૯) તાત્કાલિક રાહત માગતા અને અચાનક ઉપડી આવતા દર્દો :-** અચાનક થઇ આવતા દરદ માટે ચીનીયમ કો આપો. પરંતુ અચાનક થઇ આવતા



વિકારોનો અર્થ એ છે કે દરદી કોઇ પણ પ્રકારના પૂર્વ નિર્દેશો કે ચિહ્નો દાખવ્યા વગર બિલકુલ અચાનક માંદો પડી જાય છે; પછી એ વ્યાધિ ગમે તે હોય. તાત્કાલિક રાહત માગતા દરદોમાં કયોટોમાઇન નિર્ભયપણે આપો. ''લોકોને માટે તબીબી સહાય'' એ પુસ્તિકામાં અમે અચાનક ઉપડી આવતાં દરદો માટે વાઇટલ એસેન્સની ભલામણ કરી છે અને અમારા જુદા જુદા આશ્રયદાતાઓ તરફથી એ વિષે અમને સારો એવો ફાયદો થયાના સમાચાર મળ્યા છે.

**(૪૪) ગળાના દર્દો :-** મુખ્યત્વે કરીને ગળામાં દર્દો પાચનક્રિયાની મુશ્કેલીઓ સાથે સંકળાયેલાં હોય છે. જ્યારે ગળામાં સોજો ચડી આવ્યો હોય કે બળતરા થતી હોય તો એક ચમચો ભરી એન્ટ્રોપ્સ લઇ દિવસમાં બે થી ત્રણવાર તેના વડે કોગળા કરવા. મેથીલીઓડ વડે કોગળા કરવાથી પણ ફાયદો થાય છે. પીવાની ચાલુ દવા છે ફલુજન કે ડેસીલ. ચાંદીના દરદોમાં  આયોબીન સારું કામ આવે છે.

ગળાના કાકડા વધી જાય તો દિવસમાં બે વાર આયોબીન આપો અને દિવસમાં એકવાર આલ્બોસંગ આપો. વધેલા કાકડા ઓછા થયા પછી પણ થોડા મહીના સુધી આ ઉપચાર ચાલુ રાખો. જો સોજો, પીડા વિ. થતાં હોય તો પીવાની દવામાં ફીનોકેલ્સીન અને હેમોપ્લેકસ દિવસમાં ત્રણવાર આપો અને મેથીલીઓડ કે એન્ટ્રોપ્સના કોગળા કરો. ગરમ પાણીમાં કરેલા કોગળા ફાયદાકારક થઇ પડે છે. ગળાની અંદર સોજો ચડયો હોય કે દુઃખાવો થતો હોય, તે પછી ગળાના કાકડાને લીધે પણ હોઇ શકે; ગરદન અને ગળાના બહારથી બાજુથી રુબઝોન ચોળવાથી આ દરદ દૂર થાય છે.

**ગળાના કાકડાનો સોજો :-** ગળામાં બળતરા અને ખોરાક ગળતી વખતે દુઃખાવો. તાવ વધી શકે છે. કાકડા સૂજી જાય છે. જીભ ઉપર છારી બાઝે છે, શ્વાસમાં દુર્ગન્ધ આવે છે અને જડબાનાં ખુણામાંની ગ્રંથીઓ મોટી થાય છે અને પીડાદાયક બની જાય છે.

**(૪૧) પેશાબની તકલીફ :-** મુત્રપિંડની વિગતો પણ જુઓ. મધુપ્રમેહ જ્ઞાનતંતુઓની નબળાઇને લીધે પેશાબ વધુ છુટે છે. મધુપ્રમેહ માટે મર્સિના વાપરો. જ્ઞાનતંતુઓની નબળાઇ માટે નેવોસ વાપરો. પેશાબને રોકવા માટે ચીનીયમ કો વાપરો અને વરાળનો શેક કરો. પેશાબ ટીપે ટીપે પડતો હોય તો તુરાઇ કો વાપરો પેશાબ કરતી વખતે જો અત્યંત પીડા થતી હોય તો તુરાઇ કો અને ચીનીયમ કો વારાફરતી આપો. મૂત્રવાહીની પર સ્પોલેક્સ એ પરિણામકારક ઇલાજ કરે છે. પેશાબ વીર્ય પડતું હોય તો સેન્ઝાઇન વાપરો. આલ્બોસંગ પણ ફાયદો કરે છે સાથે કબજિયાત દૂર કરો. પેશાબમાં ફોસ્ફેટ જતો હોય તો આલ્બોસંગ આપો. પેશાબમાં આલ્બુમીન જતું હોય તો તુરાઇ કો આપો. 'ચામડીના દર્દો' એ પ્રકરણ પણ વાંચો.

**પથારીમાં પેશાબ થવો :-** મોટી ઉંમરના બાળકો માટે આ વ્યાધિ ઘણી જ ઉપાધિજનક છે. દિવસમાં બે વાર જમ્યા પછી વાઇટલ એસેન્સ આપો. તેમજ રાતના સૂતી વખતે નેવોસની એક માત્રા આપી શકાય. શકિત વધારવા આલ્બોસંગ આપવું. બાળક પથારીમાં પેશાબ કરે તો તેની ક્રુર હાંસી ન ઉડાવશો, તેમ જ તેને સજા પણ ન આપશો. બાળકનો વિશ્વાસ મેળવવા પ્રયત્ન કરો અને તેના પ્રત્યે ખાસ લાગણી દર્શાવો. રાતનાં કોઇ પીણાં ન આપશો. બાળકને રાતના પેશાબ કરાવીને સુવાની ટેવ પાડો. છંદ્રિય આગળની ચામડી કઠણ હોય તો તે કાપી નાંખવાની જરૂર રહે છે.

**ચામડીના દરદો :-** આ ઘણાં જ શરમજનક અને ખતરનાક દર્દો છે. તે માત્ર દર્દીનો જ નાશ કરતાં નથી, પરંતુ તેનાં પેઢી દર પેઢીનાં સંતાનોનો પણ નાશ કરે છે. આ ખતરનાક દર્દો મનુષ્યના હૃદય પર અંકિત થયેલા નૈતિક નિયમોના અસ્તિત્વની સાબિતી આપે છે. ફોજદારી અને દીવાની કાયદાઓએ મનુષ્યની ખરાબ કર્મો કરવાની વૃત્તિને રોકી છે. પરંતુ માત્ર નૈતિક નિયમોએ જ મનુષ્યને ખરાબ કર્મો કરતાં અટકાવ્યો છે અને સારાં કર્મો તરફ વાળ્યો છે.

**પરમિયો :-** જંતુનાશક વડે કરેલો ઉપચાર આ સ્થિતિમાં સારું એવું પરિણામ દાખવે છે. તીવ્ર ઘટનાઓમાં દર્દીને પ્રવાહી પથ્ય આપવું. પરૂ નીકળતું હોય અને બળતરા થતી હોય તો હેમોપ્લેક્સ ૧/૨ ગોળી દર ચાર કલાકે આપો. એક ચમચો



ભરીને સ્પોલેક્સ થોડા વધારે પાણીમાં નાંખી દિવસમાં બે કે ત્રણવાર આપો. તેને લીધે રોગની તીવ્રતા ઓછી થાય છે. મેગ્નાઇન પેશાબમાં અમ્લતા પેદા કરે છે અને પીડાદાયક લક્ષણો દૂર કરે છે. તે સારા એવા સહાયક ઔષધ તરીકેનું કામ કરે છે.

મોટા ભાગની બીનાઓમાં આટલો ઉપચાર પૂરતો થઇ પડે છે. પરંતુ એટલું યાદ રાખવું જરૂરી છે કે માત્ર પરૂ બંધ થવાથી ઉપચાર પૂરો થતો નથી. આ રોગ પૂરા ઉત્સર્ગતંત્રને બગાડે છે. એટલે આયોબીનની અરધી ગોળી સવારના અને સાંજે, દરરોજ, એક થી બે વરસ સુધી આપવી ચાલુ રાખવી જોઇએ. રોગને મારી હટાવવામાં આલ્બોસંગ પણ મદદ કરે છે. રોગ દૂર થાય પછી રહી જતા દુષ્પરિણામોને નીવારવા આ અત્યંત જરૂરી છે. આ ખતરનાક બીમારીની આ બાજુ દરેક ડોક્ટરે દરદીને સ્પષ્ટ રીતે સમજાવી દેવી જોઇએ. જ્યાં સુધી શુદ્ધિકરણની પ્રક્રિયા વરસો સુધી ચાલુ ન રહે, ત્યાં સુધી ચામડીનાં દર્દોનું આ ઝેર તંત્રોમાં છુપાયેલું રહેશે અને તક મળતાં ગંભીર તકલીફ ઉભી કરશે; જીવન શકિત જો કોઇ પણ કારણે ઓછી થાય તો આ તક તેને મળી જશે.

ઉપર સૂચવેલી પદ્ધતિથી જો તાત્કાલિક ઉપાય યોજવામાં આવે તો પરમિયાના હુમલાને ટૂંકા ગાળાનો બનાવી શકાય છે. પરંતુ દુર્લક્ષિત બિનાઓમાં કે તીવ્ર દર્દોમાં બહાર દેખાઇ આવતા રોગનાં લક્ષણોને દૂર કરવા બીજા સંયોજનોની સહાય જરૂરી થઇ પડે છે. જ્યારે પરમિયો જુનો થાય છે, ત્યારે તે ગ્લીટના નામથી ઓળખાય છે, જે વધુ હઠીલી બીમારી છે. આ પરિસ્થિતિમાં સવારે અને સાંજે આયોબીન આપવું જરૂરી છે. બપોરે અને રાતના સૂતી વખતે બ્રહ્મદીન આપવું. દરદની તીવ્ર અવસ્થામાં ખોરાક હલકો હોવો જોઇએ અને તેમાં અરધો ચમચો આલ્બોસંગ આપવું જોઇએ. દરેક બીનાઓમાં વ્યકિતગત જરૂરિયાત પ્રમાણે ઉપચાર કરવો જોઇએ.

સ્ત્રીઓના પરમિયામાં શકિતદાયક બાહ્ય ઉપચાર જરૂરી છે. દિવસમાં બે વાર મેથીલીઓડનો ડુશ આપવો. પીવાની દવામાં સવારે અને સાંજે હેમોપ્લેક્સ આપો અને આયોબીનની અરધી ગોળી બપોરે અને રાતના સૂતી વખતે આપો.

જેમ જેમ દરદીની હાલત સુધરે તેમ તેમ બે માત્રાઓ વચ્ચેનો ગાળો ઘટાડતા જવું. શુદ્ધિકરણની પ્રક્રિયા પુરૂષોની અને સ્ત્રીઓની એક સરખીજ છે. દર્દીની આસપાસની જગ્યા સ્વચ્છ રાખવી.

**ચિહ્નો અને લક્ષણો :-** યોનીમાં બળતરા થાય છે અને તે સોજી જાય છે. પેશાબ કરતી વખતે ચચરાટ થાય છે અને પાતળુ પરૂ ઝરે છે. જે પાછળથી પાકીને ગાઢું થાય છે. એના કીટાણુઓ લોહીના પ્રવાહમાં ભળી જાય છે અને લોહીમાં સામાન્ય વિકાર પેદા કરે છે અથવા તે સ્નાયુઓના જથ્થા પર કે સાંધા પર હુમલો કરે છે. સ્ત્રીઓમાં આનો ચેપ ગર્ભાશય અને ગર્ભનલિકાઓ સુધી ફેલાય છે.

**ચાંદો :-** તીવ્ર સ્થિતિમાં જંતુનાશક ઇચ્છતીય છે. જ્યાં સુધી લોહીની પરીક્ષામાં સંપૂર્ણ અશુદ્ધિ દૂર થયેલી જણાય નહીં ત્યાં સુધી ઉપચાર ચાલુ રાખો.

દીર્ઘકાલિન ચાંદીના દરદમાં ખાસ દવા છે - આયોબીન, જે પીવાની હોય છે. આયોબીનનાં ઇન્જેકશન ચાર દિવસે કે અઠવાડિએ આપી શકાય. ચાંદુ થયું હોય તો હેમોપ્લેકસનો મલમ વાપરો. અને પીવાની દવા તરીકે ૧/૨ ગોળી દિવસમાં ૩ થી ૪ વાર આપો. અને જ્યારે રોગના લક્ષણો જણાતાં બંધ થાય ત્યારે થોડા સમય સુધી દિવસમાં બે વાર આ દવાની માત્રા આપતા રહો. પછી શુદ્ધિકરણની પ્રક્રિયા માટે આયોબીન આપો. આયોબીન માત્ર તીવ્ર દર્દોમાં જ ઉપયોગી છે, એવું નથી. પરંતુ જુના, સંતાયેલા અને જામી પડેલા ચાંદીના દર્દમાં પણ તે ફાયદાકારક છે. ચાંદીના બીજા તબકકામાં ચામડી પર જે ચકામાં થઇ હોય છે, તેને દૂર કરવામાં પણ તે મહત્વનો ભાગ ભજવે છે.

**ચાંદીનાં ચિહ્નો અને લક્ષણો :-** રોગનાં જંતુ જ્યાંથી પ્રવેશ કરે તે જગ્યા લાલચોળ થઇ જાય છે અને ત્યાં ખંજવાળ આવે છે, ધીરે ધીરે તેનો વિસ્તાર વધતો જાય છે અને તે સખત બને છે. બાજુમાંથી ગ્રંથીઓ પણ ફુલે છે અને સખત થાય છે. પરંતુ સોજી જતી નથી. આ તબકકાને પ્રાથમિક તબકકો કહે છે. બીજા તબકકામાં લગભગ ૫ થી ૭ અઠવાડીઆ પછી પ્રાથમિક પીડા પછી નીચે મુજબના, મુખ્ય વિકારો જણાય છે. પૂરા શરીરમાં ચકામાં પડી જાય છે. લેમ્ફેટીક ગ્રંથીઓમાંના કેટલાંક જુથ



ફુલી જાય છે. ગળામાં બળતરા, ઝીણો તાવ, અને સામાન્ય બેચેની, વાળ ખરવા, અશકિત વિ. થાય છે. ત્રીજા તબકકામાં દીર્ઘકાલિન સોજાના અને વિકૃતિના ફેરફારો શરીરનાં અંદરના ભાગમાં થાય છે. જ્ઞાનતંત્ર પણ તેમાં સંડોવાય છે.

**(૪૨) ઉલટી :-** આ ઘણી જુદી જુદી બીમારીઓનું લક્ષણ છે. ઉપચારનો આધાર રોગના કારણ પર છે. એપેન્ડીસાઇટીસ, આંતરડાના વિકારો વિ. ગંભીર વિકારોને દૂર કરવાની કોશીશ કરવી જોઇએ. જે ઉલટીને લીધે ઝેર ફેલાતું હોય તે સામાન્ય રીતે ઉગ્ર અને લાંબી હોય છે અને તેની સાથે સાથે જ આંકડી, ચૂંક અતિસાર વિ. થાય છે અને દર્દીનું શરીર કથળી પડે છે ઉલટીમાં લોહી પણ પડે ત્યારે, ડોક્ટરને બોલાવવો ઈચ્છનીય છે. જો તેને તાત્કાલિક બોલાવવામાં નહીં આવ્યો હોય. તો તે રેચ આપવાનું જ સૂચન કરશે, જ્યારે એ કદાચ ઉલટીની દવા પણ આપે; કે રેચ દ્વારા પેટને સાફ પણ કરી નાખે. આમાં શકિત જાળવી રાખવા ઉત્તેજક દવાઓ પણ અપાય છે.

જો ખરાબ વસ્તુ ખાવાથી કે પીવાથી ઉલટી થતી હોય તો પુષ્કળ પ્રમાણમાં ગરમ પાણી આપી તે ઉલટીને જ પૂર્ણપણે ઉત્તેજિત કરો. જઠરના વિકારને લીધે ઉલટી થતી હોય તો માત્ર પ્રવાહી પથ્ય આપો, અને દવામાં મેગ્નાઇન આપો. બાળકોને લગાતાર ઉલટીઓ થતી હોય તો વાઇટલ એસેન્સ હુમલાને ક્ષણજીવી બનાવે છે. હઠીલા દર્દોમાં મેગ્નાઇન લઇ શકાય. કોઇ પણ કારણે આવતો સખત તાવ ઉલટી કરાવે છે, ગર્ભવતી સ્ત્રીઓને શરૂઆતના મહિનાઓમાં સવારે ઉલટી થાય એ સામાન્ય છે. જો ઉલટી હાનિકારક હોય તો વાઇટલ એસેન્સ સાથે ઠંડુ પાણી ચૂસો. સવારના પહોરમાં આ વસ્તુ પ્રથમ આપી શકાય.

**આંગળીની ખીલી :-** સલ્ફાસન અને દરદ થતી જગ્યા પર શેક. સાથે સાથે જ દિવસમાં બે વાર એન્ટ્રીપ્સનાં પોતાં મુકવાં. લોહી જામી ન જાય તે માટે હાથને ઝોળીમાં રાખવો. આ સામાન્ય પ્રકારની ખીલી માટે પુરતું છે. જેમાં આંગળીની બહારની ચામડીની નીચે સોજો આવે છે. દરદ ગંભીર અને ઊંડે સુધી હોય તો ઓપરેશન કરનાર ડોક્ટરની સલાહ લેવી જરૂરી છે.

**અંતે અવલોકન અને નિર્ણય :-** તંદુરસ્તીની ગૂંચવાડા ભરેલી સ્થતિઓનું અમે જે વર્ણન કર્યું છે, તેનાથી કોઈએ મુંઝાવાની જરૂર નથી. એનું નિરાકરણ મનની સાદગીમાં છે. પ્રકૃતિ દેવી ઉદાર, વિશાળ દિલવાળી અને મનુષ્ય પ્રત્યે લાગણી રાખનારી છે. કુદરતી નિયમો ન પાળનાર મનુષ્ય પોતાની જાતનો દુશ્મન છે. મન અને આત્માનો ઉત્સાહ દરેક અને કોઈપણ રોગની ઉત્તમ દવા છે. આપણે આપણું કાર્ય સારી રીતે કરવાનું છે. કુદરત તેનું કાર્ય કરી જ રહી છે, અને ઈશ્વરનું તંત્ર બાકીનું કાર્ય સંભાળી જ લે છે.



# વિભાગ : ૪

## અમારી પ્રોડકટસના મહત્વના ઉપયોગ નિર્દેશો

| ક્રમ | દવાનું નામ | ઉપયોગ | પાન નં. |
|---|---|---|---|
| ૧ | આગરકો | ફેફસાં, આંચકી, હીસ્ટીરીઆ માટે | ૨૭ |
| ૨ | આલ્બોસંગ | શરીરની વૃદ્ધિ માટે | ૩૦ |
| ૩ | અલ્બોકાલ ટેબલેટ | શક્તિવર્ધક દવા | ૩૧ |
| ૪ | અલ્બોવિટ પાઉડર | મહિલાઓ માટે એક ઉત્તમ ટૉનિક ઔષધ | ૩૧ |
| ૫ | એમિગ્લીઆટેબલેટ | દમ, લોહીનું દબાણ, માથાના દુઃખાવા માટે | ૩૨ |
| ૬ | ઔરેટીનમ ટેબલેટ | ગર્ભાશયના દર્દો માટે | ૩૩ |
| ૭ | બાયોસાલ | ગ્રાઈપ મીકશર બાળકો માટે | ૩૪ |
| ૮ | બ્રહ્મદીન ટેબલેટ | શ્વેત પ્રદર માટે | ૩૬ |
| ૯ | બ્રહ્મદીન સીરપ | શ્વેત પ્રદર માટે | ૩૭ |
| ૧૦ | ચેસોલ ઓઈલ | છાતીની શરદી, કફ વગેરે માટે | ૩૯ |
| ૧૧ | ચીનીયમ કો ટેબલેટ | ગર્ભાશયના ચેપી રોગો માટે | ૪૦ |
| ૧૨ | ડેન્જીન ટેબલેટ | મોટી ઉધરસ માટે | ૪૨ |
| ૧૩ | ડેસીલ ટેબલેટ | માથાના, દાંતના, ફલ્યુ, માટે | ૪૩ |
| ૧૪ | ડેસ્મા ટેબલેટ | તીવ્ર દમ માટે | ૪૫ |
| ૧૫ | ડાયસીન ટેબલેટ | મરડો, અતિસાર, આંતરડાની બીમારી માટે | ૪૭ |
| ૧૬ | એન્ટ્રોપ્સ સોલ્યુશન ડ્રોપ્સ | પાયોરીયા, સોજા, વિ.માટે | ૪૯ |

| ક્રમ | દવાનું નામ | ઉપયોગ | પાન નં. |
|---|---|---|---|
| ૧૭ | ફેરિમિન્ટ્સ કેપ્સુલ | કાર્બોનિલ આયરન, વિટામીન, ઝીંક તથા સેલિનિયમથી બનેલ મહિલા ટૉનિક દવા | ૫૧ |
| ૧૮ | ફેરસ ફયુમટેટ ટેબલેટ | ખાસ લોહતત્ત્વ (અવિરન)ની ખામીથી થતી રક્તાલ્પતા, પાંડુ કે ઍનિમિયાના ઈલાજ માટે | ૫૨ |
| ૧૯ | ફલુઝન ટેબલેટ | અતિ સૂક્ષ્મ રોગ જંતુઓ સામે લડીને શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારી, શોધનકર્તા, જ્વરનાશક અને પીડાનાશક | ૫૩ |
| ૨૦ | ગેસ્ટ્રોમોન ટેબલેટ | જઠરના દર્દો માટે | ૫૫ |
| ૨૧ | ગ્રેન્ડીકો ટેબલેટ | હૃદયની બીમારીઓ માટે | ૫૬ |
| ૨૨ | જી જી સીરપ | ત્વચા વિકાર | ૫૭ |
| ૨૩ | જહર-કો | ઝેરી જંતુ (કૃમિ)ઓના ઝેરનો નાશ કરવા માટે તથા ટી.બી. (ક્ષય) રોગ | ૫૯ |
| ૨૪ | હેમોપ્લેક્સ ટેબલેટ | કીટાણું નાશક, ચેપને રોકનાર | ૫૦ |
| ૨૫ | હરબીટાર્સ | મંદ કાળજું, ભૂખમરી જવી, બંધકોશ માટે | ૬૧ |
| ૨૬ | હર્બોસલ્ફ ટેબલેટ | દાદર, ચાંદા, ખરજવા માટે | ૬૪ |
| ૨૭ | હિલીંગ ડસ્ટ | શરીરા ઘા-જખમ-વ્રણને સડતા રોકી, રુઝવનારી ચૂર્ણ દવા | ૬૫ |
| ૨૮ | આયોબીન ટેબલેટ | શરદી, કાકડા વધવા વિ. માટે | ૬૬ |
| ૨૯ | કોફલીનટેબલેટ | કફ માટે | ૬૭ |
| ૩૦ | કાયનોટો માઈન ટેબલેટ | કમળા માટેની ખાસ દવા | ૬૮ |





| ક્રમ | દવાનું નામ | ઉપયોગ | પાન નં. |
|---|---|---|---|
| ૩૧ | લિવાકટીન-જી | સક્રિય - સ્વસ્થ જીવન માટે | ૬૯ |
| ૩૨ | મેગ્નાઇન ટેબલેટ | અતિશય પિત્ત, જઠર અને આંતરડાના મૂળમાં ચાંદુ, પેટમાં સખત ચૂંક, અપચાને લીધે પેટમાં દુઃખાવો, માથાનો તીવ્ર દુઃખાવો, છાતીમાં બળતરા થવી, જ્ઞાનતંતુઓની નબળાઇને લીધે પાચનતંત્રમાં અવ્યવસ્થા | ૭૦ |
| ૩૩ | મેડીટેબ ટેબલેટ | દીર્ઘકાલિન કફ અને અશકિત માટે | ૭૨ |
| ૩૪ | મેડીકેટેડ ટૂથ પાવડર | દંત-મંજન. દાંતના પેઢાંના સોજાને તેમાંથી થતા રકતસ્ત્રાવને રોકવા માટે | ૭૨ |
| ૩૫ | મર્સીના ટેબલેટ | મધુપ્રમેહ માટે | ૭૩ |
| ૩૬ | નેવોસ ટેબલેટ | મગજ પર થયેલ અસર માટે જેને લીધે અપ્રાકૃતિક કાર્યો થાય છે. અને પ્રકૃતિની શકિત ઉપરાંત કાર્યો થતાં હોય તેમાં. | ૭૫ |
| ૩૭ | ઓલોસીન ઓઆલ | જ્ઞાનતંત્ર પર થયેલી ખરાબ અસર માટે, માત્ર બહારથી લગાડવા | ૭૬ |
| ૩૮ | રાસજન્ટ પાવડર | આંખને ઠંડક આપે, ચોખ્ખી રાખે, સોજો દૂર કરે | ૭૭ |
| ૩૯ | રેમોરિન કેપસુલ | ગાંઠિયો વા તથા સાંધાના દર્દો માટે | ૭૮ |
| ૪૦ | રેનોરિન ઓઈલ | ગાંઠિયો વા તથા સાંધાના દર્દો માટે | ૭૯ |
| ૪૧ | રીપાન્ટો ઓન્ટમેન્ટ | દાઝવું, ખસ, ચાંદા, ખરજવું | ૮૧ |
| ૪૨ | રૂબઝોન ઓઈન્ટમેન્ટ | શરદી, દુઃખાવો અને પીડા માટે | ૮૨ |


J & J DeChane

| ક્રમ | દવાનું નામ | ઉપયોગ | પાન નં. |
|---|---|---|---|
| ૪૩ | સાલફોસ ટેબલેટ | ભૂખ મરી ગઈ હોય અને પાચનતંત્ર અવ્યવસ્થિત થઈ ગયું હોય તો તેને માટે | ૮૩ |
| ૪૪ | સેન્ઝાઈન ટેબલેટ | નપુંસકતા અને જ્ઞાનતંતુઓની નબળાઈ માટે | ૮૪ |
| ૪૫ | સ્કીનમેન્ટ ઓઈન્ટમેન્ટ | દરાજ, પગની ખસ, કરોળીઆ, અને ચામડીના જંતુઓથી પેદા થતા બીજા રોગો માટે | ૮૫ |
| ૪૬ | સ્પોલેકસ પાવડર | કબજિયાત અને હરસ માટે | ૮૭ |
| ૪૭ | સ્પોલેક્સ-ઈ પાવડર | ઝાડાની કબજિયાત માટે મૃદુ રેચક, અગ્નિવર્ધક તથા પાચક દવા | ૮૯ |
| ૪૮ | તુરાઈકો ટેબલેટ | સનેપાત, જ્ઞાનતંતુઓની ચિંતાજનક અવ્યવસ્થા આઘાતમય પીડાઓ, અનિદ્રા અને તેને લીધે થતા સ્નાયુઓના અને સાંધાઓના દુઃખાવા માટે | ૯૦ |
| ૪૯ | વિટસન ટેબલેટ | અનિદ્રા તથા બેચેનીમાં નિદ્રાજનક ટેબલેટ | ૯૧ |


## વિભાગો


| | |
|---|---|
| વિભાગ : ૧ | ૫ થી ૨૩ |
| વિભાગ : ૨ | ૨૪ થી ૯૨ |
| વિભાગ : ૩ | ૯૩ થી ૧૪૪ |
| વિભાગ : ૪ | ૧૪૫ થી ૧૪૮ |


J & J DeChane